ૐ

સ્વપર પરમોપકારક પરમાર્થમય
સત્‌ધર્મ જયવંત વર્તો.

ભાવના સંગ્રહ.

દોહરો.

વચનામૃત વીતરાગનાં, પરમશાંત રસમુળ;
ઔષધ તે ભવ રોગનાં, કાયરને પ્રતિકુળ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. પુંજાભાઈ હીરાભાઈ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વીર સંવત ૨૪૩૮. સંવત ૧૯૬૮.

કિંમત ૦-૮-૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અનુક્રમણિકા.

उपोद्घात.

आत्मानं भावयतीति भावना। આત્મા જે ભાવ ભાવે તે ભાવના. તીર્થંકર ભગવાન એના સ્વરૂપનું ચિંતવન કરીને આ સંસાર, દેહ, અને ભોગથી વિરક્ત થયા છે, તેથી એ ભાવના વૈરાગ્યની માતા છે. સર્વ જીવોને હિતની કરનારી છે. અનંત દુઃખે કરીને વ્યાપ્ત સંસારી જીવોને આ ભાવનાજ ઉત્તમ શરણરૂપ છે. વળી દુઃખરૂપ અગ્નિએ કરીને તપાયમાન જીવોને શીતળ પદ્મવનના મધ્ય ભાગમાં નિવાસ સમાન છે. પરમાર્થ માર્ગને દેખાડનારી છે. તત્વનો નિર્ણય કરાવનારી છે. આ ભાવનાઓ સમાન જગતના જીવોને બીજું કોઇ હિતકારી નથી. એ અગિઆર અંગ અને બાર ઉપાંગનું સાર છે. માટે ભાવસહિત ભાવનાઓનું સંસ્થાન વિચય ધર્મધ્યાનને વિષે ચિંતવન કરવું.

વૈરાગ્યની અને આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા થવા માટે બાર ભાવનાઓ તત્વજ્ઞાનીઓ કહે છે.

બાર ભાવનાનાં નામ.

૧ અનિત્યભાવના—નિત્ય નહીં તે, એટલે જે વસ્તુ અસ્થિર અને નાશવંત છે તે અનિત્ય છે. જેમકે શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશીક છે. જીવનો મૂળધર્મ અવિનાશી છે. એમ ચિંતવવું તે પેહેલી અનિત્યભાવના.

૨ અશરણ ભાવના—શરણ નહીં તે. સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઇ નથી. માત્ર એક સત્ ધર્મનુંજ શરણ સત્ય છે. એમ ચિંતવવું તે બીજી અશરણભાવના.

૩ સંસારભાવના—આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું કયારે છૂટીશ. એ સંસાર મારો નથી. હું મોક્ષમયિ છું. એમ જે ચિંતવવું તે ત્રીજી સંસારભાવના.

૪ એકત્વભાવના—આ મારો આત્મા એકલો છે. તે એકલો આવ્યો છે, એકલો જશે. પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે. એમ અંતઃકરણથી ચિંતવવું તે ચોથી એકત્વભાવના.

૫ અન્યત્વભાવના—આ સંસારમાં કોઇ કોઇનું નથી, એમ ચિંતવવું તે પાંચમી અન્યત્વભાવના.

૬ અશુચિભાવના—આ શરીર અપવિત્ર છે. મળમૂત્રની ખાણ છે. રોગ જરાનું નિવાસ ધામ છે. એ શરીરથી હું ન્યારો છું. એમ ચિંતવવું તે છઠ્ઠી અશુચિભાવના.

૭ આશ્રવભાવના—રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઇત્યાદિક સવ આશ્રવ છે. એમ ચિંતવવું તે સાતમી આશ્રવભાવના.

૮ સંવરભાવના—જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્ત્તમાન થઇને જીવ નવાં કર્મ બાંધે નહીં તે આઠમી સંવરભાવના.

૯ નિર્જરાભાવના—જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે. એમ ચિંતવવું તે નવમી નિર્જરાભાવના.

૧૦ લોકસ્વરૂપભાવના—ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે દશમી લોકસ્વરૂપભાવના.

૧૧ બોધદુર્લભભાવના—સંસારમાં ભમતા આત્માને સમ્યગ્ જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે, વા સમ્યગ્ જ્ઞાન પામ્યો તો ચારિત્ર, સર્વ વિરતિ પરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે. એમ ચિંતવવું તે અગિઆરમી બોધદુર્લભભાવના.

૧૨ ધર્મદુર્લભભાવના—ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરૂ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે, એમ ચિંતવવું તે બારમી ધર્મદુર્લભભાવના.

આ પુસ્તક એ વાસ્તવિક રીતે શ્રીમદ્ રાજ્યચંદ્ર પ્રણીત ભાવનાબોધ, શ્રીમદ્ સદા સુખદાસજીકૃત દ્વાદશાનુપ્રેક્ષા વગેરે ભાવનાવિવેચક ગ્રંથોનું દોહન છે.

આ પુસ્તકમાં પ્રથમ શ્રીમદ્ રાજ્યચંદ્ર કે જેઓનામાં આત્મજ્ઞાન, સમદર્શિતા, અપૂર્વવાણી તથા પરમશ્રુત આદિ પ્રભાવીક ગુણો હતા, તેમના તે ગુણો જન મંડળને આકર્ષકરૂપ હતા, તેમના હસ્તથી લખાયેલ દ્વાદશ અનુપ્રેક્ષામાંથી ત્રણ ભાવનાઓ અપૂર્ણ સ્થિતિમાં મળી આવી તે પ્રસિદ્ધ કરી છે.

ત્યાર બાદ સોળ ભાવનાઓનું સ્વરૂપ મોરબી સ્કુલના હેડમાસ્તર વીરચંદ મુળજી ધ્રુવ તેઓ તરફથી ભાવના સ્વરૂપ નામે પુસ્તક બહાર પડેલું, તે આ પુસ્તકમાં દાખલ કર્યું છે.

પાછળના ભાગમાં ધર્મનાં દશ અંગ પં. સદાસુખદાસજી

તરફથી હિંદી ભાષામાં લખાયેલ તેનો ગુજરાતી અનુવાદ માસ્તર કાશીભાઇ વહાલાભાઇએ કર્યો, તે આ પુસ્તકમાં દાખલ કર્યો છે.

આ ભાવના સંગ્રહ નામનું પુસ્તક ભાવનાઓથી ભરપુર છે, તે વિવેક દ્રષ્ટિને વૈરાગ્ય, ઉપશમ, અને નીતિનો ઉંચા પ્રકારનો બોધ આપી પરીણામે આત્મબોધ પ્રગટાવી પરમશાંતિ પમાડનાર છે. વીતરાગ પુરૂષો તરફ અને વીતરાગ પુરૂષોથી પ્રગટ થયેલ સ્યાદ્વાદ્ જીનવાણીના ભક્તિ ભાવથી આ પુસ્તક પ્રગટ થવા પામ્યું છે.

વાંચક ભવ્ય જનોને વિનંતિ કરવામાં આવે છે કે, અજાણપણાથી તથા દૃષ્ટિદોષથી કોઇ ભૂલ રહેલ હોય તો તે સુધારી વાંચશો, અને જણાવવા કૃપા કરી તસ્દી લેશો. એજ વિનંતિ.

પ્રસિદ્ધ કર્ત્તા.

॥ श्री वितरागायनमः ॥

શ્રીમદ્ રાજચંદ્રના હસ્તલીખીત દ્વાદશાનુપ્રેક્ષા અપૂર્ણ સ્થિતિમાં મળી આવી તે પ્રમાણે પ્રસિદ્ધ કરી છે.

આત્માને પરમહિતકારી એવી દ્વાદશાનુપ્રેક્ષા એટલે વૈરાગ્યાદિ ભાવ ભાવિત્ બાર ચિંતવનાઓનું સ્વરૂપ ચિંતવન કરૂં છું.

૧ અનિત્ય, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અસુચિ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોક, ૧૧ બોધ દુર્લ્લભ, ૧૨ ધર્મ. એ બાર ચિંતવનાઓનાં પ્રથમ નામ કહ્યાં. એના સ્વભાવનો ભગવાન તિર્થંકરે ચિંતવન કરી સંસાર દેહભોગથી વિરક્ત થયા છે, તેથી આ ચિંતવનાઓ વૈરાગ્યની માતા છે. સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે. અનેક દુઃખોથી વ્યાપ્ત સંસારી જીવોને આ ચિંતવનાઓ બહુ ઉત્તમ શરણ છે. દુઃખરૂપ અગ્નિથી તપ્તાયમાન થયેલા જીવોને શીતલ પદ્મ વનની મધ્યમાં નિવાસ સમાન છે, પરમાર્થ માર્ગ દેખાડનારી છે. તત્વનો નિર્ણય કરાવનારી છે. સમ્યક્ત ઉત્પન્ન કરનારી છે. અશુભ ધ્યાન નાશ કરનારી છે. દ્વાદશ ચિંતવના સમાન આ જીવનું હિત કરનાર બીજું કંઈ નથી. બાર અંગનું રહસ્ય છે, એટલા માટે આ બાર ચિંતવનાઓમાંથી ભાવ સહિત હવે અનિત્ય અનુપ્રેક્ષાનું ચિંતવન કરીએ છીએઃ–

દેવ, મનુષ્ય, તિર્યંચ, એ સમસ્ત જોતજોતામાં પાણીના બિંદુની પેઠે અને ઝાકળના પુંજની પેઠે વિણશી જાય છે, જોતજોતામાં વિલાયમાન થઈ ચાલ્યા જાય છે. વળી આ બધાં રીદ્ધિ, સંપદા, પરિવાર, સ્વપ્ન સમાન છે. જેવી રીતે સ્વપ્નમાં જોયેલું પાછું નથી દેખાતું તેવી રીતે વિનાશ પામે છે. આ જગત્માં ધન, યૌવન, જીવન, પરિવાર સમસ્ત ક્ષણભંગુર છે, એને સંસારી મિથ્યાદ્રષ્ટિ જીવ, પોતાનું સ્વરૂપ, પોતાનું હિત જાણે છે. પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું સ્વરૂપ કેમ માને? સમસ્ત ઈંદ્રિયજનીત સુખ જે દ્રષ્ટિગોચર દેખાય છે, તે ઈંદ્ર ધનુષ્યના રંગની પેઠે જોતજોતાંમાં નાશ થઈ જાય છે. યૌવનનું જોશ સંધ્યાકાળની લાલીની પેઠે ક્ષણ ક્ષણમાં વિનાશ પામે છે, એટલા માટે આ મારૂં ગામ, આ મારૂં રાજ્ય, આ મારૂં ઘર, આ મારૂં ધન, આ મારૂં કુટુંબ, એવા વિકલ્પ કરવા તેજ મહા મોહનો પ્રભાવ છે. જે જે પદાર્થો આંખથી જોવામાં આવે છે, તે તે સમસ્ત નાશ પામશે, એની દેખવા જાણવાવાળી ઇંદ્રિયો છે તે અવશ્ય નાશ પામશે. તે માટે આત્માના હિત માટેજ ઉતાવળે ઉદ્યમ કરો. જેમ એક જહાજમાં અનેક દેશના અને અનેક જાતિના માણસો ભેગા થઇ બેસે છે, પછી કીનારે જઇ નાના દેશ પ્રતિ ગમન કરે છે, તેમ કુળરૂપ જહાજમાં અનેક ગતિથી પ્રાણી ભેગા થઈ વસે છે, પછી આયુષ્ય પુરૂ થયે પોતપોતાના કર્માનુસાર ચારે ગતિમાં જઈ ઉત્પન્ન થાય છે, અને જે દેહથી, સ્ત્રી, પુત્ર, મિત્ર

ભાઇ વગેરેની સાથે સંબંધ માની રાગી થઇ રહ્યો છે, તે દેહ અગ્નિથી ભસ્મ થશે, વળી માટી સાથે મળી જશે તથા જીવ ખાશે તો વિષ્ટા અને કૃમ કલેવરરૂપ થશે. એક એક પરમાણું જમીન, આકાશમાં અનંત વિભાગરૂપે વિખરાઈ જશે; પછી ક્યાંથી મળશે? તેથી એનો સંબંધ પાછો પ્રાપ્ત નહિ થાય એવો નિશ્ચય જાણી સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબાદિમાં મમતા કરી, ધર્મ બગાડવો તે મોટું અનર્થ છે. વળી જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી સેવકાદિના એકઠાં થયેલ સુખથી જીવન ચાહો છો, તે સમસ્ત કુટુંબ શરદકાળના વાદળાંની પેઠે વિખરાઈ જશે. આ સંબંધ આ વખતે દેખાય છે તે નહિ રહેશે–જરૂર વિખરાઇ જશે. એવો નિયમ જાણો. વળી જે રાજ્યના અર્થે, અને જમીનના અર્થે તથા હાટ, હવેલી, મકાન તથા આજીવિકાને અર્થે હિંસા, અસત્ય કપટ છળમાં પ્રવૃત્તિ કરો છો, ભોળાઓને ઠગો છો, પોતે જોરાવર થઇ નિર્બળને મારો છો તે સમસ્ત પરિગ્રહનો સંબંધ તમારાથી જરૂર વિખુટો પડશે. અલ્પ જીવવાના નિમિત્તે, નરક, તિર્યંચ ગતિના અનંતકાળ પર્યંત અનંત દુઃખના સંતાન ન ગ્રહણ કરો. એના સ્વામીપણાનું અભિમાન કરી અનેક ચાલ્યાં ગયાં, અને અનેક પ્રત્યક્ષ ચાલ્યાં જતાં જુઓ છો, માટે હવે તો મમતા છોડી અન્યાયનો પરિહાર કરી પોતાના આત્માના કલ્યાણ થવાના કાર્યમાં પ્રવર્તન કરો. ભાઇ, મિત્ર, પુત્ર, કુટુંબાદિક સાથે વસવું, તે જેમ ગ્રીષ્મઋતુમાં ચાર માર્ગની વચમાં આવેલા વૃક્ષની છાયા નીચે અનેક દેશના વટેમાર્ગુ વિશ્રામ લઇ પોતપોતાને

ઠેકાણે જાય છે, તેમ કુલરૂપ વૃક્ષની છાયામાં રોકાયેલ, કર્મને અનુકુળ અનેક ગતિમાં ચાલ્યા જાય છે. વળી જેનાથી પોતાની પ્રીતિ માનો છો તે પણ દરેક મતલબના છે. આંખનો રાગ જેમ ક્ષણ માત્રમાં નાશ થાય છે. વળી જેમ એક વૃક્ષ વિષે પક્ષી પૂર્વે સંકેત કર્યા વિનાજ આવી વસે છે, તેમ કુટુંબના માણસો સંકેત કર્યા વિના કર્મને વશ ભેળા થઇ વિખરે છે, એ સમસ્ત ધન સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઇંદ્રિયોના વિષયોની સામગ્રી જોતજોતામાં અવશ્ય વિયોગને પ્રાપ્ત થશે. જુવાની મધ્યાહ્નની છાયાની પેઠે ઢળી જશે, સ્થિર નહિ રહેશે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક તો અસ્ત થઈ પાછા ઉગે છે, અને હિમ, વસંતાદિક ઋતુઓ પણ જઇ જઈ પાછી આવે છે, પરંતુ ગયેલ ઇંદ્રિયો, યૌવન, આયુ, કાયાદિક પાછા નથી આવતા. જેમ પર્વતથી પડતી નદીના તરંગ રોકાયા વિના ચાલ્યા જાય છે, તેમ આયુષ્ય ક્ષણ ક્ષણમાં રોકાયા વિના વ્યતીત થાય છે. વળી જે દેહને આધીન જીવવું છે, તે દેહને જરજરૂં કરનારૂં ઘડપણ સમય સમય આવે છે, ઘડપણ કેવું છે કે જુવાનીરૂપ વૃક્ષને દગ્ધ કરવાને દાવાગ્નિ સમાન છે. વળી તે ભાગ્યરૂપ પુષ્પોને ઓલવનાર વૃષ્ટિ છે. સ્ત્રીની પ્રીતિરૂપ હરણીને વ્યાઘ્ર સમાન છે. જ્ઞાનનેત્રને અંધ કરવા માટે ધુળની વૃષ્ટિ સમાન છે. તપરૂપ કમળના વનને હિમ સમાન છે. દીનતા ઉત્પન્ન કરવાની માતા છે. તિરસ્કાર વધારવા માટે ધાઈ સમાન છે. ઉત્સાહ ઘટાડવાને તિરસ્કાર જેવી છે. રૂપધનને ચોરવાવાળી,

બળને નાશ કરવાવાળી છે. જંઘાબળ બગાડનારી છે. આળસને વધારનારી છે. સ્મૃતિનો નાશ કરનારી આ વૃદ્ધાવસ્થા છે. મોતનો મેળાપ કરાવનારી દૂતી એવી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થવાથી પોતાના આત્મહિતનું વિસ્મરણ કરી, સ્થિર થઈ રહ્યા છો તે મોટો અનર્થ છે. વારંવાર મનુષ્ય જન્માદિક સામગ્રી નહિ મળે. વળી જે જે નેત્રાદિક ઈંદ્રિયોનું તેજ છે તે ક્ષણ ક્ષણમાં નાશ થાય છે. સમસ્ત સંયોગ વિયોગરૂપ જાણી એ ઈંદ્રિયોના વિષયમાં રાગ કરી કોણ કોણ નાશ નથી થયા? આ બધા વિષયો પણ નાશ પામી જશે, અને ઈંદ્રિયો પણ નાશ થઇ જવાની. કોને અર્થે આત્મહિત છોડી ઘોરપાપરૂપ માઠું ધ્યાન કરો છો? વિષયોમાં રાગ કરી વધારે વધારે લીન થઇ રહ્યા છો? બધા વિષયો તમારા હૃદયમાં તીવ્ર બળત્રા ઉપજાવી વિનાશ પામશે. આ શરીરને રોગે કરીને હમેશાં વ્યાપ્ત જાણ, અને જીવોને મરણથી ઘેરાયેલો જાણ. ઐશ્વર્ય વિનાશની સન્મુખ જાણ. આ સંયોગ છે તેના નિયમથી વિયોગ થશે. આ સમસ્ત વિષય છે તે આત્માના સ્વરૂપને ભૂલાવવાવાળો છે. એમાં રાચી ત્રણલોક નાશ થઈ ગયું છે. જે વિષયોના શેવવાથી સુખ ઈચ્છવું છે, તે જીવવાને અર્થે વિષ પીવું છે. તથા શીતળ થવાને માટે અગ્નિમાં પ્રવેશ કરવો છે તથા મીઠાં ભોજનને માટે ઝેરના વૃક્ષનું પાણી પીવું છે. વિષય મહા મોહ મદને ઉપજાવનાર છે, એનો રાગ છોડી આત્માનું કલ્યાણ કરવા યત્ન કરો. અચાનક મરણ આવશે, પછી મનુષ્ય જન્મ તેમજ

જીનેંદ્રનો ધર્મ ગયા પછી મળવો અનંતકાળમાં દુર્લભ છે. જેમ નદીનો પ્રવાહ નિરંતર ચાલ્યો જાય છે, ફરી નહિ આવે, તેમ આયુષ્ય, કાયા, રૂપ, બળ, લાવણ્ય, ઇંદ્રિય શક્તિ ગયા પછી નહિ વધવાની. વળી જે આ પ્યારાં સ્ત્રી, પુત્રાદિક નજરે દેખાય છે તેનો સંયોગ નહિ રહેશે. સ્વપ્નના સંયોગ સમાન જાણી એના અર્થે અનીતિ પાપ છોડી, ઉતાવળો સંયમાદિક ધારણ કર. વળી તે ઇંદ્રજાલની પેઠે લોકોને ભ્રમ ઉપજાવનારૂં છે. આ સંસારમાં ધન, યૌવન, જીવન, સ્વજન, પરજનના સમાગમમાં જીવ આંધળો થઇ રહ્યો છે. તે ધન સંપદા ચક્રવર્તિઓને ત્યાં પણ સ્થિર નહિ રહી તો બીજા પુણ્ય હીનને ત્યાં કેમ સ્થિર રહેશે ? વળી યૌવન, વૃદ્ધાવસ્થા નાશ થશે. જીવવું મરણ સહિત છે. સ્વજન પરજન વિયોગની સન્મુખ છે. કે'માં સ્થિર બુદ્ધિ કરો છો ? એ દેહ છે તેને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાડો છો, આભરણ વસ્ત્રાદિકથી ભૂષિત કરો છો, નાના પ્રકારના ભોજન કરાવો છો, વારંવાર એનાજ દાસપણામાં કાળ વ્યતિત કરો છો. શય્યા, આસન, કામભોગ, નિદ્રા, શીતલ, ઉષ્ણ અનેક ઉપચારોથી એને પુષ્ટ કરો છો. વળી એના રાગથી એવા અંધ થઈ ગયા છો કે જે ભક્ષ, અભક્ષ, યોગ્ય, અયોગ્ય, ન્યાય, અન્યાયના વિચાર રહીત થઈ આત્મ ધર્મ બગાડવો, યશનો વિનાશ કરવો, મરણ પામવું, નર્કે જવું, નિગોદને વિષે વાસ કરવો. "સમસ્ત નથી ગણતો" તેવી રીતે એ શરીર જળથી ભરેલા કાચા ઘડાની પેઠે

જલ્દી વિનાશ થશે. આ દેહનો ઉપકાર કૃતઘ્નના ઉપકારની પેઠે વિપરીત ફળશે. જેમ સર્પને દુધ સાકરનું પાન કરાવવું તેમ પોતાને મહા દુઃખ, રોગ, કલેશ, દુર્ધ્યાન, અસંયમ, કુમરણ, નર્કમાં પડવું, એનાં કારણ નિશ્ચયપૂર્વક જાણો. આ શરીરને જેમ જેમ વિષયાદિકથી પુષ્ટ કરશો તેમ તેમ આત્માને નાશ કરવામાં સમર્થ થશે. એક દિવસ ખોરાક નહિ આપશો તો બહુ દુઃખ દેશે. જે જે શરીરમાં રાગી થયા છે, તે તે સંસારમાં નાશ થઈ, આત્મકાર્ય બગાડી અનંતાનંત કાળ નર્ક, નિગોદમાં ભમે છે, અને જેણે આ શરીરને તપસંયમમાં લગાડી કૃશ કર્યું તેઓએ પોતાનું હિત કર્યું છે. અને આ ઇંદ્રિયો છે, તે જેમ વિષયોને ભોગવે છે તેમ તૃષ્ણા વધારે છે; જેમ અગ્નિ બળતણથી તૃપ્ત થતી નથી, તેમ તેમ ઇંદ્રિયો વિષયોથી તૃપ્ત થતી નથી. એક એક ઇંદ્રિયની વિષયની વાંચ્છના કરી મોટા મોટા ચક્રવર્તિ રાજા ભ્રષ્ટ થઈ નરક જઈ પહોંચ્યા છે, તો બીજાનું તે શું કહેવું? એ ઇંદ્રિયોને દુઃખદાઈ પરાધીન કરવાવાળી, નરકમાં પહોંચાડનારી જાણી ઈંદ્રિયોનો રાગ છોડી, એને વશ કરો.

સંસારમાં જેટલાં નિંદ્ય કર્મ કરીએ છીએ તે તે સમસ્ત ઇંદ્રિયોને આધીન થઈ કરીએ છીએ. માટે ઈંદ્રિયરૂપ સર્પના વિષથી આત્માની રક્ષા કરો, વળી આ લક્ષ્મી છે તે ક્ષણભંગુર છે, આ લક્ષ્મી કુલીનમાં નથી રમતી. ધીરમાં, શૂરમાં, પંડિતમાં, મુર્ખમાં, રૂપવાનમાં, કુરૂપમાં, પરાક્રમીમાં, કાયરમાં, ધર્માત્મામાં, અધર્મીમાં, પાપીમાં, દાનીમાં, કૃપણમાં ક્યાંય નથી રમતી, એ

તો પૂર્વ જન્મમાં પુણ્ય કરેલ હોય તેની દાસી છે. કુપાત્ર દાનાદિક કુતપ કરી ઉત્પન્ન થયેલ જીવને ખોટા ભોગમાં, કુમાર્ગમાં, મદમાં લગાડી દુર્ગતિમાં પહોંચાડનારી છે. આ પંચમકાળની મધ્યમાં તો કુપાત્ર દાન કરી કુતપસ્યા કરી લક્ષ્મી ઉપજે છે, તે બુદ્ધિને બગાડી મહા દુઃખથી ઉપજે છે, મહા દુઃખથી ભોગવે છે, પાપમાં લગાડે અને દાન ભોગમાં ખર્ચ્યા વિના મરણ થયે આર્ત ધ્યાનથી છોડી તિર્યંચ ગતિમાં ઉપજે છે. એથી લક્ષ્મીને તૃષ્ણા વધારવાવાળી, મદ ઉપજાવવાવાળી જાણી દુઃખિત, દરિદ્રિના ઉપકારમાં, ધર્મના વધારવાવાળાં ધર્મ સ્થાનકોમાં, વિદ્યા આપવામાં, વિતરાગ સિદ્ધાંત લખાવવામાં લગાડી સફળ કરો. ન્યાયના પ્રમાણિક ભોગમાં જેમ ધર્મ ન બગડે તેમ લગાડો. આ લક્ષ્મી જલતરંગવત્ અસ્થિર છે. અવસરમાં દાન ઉપકાર કરી લ્યો. પરલોકમાં સાથે આવશે નહિ. અચાનક છાંડી મરણ કરશો. જે નિરંતર લક્ષ્મીનો સંચય કરે છે, દાન ભોગમાં લઇ શકતા નથી, તે પોતે પોતાને ઠગે છે. એટલા માટે પાપનો આરંભ કરી, લક્ષ્મીનો સંગ્રહ કરી, મહા મૂર્છાથી ઉપાર્જન કરી છે, તેને બીજાના હાથમાં આપી. વળી અન્ય દેશમાં વ્યાપારાદિથી વધારવા માટે તેને સ્થાપન કરી તથા જમીનમાં અતિ દૂર છેટે મેલી અને રાતદિવસ એનુંજ ચિંતવન કરતાં કરતાં દુર્ધ્યાનથી મરણ કરી દુર્ગતિ જઈ પહોંચે છે. કૃપણને લક્ષ્મીનું રખવાલપણું અને દાસપણું જાણવું. દૂર જમીનમાં નાખીને લક્ષ્મીને પહાણા સમાન કરી, જેમ ભૂમિમાં બીજા પહાણા રહે છે તેમ

લક્ષ્મીનું જાણો. તથા રાજાના તથા દેવાદારના તથા કુટુંબનાં કાર્ય સાધ્યાં. પોતાનો દેહ તો ભસ્મ થઇ ઉડી જશે. તે પ્રત્યક્ષ નથી દેખતા ? આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું નથી. પોતાના સમસ્ત પરમાર્થને ભૂલી લક્ષ્મીના લોભને માટે રાત્રિ અને દિવસ ઘોર આરંભ કરે છે, વખતસર ભોજન નથી કરતો. ટાઢી ઉની વેદના સહન કરે છે, રાગાદિકના દુઃખને નથી જાણતો. ચિંતાતુર થઈ રાત્રે ઉંઘ નથી લેતો. લક્ષ્મીનો લોભી પોતાનું મરણ થશે એમ નથી ગણતો. સંગ્રામના ઘોર સંકટમાં જાય છે. સમુદ્રમાં પ્રવેશ કરે છે. ઘોર ભયાનક રાન પર્વતમાં જાય છે. ધર્મરહિત દેશમાં જાય છે. જ્યાં પોતાની જાતિનું, કુલનું કે ઘરનું કોઇ દેખવામાં આવતું નથી એવા સ્થાનમાં કેવળ લક્ષ્મીના લોભથી ભ્રમણ કરતો કરતો દુર્ગતિમાં જઇ પહોંચે છે. લોભી નહિ કરવાનું તથા નીચ ભીલને કરવા યોગ્ય કામ કરે છે. તો તું હવે જીનેંદ્રના ધર્મને પામીને સંતોષ ધારણ કર. પોતાના પુણ્યને અનુકુલ ન્યાય માર્ગને પ્રાપ્ત થઇ ધનનો સંતોષી થઇ તીવ્ર રાગ છોડી ન્યાયના વિષય ભોગો દુઃખિત, બુભુક્ષિત, દીન અનાથના ઉપકારને નિમિત્તે દાન, સન્માનમાં લગાડ. એ લક્ષ્મીએ અનેકને ઠગીને દુર્ગતિમાં પહોંચાડયા છે, લક્ષ્મીનો સંગ કરી જગતના જીવ અચેત થઈ રહ્યા છે, અને એ પુણ્ય અસ્ત થયે, અસ્ત થઇ જશે. લક્ષ્મીનો સંગ્રહ કરી મરી જવું એવું ફલ લક્ષ્મીનું નથી. એનાં ફલ કેવળ ઉપકાર કરવો, ધર્મનો માર્ગ ચલાવવો એ છે. એ પાપરૂપ લક્ષ્મીને

ગ્રહણ નથી કરતા તેને ધન્ય છે. વળી ગ્રહણ કરીને મમતા છોડી ક્ષણ માત્રમાં ત્યાગી દીધી છે તેને ધન્ય છે. વિશેષ શું લખીએ? તે ધન યોવન, જીવન, કુટુંબના સંગને પાણીનાં ટીપાં સમાન અનિત્ય જાણી, આત્મહિતરૂપ કાર્યમાં પ્રવર્ત્તન કરો. સંસારના જેટલા જેટલા સંબંધ છે તેટલા તેટલા બધા વિનાશીક છે.

એવી અનિત્ય વિચારણા વિચારો, અને જે પુત્ર, પૌત્રા, સ્ત્રી, કુટુંબાદિક કોઇ પરલોક સાથે ગયા નથી, અને જશે નહિ. પોતાનાં ઉપાર્જન કરેલ પુણ્યપાપાદિક કર્મ સાથે આવશે, અને આ જાતિ કુળરૂપાદિક તથા નગરાદિકનો સંબંધ દેહની સાથે જ વિનાશ થશે. તે અનિત્ય ચિંતવના ક્ષણ માત્ર પણ વિસ્મરણ ન થાય, જેથી પરથી મમત્વ છુટી આત્મકાર્યમાં પ્રવૃત્તિ થાય એવી અનિત્ય ભાવનાનું વર્ણન કર્યું. ॥ ૧ ॥

હવે અશરણ અનુપ્રેક્ષા ચિંતવવીએ છીએ.

આ સંસારમાં કોઈ દેવ, દાનવ, ઇંદ્રિ, મનુષ્ય એવા નથી કે જેના ઉપર યમરાજાની ફાંસી નથી પડી. મૃત્યુને વશ થતાં કોઈ આશરો નથી. આયુષ્ય પૂર્ણ થવાના કાળમાં ઇંદ્રનું પતન ક્ષણ માત્રમાં થાય છે. જેના અસંખ્યાત દેવ આજ્ઞાકારી સેવક છે, અને હજારો રિદ્ધિવાળા અને સ્વર્ગમાં અસંખ્યાતકાળથી નિવાસ છે, વળી રોગાદિક ક્ષુધા તૃષાદિક ઉપદ્રવરહિત શરીર છે અને અસંખ્યાત બળ પરાક્રમના ધારક છે. આવા ઇંદ્રનું પતન થઈ જાય તોપણ અન્ય કોઈ શરણ નથી. જેમ ઉજડ વનમાં વાઘે ગ્રહણ કરેલ હરણના બચ્ચાની કોઇ રક્ષા કરવાને

સમર્થ નથી તેમ મૃત્યુથી પ્રાણીની રક્ષા કરવાને સમર્થ નથી. આ સંસારમાં પૂર્વે અનંતાનંત પુરૂષ પ્રલયને પ્રાપ્ત થયા છે, કોઈ શરણ છે? કોઈ એવાં ઔષધ, મંત્ર, યંત્ર અથવા દેવદાનવાદિક નથી, જે એક ક્ષણ માત્ર કાળરક્ષા કરે. જો કોઈ દેવ-દેવી, વૈદ, મંત્ર તંત્રાદિક એક મનુષ્યની મરણથી રક્ષા કરે તો મનુષ્ય અક્ષય થઈ જાત, માટે મિથ્યા બુદ્ધિને છોડી અશરણ અનુપ્રેક્ષા ચિંતવો. મૂઢ લોક એવા વિચાર કરે છે કે જે મારા હિતનો ઈલાજ ન થયો. ઔષધ ન આપ્યું. દેવતાનું શરણ ન લીધું. ઉપાય કર્યા વિના મરી ગયો, એવો પોતાના સ્વજનનો શોક કરે છે અને પોતાનો શોચ નથી કરતો કે હું જમની દાઢમાં વચ્ચે બેઠો છું. જે કાળને કરોડો ઉપાયથી પણ ઇંદ્ર જેવા પણ ન રોકી શકયા, તેને બાપડું માણસજાત તે શું રોકશે? જેમ બીજાનું મરણ થતાં જોઇએ છીએ તેમ મારૂં પણ અવશ્ય થશે.

જેમ બીજા જીવોને સ્ત્રી, પુત્રાદિકનો વિયોગ દેખીએ છીએ તેમ મારે પણ વિયોગમાં કોઈ શરણ નથી. વળી અશુભકર્મની ઉદીર્ણા થયા છતાં બુદ્ધિ નાશ થાય છે, પ્રબળ કર્મના ઉદય થતાં એકે ઉપાય કામ નથી આવતો. અમૃત વિષ થઈ પરિણમે છે, તણખલું પણ શસ્ત્ર થઈ પરિણમે છે, પોતાના વહાલા મિત્ર વૈરી થઈ પરિણમે છે, અશુભના પ્રબળ ઉદયના વશથી બુદ્ધિ વિપરીત થઈ પોતે પોતાનોજ ઘાત કરે છે. અને જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે મુર્ખને પણ બુદ્ધિ ઉપજે છે. કર્યા વિના

સુખકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે. વેરી મિત્ર થઈ જાય છે, વિષ પણ અમૃત પરિણમે છે, જ્યારે પુણ્યનો ઉદય થાય, ત્યારે સમસ્ત ઉપદ્રવકારી વસ્તુઓ નાના પ્રકારના સુખ કરવાવાળી થાય છે, માટે તે પુણ્યકર્મને શરણ છે. પાપના ઉદયથી હાથમાં આવેલું ધન ક્ષણ માત્રમાં નાશ થઈ જાય છે, અને પુણ્યના ઉદયથી ઘણી દુર હોય તે વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે. લાભાંતરાયનો ક્ષયોપશમ થાય ત્યારે, વિના યત્ને નિધિરત્ન પ્રગટ થાય છે. વળી પાપ ઉદય થાય ત્યારે સુંદર આચરણ કરતો હોય તેને પણ દોષ કલંક આવી પડે છે. અપવાદ અપયશ થાય છે. અને યશનામ કર્મના ઉદયથી સમસ્ત અપવાદ દૂર થઈ દોષ ગુણરૂપ પરિણમે છે. સંસાર છે તે પુણ્ય પાપના ઉદયરૂપ છે.

પરમાર્થથી બન્ને ઉદય (પુણ્ય પાપ) પરનો કરેલો અને આત્માથી ભિન્ન જાણીને તેના જાણનાર અથવા સાક્ષી માત્ર રહો, હર્ષ અને ખેદ કરો નહીં. પૂર્વે બંધ કરેલ તે હવે ઉદય આવ્યાં, તેમ પોતાનું કર્યું દૂર નથી થતું. ઉદય આવ્યા પછી ઇલાજ નથી. કર્મનાં ફળ જે જન્મ જરા, મરણ, રોગ, ચિંતા, ભય, વેદના, દુઃખ આવતાં તેનાથી રક્ષણ કરવાવાળાં મંત્ર, તંત્ર, દેવ, દાનવ, ઔષધાદિક, કોઇ સમર્થ નથી. કર્મનો ઉદય આકાશ પાતાલ, કે કયાંઇ પણ નથી છોડતો. ઔષધાદિક બાહ્ય નિમિત્ત, અશુભ કર્મનો ઉદય મંદ થતાં ઉપકાર કરે છે. દુષ્ટ, ચોર, ભીલ, વેરી તથા સિંહ, વાઘ, સર્પાદિક ગામમાં વનમાં મારે, જલચરાદિક પાણીમાં મારે. અશુભ કર્મનો ઉદય જળમાં, સ્થ-

ળમાં, વનમાં, સમુદ્રમાં, પહાડમાં, ગઢમાં અને ઘરમાં, શય્યામાં કુટુંબમાં, રાજાદિક, સામંતોની વચમાં, શસ્ત્રોથી રક્ષા કરતાં છતાં ક્યાંય પણ નથી છોડતો. આ લોકમાં એવા સ્થાન છે કે જેમાં સૂર્ય, ચંદ્રમાના ઉદ્યોત તથા પવન તથા વૈક્રિયક રિદ્ધિ-વાળાં જઈ શકતાં નથી, પરંતુ કર્મનો ઉદય તો સર્વત્ર જાય છે. પ્રબળ કર્મના ઉદય થતાં, વિદ્યા, મંત્ર, બળ, ઔષધી, પરાક્રમ, વહાલા મિત્ર, સામંત, હાથી, ઘોડા, રથ, પાયદળ, ગઢ, સસ્ત્રઉપાય, સામ, દામ, દંડ, ભેદાદિક બધાં ઉપાય શરણ નથી. જેમ ઉદય થતા સૂર્યને કોણ રોકે તેમ કર્મના ઉદયને ન રોકી શકાય એવા જાણી સમતા ભાવનું શરણ ગ્રહણ કરો, તો શુભ કર્મની નિર્જરા થાય. આગળ નવો બંધ નથી થતો, રોગ, વિયોગ, દરિદ્ર મરણાદિકનો ભય છોડી પરમ ધૈર્ય ગ્રહણ કરો. એ પોતાનો વિતરાગ ભાવ, સંતોષભાવ, પરમ સમતા, ભાવ એજ શરણ છે બીજું શરણ નથી. આ જીવન ઉત્તમ ક્ષમાદિક ભાવ પોતેજ છે.

ક્રોધાદિક ભાવ આ લોક પરલોકમાં આ જીવના ઘાતક છે. આ જીવને કષાયની મંદતા આ લોકમાં હજારો વિઘ્નની નાશ કરનારી પરમ શરણ રૂપ છે. અને પરલોકમાં નર્ક, તિર્યંચ ગતિથી રક્ષા કરે છે. મંદ કષાયિકનું દેવલોકમાં તથા ઉત્તમ મનુષ્ય જાતિમાં ઉપજવું થાય છે. અને જો પૂર્વકર્મના ઉદયમાં આર્ત્ત, રૌદ્ર પરિણામ કરશો તો ઉદીર્ણાને પ્રાપ્ત થયાં, તે રોકવા કોઈ સમર્થ નથી. કેવળ દુર્ગતિનાં કારણ નવાં કર્મ વધારે વધશે.

કર્મનો ઉદય આવવા માટે ના જોઇતાં બાહ્ય નિમિત્તો ક્ષેત્ર, કાળ, ભાવ મળ્યા પછી તે કર્મનો ઉદય, ઇંદ્ર, જીનેંદ્ર, મણિ, મંત્ર, ઔષધાદિક કોઇ પણ એક રોકવા સમર્થ નથી ? રોગના ઇલાજ તો ઔષધાદિક જગત્‌માં દેખીએ છીએ પરંતુ પ્રબળ કર્મના ઉદયને રોકવાને ઔષધાદિક સમર્થ નથી. વિપરિત થઈ પરિણમે છે.

આ જીવને અસાતા વેદનીય કર્મનો ઉદય પ્રબળ થાય ત્યારે ઔષધાદિક વિપરિત થઈ પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય અથવા ઉપશમ હોય ત્યારે ઔષધાદિક ઉપકાર કરે છે. કારણકે મંદ ઉદયને રોકવાને સમર્થ તો અલ્પ શક્તિવાળા પણ થાય છે. પ્રબળ બળવાળાને અલ્પ શક્તિ ધારક રોકવાને સમર્થ નથી. અને આ પંચમકાળમાં અલ્પ માત્ર બાહ્યદ્રવ્ય ક્ષેત્રાદિક સામગ્રી છે, અલ્પ માત્ર જ્ઞાનાદિક છે, અલ્પ માત્ર પુરૂષાર્થ છે. અને અશુભનો ઉદય આવવાથી બાહ્ય સામગ્રી પ્રબળ છે તો તે અલ્પ સામગ્રી અલ્પ પુરૂષાર્થથી પ્રબળ અસાતાના ઉદયને કેમ જીતે ? જેમ મોટી નદીઓનો પ્રવાહ પ્રબળ મોજાં ઉછાળતો ચાલ્યો આવતો હોય તેમાં તરવાની કળામાં સમર્થ પુરૂષ પણ તરી નથી શકતો. નદીના પ્રવાહનો વેગ મંદ થતો જાય ત્યારે તરવાની વિદ્યા જાણનાર તરી પાર ઉતરી જાય છે તેવી રીતે પ્રબળ કર્મના ઉદયમાં પોતાને અશરણ જાણો. અહીં પૃથ્વી અને સમુદ્ર બન્ને મોટાં છે પરંતુ પૃથ્વીનો છેડો લેવાને અને સમુદ્રને તરવાને ઘણું સમર્થ થતાં દેખાતાં નથી. આ સંસારમાં સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપ, સંયમ શરણ તથા ઉત્તમ

ક્ષમાદિક દશ ધર્મ પ્રત્યક્ષ આ લોકમાં સમસ્ત કલેશ દુઃખ, મરણ, અપમાન હાનિથી રક્ષા કરવાવળાં છે. આ મંદ કષાયનાં ફલ સ્વાધીન સુખ અને આત્મરક્ષા અને ઉજ્વળ યશ, કલેશ-રહિતપણું, ઉચ્ચતા આ લોકમાં પ્રત્યક્ષ દેખી એનું શરણ ગ્રહણ કરો. વળી પરલોકમાં એનાં ફળ સ્વર્ગલોક થવું છે. વિશેષમાં વ્યવહારમાં ચાર શરણ છે. અર્હંત, સિદ્ધ, સાધુ, કેવળજ્ઞાનીઓ પ્રકાશેલધર્મ એજ શરણ જાણવું. એ પ્રમાણે અહીં એના શરણ વિના આત્માની ઉજવળતા પ્રાપ્ત નથી થતી એવું દર્શાવનારી અશરણ અનુપ્રેક્ષા વિચારી. ॥ ૨ ॥

સંસાર અનુપ્રેક્ષા.

હવે સંસાર અનુપ્રેક્ષાનું સ્વરૂપ વિચારીએ છીએઃ-

આ સંસારમાં અનાદિકાળના મિથ્યાત્વના ઉદયથી અચેત થયેલ જીવ, જીનેંદ્ર, સર્વજ્ઞ વીતરાગના પ્રરૂપણ કરેલ સત્યાર્થ ધર્મને પ્રાપ્ત નહીં થઈ ચારે ગતિમાં ફરે છે, સંસારમાં કર્મરૂપ દ્રઢ બંધનથી બંધાઈ પરાધીન થઇ ત્રસસ્થાવરપણે નિરંતર ઘોર દુઃખ ભોગવતો વારંવાર જન્મ મરણ કરે છે. અને જે જે કર્મના ઉદય આવી રસ દે છે, તેના ઉદયમાં પોતાને ધારણ કરી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને છાંડી નવાં નવાં કર્મના બંધન કરે છે. અને કર્મના બંધને આધીન થયેલ પ્રાણીને એવી કોઇ દુઃખની જાતિ બાકી નથી રહી કે જે નથી ભોગવી. બધાં દુઃખો અનંતા-નંતવાર ભોગવી અનંતાનંતકાળ વ્યતીત થઇ ગયા. એવી રીતે અનંત પરિવર્ત્તન આ સંસારમાં આ જીવને થયાં છે, એવું કોઈ

પુદ્ગલ સંસારમાં નથી રહ્યું કે જે જીવે, શરીરરૂપ, આહારરૂપ ગ્રહણ નથી કરેલ. અનંત જાતિના અનંત પુદ્ગલોના શરીરધારી, આહારરૂપ (ભોજન પાનરૂપ) કરેલ છે.

ત્રણુસેંતેતાલીશ ઘનરજ્જુ પ્રમાણુ લોકમાં એવો કોઇ એક પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ મરણુ નથી કરેલાં અને ઉત્સર્પિણી અવસર્પિણીકાલનો એવો એક પણુ સમય બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર નથી જન્મ્યો, અને નથી મુઓ. અને નર્ક, તિર્યંચ, મનુષ્ય, દેવ એ ચારે પર્યાયોમાં આ જીવ જઘન્ય આયુષ્યથી લઇ ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણુ ધારણુ કરી અનંતવાર જન્મ ધરેલ છે. એક અનુદિશ અનુત્તર વિમાનમાં તો નથી ઉપજ્યો કારણુ કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દ્રષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી. સમ્યક્દ્રષ્ટિને સંસાર ભ્રમણુ નથી. વળી કર્મની સ્થિતિ બંધનાસ્થાન તથા સ્થિતિ બંધને કારણે; અસંખ્યાત લોક પ્રમાણુ કષાયાધ્યવસાયસ્થાને તેને કારણે અસંખ્યાતલોક પ્રમાણુ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગત્ શ્રેણીના સંખ્યાતમા ભાગ યોગસ્થાન એવો કોઇ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો. એક સમ્યદર્શન, જ્ઞાન, ચારિત્રના યોગભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે. જિનેંદ્રના અવલંબનરહિત પુરૂષને મિથ્યાજ્ઞાન વિભાવથી વિપરિત બુદ્ધિ અનાદિની થઇ રહી છે તે સમ્યક્માર્ગને નહીં ગ્રહણુ કરતાં સંસાર રૂપ વનમાં નાશ થઇ નિગોદમાં જઇ પડે છે, કેવી છે નિગોદ ?

જેમાંથી અનંતાનંત કાલ થાય તોપણ નીકળવું ઘણું મુશ્કેલ છે, અને કદાચિત્ પૃથ્વીકાયમાં, જળકાયમાં, અગ્નિકાયમાં, પવનકાયમાં પ્રત્યેક વનસ્પતિકાયમાં આધીન થયાં. આત્મશક્તિ રહિત, જીહ્વા, નાસિકા, નેત્ર, કર્ણાદિક ઇંદ્રિય રહિત થઇ દુઃખમાં દીર્ઘ કાળ વ્યતીત કરે છે. અને બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રયરૂપ, વિકલત્રયજીવ, આત્મજ્ઞાનરહિત, કેવળ રસનાદિક ઇંદ્રિયોના વિષયોની ઘણી તૃષ્ણાના માર્યા ઉછળી ઉછળી વિષયોને અર્થે પડી પડી મરે છે. વળી અસંખ્યાત કાલ વિકલત્રયમાંથી પાછાં એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કુવાપરના રેંટના ઘડાની પેઠે નવા નવા દેહ ધારણ કરતાં કરતાં ચારે ગતિમાં નિરંતર જન્મ મરણ, ભુખ, તરશ, રોગ, વિયોગ, સંતાપ, ભોગવી પરિભ્રમણ અનંતકાલ સુધી કરે છે. એનું નામ સંસાર છે.

જેમ ઉકળેલા આધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાય જાય છે, તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઇ પરિભ્રમણ કરે છે. આકાશમાં ઉડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુવાદિક સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લુંટારા, મહા નિર્દય મનુષ્ય પશુ મારે છે. આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઇ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે. જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ, મ્હોઢું ફાડી બેઠેલા અજગરના મ્હોઢામાં બીલ જાણી પ્રવેશ કરે છે, જેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ

વિગેરે તથા ઇંદ્રિયોને વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિક રૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે, તેમ વિષય કષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મ્હોઢું છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાનદર્શન, સુખ, સમતાદિક ભાવ પ્રાણનો નાશ કરી નિગોદમાં અચેતન તુલ્ય થઇ અનંત વાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે ત્યાં આત્મા અભાવ તુલ્ય છે, જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.

નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. વળી ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે, એવી કોઇ દુઃખની જાતિ બાકી નથી રહી જે આ જીવ સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઇ એક વાર ઈંદ્રિયજનિત સુખના પર્યાય પામે છે, તે વિષયોની આતાપ સહિત ભય શંકા સંયુક્ત અલ્પકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઇ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખની કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે ચતુર્ગતિનું કાંઇક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નર્કની સપ્ત પૃથ્વી છે તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાસીલાખ બીલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે. કેટલાંક બીલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બીલની મધ્યે

નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે તે નાનાં મ્હોડાવાળા અને ઉંધે માથે છે. તેમાં નારકી ઉપજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછી ઉછળે છે તેમ (નારકી) પૃથ્વીપર પડી ઉછળતાં લોટતાં ફરે છે. કેવી છે નર્કની ભૂમિ ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઉપજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ટીપ—ઉપર પ્રમાણે અપૂર્ણ સ્થિતિમાં મળી આવી તે અત્રે આપી છે.



ભાવના સ્વરૂપ.

૧ અનિત્યભાવના.

ઉપજાતિ.

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ,
શું રાચિએ ત્યાં ક્ષણનો પ્રસંગ.

શ્રીમદ્રાજચંદ્ર.

જ્ઞાની પુરૂષો–લક્ષ્મી વગેરે વૈભવોને વીજળી જેવાં કહે છે. અધિકારને પતંગના રંગ જેવો કહે છે. આયુષ્યને પાણીનાં મોજાં જેવું કહે છે. કામવિકારને ઇંદ્રધનુષ્યના જેવા કહે છે. તેથી તે સઘળાં રાચવાયોગ્ય ઠેકાણાં નથી એમ જે કહે છે તે કેવળ સત્ય છે.

અનાદિકાળથી જીવ નિગોદમાં વસે છે, એક નિગોદ શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ છે, તે બધાની પોતપોતાના કાર્મણ દેહ સંયુક્ત અવગાહના એક દેહમાં છે. એવી રીતે સૂક્ષ્મબાદર નિગોદ જીવના દેહથી તથા પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરથી સમસ્ત લોક ઉપર નીચે આંતરારહિત ભરેલ છે. નિગોદ તથા પાંચ સ્થાવરમાંથી ત્રસપણું પામવું દુર્લભ છે. પુણ્યની જોગવાઈ પ્રાપ્ત થાય ત્યારે ત્રસપણું પામે. તેમાં વિકલત્રય (બે-

ઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌઇંદ્રિયપણા) માંથી પંચેંદ્રિયપણું પામવું મહા મુશ્કેલ છે. કદાપિ પૂર્વકૃત પુણ્યના સંજોગથી પંચેંદ્રિયપણું પ્રાપ્ત થાય, પણ મનુષ્યભવ પ્રાપ્ત થવો ચુલગ પાસાદિ દશ દૃષ્ટાંતે અતિ અતિ દુર્લભ છે. મોટા પુણ્યના સંચયથી મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. મનુષ્યભવ એ મોક્ષ મેળવવાનું દ્વાર છે. દેવતાઓને પણ પ્રિય છે. કારણ કે તપ, વ્રત, નિયમ ને સંયમાદિ, મનુષ્યભવમાં ધારણ કરી શકાય છે, અને સમ્યક્ પ્રકારે જ્ઞાન, દર્શન ને ચારિત્રને આરાધી એથીજ મોક્ષ મેળવી શકાય છે. તેથી સર્વ ભવમાં મનુષ્યનો ભવ શ્રેષ્ઠ છે. મનુષ્ય દેહ, યૌવન, પરિવાર, લક્ષ્મી આદિ પરિગ્રહ એ સઘળાં અનિત્ય અને ક્ષણભંગુર છે; એટલે ક્ષણમાં નાશ પામી જાય તેવાં છે. સંસારી જીવો એને વિષે પોતાનું હીત જાણી તેમાં લીન થઈ રહે છે. જો તેમને પોતાના ખરા સ્વરૂપનું ભાન થાય તો પરસ્વરૂપને પોતાનું સ્વરૂપ કેમ માને? બિચારા જીવો મોહનીય કર્મના ઉદયથી સંસારની અનિત્ય વસ્તુમાં મોહ પામી મોહમાં મુંઝાયા પડયા છે. તે પૃથક્ પૃથક્ત્વપણે વિચારીએ.

જે દેહને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધી પદાર્થો લગાવો છો, વસ્ત્રાભૂષણથી વિભૂષીત કરો છો, નાના પ્રકારનાં મિષ્ટ ભોજનપાનાદિ કરાવો છો, નાના પ્રકારની શુશ્રૂષા ઉઠાવવામાં કાળ વ્યતીત કરો છો, શય્યા, આસન, કામભોગ, નિદ્રા, શીત, ઉષ્ણાદિ અનેક પ્રકારે કરી પુષ્ટ કરો છો; વળી તેના પ્રત્યેની રાગ બુદ્ધિથી એવા અંધ બની જાઓ છો કે, ભક્ષાભક્ષ, પેયાપેય, સત્યાસત્ય, ન્યાયાન્યાય અને

યોગ્યાયોગ્યના વિચારરહિત બની આત્મધર્મ ભૂલી અપયશ પામી કુગતિમાં પડો છો; પણ તેજ શરીર પાણી ભરેલા માટીના કાચ ઘડાની પેઠે જલદીથી ગળી નાશ પામી જાય છે. જેમ સાકર દૂધનું પાન કરાવી સર્પને પુષ્ટ કરવામાં આવે છે; પણ તેજ સર્પ પરિણામે દુઃખદાયક થાય છે. તેમ ભક્ષાભક્ષથી પુષ્ટ કરેલ શરીર પરિણામે મહા રોગાદિનું કારણ બની નાશ પામી જાય છે.

જ્ઞાની પુરૂષો જુવાનીને પાણીના રેલા જેવી કહે છે. જેમ નદીમાં પૂર આવે છે, અને થોડી વારમાં પાછું ઉતરી જાય છે તેમ જુવાની જોતજોતામાં ચાલી જાય છે. તે મધ્યાહ્નની છાયાની માફક એકદમ ઢળી જાય છે. કાંઇ સ્થિર રહેતી નથી. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રાદિનો અસ્ત–ઉદય થાય છે, હેમંત, વસંતાદિ ઋતુઓ જાય છે આવે છે; પણ જુવાની જે ગઈ તે કદિ પાછી આવતી નથી, ને દેહને જીર્ણ કરતી જરા અવસ્થા આવી પહોંચે છે. તે જરા જુવાનીરૂપ વૃક્ષને બાળનારી દાવાગ્નિ સમાન છે. ભાગ્યરૂપ ફૂલને કરમાવનારી અતિવૃષ્ટિ સમાન છે. સ્ત્રીની પ્રીતિરૂપ હરણીને વાઘ સમાન છે. જ્ઞાનરૂપ નેત્રને ઢાંકી દેનારી ધૂળની વૃષ્ટિ સમાન છે. તપરૂપ કમળના વનને હીમ પડયા સમાન છે. દીનતા ઉપજાવનારી માતા સમાન છે. શ્વાસ લેવાના જોરને ઘટાડનારી છે. રૂપ ધનને ચોરવાવાળી છે. બળનો નાશ કરવાવાળી છે. આળસને વધારનારી છે, યાદશક્તિને ઘટાડનારી છે, અને મોતની દુતી સમાન છે.

વળી કહ્યું છે કે:—

शार्दुलविक्रीडित छंद.

गात्रं संकुचितं गतिर्विगलिता, दन्ताश्च नाशं गता,
दृष्टिर्भ्रस्यति रुपमेव हृसते, वक्रतं च लालायतेः
वाक्यं नैव करोति बान्धवजनः, पत्नी न शुश्रूषते,
धिक् कष्टं जरयाभिभूत पुरुष, पुत्रोऽप्य वज्ञायते.

ભાવાર્થ—વૃદ્ધાવસ્થામાં શરીર સંકોચાઈ જાય છે, એટલે શરીરે કરોચલી વળી જાય છે. ગતિ પણ વિકલ થાય છે, એટલે જ્યાં પગ મૂકવો ધાર્યો હોય, ત્યાં ન મૂકાતાં બીજે ઠેકાણે મૂકાઈ જાય છે. દાંત પડી જાય છે, આંખે ઝાંખ આવવાથી બરાબર દેખાતું નથી. રૂપ પણ દિવસે દિવસે ઘટતું જાય છે. મુખમાંથી લાળ ઝરે છે. બાંધવજને તેમનું કહ્યું કરતા નથી, અને પરણેલી સ્ત્રી પણ સેવા કરતી નથી. માટે જરાથી પરાભવ પામેલા પુરૂષને ધિઃકાર થાઓ !!! કેમકે પુત્રો પણ વૃદ્ધાવસ્થામાં તિરસ્કાર કરે છે. એવી વૃદ્ધાવસ્થા પામ્યા છતાં, હે ભવ્યો ! ધર્મકાર્યમાં નહિ જોડાતાં માત્ર પ્રમાદથી બેસી રહેવું એ મોટો અનર્થ છે.

સર્વ ઇંદ્રિય જનિત સુખ—જે દૃષ્ટિગોચર છે. તે વરસાદના મેઘધનુષ્યની પેઠે વિનાશીક છે; એટલે જેમ મેઘધનુષ્ય થાય છે, ને થોડી વારમાં વિખરાઈ જાય છે, તેમ તે સુખ પણ થોડી વારમાં નાશ પામી જાય છે. પતંગીઆં ચક્ષુ ઇંદ્રિના વિષયથી દીવાની જ્યોતમાં પડી નાશ પામે છે. હરણ કર્ણઇંદ્રિયના વિષ-

યથી મોહ પામી પારધીથી નાશ પામે છે. હસ્તિ સ્પર્શ ઇંદ્રિયના વિષયથી મોહ પામી સપડાય છે. ભ્રમર કમળના વાસથી મોહિત થઈ કમળમાં સપડાઈ નાશ પામે છે. એમ એકેક ઇંદ્રિયના વિષયથી મોહ પામી પ્રાણીઓ નાશ પામે છે, તો મનુષ્યપ્રાણી જે પાંચે ઇંદ્રિયોના વિષયમાં આશક્ત છે તે નાશ કેમ ન પામે? અવશ્ય નાશ પામે. જેમ, અગ્નિ–ઘી, લાકડાં વગેરે હોમવાથી શાન્ત થતી નથી, પણ ઉલટી વધતી જાય છે, તેમ ઇંદ્રિયો નાના પ્રકારના વિષયો સેવવાથી વધારે મદોન્મત્ત થતી જાય છે. તેમના સેવનથી મોટા મોટા ચક્રવર્તિઓ પણ ઘોર નરકમાં પડયા છે, તો અન્ય પામર જીવોની શી દશા? માટે ઇંદ્રિયોના વિષયસુખને દુઃખદાયી જાણી તેમને વશ કરો.

વિષય સેવવામાં જે સુખની ઇચ્છા કરો છો તે જીવવાને અર્થે ઝેર પીવા બરોબર છે. શિતળતાને અર્થે અગ્નિમાં પ્રવેશ કરવા સમાન છે. મિષ્ટ ભોજનને અર્થે ઝેરનું સીંચન કર્યા સમાન છે. ઝેર પીવાથી જીવી શકાય નહિ, પણ મોતજ થાય છે. અગ્નિમાં પ્રવેશ કરવાથી શિતળતા થતી નથી, પણ ઉલટી બળતરા વધે છે, તેમ વિષયનું સેવન કરવાથી અનંત સંસાર પરિભ્રમણ વધે છે.

આ શરીર નિરંતર રોગે કરી વ્યાપ્ત છે. જીવિતવ્ય મરણે કરી વ્યાપ્ત છે. ઇંદ્રિય–બળાદિ વિનાશીક છે. સમસ્ત વિષયો આત્માના સ્વરૂપને ભૂલાવવાવાળા છે. એમાં રાચવાથી ત્રણે લોકનો નાશ થયો છે, થાય છે, અને થશે. એવી રીતે આ દેહ, અને

તેને સંબંધે રહેલાં જુવાની રૂપ–બળાદિ, અનિત્ય અને નાશવંત જાણો.

જેવી રીતે એક વહાણમાં ઘણા દેશના અને ઘણી જાતના લોકો બેઠા હોય છે. તે વહાણ જ્યારે કિનારે પહોંચે છે, ત્યારે સૌ કાંઠે ઉતરી પોતપોતાને ઠેકાણે ચાલ્યા જાય છે; તેવી રીતે કુળરૂપી વહાણમાં જુદી જુદી ગતિમાંથી આવી જીવો ઉત્પન્ન થાય છે. પછી આયુષ્ય પૂર્ણ થયે સૌ પોતપોતાના બાંધેલા કર્મ પ્રમાણે જુદી જુદી ગતિમાં જાય છે.

જે દેહથી પિતા, બાંધવ, પુત્ર, મિત્ર, માતા અને સ્ત્રી આદિનો સંબંધ થાય છે તેથી તેનાપર રાગ કરો છો પણ તેજ પિતાદિ દેહની સ્થિતિ પૂરી થયે તેને બાળી રાખ કરી નાંખે છે; અથવા તો માટીમાં દાટી દે છે; અથવા તો બીજા જીવો તેનો ભક્ષ કરી જાય છે, તેથી વિષ્ટારૂપ થઇ જાય છે, અને અકેક પરમાણુ જમીન આકાશના અનંત વિભાગમાં વિખરાઇ જાય છે. તે પાછા કોણ જાણે કયારે મળશે ? આ રીતે તેમનો સંબંધ ફરી પ્રાપ્ત થતો નથી. વળી પિતા, માતા, ભ્રાતા, પુત્ર, સ્વામી અને સેવકાદિની સાથે રહી સુખેથી જીવો છો તે સઘળો કુટુંબ પરિવાર શરદ્ ઋતુનાં વાદળાંની માફક વિખરાઇ જનારો છે. તે સંબંધ અવારનવાર દેખાય છે. વળી તેમની સાથે રહેવું તે–જેમ, ગ્રીષ્મ રૂતુમાં ચાર માર્ગની વચ્ચે આવેલા વૃક્ષની છાયામાં અનેક દેશના પંથીજનો આવી, બેસી, વિશ્રામ લઇ પોતપોતાને

ઠેકાણે ચાલ્યા જાય છે; તેમ કુટુંબરૂપ વૃક્ષની છાયામાં આયુ-ષ્ય કર્મના ઉદય પ્રમાણે જીવો રોકાઈ પોતાના કર્માનુસારે જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય છે. તેમની સાથેની પ્રીતિ પણ સ્વાર્થની છે, તો તે પ્રીતિ પણ નાશ પામી જાય છે. વળી જેમ સાયંકાળે સંકેત કર્યા વિના અનેક દિશાએથી પંખીઓ આવી એક ઝાડપર ભેગા થાય છે; અને પાછાં સવાર થતાં સંકેત કર્યા વિના જુદી જુદી દિશાઓમાં ચાલ્યાં જાય છે, તેમ જીવો સંકેત કર્યા વિના પોતાના કર્માનુસારે એક કુટુંબમાં આવી ઉત્પન્ન થાય છે, અને આયુષ્ય પૂર્ણ થયે સંકેત કર્યા વિના પાછા જુદી જુદી ગતિમાં ચાલ્યાં જાય છે; કુટુંબી જનોનો આવો અનિત્ય અને અવારનવાર સંબંધ છે, એમ નિશ્ચય જાણો. હે ભવ્યો ! તેમાં મોહે કરી રાગ શું કરો છો ? સ્ત્રી, પુત્ર, મિત્ર અને કુટુંબાદિમાં મમતા ધરી પોતાના આત્મધર્મને ભૂલી જવા એ અનર્થકારક છે.

જેઓ પોતાના આત્મસ્વાર્થને ભૂલી જઇ લક્ષ્મીના લોભમાં પડી રાત્રિ દિવસ ઘોર આરંભ કર્યા કરે છે; અવસરે ભોજન પણ કરતા નથી; ટાઢ તાપની વેદના સહન કરે છે; તેની પ્રાપ્તિની મહેનતનું પરિણામ રોગાદિ કષ્ટ થશે તે જાણતા નથી ને તેની ચિંતામાં ને ચિંતામાં રહી, રાત્રીએ નિદ્રા પણ લેતા નથી. વળી મરણાદિને નહિ ગણકારતાં સંગ્રામમાં, ઘોર સંકટમાં, સમુદ્ર પ્રવાસમાં, અઘોર ભયાનક વનમાં, શરીરાદિ ધર્મ ન સાચવી શકાય તેવા દેશ પ્રદેશમાં મરણની કબુલાતે જાય છે,

તેઓ બિચારા સમજતા નથી કે તેનો જે લક્ષ્મીને માટે આવો સતત પ્રયાસ છે, તેજ લક્ષ્મી ક્ષણભંગુર છે.

લક્ષ્મી અનિત્ય અને ક્ષણભંગુર છે. તે કુલીનમાં, ધીરમાં, પંડિતમાં, મૂર્ખમાં, સુરૂપમાં, કુરૂપમાં, પરાક્રમીમાં, કાયરમાં, અધર્મીમાં, ધર્માત્મામાં, કે દાતારમાં ક્યાંય રહેતી નથી. જેણે પૂર્વભવમાં પુણ્ય કરેલ હોય છે તેની પાસે રહે છે. જો તે કુપાત્રે દાનાદિમાં, કુતપે કરી ઉપજેલા જીવોના ખોટા ભોગમાં, કુમાર્ગમાં કે મદ્યપાનાદિમાં વપરાય તો દુર્ગતિએ પહોંચાડે છે. લક્ષ્મી, બુદ્ધિને બગાડનારી છે. તેના વિયોગથી જગતના જીવો અચેતન જેવા થઇ જાય છે. તે અનેક જીવોને ઠગી નીચ ગતિએ લઇ જાય છે. જો તે દાન ભોગ વિના તજવી પડે છે, તો આર્ત્તધ્યાન થાય છે. તેથી તિર્યંચગતિ ઉપજે છે.

વળી જે લક્ષ્મીદ્વારાએ રાજ્ય, ગામ, ગિરાસ, જમીન, હાટ, હવેલી અને મકાન અર્થે અસત્ય, કુડકપટ, છળપ્રપંચ કરવામાં આવે છે, ભોળા લોકોને ઠગવામાં આવે છે, જોરાવર બની નિર્બળને મારવામાં આવે છે, તે લક્ષ્મી, અને તેથી ઉત્પન્ન થતા પરિગ્રહના સઘળા સંબંધો જલદીથી નાશ પામવા યોગ્ય છે. પરિગ્રહના સ્વામીપણાનું અભિમાન કરતાં કરતાં અનેક જીવો ચાલ્યા ગયા, અનેક ચાલ્યા જતા પ્રત્યક્ષ દેખીએ છીએ, અને અનેક ચાલ્યા જતાં જોઇશું. એવું વિચારી તેની મમતા તજી હે ભવ્યો !! તમારા આત્માનું કલ્યાણ કરો. કલ્યાણ કરો. કદાપિ તમારી પાસે પૂર્વે કરેલા કર્મના ઉદયથી લક્ષ્મી હોય

તો તેને વિષે આ રીતે ક્ષણભંગુરતા અનુભવી, તેને અસ્થિર જાણી દુઃખી જીવોના ઉપકારમાં, ધર્મ વધારનાર વિદ્યાના ઉત્તેજનમાં, ધર્મસ્થાનમાં, વીતરાગ સિદ્ધાંતના પ્રચારમાં વાપરી સફળ કરો. તમારા આત્માને ઉંચો લાવવાનું એ એક મુખ્ય સાધન છે. જ્ઞાનીઓનો આ અનુભવ લક્ષમાં લઈ લક્ષ્મીને વિષે અનિત્યતા અનુભવશો તો અનંતકાળ સુધીનું અનંત દુઃખ ટળશે.

આ સંસારમાં પટેલાઇ, શેઠાઈ, અમીરાત, દીવાનગીરી, રાજાધિરાજ, બળદેવ, વાસુદેવ, અને ચક્રવર્ત્તિપણું એમ અનેક પ્રકારની ઐશ્વર્યતા રહેલી છે. તે ઐશ્વર્યતા પામીને અજ્ઞાની જીવો, બિચારા પામર પ્રાણીઓને અનેક જાતનાં દુઃખ દે છે, અમલરૂપી કેફથી અંધ બની ન્યાયાન્યાયનો વિચાર કર્યા વિના અનેક પ્રકારનો જુલમ ગુજારે છે. પણ તે અધિકાર પતંગના રંગ જેવો છે. પતંગનો રંગ જેમ ચાર દહાડાની ચટકી છે તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતો રહે છે. રાજા તે રંક થઈ જાય છે. અમીર તે અકર્મી (કમભાગ્ય) થઈ જાય છે. જેને ઘેર સુખની સાહેબી હોય છે, તે ઘર ઘર ભીખ માગે છે. અધિકાર કોઈથી રાખ્યો રહેતો નથી. પુણ્યના ઉદય–અસ્ત પ્રમાણે આવે જાય છે. જે અધિકારનો આવો અસ્થિર સ્વભાવ છે, તેમાં શું રાચ્યા માચ્યા રહી આત્મહીત ભૂલી જાઓ છો?

આ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય અને ઇંદ્રિઓના વિષયોની સામગ્રી અવશ્ય વિયોગને પ્રાપ્ત થાય છે.

જ્યાં સંપદા છે ત્યાં વિપદા છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે.

મોત કંઈ અગાઉથી ચેતવણી આપીને આવતું નથી. એ તો અચાનક આવીને ઊભું રહેશે. મનુષ્ય જન્મ જે ગયો તે પાછો મળવો મહા દુર્લભ છે. જેમ નદીઓમાં પાણીનાં મોજાં ચાલ્યાં જાય છે, પણ તે ગયેલાં મોજાં પાછાં આવતાં નથી તેમ રૂપ, બળ, લાવણ્યતા, ઇંદ્રિયશક્તિ અને આયુષ્ય જે ગયાં તે પાછાં આવતાં નથી. સ્ત્રી પુત્રાદિનો સંયોગ સ્વપ્નની માફક છે. તેને અર્થે અનીતિ આદિ પાપકર્મ કરવાં તજી સંયમ, નિયમાદિ ધારણ કરો. આ જગત્ ઇંદ્રજાળની પેઠે લોકોને ભ્રમ ઉપજાવનારૂં છે. અજ્ઞાની જીવ, ધન, જોબન, જીવિત, ઐશ્વર્ય, સ્વજન, પરજનાદિના મેળાપમાં આંધળો બની રહ્યો છે. પણ તે સર્વ ધન સંપદાદિનો મેળાપ અસ્થિર અને અનિત્ય છે. કારણ કે ચક્રવર્ત્તિનો પણ ધન, સંપદાદિનો મેળાપ કાયમ રહ્યા નહિ તો આ દુઃષમ કાળના અલ્પપુણીઆ જીવોનો શી રીતે રહે? જુવાની વૃદ્ધાવસ્થાથી ઘેરાએલી છે. જીવિત મરણ સહિત છે. સ્વજન પરજન મરણ સન્મુખ છે. લક્ષ્મી અનિત્ય અને ક્ષણભંગુર છે તો પછી શેમાં તમારી બુદ્ધિ કરો છો તેતો કહો??

જગત્ના સમસ્ત પદાર્થો અનિત્ય, અશાશ્વત અને વિનાશીક છે. આત્મા નિત્ય અને અવિનાશી છે તો આત્મકાર્યમાં પ્રવૃત્તિ કરાવનારી આ અનિત્યભાવના એક ક્ષણ વાર પણ ભૂલી ન જાઓ! ભૂલી ન જાઓ!!

માલિની છંદ.

ધણ કણ તનું જીવી, વીજ ઝાત્કાર જેવી,
સુજન તરૂણ મૈત્રી, સ્વપ્ન જેવી ગણેવી;
અહં મમ મમતાએ, મૂઢતા કાંઇ માચે,
અથિર અરથ જાણી, એણસું કોણ રાચે. ૧
ધરણી તરૂ ગિરીંદા, દેખીએ ભાવ જેઇ,
સુર ધનુષ્ય પરે તે, ભંગુરા ભાવ તેઈ;
ઈમ હૃદય વિમાસી, કારમી દેહ છાયા,
તજીય ભરત રાયા, ચિત્ત યોગે લગાયા. ૨

(શ્રી કેશરવિમળ.)

૨. અશરણભાવના.

ઉપજાતિ.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે.
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

શ્રીમદ્‌રાજચંદ્ર.

સર્વજ્ઞ જીનેશ્વર દેવે નિસ્પૃહતાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન, વચન અને કાયાના પ્રભાવવડે હે ચેતન! તેને તું આરાધ્ય! આરાધ્ય!! તું કેવળ અનાથરૂપ છે તે સનાથ

થઈશ. એના વિના ભવાટવી ભ્રમણમાં તારી બાંહ્ય કોઇ સહાનાર નથી. જે આત્માઓ સંસારનાં માયિકસુખને કે અવદર્શનને શરણરૂપ માને છે, તે અધોગતિ પામે છે. તેમજ સદૈવ અનાથ રહે છે.

ત્રણ લોકમાં દેવ, દાનવ, ઇંદ્ર કે મનુષ્યો પૈકી કોઈ એવું નથી કે જેનાપર કાળની ફાંસી નથી પડી. આયુષ્ય પૂર્ણ થયે સૌ કાળને આધીન છે. અનેક પ્રકારની રિદ્ધિ સિદ્ધિનો ધણી—અસંખ્યાતકાળ દેવલોકમાં વસનારો, ક્ષુધા તૃષાદિ ઉપદ્રવ રહિત શરીરવાળો, અસંખ્યાત બળ પરાક્રમનો ધણી જેની સેવામાં અસંખ્યાત દેવતાઓ હાજર હોય છે, તેવા દેવેંદ્રનું આયુષ્ય પૂરૂં થયે દેવલોકથી એક પળમાં પડવું થાય છે, તો અન્ય પામર જીવોનું શું કહીએ? આયુષ્ય પુરૂં થયા પછી એક ક્ષણવારમાં પણ કોઈ રાખવાને સમર્થ નથી. જેમકે—

जहेहसीहोवमियंगहाय, मच्चूनरंणेइहुअंतकाले ।
नतस्समायावपियावभाया, कालंमितंमिऽसहराभवंति ॥

(વૈરાગ્યશતક.)

ભાવાર્થ—જેવી રીતે નિર્જન વયમાં મૃગનાં બચ્ચાંને જ્યારે સિંહ પકડી જાય છે, ત્યારે તેને રાખવાને કોઇ સમર્થ થતું નથી; તેવી રીતે મોત આવીને જ્યારે માણસને લઈ જાય છે, ત્યારે પાસે બેઠેલા માતા, પિતા, ભાઈ, પુત્ર, સ્ત્રી, મિત્રાદિમાંથી કોઇ પણ તેને રાખવાને સમર્થ થતું નથી. ઉક્ત દેવેંદ્રના અસંખ્યાત બળ પરાક્રમના ધણી અંગરક્ષક દેવતાઓ દેવેંદ્રને રાખ-

વાને સમર્થ નથી થતા તો મનુષ્યલોકમાં કોણ સમર્થ થાય? કોઇ કોઇને રાખવાને સમર્થ નથી.

અહીં એવું કોઈ ઔષધ, મંત્ર, તંત્ર તે ક્રિયા નથી કે જે ક્ષણ વાર પણ મોતથી બચાવી શકે. જો કોઇ દેવ, દેવી કે મંત્ર તંત્રાદિ એક મનુષ્યને મરણથી બચાવી શકે તો માણસ અક્ષય બની જાય. પણ કોટી ઉપાય કર્યે તેમ થતું નથી, એ સિદ્ધાંતિક છે.

ઉક્ત સિદ્ધાંતને સમજ્યા વિના ભોળા લોકો એવો વિચાર કરે છે કે "મારા હેતુનો ઇલાજ ન મળ્યો, ઔષધ ન મળ્યું, વખતસર સારવાર કરી ન શક્યા, દેવ દેવીની માનતા ન કરી તેથી તે બિચારો મરી ગયો." પણ એમ વિચાર નથી કરતા કે જગત્ સર્વત્ર અનાથ અને અશરણ છે. નકામો શોક કરવાથી શું થાય? એમ કરવાથી ઉલટું આર્ત્તધ્યાન થાય છે. જે અધોગતિનું કારણ છે. એવી રીતે પોતાના સ્વજનાદિનો શોક કરે છે, પણ પોતાના આત્માનો શોચ કરતા નથી કે "હું પણ મોતની દાઢમાં દબાયેલો છું. જેમ ઘંટીના ગાળામાં પડેલા દાણા એક પછી એક કચરાય છે; તેમ સર્વ સંસારી જીવો મોતને આધીન છે. વળી જેમ અન્યજીવને સ્ત્રી પુત્રાદિનો વિયોગ છે, તેમ મારે પણ છે. આ મારો આત્મા અનંતકાળ થયાં જન્મ મરણનાં દુઃખ ભોગવે છે, ગર્ભમાં અચેતન જેવો થઇ પડી રહે છે, એ બિચારો ઉક્ત દુઃખોથી મુક્ત થઇ અવ્યાબાધ અક્ષય સુખનો ભોક્તા ક્યારે થાય?" એમ વિચાર નથી કરતા, એ કેવી મૂર્ખાઈ છે!!

જીવને જ્યારે અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે બુદ્ધિ વિપરીત થઇ જાય છે. તૃણ તે શસ્ત્રરૂપે પરિણમે છે. અમૃત તે વિષરૂપે પરિણમે છે. મિત્ર તે શત્રુ થઈ જાય છે. હાથમાં આવેલું ધન અને અનેક રિદ્ધિસિદ્ધિઓ નાશ પામી જાય છે. પવિત્ર આચરણ પાળનારને દોષરૂપ કલંક લાગે છે. અપવાદ–અપયશ બોલાય છે. સતી પીલાય છે. પોતે પોતાને ઘાત કરે છે. તેમાં કાંઇ પણ ઉપાય ચાલતો નથી. વળી અશુભ કર્મનો ઉદય ઘરમાં, વનમાં, સમુદ્રમાં, પર્વતની ગુફામાં, કિલ્લામાં કે આકાશ પાતાળમાં ક્યાંય મૂકતો નથી. જેમ દોડ મારતો નદીનો પ્રવાહ, કોઈથી અટકાવી શકાતો નથી, વગડામાં લાગેલો દાવાગ્નિ કોઇથી બુઝાવી શકાતો નથી, તથા સૂર્યનો ઉદય કોઈથી રોકી શકાતો નથી. તેમ અશુભકર્મનો ઉદય, કોઇથી રોકી શકાતો નથી. પૃથ્વીનો પ્રહાર કરનાર, સમુદ્રને તરી જનાર, અને અનેક સુભટોને જીતનાર ઘણા પુરૂષો છે, પણ અશુભ કર્મના ઉદયરૂપ સુભટને જીતવાને કોઇ પણ સમર્થ નથી. પૂર્વે જેવો બંધ બાંધ્યો હોય છે તેવો ઉદયમાં આવે છે તે પોતાનો કર્યો કદી પણ દૂર થતો નથી. ઉદય આવ્યા પછી કાંઈ પણ ઉપાય ચાલતો નથી. જેમકે—

जीवो वाहि विलुतो, सफरो इव निज्जले तमप्फमई;
सयलो विजणो पिछइ, को सक्को वेअणा विगमे ॥

(વૈરાગ્યશતક.)

ભાવાર્થ—આ જીવ અનેક પ્રકારના વ્યાધિથી ઘેરાઇ જ્યારે જળ વિનાના માછલાની પેઠે તડફડે છે, અને ઓ મા ! ઓ

બાપ ! ઈત્યાદિ દીનવચનોનો પોકાર કરી સામાને અતિશય કરૂણા ઉપજાવે છે, ત્યારે તેની વેદનાને લેશ માત્ર ઓછી કરવાને કોઈ પણ સમર્થ થતું નથી. ઉલટી તેના મનને બીજી વેદના ઉત્પન્ન થાય એવા સ્વાર્થનો શબ્દો બોલી આંખમાં આંસુ લાવી રૂદન કરી તેને વધારે ગભરામણમાં નાંખે છે. એમ કરતાં છેવટે જ્યારે નિરાશ થાય છે, ત્યારે નિસાસા મૂકી તેને ધર્મનું શરણ બતાવે છે. પણ પાસે બેઠેલામાંથી કોઈથી કાંઈ પણ દુઃખ લઈ શકાતું નથી. માટે હે જીવ ! અંતે ધર્મનું શરણ તો કરવુંજ પડે છે, તો પ્રથમથીજ તેનું શરણ કર, શરણ કર. એમ કરવાથી ફરી એવું દુઃખ ભોગવવું નહિ પડે.

વળી જ્યારે શુભકર્મનો ઉદય થાય છે, ત્યારે મૂર્ખને પ્રબળ (મોટી) બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વિષ તે અમૃતરૂપે પરિણમે છે. શત્રુ તે મિત્ર થઈ જાય છે, ઘણે દૂર પડેલી વસ્તુઓ, જમીનને વિષે દાટેલાં અનેક નિધાનો, તથા અનેક રિદ્ધિસિદ્ધિઓ વિના પ્રયાસે પ્રાપ્ત થાય છે. અનેક ઉપદ્રવકારક વસ્તુઓ નાના પ્રકારનાં સુખને આપનારી થાય છે. એમ અનેક ઉપાયો પોતાની મેળેજ સુખકારક નીવડે છે. વળી યશનામકર્મના ઉદયથી દોષ તે ગુણરૂપે પરિણમે છે. બધા અપવાદો દૂર થઈ સર્વત્ર યશ પથરાય છે. જ્યાં જાય ત્યાં અનેક પ્રકારનાં માન પામી પૂજાય છે.

સંસાર પુન્ય પાપના ઉદયરૂપ છે. ઉક્ત શુભાશુભ કર્મ–ઉદય પોતાનો કરેલો બંધરૂપ જાણો. તેને બીજાનું કરેલું નહિ માની હર્ષ–વિખવાદ નહિ કરતાં શાન્ત થાઓ. પૂર્વે જેવો બંધ

બાંધ્યો હોય છે, તેવો ઉદય આવે છે. તેમાં કોઇનો પણ દોષ નથી. તેને સમપરિણામે શાન્તિથી વેદો, તેથી પૂર્વ કર્મની નિર્જરા થશે; અને નવીન બંધ થતો અટકશે.

આ જીવનો ઉત્તમ ક્ષમાદિ દશ યતિધર્મ પોતાનું શરણરૂપ છે. કષાયની મંદતા દુર્ગતિથી મૂકાવનારી છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ, તથા સંયમરૂપ ધર્મ એજ શરણરૂપ છે. વ્યવહારમાં ચાર શરણ છે. ૧ અર્હંતનું શરણ, ૨ સિદ્ધનું શરણ, ૩ વીતરાગ સાધુનું શરણ, ૪ સર્વજ્ઞ વીતરાગ ભાષીત ધર્મનું શરણ. એના શરણ વિના આત્મા ઉજ્વલપણાને પામે નહિ, પણ નિશ્ચયથી પોતાને પોતાના આત્માનું શરણ છે, એમ નિઃસંદેહ જાણો.

માલિની છંદ.

પરમ પુરૂષ જેવા, સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કેનું, લીજિયે તેહ અંતે;
પ્રિય સુહૃદ કુટુંબી, પાસ બેઠા જે કોઇ,
મરણ સમય રાખે, જીવને તે ન કોઇ. ૧
સુરગણ નર કોડી, જે કરે જાસ સેવા,
મરણ ભય ન છૂટયા, તે સુરેંદ્રાદિ દેવા;
જગત જન હરંતો, એમ જાણી અનાથી,
વ્રત ગ્રહિય વિછૂટયો, જેહ સંસારમાંથી. ૨

(શ્રી કેશરવિમળ).

૩. સંસારભાવના.

નિવૃત્તિ બોધ.

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા !
ઉઘાડ ન્યાય નેત્રને નિહાળરે ! નિહાળ તું,
નિવૃત્તિ શિઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

શ્રીમદ્ રાજ્યચંદ્ર.

વિશેષાર્થ–જેમાં એકાંત અને અનન્ત સુખના તરંગ ઉછળે છે તેવાં શીલ–જ્ઞાનને માત્ર નામનાં દુઃખથી કંટાળી જઇને, મિત્રરૂપે ન માનતાં, તેમાં અભાવ કરે છે; અને કેવળ અનન્ત દુઃખમય એવાં જે સંસારમાં નામમાત્ર સુખ, તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે? અહો ચેતન ! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ. રે ! નિહાળ ! ! ! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર; અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે !

આ સંસારમાં અનાદિ કાળથી મિથ્યાત્વના ઉદયથી અચેતન જેવો થયેલો જીવ, સર્વજ્ઞ, વિતરાગ–જીનેંદ્રના પ્રરૂપણ કરેલા સત્યાર્થધર્મને પામ્યો નહિ, તેથી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. કર્મરૂપ દ્રઢબંધને કરી પરાધીન થયેલા ત્રસ સ્થાવરપણામાં નિરંતર ઘોર દુઃખ ભોગવતાં વારંવાર જન્મ–મરણ કરે છે. જે જે કર્મનો ઉદય આવી શાતા અશાતારૂપ રસ આપે

છે. તેમાં અજ્ઞાની જીવ પોતાપણું માની, નવીન કર્મનો બંધ કરે છે; જે બંધનથી સમસ્ત દુઃખને અનંતવાર ભોગવતાં ભોગવતાં અનંતકાળ વ્યતીત થયો; એમ આ સંસારમાં આ જીવે અનંત પરાવર્ત્તન કરેલાં છે.

नसा जाइ नसा जोणी,
न तं ठाणं न तं कुलं;
न जाया न मुआ जथ,
सव्वे जीवा अणंतसो. १
तं किंपि नथि ठाणं,
लोए वालग्ग कोडि मित्तांपि;
जथ न जीवा वहुसो,
सुह दुःख परंपरं पत्ता. २

ભાવાર્થ–આ જગત્‌માં એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઈ ઠેકાણું નથી, એવું કોઈ કુલ નથી, કે તે જાતિમાં, તે યોનિમાં, તે ઠેકાણામાં અને તે કુળમાં સંસારી જીવો અનંતવાર જન્મ મરણ નથી પામ્યા; મતલબ કે–આ જીવ સર્વ જાતિમાં, સર્વ યોનિમાં, સર્વ ઠેકાણે અને સર્વ કુળમાં અનંતવાર ઉત્પન્ન થયો છે, અને મરણ પામ્યો છે. કાંઇ બાકી રાખ્યું નથી. વળી ઉત્સર્પિણી અવસર્પિણી કાળના સર્વ સમયમાં આ જીવે જન્મ મરણ કરેલાં છે, કોઈ પણ સમય બાકી રાખ્યો નથી. તેમજ દેવ, નરક, તિર્યંચ, અને મનુષ્ય એ

ચારે પર્યાયના જઘન્યથી માંડી ઉત્કૃષ્ટ આયુષ્ય સુધી સર્વ આયુષ્ય ધારણ કરેલ છે, અને અનંત દુઃખ સુખ પામ્યો છે. દેવપર્યાયમાં માત્ર અનુત્તર વિમાનમાં ઉત્પન્ન નથી થયો.

આ જીવે સર્વ પુદ્ગલોને પાનરૂપે, આહારરૂપે ને શરીરરૂપે અનંતવાર ગ્રહણ કરી વમન કરેલા છે. તો તેના તેજ પુદ્ગલોના ભોગની ઇચ્છા રાખીને, વમન કરેલાને ખાનારો કેમ થાય છે? વળી એ પુદ્ગલિક સુખો ભોગવીને કાંઇ તૃપ્ત થવાતું નથી; પણ ઉલટી તેની તૃષ્ણા, જેમ બળતા અગ્નિમાં ઘી હોમાય ને જ્વાળા વૃદ્ધિ પામે, તેમ પુદ્ગલિક સુખ પણ વૃદ્ધિ પામશે. માટે હે જીવ! તું સર્વ પુદ્ગલો ત્રણ જગત્‌ની એંઠ સમાન છે, એમ વિચારી વિષયભોગથી વિરામ પામ! વિરામ પામ!!

ચતુર્ગતિનું કિંચિત્ સ્વરૂપ પરમાગમને અનુસારે વિચારીએ છીએ.

૧ નરક—નરકની સાત પૃથ્વી છે. તેમાં ૪૯ પાથરા છે. તે પાથરામાં બધાં થઇને ૮૪ લાખ બીલ છે. તેની ભૂમિ વજ્રમય છે. કોઇ બીલ સંખ્યાત જોજન, કોઈ અસંખ્યાત જોજન લાંબાં પહોળાં છે. તે દરેક બીલની છાતી વિષે નારક જીવોની ઉત્પત્તિનું સ્થાન છે. તે નાના મોટા મ્હોઢાનાં આકારનાં, પણ ઉંધે માથે (મુખ) છે. તેમાં નારક જીવો ઉંધે માથે ઉપજી જેમ દડો ઉછાળીએ, તે જમીનપર જોરથી ટપો ખાઈ પાછો પડે છે, તેમ કુંભામાંથી કૂદી વજ્ર અગ્નિમય પૃથ્વીપર ટપો ખાઇ પડે છે.

નારકના શરીરમાં રૂધિર, માંસ, હાડ, ચામાદિ સાત ધાતુ માંહેલી કોઇ પણ ધાતુ નથી. પરંતુ ઉંટ, શ્વાન, બિલાડાદિના સડેલા કલેવરથી અસંખ્યાતગણી દુર્ગંધવાળું વૈક્રિય શરીર છે. તેના દેહની એક કટકી મનુષ્ય લોકમાં આવે તો તેની દુર્ગંધથી હજારો માણુસો મરણ પામે. એકેક પાથરાની માટીની દુર્ગંધ અડધો અડધો કોસ વધતી જાય છે, એટલે ઓગણપચાસમા પાથરાની દુર્ગંધ સાડીચોવીસ કોસ સુધી પહોંચે છે. વળી તેઓ નાગા, શ્યામ, રક્તપિત્તવાળા, વાંકા નેત્રે કરી ક્રૂર દેખાવના, ફાટેલ મ્હોઢામાં લહલહાટ કરતી જીભવાળા, કરવત સમાન તીક્ષ્ણ વાંકા દાંતવાળા, ઉંચા, રાતા, પીળા કેશવાળા, તીક્ષ્ણ નખવાળા તથા હુંડક સંસ્થાનના ધારક અતિ ભયાનક હોય છે, તે સ્વરૂપ દેખી, સાંભળી કે કહી શકાય નહિ તેવું છે.

હે ભવ્યો ! ત્યાંની ભૂમી અસંખ્યાત વીંછીના ડંખથી અસંખ્યાતગણી વેદના ઉપજાવનારી છે. મનુષ્ય લોકમાં જે અગ્નિ અતિશય ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંતગણી ઉષ્ણ તાપવેદના નરકને વિષે છે. મનુષ્ય લોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઈ છે તે, ટાઢથી અનંતગણી ટાઢ છે. મહા દવના અગ્નિ જેવા મરૂદેશમાં જેવી વેળુ છે, તે વેળુ જેવી વજ્રમયવેળુ કદંબ નામે નદીની વેળુ છે. વળી ત્યાં વૈતરણી નદી છે, તેનું પાણી છરપલાની ધાર જેવું શરીરને ફાડી નાંખે તેવું છે. તથા ફાટેલા ભાગ ઉપર જેમ ક્ષાર, અગ્નિ કે ઉનું તેલ સીંચવાથી જેવું દુઃખ થાય, તેવું દુઃખ તે જળથી થાય છે. ત્યાંનો પવન એવો વજ્ર

અગ્નિમય છે કે જેના સ્પર્શથી પર્વતાદિ ભસ્મીભૂત થઈ જાય છે. સારાંશ કે ત્યાંના તાપ, ટાઢ, પવન અને અગ્નિ આદિને ધારણ કરવાને અહીં પૃથ્વી, પર્વત કે સમુદ્ર કોઈ સમર્થ નથી. તેની રસ સામગ્રી એવી કડવી છે કે, અહીં હલાહલ ઝેરમાં પણ તેવી કડવાશ નથી. તેમના શબ્દો એવા ભયંકર છે કે તે અહીં શ્રવણ થવાથી સિંહાદિ જનાવરોનું હૃદય પણ ફાટી જાય તો માણસનું શું ગજું? વળી તેમને ભૂખ, તરસ એવી લાગે છે કે, આ જગત્‌ના સમસ્ત ધાન્ય, પત્થર, માટી આદિ પુદ્‌ગલોનો ભક્ષ કરે તોપણ ક્ષુધા વેદના તથા સમસ્ત સાગરોનાં પાણી પીએ તોપણ—તૃષાવેદના શાન્ત થાય નહિ. ત્યાંનાં અસિપત્રવન મહા તાપથી તપેલ છે, તેમનાં વૃક્ષનાં પાંદડાં તીવ્ર ખડ્‌ગની ધાર જેવાં છે.

પરમાધામીઓની વેદના—અમુક નરક સુધી.

અતિ રૌદ્ર પરિણામના ધણી પરમાધામીઓ, અતિ કડવા-વિપાકને માટે, આ જીવને અનેકવાર અતિ તીક્ષ્ણ કંટકવાળા શાલ્મલિ વૃક્ષની શાખાએ બાંધે છે તથા પાસવડે બાંધી આઘો પાછો ખેંચે છે. અતિ અસહ્ય કોલ્હાને વિષે ઘાલી નિર્દયતાથી શેલડીની પેઠે પીલે છે. શામનામા પરમાધામી, નારકને શ્વાન રૂપે બનાવે છે તથા શબલનામા પરમાધામી શ્વાનરૂપે તેને ભોંયપર પાડે છે. વિકાળ દાંતથી જીર્ણ વસ્ત્રની પેઠે ચીરે છે. વૃક્ષની પેઠે છેદે છે, તથા અનેક પ્રકારની કદર્થના કરે છે. રોઝની પેઠે બળતા રથમાં જોડે છે, મહિષની પેઠે વૈક્રિય કરેલા

અગ્નિમાં બાળે છે, મગર મચ્છરૂપે જાળ નાંખી પકડે છે, સિં-ચાણા રૂપે પંખીની પેઠે જાળમાં બાંધી હણે છે, મુદ્ગરાદિના પ્રહારથી લોહકાર જેમ લોહને ટીપે તેમ ટીપે છે. ફરસીથી કાપી સૂક્ષ્મ કટકા કરે છે. તાંબું, લોઢું અને સીસું અગ્નિથી ગાળી તેનો ઉકળતો રસ અનંતવાર પાય છે. વળી અતિ રૌદ્ર-તાથી તે પરમાધામીઓ આ જીવને એમ કહે છે કે–"તને પૂર્વ ભવમાં માંસ બહુ પ્રિય હતું, તો લે આ માંસ!" એમ કહી તેનાજ શરીરના કટકા કરી તેને અનંતવાર ખવરાવે છે. મદ્યની વલ્લભતા માટે પણ અનેક દુઃખ દે છે. પરસ્ત્રી લંપટ-પણાને માટે લોઢાની પુતળી કરી લાલચોળ તપાવી આલિંગન કરાવે છે. વળી ખડ્ગથી, ત્રિશૂળથી, મુશળથી, તીવ્રશસ્ત્રથી તથા ગદાથી તેનાં ગાત્ર ભાગે છે. વસ્ત્રની પેઠે છરપલાની તીક્ષ્ણ ધારથી, પાળીથી તથા કાતરથી તેને કાપે છે. ત્રિચ્છો છેદે છે. ચરરર કરતી ચામડી ઉતારે છે. એમ અનંત દુઃખ આપે છે. પરવશતાથી મૃગની પેઠે પાશમાં સપડાયેલો અશરણરૂપ નારક જીવ કયાં જાય? ત્યાં કોઇ શરણરૂપ નથી, કોઈ રક્ષક નથી, કોઇને દયા નથી, કેવળ નિર્દય પરિણામના ધણી પરમાધામીઓ છે.

જેવી રીતે અહીં અતિ દુષ્ટ શ્વાનાદિ તિર્યંચને દેખતાં સ્વાભાવિક પરસ્પર વૈર ઉત્પન્ન થાય છે, તેવી રીતે નરકમાં જ્યારે નવા નારકો ઉત્પન્ન થાય છે ત્યારે પ્રથમના હજારો નારક મહા ભયંકરરૂપ ધારણ કરી અનેક હથિયારો સહિત મારમાર કરતા ચોતરફથી આવી તરવારથી તેના કટકા કરે છે, કરવતથી

ચીરે છે, કુહાડેથી ફાડે છે, વાંસલેથી છોલે છે, ભાલેથી વીંધે છે, શૂળીમાં પરોવે છે, ઉદારિક મર્મસ્થાનને છેદે છે, તોડે છે, આંખને ઉપાડે છે, ભાઠામાં ભારે છે, કડાઇમાં નાંખી રાંધે છે, ઘાણીમાં ઘાલી પીલે છે; અને મુદ્ગરે કરી ચૂરો કરી ખંડખંડ કરી નાંખે છે. તથાપિ તે ખંડખંડ થયેલો દેહ–જેમ, પારાનાં ટીપાંના થયેલ પૃથક્ પૃથક્ ખંડ પુનઃ એકત્ર થઈ જાય છે, તેમ ખંડ ખંડ થયેલો દેહ નારકના શરીરમાં મળી જાય છે. આયુષ્ય પૂર્ણ થયા વિના મરણ થતું નથી. નરકમાં જો કે તિર્યંચ નથી, તોપણ, નારક, વૈક્રિયલબ્ધીએ કરી, તિર્યંચ રૂપ ધારણ કરે છે. પૃથક્ પૃથક્ શરીર ધારણ કરવાની શક્તિ નથી, પણ એક શરીરે અનેક રૂપ ધારણ કરી અનેક પ્રકારની વેદના ઉપજાવે છે. નારક શુભ કરવા ધારે પરંતુ શુભ થઈ શકતું નથી. પોતાને તથા પારકાને દુઃખદાઇ વિક્રિયા કરી શકાય.

નરકમાં મારવાને તરવાર, શૂળી, ભાલા, ખડ્ગ, કે મુશળાદિ આયુદ્ધ નથી. તથા રાંધવાનાં, તળવાનાં, પીલવાનાં, ચીરવાનાં સાધનો નથી, પણ તેવા પ્રકારનો દુઃખદાઈ ક્ષેત્રસ્વભાવ છે. ત્યાં સુખદાઇ સામગ્રી સ્વપ્નમાં પણ નથી. નરકની દુઃખદાઈ સામગ્રીનો અનુભવ કરાવવાને સમસ્ત લોકમાં કોઈ પણ વસ્તુ દેખાતી નથી, તથાપિ એનું નામ માત્ર વર્ણન કર્યું છે. નરકના દુઃખને તો સાક્ષાત્ ભગવાન જાણે છે, તથા નારક હોય તે ભોગવતો જીવ જાણે છે.

વળી નરકમાં અંબાબરીષાદિક અસુરકુમારો ત્રીજી નરક

સુધી જઈ લડાવે છે. કોઇ દેવ, પૂર્વના સંબંધે ત્રીજી નરક-
સુધી જઇ ધર્મનો બોધ કરે છે, તેથી નારક જીવ પોતે પશ્ચા-
તાપ કરે છે કે, "અહો ચેતન ! હું જ્યારે મનુષ્યપણામાં
" આપસ્વાધીન હતો ત્યારે મેં આત્મસાધન કર્યું નહિ. હવે
" પુરૂષબળરહિત પરાધીનપણામાં શું કરૂં ? પૂર્વે મેં જે જે
" નિંદ્ય કર્મો કર્યા છે તે તે યાદ આવતાં મારૂં હૃદય ફાટી
" જાય છે. જે દુઃખ એક નિમેષમાત્ર પણ ખમી શકાતું નથી,
" તો સાગરોપમપર્યંત કેમ ખમી શકાશે ? જેને અર્થે મેં પા-
" પકર્મ કીધાં, તે સ્ત્રી, પુત્ર, મિત્ર અને સેવકાદિને ક્યાં દેખું ?
" આ દુઃખોથી રક્ષા કરવાવાળો એક દયાધર્મજ છે. મેં પાપીએ
" પ્રથમથી તે દયાધર્મ સેવ્યો નહિ. પરિગ્રહરૂપ મહા પિશા-
" ચથી અચેતન થઇ, એવું ન જાણ્યું જે નરકમાં ઉપજવું
" પડશે. પૂર્વ જન્મમાં મેં જે જે પ્રાણીઓનાં માંસ કાપી કા-
" પીને ખાધાં હતાં, તેઓ મારૂં માંસ કાપી મને ખવરાવે છે.
" મેં પૂર્વે મદ્યપાન કર્યું, અભક્ષ ખાધું, તેથી અનેક નારક મને
" તાંબા લોઢામય ઉનાઉના રસ કરી સાણસીથી મારા મ્હોઢામાં
" રેડે છે. હું પરસ્ત્રીલંપટ હતો, તો લોહમય પૂતળી તપાવી
" મને આલિંગન કરાવે છે. એમ અનેક દુઃખો મારા પૂર્વ
" કર્મને લીધે મારે ભોગવવાં પડે છે એમાં કોઇનો કાંઈ પણ
" દોષ નથી. તારાં કરેલાં દુઃખ તુંજ ભોગવ." એમ અવધિ-
જ્ઞાનથી જાણી અતિ અતિ પશ્ચાતાપ કરતાં સમ્યગ્ દર્શન
ઉત્પન્ન થાય છે. પરંતુ નરક પર્યાય સંબંધી કષાય દુઃખ

પોતાની મેળેજ ઉપજે છે. પોતે કોઇને મારવાને ઇચ્છે નહિ તોપણ હાથાદિ શસ્ત્રરૂપે પરિણમે છે. નારકને ક્ષણમાત્ર વિશ્રામ નથી, નિદ્રા નથી, ભૂમિસ્પર્શનું દુઃખ કેવળીગમ્ય છે.

નારકમાં અતિ આરંભ કરવાવાળા, અતિ પરિગ્રહમાં આશક્ત, ઘોર હિંસક પરિણામી, વિશ્વાસઘાતી, ધર્મદ્રોહી, ગુરૂદ્રોહી, કૃતઘ્ની, પરધન ને પરસ્ત્રીના લોલુપી, અન્યાયમાર્ગી, ધર્માત્મા કે ત્યાગીને કલંક આપવાવાળા અથવા યતિના ઘાતક, દાવાગ્નિ સળગાવવાવાળા, દેવદ્રવ્ય ચોરી ખાનારા, તીવ્ર કષાયી, કૃષ્ણલેષાના ઘાતક, રસના ઇંદ્રિયના લાલચુ, માંસ ભક્ષક, મદ્યપાની, વેશ્યાનુરાગી, પરવિઘ્ન સંતોષી, લંપટી, દુરાચારી, મિથ્યાત્વ, અન્યાય અભક્ષની પ્રશંસા કરવાવાળા, વિષયાદિક મેળવવા–ઉપજાવવાવાળા, વન કપાવવા–સળગાવવા, જીવના વાડા બાંધી સળગાવવા–શિકાર કરવો, હિંસાના તીવ્ર કર્મની પરિપાટી ચલાવવાવાળાઓનું નરક ગમન હોય છે.

તિર્યંચગતિ–પાંચ સ્થાવર, વિકલત્રય, અને તિર્યંચ પંચેંદ્રિય એ તિર્યંચ કહેવાય છે. પાંચ સ્થાવરમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાય આવે છે.

બેઇંદ્રિય, તેરેંદ્રિય અને ચોરેંદ્રિય એ વિકલત્રય કહેવાય છે.

પાંચ સ્થાવર—માટીખાણ આદિ ખાણો ખોદવી, ખેતરો ખેડવાં, જમીન સળગાવવી, કૂટવી, ચીરવી, ગારો કરવો ઇત્યાદિ કાર્યોમાં પૃથ્વીકાયીક જીવોની કોણ રક્ષા કરે છે? જળનું પર્વતની ટોચેથી પડવું, ઠરી જવું, બળી જવું, ડોળાઇ જવું,

પીવાઇ જવું, નહાવા ધોવામાં વપરાવુ, છિદ્રમાં પેસી જવુ, કડવાશાદિમાં બીજાની સાથે મળી જવું. ઈત્યાદિ અનેક કાર્યોમાં અપકાયીક જીવોની કોણ રક્ષા કરે છે? વળી જ્યારે ધગધગતી ચૂનાની ભઠ્ઠીમાં, તપેલ ધાતુ–પાષાણાદિને બુઝવવામાં, ઉનાળામાં તપી ગયેલ જમીન અને ધુળપર તથા ધગધગતા અંગારા, લાકડા કે લોઢાપર પાણી છાંટવામાં આવે છે, ત્યારે ઘોર શબ્દે ચીસ પાડી શોષાઇ જાય છે, તે વખતે અપકાયીક જીવોની કોણ દયા કરે છે? ધગધગતા અંગારાઓનું કચરાવું, કૂટાવું, બુઝાવું, છેદાવું. ઇત્યાદિકાર્યોમાં અગ્નિકાયીક જીવોની કોણ રક્ષા કરે છે? વળી વાયુકાયમાં પર્વતોની સાથે અથડાવું, ચામડાની ધમણથી અગ્નિમાં ધમાવું, વીંજણા, પંખા કે વસ્ત્રથી ભટકાવું, વૃક્ષના ઝપાટાથી અથડાવું ઇત્યાદિ કાર્યોમાં ઘોર દુઃખ ભોગવે છે, ત્યારે વાયુકાયીક જીવોની કોણ રક્ષા કરે છે? વનસ્પતિકાયની અંદર સાધારણપણામાં (અનંતકાયમાં) અનંત દુઃખો છે તે તો પ્રત્યક્ષ જ્ઞાનીજ જાણે છે; પરંતુ પ્રત્યેક વનસ્પતિનાં દુઃખ તો જુઓ. વનસ્પતિને કાપે છે, છેદે છે, છોલે છે, સમારે છે, છૂંદે છે, કૂટે છે, પાંદડાં આદિ અંગોપાંગ તોડે છે, ચપ્પુથી ચીરે છે, રાંધે છે, બાફે છે, તેલ–ઘીમાં તળે છે, છમકાવે છે, પત્થરપર વાટે છે, ખરલમાં ઘસે છે, ઘૂંટે છે તથા રગડે છે, ઘાણીમાં ઘાલી પીલે છે, આખીને આખી છાલ ઉતારે છે, ચીરી મીઠું મરચું ભરે છે, તળે છે, તડકે સૂકવે છે, કાચરી (સૂકવણી) કરે છે, ઇત્યાદિ કાર્યોમાં વનસ્પતિકાયીક જીવો

ઘોર દુઃખ ભોગવે છે; કારણ કે એકેંદ્રિયપર્યાયમાં બોલવાને મ્હોઢું (વાચા) જોવાને આંખ, સાંભળવાને કાન, આદિ ઇંદ્રિયો નથી. (અવ્યક્ત) માત્ર એક સ્પર્શઇંદ્રિય હોય છે. ત્યાં કોઇ રક્ષક નથી, તે બિચારાઓની કોને દયા આવે છે? વળી અનંતકાળ સુધી ઘોર દુઃખમય એકેંદ્રિયપણામાંથી નીકળવાપણું નથી. મિથ્યાત્વ, અન્યાય અને અભક્ષાદિ પાપકર્મોના પ્રભાવથી તે જીવોના બધા જ્ઞાનાદિગુણ નાશ થયેલ હોય જરા માત્ર પર્યાયજ્ઞાન હોય છે. કારણ કે આત્માની જો બધી પ્રભાવશક્તિનું સુખ નાશ પામી જાય તો જીવ જડ, અચેતન જેવો થઇ જાય; તેથી જરા માત્ર જ્ઞાનની સત્તા એક સ્પર્શેંદ્રિયના દ્વારથી જ્ઞાનીઓને જાણવામાં આવે છે. હે ભવ્યો! જ્ઞાનીઓનો એજ સનાતન બોધ છે કે "રસના ઇંદ્રિયના સ્તોક (થોડા) રસની ખાતર અનંતજીવની હિંસા ન કરો! ન કરો!!

ત્રસકાય—જે જીવો છાંયેથી તડકે અને તડકેથી છાંયે જાય–છે, અગર ત્રાસ (ભય) પામે છે, તે ત્રસકાયીક જીવો છે. તેમાં બેઇંદ્રિય, તેરેંદ્રિય, ચોરેંદ્રિય, અને પંચેંદ્રિય ગણાય છે. વિકલત્રય જીવોને જીવ્હા, નાસીકા અને ચક્ષુ ઇંદ્રિયની પ્રાપ્તિ થાય છે. જીવ્હા ઇંદ્રિયથી, તીવ્રક્ષુધા તૃષામય વેદનાને લીધે, લટ, કીડા, કીડી, માંખી, મકોડા, આદિ જીવો પોતાનાં મ્હોઢાં ફાડી આહાર શોધવા, રસમાં, અગ્નિમાં કે જળમાં પડે છે, તેથી તથા પવન, વરસાદ અને વસ્ત્રના ઝપાટાથી મરણ પામે છે. ચકલી, કાગડાદિ પક્ષીઓ ચાંચથી તેમને વીણી ખાય

છે. સર્પાદિ તેમને વારંવાર મારે છે. મનુષ્યોના હાથ પગાદિથી દબાઈ, કચરાઇ, અંગોપાંગનો ઘાત થવાથી તરફડીઆં મારી મરણ પામે છે. વળી તેમના મળમૂત્ર, કફાદિમાં ઉપજે છે. ત્યાં તે બિચારાં ઘોરનર્કનાં જેવાં અસહ્ય દુઃખ ભોગવે છે. કોઠી, કોઠારાદિ, ધાન્યની ભરેલી વખારમાં, ચેળ, ભુંડ, ધનેરડા આદિ જીવો ઉત્પન્ન થાય છે, તેથી ધાન્ય સળે છે. તે સળેલાં ધાન્યને તડકે સૂકવે છે, ઘંટીમાં ઘાલી ભરડે છે, દળે છે, ખાંડણીઆમાં ઘાલી ખાંડે છે, રાંધે છે, વળી વર્ષાઋતુમાં પાંદડાં, ફૂલ, ફળ બાજરીઆં, શીંગ, સાંઠા, નાનાં નાનાં કુંપળો, વાસી ભોજન, કાળ ઉપરાંત રાખેલ દૂધ, દહીંમાં–તદ્‌વર્ણા કંથુઆદિ ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. જે જીવો આપણી નરી ચક્ષુએ દેખવામાં આવતાં નથી, પણ તે બિચારાં આપણી બેદરકારી, અજ્ઞાનતા શુન્ય ઉપયોગ અને નિર્દયપણાને લીધે ચીરાય છે, મોળાય છે, છોલાય છે, છુંદાય છે, ચવાય છે, અને અગ્નિમાં બળી ભડથાં થાય છે. રસના ઇંદ્રિયના સ્વાદથી તેમની કોને દયા આવે છે? અને કોના અંતઃકરણમાં અરેકારો આવે છે? વળી અતિ વરસાદથી બધી જમીન જ્યારે ઢંકાઈ જાય છે, ત્યારે મનુષ્યોના પગથી ઘોડા, બળદ આદિની ખરીથી રથાદિના ચાલવાથી, હળની કોશથી, વિકલત્રય જીવો ચીરાય છે, કપાય છે, પગ, માથાં, અને ઉદર આદિ અવયવો કયાંય તૂટી પડે છે, તથા પત્થરા, ઠીકરા, માટી, મળમૂત્ર, એઠવાડ, ઉના ધગધગતા પાણી અને અંગારા આદિના ફેંકવાથી બળી મરણ

પામે છે. અરેરે! એ બિચારાની કોણ દયા કરે? હે દેવાણુપ્રિયો! દરેક કામ જતના અને તીવ્ર ઉપયોગથી કરો.

પંચેંદ્રિય તિર્યંચપણામાં જળચર જીવોની અંદર મોટાં માછલાં નાનાંને ગળી જાય છે, મછીમારની જાળના કાંટાથી રસનાઇંદ્રિયને લીધે ફાંસીની પેઠે ફસાઇને મરણ પામે છે. માછલાં ઘણાં સુવાળાં પ્રાણી છે. તેઓ જળ વિના રહી શકતાં નથી. નદી તળાવ કે ખાબોચીઆનાં પાણી ઉનાળાના સખત તાપથી જ્યારે સૂકાઇ જાય છે, ત્યારે બિચારાં જીવો તરફડીયાં મારી મરણ પામે છે. તેવી વેળાએ તે જળચર જીવોની કોને દયા આવે? વળી જ્યારે સસલાં, હરણ, વાંદરાં, વાઘ, વરૂ, સિંહ આદિ પશુપણું પ્રાપ્ત થાય છે. ત્યારે રાનમાં ભૂખ, તરસ, તાપ, ટાઢ, પવન અને વરસાદનાં દુઃખો ભોગવે છે. ખાવા પીવાનો નિયમ નહિ. કોઈવાર સવારે મળે, ને સાંજે ન મળે. વખતે એક બે કે ત્રણ દિવસ સુધી ખાવા પીવાનું નથી મળતું, સવારમાં ભૂખ લાગે તો ખાવા કોણ આપે? કદાપિ સસલાં હરણાદિ પશુઓ શોધવા નીકળે તો સિંહ, વાઘાદિ બળવાન પશુઓ, અગર શિકારી પારધી તેને પકડી મારી નાંખે છે. કદાપિ ઝાડ, ગુફા અને ખાડામાં સંતાઇ જાય છે તો કપટથી પકડી મારી નાંખે છે. વાંદરાં, સિંહ, વાઘાદિ પશુઓ પણ હમેશાં ભયભીત રહે છે. તેમને પણ મનુષ્યો યુક્તિથી પકડી પાંજરામાં ઘાલી ભૂખ તરસથી પીડી નિર્બળ બનાવી અનેક પ્રકારની રમતો શીખવી ખેલો કરાવી પોતાની

આજીવિકા ચલાવે છે. તે બિચારાં વનચર જીવો પાંજરાદિ બંધનનાં ઘોર દુઃખ ભોગવે છે. કેટલાક શોખની ખાતર તેમનો શિકાર કરી તેમનાં મર્મસ્થાનને છેદે છે, કાપે છે, તેમનાં પૂછડાં, જીભ, નખ, ચામડાં આદિ અંગોપાંગ કાપી વેચે છે. તિર્યંચપણામાં માતા અતિ ક્ષુધાતુર થઇ પુત્રનું ભક્ષણ કરે છે. ત્યાં રક્ષણ કરવાવાળું બીજું કોણ હોય? વળી આકાશમાં ઉડતાં પક્ષીઓને પણ નિરંતર દુઃખો ભોગવવાં પડે છે. તેમાં સબળ નિર્બળને મારે છે. બાજ, શકરાદિ પક્ષીઓ આકાશમાં ઉડતાં બીજાં પક્ષીઓને પકડે છે. ઘુવડાદિ રાતે ઉડનારાં પક્ષીઓ બીજાં પ્રાણીઓને પકડે છે, બિલાડાદિ જનાવરો ચકલા, કબૂતર, કૂકડા, પોપટ આદિ પક્ષીઓને ગળેથી પકડી ડોકું મરડી મારી નાંખે છે; તેથી તે બિચારાંઓ ઝાડની ટોચે જઈ બેસે છે. જ્યાં સૂવા ઉંઘવાનું તે બિચારાને મળતું નથી. વળી પવન, વરસાદની ગર્જનાથી ઘોર દુઃખ ભોગવી મરણ પામે છે. દુષ્ટ મનુષ્યો તેમનાં ઇંડાં ફોડી નાંખે છે, તથા તેમને પકડી તેમની જીભ, પાંખ આદિ ખેંચી કાઢે છે, ચીરે છે અને ધગધગતા તેલમાં તળે છે. જ્યાં જુઓ ત્યાં તિર્યંચને ઘોર દુઃખ છે. જે દુઃખ તે પૂર્વે કરેલી હિંસાનું ફળ છે.

હાથી, ઉંટ, ઘોડા, ગધેડાં, ઘેટાં, બકરાં, ગાય, ભેંસ અને બળદ આદિ જનાવરોની પરાધીનતાના દુઃખનું વર્ણન કોણ કરી શકે? ચંડાળ, ચમાર તથા કસાઈને ત્યાં બંધાવું પડે છે, ત્યાં પૂરૂં ખાવાનું પણ મળતું નથી. કોઈ પુન્યવાન ગૃહસ્થને ઘેર

અન્ય તિર્યંચ, તિર્યંચણીને ખાતા દેખી તેમને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. કદાપિ બીજાના ખોરાકમાં મોઢું ઘાલવા જાય છે તો પરોણાના પ્રહાર ખમવા પડે છે. એમ અતિશય ક્ષુધા, તૃષાનું દુઃખ ભોગવે છે. વર્ષાઋતુમાં ઘાસ, ચારો પુષ્કળ થયો હોય, પણ ચરવા જાય ત્યાં ડાંસ, મચ્છરાદિ પાપના ઉદયથી તીક્ષ્ણ ડંખથી ચટકા ભરે છે, તેથી ઘાસમાં મોઢું ઘાલી શકાતું નથી. વળી આંખમાં, કાનમાં, અને ઉપસ્થ ઇંદ્રિયમાં દુઃખ દેવાવાળી મોટી બગાઇઓની ઉત્પત્તિ થવાથી તેઓ મર્મસ્થાનમાંથી બધું લોહી ચૂસી લે છે. જમીન ઉપર સૂવા જાય ત્યાં પણ જુઆ આદિ જંતુઓ પીડા આપે છે. નિર્દય રબારી, ભરવાડ વગેરે લોકો તરતના જન્મેલા બકરાને નિસ્વાર્થ જાણી વગડામાં, થોરની વાડમાં કે ખાડમાં ફેંકી ચાલતા થાય છે. નિર્જનવનમાં તે બિચારા બરાડા પાડી ભૂખ્યા તરસ્યા મરણ પામે છે; અગર બીજા શિકારી જનાવરો આવી તેમને મારી ખાય છે. તે બિચારાઓને એક યોનીમાંથી નીકળી બીજી યોનીમાં ઉપજવું પડે છે. તેમજ ઘેટાંઓને પણ પૈસાની લાલચે કસાઇને ત્યાં પાળી પોષી મોટા કરી વેચે છે, ત્યાં તે બિચારા અવાચક જીવો બેં બેં કરી બરાડા પાડી પોતાના કોમળ ગળા ઉપર છરાના કારીઘા સહન કરે છે. વળી બળદ આદિ જનાવરોનાં નાક વીંધી, ફોડી, સાંકળની નાથ ઘાલે છે; તેથી પરાધીનપણે બંધાઇ રહેવું પડે છે. તેમને તેમની ઇચ્છાનુસાર હરવા ફરવા કે ચરવાનું મળતું નથી. તાપમાં, ટાઢમાં તથા

વરસાદમાં તેમને ઉઘાડા બાંધે છે, તે વખતે તે બિચારા પરાધીન જીવો ક્યાં જાય ? કોની આગળ જઇ પોકાર કરે ? વળી ઉંટ, ઘોડા, ગધેડા અને બળદાદિ જનાવરોને ગજા ઉપરાંત ભાર ભરી મધરાત વીત્યા પછી પાછલી રાતના જોડે છે. લાકડી, સોટી, અને ચામડાના ચાબખાથી રસ્તામાં માર મારે છે. બપોર નમ્યા પછી ત્રીજે પહોરે લાકડાં, લોઢું, માટી, પત્થરા આદિ જે ભાર ભર્યો હોય છે તે ઉતારે છે. તુસ, મુસ, કણરહિત નિરસ આહાર નાંખે છે, તે પણ પેટપૂરણ નહિ. વળી ટલાક નિર્દયો લાકડાની પરોણીમાં લોઢાની આર ઘાલી બળદના બરડામાં કે મર્મસ્થાનમાં ઘોંચે છે. નિરંતર ભાર વહનના દુઃખથી લોહી માંસ ઓછું થઈ પીઠ ગળી જાય છે. કાંધ, નાક ઘસાઈને સડી જઈ તેમાં કીડા પડે છે; તોપણ તેનો નિર્દય ધણી લાકડાં, લોઢા અને પહાણા આદિનો સખત ભાર તણાવે છે. તે તાણતાં હાડકાં તૂટી ચૂરો થઇ જાય છે; પગ તૂટી જાય છે, તેથી પડી જવાય છે. વળી વૃદ્ધાવસ્થાને લીધે શરીર જીર્ણ થઈ જવાથી ઉઠી શકાતું નથી, તોપણ પરોણા આદિનો માર મારે છે. છેવટે અતિ ભારના થાકથી, વૃદ્ધાવસ્થાથી, પગ, હાડકાં તૂટી જવાથી, અને અતિ માર માર્યા છતાં ઉઠતાં નથી, ત્યારે તેનો ધણી કાયર થઇ નિઃસ્વાર્થ જાણી, તેને વનમાં, પાણીમાં, પર્વતમાં કે જંગલમાં જ્યાં પડયાં હોય ત્યાં પડતાં મૂકી ચાલ્યો જાય છે. એવી રીતે નિર્જન સ્થાનમાં તે બિચારા એકલા પડેલા દુઃખી જીવોનું કોઇ શરણ નથી. ત્યાં તેમને કોણ શાતા અ-

શાતા પૂછે? ઘાસ કોણ નાંખે? પાણી કોણ પાય? એ બિચારા ટાઢમાં, તાપમાં કે વરસાદમાં પડ્યા પડ્યા અતિશય ઘોર વેદના ભોગવે છે. વળી તેવી વખતે તેમને અશક્ત જાણી દુષ્ટ પક્ષીઓ પોતાની વજ્રમય ચાંચથી તેની આંખો ફોલી ખાય છે. મર્મસ્થાનનું માંસ અનેક જીવો ભેગા થઈ તોડી લે છે, તેથી તે બાપડા જીવો નરક સમાન ઘોર દુઃખ ભોગવી તરફડીઆં મારી બાકીનું આયુષ્ય પૂર્ણ કરી મરણને શરણ થાય છે.

અન્યાયથી ધન મેળવનારા, છળકપટથી દાન લેનારા, વિશ્વાસઘાતી, અભક્ષ ભક્ષણ કરનારા, રાત્રિભોજન કરનારા, દેવદ્રવ્ય ચોરી ખાનારા, પરની નિંદા ને પોતાની પ્રશંસા કરનારા, ખોટા કલંક ચડાવનારા, પારકા મર્મ ઉઘાડા કરનારા તથા અતિ માયાકપટ સેવનારા ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ અસંખ્યાત કાળમાં અસંખ્યાત ભવ ધારણ કરે છે. વળી તીવ્ર માયા કપટના પરિણામથી નવા તિર્યંચ ભવમાં કોઇ કોઈ વાર એવાં કર્મ બાંધે છે કે જે નરકગમનનું કારણ થાય છે. એ બધું મિથ્યા શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણનું ફળ છે.

૩ મનુષ્યગતિમાં—કેટલાંક માણસો પશુ સમાન જ્ઞાનરહિત હોય છે. કેટલાંકને માતાપિતાનો જન્મતાંજ વિયોગ થાય છે. તેથી ભૂખ, તરસની પીડા ભોગવી, બીજાનું એઠું ખાઇ, તિરસ્કાર સહન કરી દાસપણું કરે છે. વળી કેટલાક પેટ ભરવાના એક શેર અનાજ માટે માથાપર, પીઠપર કે ખાંધે અનાજ, ઘી, તેલ, ગોળ, ખાંડ, મીઠું આદિ વસ્તુઓનો બોજો કેટલાક ગાઉ

સુધી ઉપાડે છે. કોઈ તો પગપાળા ચાલી અન્ય દેશમાં નિરંતર ગમન કરે છે. કોઇ ખેપ (કાસદું) કરે છે. નિરંતર પગપાળા ચાલવા સમાન કોઇ બીજું દુઃખ નથી. કેટલાંક હમેશાં પાણી, માટી, પત્થરા, કાંકરી કે ગારો વહ્યાં કરે છે. કોઈ પહાણા ઘડે છે, કોઇ માટી ખોદે છે, કોઇ ભઠ્ઠીઓ સળગાવે છે, કોઇ ચણે છે, કોઈ ચુનો હલાવે છે, કોઈ લોઢું ઓગાળી ઢાળ પાડે છે, કોઇ લોઢાના ઘાટ ઘડે છે, કોઇ લાકડાં વહેરે છે, ફાડે છે, તથા ઘડે છે, કોઇ માટીનાં, ધાતુનાં, વાસણો બનાવે છે, કોઇ કલઇનું કામ કરે છે, કોઇ સોના, રૂપાનાં ઘરેણાં ઘડે છે, કોઇ ખેતી કરે છે, કોઇ વાવે છે, લણે છે, કોઇ ચરખા ફેરવે છે, કોઇ સુતર કાંતે છે, કોઇ લૂગડાં વણે છે, કોઇ શીવે છે, કોઇ ધુએ છે, કોઈ રંગે છે, કોઈ છાપે છે, કોઇ અનાજ ઝાડકે છે, કોઈ દળણાંજ દળે છે, કોઈ ખાંડે છે, કોઈ રાંધે છે, કોઈ પાણી ભરે છે, કોઇ વાસણો માંજે છે, કોઈ તિર્યંચની સેવા કરે છે, કોઇ ધાણી, ચણા શેકે છે, કોઇ ઘાણી ફેરવે છે, કોઇ ખડ, લાકડાં, છાણાં કે સાંઠીઓના ભારા નિરંતર ઉપાડી લાવી વેચે છે, કોઇ મુએલાં જનાવરનાં ચામડાં ઉતરડે છે, કોઇ ચામડાં રંગે છે, કોઇ જોડા શીવે છે, કોઈ વિષ્ટાના ટોપલા ઉપાડી નિરંતર મળમૂત્ર સાફ કરી આજીવિકા ચલાવી મનુષ્ય જન્મ પૂરો કરે છે. વળી કોઈ દીનપણાથી ઘેર ઘેર ભીખ માગે છે, તોપણ ખાવાનું પૂરૂં મળતું નથી. ત્યારે રૂદન કરે છે. કોઇ સુખે ભોજન કરે છે, કોઈ પુજ્ય ગુરૂ બની ખાય છે, કોઇ રંકદીન થઈ ખાય છે, કોઇ નાના પ્રકારની રસવતી આરોગે

છે, કોઇને નિરસ ભોજન પણ મળતું નથી, કોઇને ભાતભાતનું પેટ ભરી અનેકવાર જમવાનું મળે છે, કોઈ અર્ધા ભૂખ્યા રહે છે, કોઇને એક દિવસને આંતરે, કોઇને બે દિવસને આંતરે, કોઇને ત્રણ દિવસને આંતરે કઠિનતાથી ભોજન મળે છે, કોઇને મળતું પણ નથી તેથી ક્ષુધા તૃષાની વેદનાથી મરણ પામે છે. કોઇ ચોરી કરે છે, કોઈ કુડકપટ કરી ભોળા લોકોને છેતરે છે, કોઈ વાટ પાડે છે, કોઈ ખાતર પાડે છે, કોઇ બીજાની ચુગલી ચાડી ખાય છે, કોઇ વ્યભિચાર કરે છે, કોઇ લડાઇમાં જાય છે, કોઇ સમુદ્રના ઉંડા પાણીમાં ઉતરે છે, કોઇ ખાણ ખોદે છે, કોઇ કોશ જોડે છે, કોઇ વહાણ હંકારે છે, કોઇ ગાડાં હાંકે છે, કોઈ ચિત્ર પાડે છે, કોઈ જુગારાદિ દુર્વ્યસન સેવે છે, કોઈ ઘી, તેલ, ગોળ, મદ્ય, માંસ, દૂધ, દહીં, ક્ષાર, અફીણ, ઉન, મીઠાઈ, માલપુઆ આદિ હિંસારંભી વસ્તુઓનો વેપાર લોભને વશ થઈ કરે છે, કોઇ હીરા, માણેક, મોતી તથા સુવર્ણાદિનો વેપાર કરે છે, કોઇ કાપડ વેચે છે, કોઇ ઔષધ વેચે છે, વળી કોઈ સેવક છે, કોઇ સ્વામી છે, કોઇ દલાલ છે, કોઇ રાજા છે, કોઇ રંક છે, કોઈ ઉદ્યમી છે, કોઇ નિરૂદ્યમી છે, કોઇ ગાયન કરે છે, કોઇ નાચ કરે છે, કોઇ વાજીંત્ર વગાડે છે, કોઇ નાના પ્રકારના ભાંડભવાઇના વેષ પહેરી આજીવિકા ચલાવે છે. એમ મનુષ્યો આ સંસારરૂપી રંગભૂમી ઉપર પુણ્ય પાપના ઉદયથી અનેક પ્રકારના વેષો લાવી નાટક કરે છે.

કોઇ બંદીગૃહમાં (કેદખાનામાં) પડી પરાધીનતાથી ઘોર વેદના સહે છે, કોઇ પોતાના પતિના વિયોગથી અગ્નિમાં બળી

મરે છે, કોઇ રોગ જનિત જ્વર (તાવ), ખાંસી, શ્વાસ, અતિસાર, મરડો અનેક પ્રકારના વાત પીત કફ, જળોદર, કઠોદર, દંતશૂળ, નેત્રશૂળ, કરણશૂળ, મસ્તકશૂળ, ઉદરશૂળ આદિની ઘોર વેદના સમસ્ત પર્યાયથી ભોગવી મરણ પામે છે. કોઇ જન્મથી અંધા, બહેરા, મુંગા ને બોબડા હોય છે. કોઇ હસ્તપાદાદિ અંગથી રહિતપણે જન્મ પૂરણ કરે છે. કોઇ કેટલીક જીંદગી વ્યતિત કર્યા પછી કર્મોદયથી આંધળા, બહેરા, લુલા કે અપંગ થઇ, પરાધીનપણે માનસિક અને શારીરિક દુઃખ ભોગવે છે. કોઇને લોહીવિકારથી કોડ, ખરજ, વિસ્ફૂટક કે ચાંદી થાય છે. તેથી હાથ, પગ, આંગળાં, નાકાદિ ગળી જાય છે. ગૃહસ્થો ! કર્મના ઉદયની ગહન ગતિ છે.

કોઇ અંતરાયકર્મના ઉદયથી નિર્ધન થઇ નાના પ્રકારનાં દુઃખ ભોગવે છે. કોઇને રહેવાને ઘર પણ મળતું નથી, તેથી રસ્તામાં જ્યાં ત્યાં પડયાં રહે છે. કોઇને અતિ જુનાં, માથે છાજ વિનાનાં સાંકડાં, સાપ, ઘો, વીંછી આદિ પ્રાણીઓનાં દરવાળાં ઘર હોય છે, તથા પાસે ચંડાળાદિ કુકર્મીઓનો વાસ હોય છે. વળી કોઇને દુષ્ટ વ્યસની, દુરાચારી, મહાપાપી અને નીચ કૃત્યના કરનારા ભાઇઓનો સંયોગ થાય છે. કોઇને એક કરતાં વધારે સ્ત્રીઓ હોવાથી આખો દહાડો ઘરમાં કંકાસ ને કજીઆ થાય છે. કોઇને સ્ત્રી હોતી નથી, તેથી તેના વિનાં જીવવું વૃથા માની, તેની તૃષ્ણાથી દુઃખી થાય છે. કોઇને અતિ દુષ્ટ, વ્યભિચારીણી, કંકાસણી, મર્મ ઉઘાડા કરવાવાળી, તથા મહા-

રોગે કરી ઘેરાએલી સ્ત્રી હોય છે. વળી કોઈ પોતાની આજ્ઞાકારી તથા સુશીલ સ્ત્રીના વિયોગથી અતિ દુઃખી થાય છે. કોઇને સ્ત્રી ઘડપણમાં કે નિર્ધનપણામાં નાનાં નાનાં બાળકો મૂકી મરી જાય છે, તેથી પોતે તથા બાળકો દુઃખી થાય છે. વળી કેટલાક પુરૂષો પરણીને તરત મરી જાય છે, તેથી સ્ત્રીને અતિ દુઃખ ભોગવવું પડે છે. કોઈ સ્ત્રીને વૃદ્ધ અને નિરાધાર મૂકી મરી જાય છે. કોઈ પુરૂષ વૃદ્ધાવસ્થામાં વિવાહની ઇચ્છા કરે છે. કોઇને પુત્ર હોતો નથી, કોઇનો પુત્ર પરણીને તરત વિધવા મૂકી મરી જાય છે, તેથી તેનાં માબાપને જીવે ત્યાં સુધીનું દુઃખ પ્રાપ્ત થાય છે. વળી કોઇને વિનયી, સુશીલ અને યશવાન પુત્ર હોય છે તે વૃદ્ધાવસ્થામાં પોતાનાં માબાપને રખડતાં મૂકી મરી જાય છે. કોઇને ચોર, જુગારી અને કજીયાખોર પુત્રો હોય છે, કોઇને ઘણી પુત્રીઓ હોય છે, તેથી તેના વિવાહાદિ કાર્યની નિર્ધનપણાને લીધે નિરંતર ચિંતા રહે છે. કોઇની પુત્રીને પતિ મળતો નથી, કોઇની પુત્રીનો પતિ મૂર્ખ, રંડીબાજ અને ઉડાઉ હોય છે. કોઈની પુત્રીનો પતિ બાળપણમાં ગુજરી જાય છે, તેથી પુત્રી વ્યભિચારીણી થાય છે, તો મરણ કરતાં પણ મોટું દુઃખ થાય છે. કોઇની પુત્રી આંધળી, લુલી કે મુંગી હોય છે. તેથી તેને પતિ મળતો નથી, તેનું મોટું દુઃખ થાય છે. કોઇને માતા પિતાના વિયોગનું દુઃખ હોય છે. કોઇની માતા, સ્ત્રી, પુત્રી કે બેન વ્યભિચારીણી થાય છે તેનું મોટું દુઃખ હોય છે, અને વખતે તેથી જીવ પણ ખોવો પડે છે, કે કારાગૃહમાં

પડવું પડે છે, એમ કુટુંબી જનોનાં અનેક દુઃખો અનેક જીવોને હોય છે. વળી કોઇને લોભી, અવગુણગ્રાહી, અન્યાયી, ક્રોધી, નીચ અને મૂર્ખ સ્વામીની સેવા પ્રાપ્ત થાય છે. કોઈને કૃતઘ્ની, છિદ્ર ઉઘાડાં કરવાવાળા, અપ્રમાણિક સેવકનું મળવું થાય છે. અધર્મી, સ્વાર્થી અને બેવચની રાજાની નોકરી તથા તેના રાજ્યમાં રહેવું; દુષ્ટ અને અતિ નીચ કૃત્ય કરનાર મંત્રી, અને કોટવાળનો સમાગમ થવો, કુડા કલંકનું લાગવું, અપયશ થવો ઈત્યાદિ અનેક દુઃખો આ દુઃસમકાળના મનુષ્યોને બહુ પ્રકારે પ્રાપ્ત થાય છે.

जन्म दुखं, जरा दुखं, रोगाय मरणाणिय;
अहो दुखो हु संसारो, जथ कीसंति जंतुणो.

(વૈરાગ્યશતક.)

ભાવાર્થ—હે આત્મન્! તું વિચાર કર કે, આ જીવ જ્યારથી જન્મે છે, ત્યારથી તે મરણપર્યંત કેવળ દુઃખમાંજ વર્ત્તે છે. કેમકે જન્મતી વખતે જેમ, જતરડામાંથી સોની સોના રૂપાના તારને ખેંચી કાઢે છે તેમ, માતાના યોનીદ્વારમાંથી નીકળતાં અતોલ દુઃખ પ્રાપ્ત થાય છે. વળી મરણનું દુઃખ પણ અતિ અતિ છે. હવે જન્મ મરણનાં દુઃખોની વચ્ચેનાં દુઃખો અનેક પ્રકારનાં છે. જેમકે, બાળપણમાં બાળકને બોલતાં નહિ આવડવાથી તેને કાંઇ દુઃખ થાય છે ત્યારે તે રૂએ છે, તેથી તેનાં માબાપ કાંઇને બદલે કાંઈ ઉપચાર કરે છે, પણ તે તેને સુખને બદલે દુઃખરૂપ થાય છે. વળી જુવાનીમાં માની લીધેલા સંસા-

રના સમસ્ત સુખની પ્રાપ્તિ થતી નથી. જેમ કે, કોઈ માણસે કોઇ વસ્તુનો ઘડો કરવા માટે કાંઇ પણ ચીજ ન જડવાથી ચોમાસામાં ઉત્પન્ન થયેલાં દશ વીશ દેડકાં લઇને નાંખ્યાં, પણ ઘડો ઓછો થવાથી એક બીજું દેડકું લેવા ગયો, તેવામાં તેમાંથી એક કૂદી ગયું, તેને લેવા જતાં બીજાં બે જતાં રહ્યાં, તેને લેવા જતાં બીજાં ચાર કૂદી ગયાં. તેમ સ્ત્રી, પુત્ર, ધન અને નિરોગીપણું પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતાં અચાનક સ્ત્રી ગુજરી જાય છે. સ્ત્રીની પ્રાપ્તિ કરવા જતાં ધન નાશ પામી જાય છે. ધન સંપાદન કરતાં શરીરે માંદો થાય છે.

અહો ભવ્યો ! મનુષ્ય પર્યાયમાં એવાં એવાં અનેક પ્રકારનાં ઘોર દુઃખો છે. મિથ્યાત્વ, કુતપ, કુદાન અને મંદકષાયના પ્રભાવથી રાજ્ય, ઐશ્વર્ય, દાન, ભોગ, સંપદા અને અલ્પાયુષ્ય પામી, અન્યાય, અધર્મ અને મિથ્યામાર્ગમાં વ્રત સંયમરહિતપણે પ્રવર્ત્તન કરનારા, બીજાને કરાવનારા તથા અનુમોદનારા જીવોનું આ ભરતક્ષેત્રને વિષે મનુષ્ય પર્યાયમાં ઉપજવું થાય છે.

૪ દેવગતિ—કદાપિ દેવ પર્યાય પામે તો ત્યાં નિર્ધનતા, જરાવસ્થા, રોગ, ક્ષુધા, તૃષા, મારન, તાડન આદિ દુઃખો નથી; પણ માનસિક દુઃખો હોય છે. એટલે મોટા રિદ્ધિવંત દેવતાને દેખી પોતાનું લઘુપણું જાણી દુઃખ પામે છે. કોઈ દેવ, પોતાની દેવાંગનાનું આયુષ્ય પુરૂં થવાથી મરણ પામે છે, તેને બદલે તેવા સ્વરૂપવાળી બીજી દેવાંગના ઉત્પન્ન થાય છે; તોપણ તેને, તેના જીવના વિયોગનું દુઃખ થાય છે. વળી દેવો પોતાની

દેવાંગનાને માટે પરસ્પર લડે છે. હલકા દેવોથી ઈન્દ્રાદિ મહર્દ્ધિક દેવતાની સભામાં પ્રવેશ કરી શકાતું નથી, તેથી મોટું માનસિક દુઃખ થાય છે. તથા આયુષ્ય પૂર્ણ થવાથી દેવલોકમાંથી પોતાનું પડવું જાણી જે દુઃખ અને વિલાપ થાય છે. તે તો કેવળી ભગવાનજ જાણે છે; અગર દેવપર્યાય ભોગવતો જીવ જાણે છે.

धी धी धी संसारं, देवो मरिउण जं तिरी होई;
मरिउण रायराया, परिपच्चइ निरय जालए.

(વૈરાગ્ય શતક.)

ભાવાર્થ—કોઈને એક વાર ધિક્કાર, કોઈને બે વાર ધિક્કાર અને આ સંસારને તો ત્રણ વાર ધિક્કાર કહ્યો. તેનું કારણ એ છે જે, દેવતા સરખા મહા રિદ્ધિવંત પણ મરીને તિર્યંચગતિને વિષે અથવા પૃથ્વીકાય આદિમાં પાષાણપણે ઉત્પન્ન થાય છે. આ શું ઓછું આશ્ચર્ય છે !! તથા છ ખંડના ભોક્તા, ચોસઠ હજાર સ્ત્રીઓના પતિ, ચોરાસી લાખ હાથી, ચોરાસી લાખ ઘોડા, ચોરાસી લાખ રથ, છન્નુ કરોડ પાયદળ, નવનિધાન, ચૌદ રત્ન, સોળ હજાર જક્ષ, તથા બત્રીશ હજાર મુકુટબંધ રાજા જેની સેવામાં રાત દહાડો હાજર છે, એવા ચક્રવર્તિ રાજા પણ મરીને નરકની જવાળામાં ઉત્પન્ન થાય છે. અહો ! હો !! માટે હે દેવાણુપ્રિયો ! આ સંસાર એકાંત દુઃખમયજ છે. એમાં લગાર માત્ર પણ જ્ઞાનીઓએ સુખ કહેલ નથી, એમ નિશ્ચયથી જાણો.

संसारंमि असारे, नथि सुहं वाहिवे अणापउरे;
जाणंतो इह जीवो, न कुणइ जिण देसियं धम्मं.

ભાવાર્થ—ઉક્ત પ્રકારના આધિ, વ્યાધિ અને ઉપાધિથી આ સંસાર ભરેલો છે. એટલે આ સંસારમાં કાંઇ પણ સુખ નથી. એવી રીતે જીવ જાણે છે, દેખે છે, અને અનુભવે છે, તોપણ આ મૂઢ જીવ, જિન પરમાત્માના કહેલા ધર્મને અંગીકાર કરતો નથી; એજ આશ્ચર્ય છે ! ! !

ગૃહસ્થો ! છેવટ સાર એ છે કે, જેમ ભારને વહન કરનારાં માણસો કોઇ પણ ઠેકાણે ભારને ઉતારી વિશ્રામ લે છે, પણ દેહના ભારને વહેનારા જીવોને તો કયાંય વિશ્રામસ્થાન મળતું નથી. કદાપિ ઔદારિક, વૈક્રિયકનો ક્ષણ માત્ર ભાર ઉતરે, તોપણ આત્મા તેનાથી અનંત ગણા તેજસ-કાર્મણ શરીરના ભારને ધારણ કરે છે. તેજસ-કાર્મણથી આત્માની અનંતદર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીર્યશક્તિ દબાએલી રહે છે, તેથી કેવળદર્શન, કેવળજ્ઞાન, તથા અવ્યાબાધ અનંતસુખ અભાવતુલ્ય થઇ રહે છે.

કોઇ ગૃહસ્થ પોતાના ઘરને બળતું દેખી જેમ, અમૂલ્ય વસ્ત્રાદિને લઇ જઇ જીર્ણ વસ્ત્રાદિને છાંડી દે છે, તેમ હે ભવ્યો! સમસ્ત લોકને બળતો દેખી જીર્ણ વસ્ત્રરૂપ જરા મરણને છાંડીને અમૂલ્ય વસ્ત્રરૂપ નિત્ય અને શાશ્વત એવા અમૂલ્ય આત્માને તારો ! તારો ! ! ઉક્ત સિદ્ધાંત, સંસારથી મુક્ત થવાનો વિતરાગી ઉપદેશ પ્રદર્શિત કરે છે. આત્મચારિત્ર અવધારણ કરતાં તપ-પરિષહાદિનાં

બહિર્દુઃખને દુઃખ માન્યું છે, અને મહા અધોગતિરૂપ અનંત દુઃખને બહિર્ભાવ મોહિનીથી સુખરૂપ માન્યું છે, એ કેવી ભ્રમ વિચિત્રતા છે. આત્મચારિત્રનું દુઃખ તે દુઃખ નથી પણ, પરમ સુખ છે, અને પરિણામે અનંત સુખની પ્રાપ્તિનું કારણ છે. તેમજ ભોગ વિલાસનું સુખ તે ક્ષણિક અને બહિર્દ્રશ્ય સુખ તે કેવળ દુઃખજ છે. અને પરિણામે અનંત દુઃખનું કારણ છે. માટે આત્મ ચારિત્રાદિ શુદ્ધાચરણને ધારણ કરી પરમ સિદ્ધિદાયક સિદ્ધગતિને પામો.

શાર્દુલવિક્રિડિત છંદ.

તિર્યંચાદિ નિગોદ નારકિ તણી, જે યોની યોની રહ્યાં;
જીવે દુઃખ અનેક દુર્ગતિ તણાં, કર્મ પ્રભાવે લહ્યાં;
યા સંયોગ વિયોગ રોગ બહુધા, યા જન્મ જન્મે દુઃખી;
તે સંસાર અસાર જાણિ ઇહિવો, જે એ તજે સો સુખી.

ઈંદ્રવજ્ર છંદ.

જે હીન તે ઉત્તમ જાતિ જાએ,
જે ઉચ્ચ તે મધ્યમ જાતિ થાએ;
જ્યું મોક્ષ મેતાર્ય મુનિંદ્ર જાએ,
ત્યૂં મંગુ સૂરી પુર યક્ષ થાએ.

(શ્રી કેશરવિમળ.)

૪ એકત્વભાવના.

ઉપજાતિ છંદ.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઇ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

શ્રીમદ્ રાજચંદ્ર.

શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે, તે, માબાપ, સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ કુટુંબીજનો કે સ્નેહીઓ કોઇથી લઇ શકાતા નથી. એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે. એમાં કોઇ પણ ભાગીદાર થતું નથી. તેમજ પુણ્ય, પાપાદ સઘળા વિપાકો આપણો આત્માજ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે. એ સિદ્ધાંતને જાણવાવાળા જ્ઞાની પુરૂષો એકત્વને નિરંતર શોધે છે.

एगो बंधइ कम्मं, एगो वह बंधमरण वसणाइं;
विसहइ भवंमि भमडइ, एगुच्चिअ कम्मवेलविउ.

(વૈરાગ્યશતક.)

ભાવાર્થ—હે જીવ ! જે વખત તારો જન્મ થયો તે વખત તેં એકલેજ ગર્ભમાં વસવાનું તથા યોનીમાંથી નીકળવાનું ઘણું કષ્ટ સહન કર્યું પણ તે વખત તારૂં દુઃખ લેવા કે મટાડવાને માટે તને કોઇએ સહાય કરી નહિ; અને જે વખત તું મરણ પામીશ તે

વખત તે મરણની વેદના પણ તારે એકલાનેજ સહન કરવી પડશે. વળી તું જ્યારે પાપ કરીને નરકાદિ ભવાન્તરને વિષે જઈશ, ત્યારે ત્યાંની મારન, તાડનાદિ ઘોર વેદના, પણ તારે એકલાનેજ સહન કરવી પડશે; પણ તું જે દેહ, સ્ત્રી, પુત્ર અને કુટુંબાદિને અર્થે મહા આરંભ, પરિગ્રહ, અન્યાય અને અભક્ષ્યાદિ કરે છે, તેનું ફળ જે ઘોર દુઃખ તે નરકાદિપર્યાયમાં તું એકલોજ ભોગવીશ. પરંતુ તેમાંનું કોઈ પણ તારી વેદનાનો ભાગ લેવાને આવશે નહિ. એવી રીતે બીજા ભવોમાં પણ કર્મવડે ઠગાએલો તું એકલોજ કષ્ટ ભોગવીશ. અર્થાત્ તારાં કરેલાં કર્મ તુંજ ભોગવીશ. બીજું કોઇ ભોગવવા આવશે નહિ. દાખલા તરીકેઃ–

જ્યારે આ જીવને પૂર્વે પોતાનાં કરેલાં અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે તેને રોગાદિ દુઃખો ભોગવતાં તેનાં મિત્ર, કુટુંબાદિ જનો પ્રત્યક્ષ દેખે છે; પણ તેઓ કિંચિત્ માત્ર દુઃખ દૂર કરી શકતાં નથી; તો નરકાદિ દુર્ગતિને વિષે કોણ સહાયી થાય ? વળી પરલોકગમન કરતાં આત્માને, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, દેહાદિ પરિગ્રહમાંથી કોઇ પણ સહાયી નથી. આ લોકમાં જે બંધવ મિત્રાદિ છે તે પરલોકમાં બંધવ મિત્રાદિ નથી હોતા, અને જે ધન ધાન્ય, રાજ્ય, નગર, મહેલ, આભરણ અને શરીરાદિ પરિગ્રહ તથા સેવકાદિ દાસજનોમાંથી કોઈ પણ પરલોકમાં પાછળ જતું નથી. આ દેહના સંબંધીઓ આ દેહનો નાશ થયેથી સંબંધ છોડી દે છે. આયુષ્ય પૂર્ણ થયેથી પોતે એકલોજ મરે છે. તે મરણથી બચાવવાને

ધર્મ સિવાય બીજું કોઇ સહાયી નથી. એમ જીવ એકલો જાય છે, એકલો આવે છે, એકલોજ સુખ દુઃખ ભોગવે છે, માટે સંબંધીઓ પ્રત્યે મમત્વ કરી આત્મહીત બગાડવો, તે મહા અનર્થકારક છે.

જેવી રીતે બંદીગૃહમાં બંધાયલા માણસને બંદીગૃહમાં રાગ નથી, તેવી રીતે સમ્યગ્જ્ઞાની પુરૂષને દેહરૂપ કેદખાનામાં રાગ નથી; પણ અજ્ઞાની જીવ પોતાનું સત્ય સ્વરૂપ તથા એકાકીપણું તજી પરપુદ્ગળ અને પરિગ્રહાદિને પોતાનું સ્વરૂપ જાણી ભવભ્રમણ કરે છે. એટલે પુન્યપાપાદિ કર્મ ઉંચ-નીચપણે ઉપજાવે છે તથા આયુષ્ય પૂર્ણ થયે સમસ્ત કુટુંબ—ધનાદિ પરિગ્રહ છોડાવી એકાકી પરલોકમાં લઇ જાય છે. કોઇ પાછળ આવતું નથી. જેમકે—

पिय पुत्त मित्त घर घरणि जाय,
इह लोइ अ सव्व नियं सुह सहाय;
नवि अथि कोइ तुह सरणि मुख,
इकल्लु सहसि तिरि निरय दुख.

ભાવાર્થ—આ જગતમાં પરલોકને વિષે કાંઇ પણ સહાયતા કરવાને અસમર્થ એવાં, માતા પિતાદિ સૌ પોતપોતાના સ્વાર્થી છે. એટલે સૌ પોતાના સુખના અર્થી છે. જ્યારે આ જીવ નરક તિર્યંચાદિનાં ઘોર દુઃખો ભોગવે છે ત્યારે કોઇ સહાય કરતું નથી. મતલબ કે કોઇ કોઇનું નથી. કારણ કે ઉક્ત માણસોને એવો નિશ્ચય થાય છે કે—આ પથારીમાં સૂતેલો માણસ

હવે કાંઇ જીવશે નહિ, એમ ધારી, તે સૂતેલા માણસને મહા-
વેદનામાં તરફડીઆં મારતાં જોઈ, કહે છે કે " તમે અમને
" કાંઇ કહો છો ? એટલે તમે છાની રીતે સંચય કરેલું, કોઇને
" ત્યાં મૂકેલું, કોઇને આપેલું કે દાટેલું કાંઈ દ્રવ્ય દેખાડો છો ?
" એમ પોતાનો સ્વાર્થ સાધવાની વાતો કરે છે. વળી તેના
" મરી ગયા પછી પણ કેવળ પોતાનો સ્વાર્થ સંભારી સંભા-
" રીને રૂએ છે કે–'આટલું કામ અધુરૂં મૂકી ગયા. પણ એમ
" નથી વિચારતા કે–તે બિચારો જ્યારથી સમજણો થયો
" ત્યારથી મરણાંત કાળ સુધી તેણે આપણું વૈતરૂં કર્યું છે.
" વળી તે બાપડો નરકાદિ દુર્ગતિને વિષે એકલો ગયો છે, ત્યાં
" તેને કેવાં કેવાં દુઃખો પડતાં હશે ? વળી તે ઘણું દ્રવ્ય કમા-
" ઇને મૂકી ગયો છે, આપણે તેના બીજા દુઃખમાં તો ભાગ
" લેવાને અશક્ત છીએ, પણ તેનાજ મેળવેલા દ્રવ્યમાંથી થોડું
" દ્રવ્ય તેની પછવાડે શુભકાર્યમાં વાપરીએ. વળી તેમને આવો
" વિચાર પણ નથી થતો કે અરેરે ! તે બિચારાએ રાત દહાડો
" પોતાના શરીરનું સુખ પણ ન વિચારતાં કુડકપટ, છળભેદ
" અને અન્યાયથી તેણે આપણુંજ ભરણપોષણ કર્યું છે; પણ
" પોતાના આત્માનું સાધન કરવાનો જરા પણ અવકાશ લીધો
" નથી. એવી રીતે સંભારીને કોઈ પણ રૂદન કરતું નથી."
માટે હે ચેતન ! વિચાર કર, વિચાર કર. સૌ સ્વાર્થનું સગું છે.
કોઇ કોઇનું નથી. જ્ઞાનીઓ પોકારી પોકારીને કહી ગયા છે કે–
" **एगोहं, नाथि मे कोइ** " એટલે હું એકલો છું, મારૂં કોઇ નથી.

જ્યારે આ જીવને શુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે પોતે ઉત્તમ જાત, કુળ, રૂપ, બળ, વિદ્યા, રાજ્ય, લક્ષ્મી, ઐશ્વર્ય, મંડળેશ્વરપણું, ચક્રવર્તિપણું, દેવપણું, ઇંદ્રપણું તથા જગત્પૂજ્ય તીર્થંકરપણું સંપાદન કરી એકલોજ નિર્વાણપદને પામે છે.

છેવટે સાર એ છે કે–આ જીવ એકલો આવે છે, એકલો જાય છે, જન્મ, જરા, મરણાદિનાં દુઃખો પણ પોતે એકલોજ સહન કરે છે. એમ સમજી કુટુંબીજનોનો તથા પરિગ્રહનો મમત્વ છોડી દે. ખરે ! ઝાઝાં મળવાથી ઝાઝી ઉપાધિ થાય છે. અહો ચેતન ! તું માન કે એકત્વમાંજ તારી સિદ્ધિ છે. આ સંસારમાં અનંત જીવોના સંબંધમાં તારે ઉપાધિ ભોગવવાનું શું અવશ્ય છે ? તેનો ત્યાગ કર, અને એકત્વમાં પ્રવેશ કરી, નમી રાજર્ષિની માફક એકત્વનેજ કલ્યાણકારી જાણી પરમાનન્દ સંપદાને પામ.

ઇંદ્રવજ્રા.

પુણ્યે એકલો જીવ સ્વર્ગ જાએ,
પાપે એકલો જીવ નર્ક જાએ;
એ જીવ જા આવ કરે અકેલો,
એ જાણીને તે મમતા મહેલો.

ઉપજાતિ છંદ.

એ એકલો જીવ કુટુંબ યોગે,
સુખી દુઃખી તે તસ વિપ્ર યોગે;
સ્ત્રી હાથ દેખી વલયો અકેલો,
નમી પ્રબોધ્યો તિણુથી વહેલો.

(શ્રી કેશરવિમળ.)

૫. અન્યત્વભાવના.

શાર્દુલવિક્રીડિત છંદ.

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહિયો સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધાન યૌવનધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે! રે! જીવ વિચાર એમજ સદા, અન્યત્વદા ભાવના.

(શ્રીમદ્ રાજચંદ્ર)

આ શરીર તે મારૂં નથી, આ રૂપ તે મારૂં નથી, આ કાંતિ તે મારી નથી, આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી, આ ભાઇઓ તે મારા નથી, આ દાસ તે મારા નથી, આ સ્નેહીઓ તે મારા નથી, આ સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારૂં નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારાં નથી, આ યૌવન તે મારૂં નથી, અને આ ભૂમિ તે મારી નથી. માત્ર એ અજ્ઞાનપણાનો મોહ છે. સિદ્ધગતિને સાધવા માટે હે જીવ! અન્યત્વનો બોધ આપનારી અન્યત્વભાવનાનો વિચાર કર, વિચાર કર.

મિથ્યા મમત્વની ભ્રમણા ટળવા માટે, અને વૈરાગ્યની વૃદ્ધિને માટે પ્રભાવથી મનન કરવા યોગ્ય રાજરાજેશ્વર ભરતનું દૃષ્ટાંત અહીં આગળ ટાંકયું છે.

ભરતેશ્વર.

ચક્રવર્તિની અનેક પ્રકારની સંપદાથી વિભૂષિત શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત પોતાના સુંદર આદર્શ–ભુવનમાં વસ્ત્રાભૂષ-

ણુથી વિભૂષિત થઈ મનોહર સિંહાસનપર બેઠો હતો, ચારે બાજુનાં દ્વાર ખુલ્લાં હતાં, નાના પ્રકારના ધૂપનો ધુમ્ર સૂક્ષ્મ રીતે પ્રસરી રહ્યો હતો, નાના પ્રકારના સુગંધી પદાર્થો ધમધમી રહ્યા હતા, નાના પ્રકારનાં સુસ્વરયુક્ત વાજિંત્રો યાંત્રિક કળાવડે સ્વર ખેંચી રહ્યાં હતાં, શીતળ મંદ અને સુગંધી એમ ત્રિવિધ વાયુની લહરીઓ છૂટતી હતી, આભૂષણાદિક પદાર્થોનું નિરીક્ષણ કરતાં કરતાં એ શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત તે ભુવનમાં અપૂર્વતાને પામ્યો. તે એવી રીતે કે એના હાથની એક આંગળીમાંથી વીંટી નિકળી પડી. ભરતનું ધ્યાન તે ભણી ખેંચાયું અને આંગળી કેવળ અડવી જણાઈ. નવ આંગળીઓ વીંટીથી જે મનો હરતા ધરાવતી હતી, તે મનોહરતા વિના આ આંગળી પરથી ભરતેશ્વરને અદ્દભૂત મૂળોત્તર વિચારની પ્રેરણા થઈ. શા કારણથી આ આંગળી આવી લાગવી જોઇએ ? એ વિચાર કરતાં વીંટીનું નીકળી પડવું, એ કારણ એમ તેને સમજાયું. તે વાતને વિશેષ પ્રમાણભૂત કરવા બીજી આંગળીની વીંટી તેણે ખેંચી લીધી. એ બીજી આંગળીમાંથી જેવી વીંટી નિકળી તેવી તે આંગળી પણ અશોભ્ય દેખાઇ. વળી એ વાતને સિદ્ધ કરવાને તેણે ત્રીજી આંગળીમાંથી વીંટી કાઢી લીધી એટલે તે પણ તેવીજ દેખાવા લાગી. એમ અનુક્રમે દસે આંગળીઓ અડવી કરી મૂકી. અડવી થઇ જવાથી સઘળીનો દેખાવ અશોભ્ય દેખાયો. અશોભ્ય દેખાવાથી રાજરાજેશ્વર અન્યત્વભાવનામાં ગદ્દગદિત થઇ એમ બોલ્યા–" અહોહો ! કેવી વિચિત્રતા છે"

કે ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુને ટીપીને કુશળતાથી ઘડી મુદ્રિકા બનાવી. એ મુદ્રિકાથી મારી આંગળી સુંદર દેખાઈ, એ આંગળીમાંથી મુદ્રિકા નીકળી પડતાં એથી વિપરીત દેખાવ દીધો, વિપરીત દેખાવથી અશોભ્યતા અને અડવાપણું ખેદરૂપ થયું. અશોભ્ય જણાવાનું કારણ માત્ર વીંટી. એજ ઠર્યું કે? જો વીંટી હોત તો એવી અશોભા હું ન જોત. એ મુદ્રિકાથી મારી આ આંગળી શોભા પામી, એ આંગળીવડે આ હાથ શોભે છે, અને એ હાથવડે આ શરીર શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું? અતિ વિસ્મયતા? મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ દીપ્ત કરનાર તે મણિ માણિક્યાદિના અલંકારો, અને રંગબેરંગી વસ્ત્રો ઠર્યાં. એ કાંતિ, મારી ત્વચાની શોભા ઠરી. એ ત્વચા શરીરની ગુપ્તતા ઢાંકી સુંદરતા દેખાડે છે. અહોહો! આ મહા વિપરીતતા છે? જે શરીરને હું મારૂં માનું છું તે શરીર તે માત્ર ત્વચાવડે. તે ત્વચા કાંતિવડે અને તે કાંતિ વસ્ત્રાલંકારવડે શોભે છે, ત્યારે શું મારા શરીરની તો કંઈ શોભા નહિજ કે? રૂધિર, માંસ, અને હાડનોજ કેવળ એ માળો કે? અને એ માળો તે હું કેવળ મ્હારોજ માનું છું. કેવી ભૂલ? કેવી ભ્રમણા? અને કેવી વિચિત્રતા છે? કેવળ હું પરપુદ્‌ગલની શોભાથી શોભું છું. કોઇથી રમણિકતા ધરાવતું શરીર તે મારે મારૂં કેમ માનવું? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વભાવ રાખું તોપણ કેવળ દુઃખમય અને વૃથા છે. આ મારા આત્માનો એ શરીરથી એક કાળે

વિયોગ છે? આત્મા જ્યારે બીજા દેહને ધારણ કરવા પરવરશે ત્યારે આ દેહ અહીં રહેવામાં કાંઈ શંકા નથી. એ કાયા મારી ન થઇ અને નહિ થાય, ત્યારે હું એને મારી માનું છું કે માનું એ કેવળ મૂર્ખતા છે.

જેનો એક કાળે વિયોગ થવાનો છે, અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે. તેમાં મમત્વપણું શું રાખવું? એ જ્યારે મારી થતી નથી ત્યારે મારે એનું થવું શું ઉચિત છે? નહિ, નહિ. એ જ્યારે મારી નહિ. ત્યારે હું એનો નહિ. એમ વિચારૂં, દૃઢ કરૂં, અને પ્રવર્તન કરૂં, એ વિવેકબુદ્ધિનું તાત્પર્ય છે. આ આખી સૃષ્ટિ અનંત ચીજથી અને અનંત પદાર્થોથી ભરી છે, તે સઘળા પદાર્થ કરતાં જેના જેટલી કોઇ પણ વસ્તુપર મારી પ્રિયતા નથી, તે વસ્તુ તે મારી ન થઇ તો પછી બીજી કઈ વસ્તુ મારી હોય? અહોહો! હું બહુ ભૂલી ગયો. મિથ્યા મોહમાં લથડી પડયો. તે નવ યૌવનાઓ, તે કુળદિપક પુત્રો, તે અઢળક લક્ષ્મી અને તે છ ખંડનું મહાન્ રાજ, એ મારાં નથી. એમાંનું લેશ માત્ર પણ મારૂં નથી. એમાં મારો કિંચિત્ ભાગ નથી. જે કાયાથી હું એ સઘળી વસ્તુઓનો ઉપભોગ લઉં છું, તે ભોગ્ય વસ્તુ જ્યારે મારી ન થઇ, ત્યારે બીજી મારી માની બેઠેલો વસ્તુ, સ્નેહી, કુટુંબી આદિ મારાં શું થનાર હતાં? નહિ કંઇજ નહિ. એ મમત્વભાવ મારે જોઇતો નથી. એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર, એ વૈભવ, એ લક્ષ્મીને મારે મારા માનવાંજ નથી. હું એનો નહિ, ને એ મારાં નહિ. પુણ્યાદિ સા·

ધીને મેં જે જે વસ્તુ પ્રાપ્ત કરી, તે તે વસ્તુ મારી ન થઇ એના જેવું સંસારમાં બીજું કયું ખેદમય છે? મારાં ઉગ્રપુણ્યત્વનું પરિણામ આજ કે? છેવટે એ સઘળાંનો વિયોગજ કે? પુણ્યત્વનું એ ફળ પામીને એની વૃદ્ધિને માટે મેં જે જે પાપ કર્યાં તે તે મારા આત્માએ ભોગવવાંજ કે? તે પણ એકલાએજ કે? એમાં કોઇ સહીયારી નહિજ કે? નહિ નહિ. એ અન્યત્વભાવવાળા માટે હું મમત્વ દર્શાવી આત્માનો અનહિતૈષી થઇ એને રૌદ્ર નર્કનો ભોક્તા કરૂં એ જેવું કયું અજ્ઞાન છે? એવી કઇ ભ્રમણા છે? એવો કયો અવિવેક છે?

ત્રેસઠશલાકા પુરૂષમાંનો હું એક ગણાયો, ત્યાં આવાં કૃત્ય ટાળી શકું નહિ. અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઇ બેસું એ કેવળ અયુક્ત છે. એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને એ વાહનાદિ સુખનો મારે કશો અનુરાગ નથી. મમત્વ નથી. વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડયું કે તિમિરપટ ટળી ગયું, શુકલધ્યાન પ્રાપ્ત થયું, અશેષઘાતિકર્મ બળીને, ભસ્મીભૂત થયાં!!! મહા દિવ્ય અને સહસ્ત્ર કિરણથી પણ અનુપમ કાંતિમાન કૈવલ્યજ્ઞાન પ્રગટ થયું. તેજ વેળા એણે પંચમુષ્ટિ કેશ લોચ કર્યો. શાસનદેવીએ એને સંતસાજ આપ્યો, અને તે મહા વિતરાગી, સર્વજ્ઞ, સર્વદર્શી, થઇ ચતુર્ગતિ, ચોવીશ દંડક, તેમજ આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિરક્ત થયો. ચપળ સંસારનાં સઘળાં સુખ વિલાસથી એણે નિવૃત્તિ કરી. રાગ દ્વેષ ગયો, અને તે નિરંતર સ્તવવા યોગ્ય પરમાત્મા થયો.

ખરેખર ભરતનું મનન કરવા યોગ્ય ચરિત્ર સંસારની શોકાર્તતા અને ઐાદાસિન્યતાનો પૂરેપૂરો ભાવ ઉપદેશ, અને પ્રમાણુદર્શિત કરે છે. કહો ? એને ત્યાં કંઇ ખામી હતી ? નહોતી. એને ત્યાં નવયોવન સ્રીઓની ખામી, કે નહોતી રાજરિદ્ધિની ખામી. નહોતી વિજયસિદ્ધિની ખામી, કે નહોતી નવનિધિની ખામી. નહોતી પુત્ર સમુદાયની ખામી, કે નહોતી કુટુંબ પરિવારની ખામી. નહોતી રૂપકાંતિની ખાગી કે નહોતી યશકીર્તિની ખામી. એને કોઇ પણ પ્રકારની ખામી નહોતી. એવી રીતે છ ખંડનો પ્રભુ દેવના દેવ જેવો. અઢળક સામ્રાજ્ય લક્ષ્મીનો ભોક્તા, મહાયુનો ધણી, અનેક રત્નની યુક્તતા ધરાવનાર, રાજરાજેશ્વર ભરત આદર્શભુવનને વિષે અન્યત્વભાવના ઉપજવાથી શુદ્ધ વિતરાગી થયો. ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયું, જાણ્યું, અને સર્પ કંચુકવત્ સંસાર પરિત્યાગ કરી તેનું મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યું. મહા વૈરાગ્યની અચળતા, નિર્મમત્વતા, અને આત્મશક્તિનું પ્રફુલ્લિત થવું આ મહા યોગીશ્વરના ચરિત્રમાં કહ્યું છે.

એક પિતાના સો પુત્રમાં નવાણું, આગળ આત્મસિદ્ધિને સાધતા હતા, સોમા આ ભરતેશ્વરે સિદ્ધિ સાધી. પિતાએ પણ એજ સિદ્ધિ સાધી. ભરતેશ્વરી રાજ્યાસનપર બિરાજનારાઓમાંથી આઠપાટ સુધી એજ આદર્શ–ભુવનમાં તેજ સિદ્ધિને પામ્યા કહેવાય છે. એ સકળ સિદ્ધિસાધકમંડળ, અન્યત્વનેજ સિદ્ધ કરી એકત્વમાં પ્રવેશ કરાવે છે. અભિવંદન હો તે પરમાત્માઓને !

ઉક્તચરિત્રો એવો બોધ આપે છે કે આ સંસારમાં દેહ, સ્ત્રી, પુત્ર, ધન, સંપદા અને ભોગાદિનો તને જે જે સંબંધ થયો છે, તે બધાં તારા રૂપથી અન્ય છે એટલે ભિન્ન છે, જુદાં છે, તેમાં તને કોની દિલગીરીનો વિચાર થયાં કરે છે? તે સર્વનો સંબંધ તેં અનંતીવાર જોડયો છે, અને છોડયો છે. જેનો સંયોગ છે તેનો વિયોગ છે. કારણકે વૈરાગ્યશતકમાં કહ્યું છે કેઃ—

अनथ सुआ अनथ, गेहिणी परि अणोऽवि अनथ;
भूअ बलिव्व कुडुंबं, पखितं हेयकयंतेण.

ભાવાર્થ—હે આત્મન્ ! તું આ સંસારરૂપ ચકડોળ ઉપર ચડીને એમ વિચાર કરે છે કે આ મારૂં સઘળું કુટુંબ મારા ભેગું સદાકાળ એક સ્થિતિમાં રહે, અને આ સર્વ કુટુંબનો મારે કોઈ દિવસ વિયોગ પડે નહિ એવા ઉપાયમાં તું રાત્રી દિવસ મંડેલો રહે છે. પરંતુ એમ વિચાર નથી કરતો કે જે વસ્તુ કેવળ અન્યત્વ અને અસ્થિર સ્વભાવ ધરાવે છે, તે કરોડો ઉપાયે કરી સ્થિર થવાની નથી. કારણકે જે સર્વ કુટુંબી માણસો છે, તે સર્વનાં કર્મ જુદાં જુદાં છે. પરંતુ એકરૂપે નથી. તેથી સ્ત્રી, પુત્ર અને પુત્રીઓ આદિ પરિવાર પોતપોતાના કર્માનુસારે નાના પ્રકારની ગતિઓમાંથી જેવી રીતે આવ્યાં હતાં તેવી રીતે પાછાં ચાલ્યાં જાય છે. તે કેવી રીતે ચાલ્યાં જાય છે? ઉત્તર—જેમ કોઇ ભૂત-દેવતાને બળી બાકળા ફેંકે છે, તે બળી બાકળા પરાધીનપણે જુદી જુદી જગાએ જઈ પડે છે; તેમ આ બિચારા સ્ત્રી, પુત્રાદિ કુટુંબીજનો કર્માધીનપણાથી

અનેક પ્રકારની ગતિઓમાં જઇ પડે છે. એમ વિચારી તેવા ખોટા મમત્વને છોડી દઇને તેમના સંયોગ વિયોગમાં રાગ-દ્વેષ ન કરતાં તારા આત્માની ચિંતા કર. મનુષ્ય ભવનો જે જે સમય જાય છે, તેમાં જો તું તારૂં પોતાનું હિત નહિ કરીશ, પાપથી વિમુખ નહિ થઈશ, તથા કુગતિનું કારણ જે રાગ, દ્વેષ, કામ, ક્રોધ અને લોભાદિ કષાયથી તારા આત્માને નહિ મૂકાવીશ, તો નરક તિર્યંચગતિમાં પરાધીન થયા પછી શું કરી શકીશ? જે સ્ત્રી, પુત્ર, સેવકાદિને પોતાનાં માને છે તે મિથ્યા મોહનો મહિમા છે. આનું નામજ મિથ્યાત્વ છે. એ સમસ્ત સંબંધ કર્મજનિત અને અલ્પકાળનો છે. પોતાના સ્વરૂપની ભૂલ થવાથી તે સર્વને પોતાના માની લીધેલ છે, પણ સર્વ સંસારી જીવોની પ્રકૃતિ જુદી જુદી છે. પ્રકૃતિ મળ્યા વિના પ્રીતિ કેમ થાય? જો કોઇથી પોતાના વિષય-કષાયરૂપ પ્રયોજન પાર પડતાં હોય તો તેની સાથે પ્રીતિ કરે છે, પણ વિના પ્રયોજને પ્રીતિ થતી નથી. જેવી રીતે કે-વેળુના કણમાં જળાદિ ચીકણાશ મળવાથી તેનો લાડવો બંધાય છે. તેવી રીતે સર્વ કુટુંબીજનો વિષય-કષાયરૂપ ચીકણાશથી સંબંધ ધરાવે છે, પણ જળ સૂકાઈ જવાથી કણીઆ જુદા જુદા પડી જાય છે. તેમ વિષય-કષાયરૂપ મતલબ પાર ન પડવાથી પ્રીતિ છોડી દે છે. માટે હે આત્મન્! બધું જગત્ વેળુના કણની માફક કોઈ કોઇનું સંબંધી નથી. સંસારી જીવોને જે પોતાના વિષય-કષાય પુષ્ટ કરે તેજ મિત્ર છે, અને તેમાં જે અટકાવ કરે તેજ વેરી

છે. જગત્‌નો એવો સ્વભાવ જાણી અન્યમાં (પરમાં) જે રાગ, દ્વેષ છે તેનો ત્યાગ કર, ત્યાગ કર.

આત્મા સ્વભાવથી (મૂળથી) શરીરાદિથી વિલક્ષણ ચેતનામય છે. દેહ—પુદ્‌ગલ વિનાશક અચેતન,—જડ છે. કારણ કે તે અનેક પુદ્‌ગલ પરમાણુંઓના સમુહથી બનેલ છે, પણ તે તમામ પરમાણું જુદા જુદા વિખરાઈ જશે. અને આત્મા, ચૈતન્ય, સ્વભાવ, અખંડ અવિનાશી રહેશે, તેથી સકળ સંબંધમાં અન્યપણાનો દૃઢ નિર્ણય કરો. આત્માનો સ્વભાવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને મનોકર્મથી અન્ય છે. એમ જાણી અન્યત્વને સિદ્ધ કરી એકત્વને ભાવો.

ઇંદ્રવજ્ર.

જો આપણો દેહજ એ ન હોઈ,
તો અન્યકો આપણ મિત્ર કોઈ;
જે સર્વ તે અન્ય ઇહાં ભણી જે,
કે હો તિહાં હર્ષ વિષાદ કીજે. ૧

ઉપજાતિ.

દેહાદિ જે જીવ થકી અનેરા,
શ્યાં દુઃખ કીજે તસ નાશ કેરાં;
તે જાણીને વાઘણીને પ્રબોધી,
શુકોસલે સ્વાંગ ન સાર કીધી. ૨

(શ્રી કેશરવિમળ.)

૬. અશુચિભાવના.

કાયા મહા એ અશુચિતાઇ,
જિહાં નવ દ્વાર વહે સદાઇ;
કસ્તૂરિ કર્પૂર સુદ્રવ્ય સોઈ,
તે કાય સંયોગ મલીન હોઇ. ૧
અશુચિ દેહી નર નારિ કેરી,
મ રાચજે એ મળમૂત્ર શેરી;
એ કારમી દેહ અસાર દેખી,
ચતુર્થ ચક્રિય પણ તે ઉવેખી. ૨

(શ્રી કેશરવિમળ)

ભાવાર્થ—હે ! ચેતન ! આ કાયા મહા મહા અશુચિમય છે, જેના નવ દ્વારમાં હમેશાં અશુચિ વહ્યાં કરે છે; વળી જેના સંયોગથી કસ્તુરી કર્પૂરાદિ સુગંધી મલીન થઈ જાય છે. સ્ત્રી પુરૂષોનાં શરીર એ મળમૂત્રની શેરી છે. એમાં શું રંજન થવા જેવું છે ? આ કારમી એટલે ક્ષણમાં વિણસી જાય એવી અસાર કાયા દેખીને ચોથા સનત્ કુમાર ચક્રવર્તિએ તેનું મિથ્યામાન તજી દીધું. એ ભગવાન્ સનત્ કુમારનું ચરિત્ર અશુચિ ભાવનાનો ઉત્તમ બોધ આપે છે.

સનતકુમાર.

ચક્રવર્તિની અનેક પ્રકારની સંપદાથી સંયુક્ત શ્રીમાન રાજરાજેશ્વર સનતકુમાર નામે ચોથો ચક્રવર્તિ હતો,

તેનાં વર્ણ અને રૂપ અનુપમ હતાં. એક વેળા સૌધર્મ સભામાં તેના રૂપનાં વખાણ થયાં. કોઈ બે દેવોને તે વાત રૂચી નહિ, તેથી ખાતરી કરવા વિપ્રરૂપે અંતઃપુરમાં ગયા. તે વેળા તેનો દેહ ખેળભર્યો હતો, તેને અંગે મર્દનાદિ પદાર્થોનું વિલેપન થતું હતું, એક નાનું પોતીયું પહેર્યું હતું, એવી રીતે તે સ્નાન મંજન કરાવવા બેઠો હતો. વિપ્રરૂપે આવેલા દેવતા તેનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા, અને ચંદ્ર જેવી કાંતિ જોઇને બહુ આનંદ પામ્યા. જરા માથું ધુણાવ્યું, એટલે ચક્રવર્તિએ પૂછયું-તમે માથું કેમ ધુણાવ્યું ? દેવોએ કહ્યું-હે નરેંદ્ર ! અમે તમારૂં રૂપ નિરીક્ષણ કરવા બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારાં વર્ણ, રૂપની સ્તુતિ સાંભળી હતી. આજે તે વાત અમને પ્રમાણભૂત થઈ, તેથી અમે આનંદ પામ્યા. માથું ધુણાવ્યું તેનું કારણ એ છે કે "જેવું લોકોમાં બોલાય છે તેવુંજ તમારૂં રૂપ છે." એથી વિશેષ છે, પણ ઓછું નથી. સનત્ કુમાર પોતાના સ્વરૂપ વર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી બોલ્યો. તમે આ વેળા મારૂં રૂપ જોયું તે ભલે. પરંતુ હું જ્યારે રાજસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરી સિંહાસનપર બેસું છું ત્યારે મારૂં રૂપ અને મારો વર્ણ જોવાયોગ્ય છે. અત્યારે તો હું ખેળ ભરી કાયાએ બેઠો છું. જો તે વેળા તમે મારાં વર્ણરૂપ જુઓ તો અદ્‌ભૂત ચમત્કાર પામો, અને ચકિત થઈજાઓ. તે સાંભળી દેવોએ કહ્યું. ત્યાર પછી અમે રાજસભામાં આવીશું. એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા. સનત્ કુમારે સ્નાન મંજન

કરાવ્યા પછી ઉત્તમ અને અમૂલ્ય વસ્ત્રાલંકારો ધારણ કર્યા. અનેક ઉપચારથી જેમ પોતાની કાયા વિશેષ આશ્ચર્યતા ઉપજાવે તેમ કરીને રાજસભામાં આવીને સિંહાસનપર બેઠો. આજુ બાજુ સમર્થ મંત્રીઓ, સુભટો, પંડિતો અને સભાસદો પોતપોતાને યોગ્ય આસને બેસી ગયા છે. રાજરાજેશ્વર છત્ર, ચામરથી ને ખમાખમાથી વિશેષ શોભી રહ્યો છે. તે વેળા પેલા બે દેવતાઓ પાછા વિપ્રરૂપે આવ્યા. અદ્ભૂતરૂપ–વર્ણથી આનંદ પામવાને બદલે જાણે ખેદ પામ્યા હોય એવા રૂપમાં તેઓએ માથું ધુણાવ્યું. તેથી ચક્રવર્તિએ પૂછયું–અહો ! બ્રાહ્મણો ! ગઈ વેળા કરતાં આ વેળા તમે જુદા રૂપમાં માથું ધુણાવ્યું એનું શું કારણ છે? તે મને કહો. અવધિજ્ઞાનાનુસારે વિપ્રે કહ્યું. " હે મહારાજ ! તે રૂપમાં અને આ રૂપમાં ભૂમિ આકાશનો ફેર પડી ગયો છે." ચક્રવર્તિએ તે સ્પષ્ટ સમજાવવા કહ્યું. બ્રાહ્મણોએ કહ્યું, કે 'મહારાજાધિરાજ ! પ્રથમ તમારી કોમળ કાયા અમૃતતુલ્ય હતી, આ વેળાએ ઝેરરૂપ છે, તેથી જ્યારે અમૃતતુલ્ય અંગ હતું ત્યારે આનંદ પામ્યા હતા, આ વેળાએ ઝેરતુલ્ય છે ત્યારે ખેદ પામ્યા છીએ. અમે જે કહ્યું તેની સિદ્ધતા કરવી હોય તો તમે હમણાં તાંબુલ થુંકો, તેપર જે મક્ષિકા બેસશે તે તત્કાળ પરધામ પામશે, સનત્ કુમારે પરીક્ષા કરી તો સત્ય ઠરી. પૂર્વકર્મના પાપનો જે ભાગ તેમાં આ કાયાના મદ સંબંધીનો મેળાપ થવાથી એ ચક્રવર્તિની કાયા ઝેરમય થઇ ગઇ. વિનાશીક અને અશુચિમય કાયાનો આવો પ્રપંચ

જોઇને તેના અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેવળ આ સંસાર તજવા યોગ્ય છે. સ્ત્રી, પુત્ર અને મિત્રાદિના શરીરમાં પણ આવીને આવીજ અશુચિ રહી છે. એ સઘળું મોહ માન કરવા યોગ્ય નથી. એમ બોલીને તે છ ખંડની પ્રભુતા ત્યાગ કરીને ચાલી નીકળ્યો. સાધુરૂપે જ્યારે વિચરતો હતો ત્યારે તેને મહા રોગ ઉત્પન્ન થયો. તેના સત્યત્વની પરીક્ષા લેવાને કોઇ દેવ ત્યાં વૈદરૂપે આવ્યો, અને સાધુને કહ્યું કે હું બહુ કુશળ રાજવૈદ છું, તમારી કાયા રોગનો ભોગ થયેલ છે, જો ઇચ્છા હોય તો તત્કાળ મટાડી આપું. સાધુ બોલ્યા—હે વૈદ ! કર્મરૂપ જે મહા મહોન્મત્ત રોગ છે તે રોગ ટાળવાની તમારી જો સમર્થતા હોય તો ભલે મારો આ રોગ ટાળો. એ સમર્થતા ન હોય તો એ રોગ ભલે રહ્યો. દેવતાએ કહ્યું, એ રોગ ટાળવાની સમર્થતા હું ધરાવતો નથી. પછી સાધુએ પોતાની લબ્ધિના પરિપૂર્ણ પ્રબળવડે થુંકવાળી આંગળી કરી તે રોગને ખરડી કે તત્કાળ તે રોગ વિનાશ પામ્યો, અને કાયા પાછી હતી તેવી બની ગઇ. તે વેળા દેવે પોતાનું સ્વરૂપ પ્રકાશ્યું. ધન્યવાદ આપી, વંદન કરી સ્વસ્થાનકે ગયો.

ઉક્ત ચરિત્ર ઉપરથી એવો બોધ મળે છે કે હે આત્મન્ ! તું આ અશુચિમય કાયાનો વિચાર કરીશ તો તને જણાશે કે આ દેહ માતાની યોનીરૂપ દુર્ગંધમય સ્થાનમાં પિતાના વીર્ય અને માતાના મલીન રૂધિરનો મેળાપ થવાથી ઉત્પન્ન થયેલ છે, અને ત્રણ જગત્‌ના એઠરૂપ પુદ્દગલ પરમાણુના પોષણથી વૃદ્ધિ

પામેલ છે, અને ગર્ભને વિષે મહા મલીન દુર્ગંધમય રૂધિર માંસના ભરેલા જરાયુપડલમાં નવ માસ રહેલ છે; તથા અતિ દુર્ગંધ સહન કરી પ્રસવનું ભયંકર સંકષ્ટ સહન કરેલ છે. વળી જેમ મળથી બનેલો અને મળથી ભરેલો ચારે બાજુએ છિદ્ર-વાળો ઘડો હોય, તેમાંથી જે મળ નીકળ્યાં કરે. તેને પાણી આદિ અનેક ઉપચારોથી ધોઇએ તોપણ તે કેવી રીતે સાફ થાય? તેમ આ દેહ હાડ, માંસ, રૂધિર, ત્વચા, નસો, મેદ અને મજ્જા એમ સાત ધાતુથી બનેલ છે. વળી મળમૂત્રરૂપ દુર્ગંધમય વસ્તુથી તથા લટ, કીડા આદિ જંતુથી ભરેલા ચા-મડાના કોથળારૂપ છે. જેનાં મોટાં નવ દ્વારમાંથી તથા સાડા-ત્રણ કરોડ રોમમાંથી નિરંતર મળમૂત્રાદિ દુર્ગંધવાળા પદાર્થો વહ્યાં કરે છે. તેને નદી, કૂવા, સમુદ્ર તથા તીર્થાદિના જળોથી તથા બીજા અનેક સુગંધવાળા પદાર્થોથી ધોઇએ તોપણ તે કેવી રીતે પવિત્ર થાય? કસ્તુરી, કર્પૂર, ચંદન, પુષ્પ, અને તે સઘળાં તીર્થાદિનાં જળો આ દેહના સંયોગથી ઉલટાં અપવિત્ર થાય છે. તો આ અપવિત્ર દેહ કેવી રીતે પવિત્ર થાય? આ જગત્માં જે જે અપવિત્ર વસ્તુઓ છે, તે લોહી, માંસ, મળ, મૂત્ર, વીર્ય, લાળ તથા કાન, નાક અને આંખ આદિના મેલના સ્પર્શથી થયેલ છે. ત્રસ પ્રાણીના દેહના સંબંધ વિના કોઇ અપવિત્ર વસ્તુ આ જગત્માં નથી. આ દેહને પવિત્ર ક-રવાને ત્રણ લોકમાં કોઇ પણ પદાર્થ સમર્થ નથી. તેવા શરીરને વિષે હે જીવ! તું કર્મના વશથી બંધાએલ છે, તેમાં મારા-

પણું માની લઇને એટલે આ શરીર તે હું છું એમ ધારીને તેના ઉપર મમત્વભાવ રાખીને શું કરવા મિથ્યા હેરાન થાય છે.

પવિત્રતાના બે પ્રકાર છે. ૧ લૌકિક, ૨ લોકોત્તર. લૌકિક પવિત્રતા આઠ પ્રકારે છે. કોઈની શુચિ અમુક કાળ ગયા પછી, કોઇની અગ્નિથી, કોઇની ધુપથી, કોઇની રાખથી, કોઇની માટીથી, કોઇની જળથી, કોઈની છાણુથી અને કોઈની દર્ભથી પવિત્રતા થાય છે. એમ જગતમાં આ દેહની પવિત્રતા જળથી મનાએલી છે. પણ રક્તપિત્ત જેવાં, સદૈવ લોહી પરૂથી ગદ્દગદ્દતા, મહારોગની ઉત્પત્તિવાળા, પળમાં વિણસી જવાનો જેનો સ્વભાવ છે એવા દેહની પવિત્રતા માનવી એ મિથ્યા દર્શન છે. મળમૂત્ર, નર્ક, હાડ, માંસ, પરૂ અને શ્લેષ્મથી જેનું બંધારણ ટકયું છે. ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરે વિભ્રમજ છે. સનત્ કુમાર જેવા અતિ પુન્યના ધણીએ જેનું લેશમાત્ર માન કર્યું તે પણ જેથી સંખાયું નહિ તો તે કાયામાં હે! પામર પ્રાણી તું શું મોહ કરે છે. એ કિંચિત્ સ્તુતિપાત્ર નથી. આમ છતાં પણ આગળ આ મનુષ્યદેહને બીજા બધા દેહ કરતાં સર્વોત્તમ કહેવો પડશે. એનાથી સિદ્ધ ગતિની પ્રાપ્તિ છે. તે વાતની સિદ્ધતાને માટે અહીં નામ વ્યાખ્યાન આપ્યું છે.

આત્માના શુભ કર્મનો જ્યારે ઉદય થાય છે, ત્યારેજ તે મનુષ્યદેહ પામે છે. મનુષ્ય એટલે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ અને એક નાકવાળા દેહનો ધણી એમ નથી,

પણ એનો મર્મ જુદો છે. જો એમ માનવામાં અવિવેક કરીએ તો પછી વાનરને મનુષ્ય ગણવામાં દોષ શો? એ બિચારાએ તો એક પૂછડું પણ વધારે પ્રાપ્ત કર્યું છે, પણ એમ નહિ. મનુષ્યપણાનો મર્મ આમ છે. વિવેકબુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે તેજ મનુષ્ય. બાકી બધા એ સિવાયના દ્વિપાદરૂપે પશુજ છે. પંડિત પુરૂષો નિરંતર એ માનવપણાનો આમજ મર્મ પ્રકાશે છે, વિવેકબુદ્ધિના ઉદયથી મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે, અને એ માર્ગમાં પ્રવેશ એ માનવદેહની ઉત્તમતા છે. તોપણ તે દેહ કેવળ અશુચિમયજ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી એમ નિરંતર સ્મૃતિમાં રાખવું ઉચિત છે.

આ દેહની લોકોત્તર પવિત્રતા એ છે કે કર્મમળને ધોઈ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર થવું, એ પવિત્રતાનું કારણ રત્નત્રયીભાવ છે. રત્નત્રયીના ધારક, પરમ સામ્યભાવવાળા દશ યતિ ધર્મ સંયુક્ત સુસાધુ છે. જેના સમાગમથી અમૂર્તિક આત્માના સ્વભાવને મલીન કરનારા મિથ્યાત્વ, વિષય, કષાય, રાગદ્વેષ આદિનો ક્ષય થઈ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. માટે આત્માને અનાદિકાળથી રાગાદિ કર્મમળ વળગેલા છે તે દૂર કરવા દેહ ઉપરનો રાગ તજી અશુચિભાવના ભાવો.

ગીતિવૃત્ત.

ખાણ મૂત્રને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણિને, માન ત્યજીને કર સાર્થક આમ.

(શ્રીમદ્ રાજચંદ્ર.)

૭. આશ્રવભાવના.

માલિની વૃત.

ઇહિ અવિરતિ મિથ્યા યોગ પાપાદિ સાધે,
ઇણુ ઉણુ ભવ જીવો આશ્રવે કર્મ બાંધે,
કરમ જનક જે તે આશ્રવો જે ન રૂંધે,
સમર સમય આત્મા સંવરી સો પ્રબુદ્ધે.

ભાવાર્થ—કર્મ આવવાનું કારણ આશ્રવ છે. જેમ સમુદ્રની વચ્ચે છિદ્રાળું વહાણ હોય, તેમાં પાણી ભરાઇ જાય, ઘરનું બારણું ખુલ્લું હોય તેમાં કૂતરૂં પેસી જાય, અથવા ચીકણા વસ્ત્રપર રજ ચોંટી જાય, તેમ બાર અવ્રત, સોળ કષાય, નવ નોકષાય, પંચ પ્રકારનાં મિથ્યાત્વ, અને મન, વચન, કાયાના પંદર યોગ મળીને ૫૭ આશ્રવદ્વાર એટલે પાપનો પ્રવેશ કરવાનાં ગડનાળાં અથવા પ્રનાલ છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ એ પાંચ પ્રકારનાં મહાવ્રત છે; એટલે એ પાંચ પ્રકારના પાપનો સર્વથા ત્યાગ. એ પાંચ મહાવ્રતો સંયમધારી મુનિરાજને હોય છે. એ પાંચ મહાવ્રતો દેશે ઉણાં હોય તો તેને અણુવ્રતો કહે છે, એટલે એ પાંચ પ્રકારના પાપનો એક દેશે ત્યાગ. તે પાંચ અણુવ્રતો વ્રતધારી શ્રાવકને હોય છે. કારણ કે ત્રસ જીવની મન, વચન અને કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ, અને કરનારને સારૂં કરી માનવું નહિ, એવો નિયમ હોય છે. પણ સ્થાવરની વિરાધના પ્રયોજનના વશથી કરવી પડે છે. તેથી

ગૃહસ્થને એક દેશથી હિંસાનો ત્યાગ હોય છે. બાકીના ચાર ગુણવ્રત. અને ત્રણ શિક્ષાવ્રત મળી બાર વ્રત છે. તે બારવ્રત ધારણ નહિ કરવાથી પાપનો આશ્રવ થાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. તે દરેકની અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર ચોકડી મળી સોળ કષાય છે. સ્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એ નવ નોકષાય છે.

પાંચ પ્રકારના મિથ્યાત્વ છે.

મન, વચન અને કાયાના મળી પંદર યોગ છે.

મન, વચન, કાયાના શુભાશુભ પરિણામથી શુભાશુભ કર્મનો આશ્રવ થાય છે. પરિગ્રહની અભિલાષા, ઇંદ્રિયના વિષયની લોલુપતા, પારકું ધન હરી લેવાની ઇચ્છા, અન્યાયમાં પ્રવર્તન, અભક્ષનું ભક્ષણ, સાત વ્યસનનું સેવવું, પારકું બુરૂં કરવાની વૃત્તિ રાખવી, એવી એવી મનની પ્રવૃત્તિ થવાથી પાપનો આશ્રવ થાય છે. વળી પોતાની પ્રશંસા અને પરની નિંદા, હિંસારંભ કરવાવાળા, વિષયાનુરાગ વધારવાવાળા, કષાયરૂપ અગ્નિને સળગાવવાવાળા, ધર્મ વિરૂદ્ધ મિથ્યાત્વ સ્વરૂપને પુષ્ટ કરવાવાળા વચનોથી પાપનો આશ્રવ થાય છે. યત્ના વિના કરૂણારહિત સ્વચ્છંદતાથી દેહનું પ્રવર્તાવવું, મહાઆરંભની પ્રવૃત્તિ અને દેહની સારવારમાં રહેવું ઈત્યાદિ કાયયોગથી પાપનો આશ્રવ થાય છે; પણ એથી ઉલટી રીતે એટલે પાંચ ઇંદ્રિયોના વિષયમાં સંતોષ ધરવો. એટલે વિષયથી વિરક્ત થવું. પરોપકાર કરવાની ઇચ્છા,

દુઃખી પ્રત્યે દયાની લાગણી, તત્વનું ચિંતવન, સર્વ જીવ પ્રત્યે મિત્રભાવ, પંચપરમેષ્ટીમાં ભક્તિ, ધર્માત્મા પ્રત્યે અનુરાગ, તપ, વ્રત, શિયલ અને સંયમની ઇચ્છા એવી એવી મનની પ્રવૃત્તિ થવાથી પુન્યનો આશ્રવ થાય છે. સત્ય, હિત, મિષ્ટ તથા પરમાગમને અનુકૂળ વચનો, સિદ્ધાંતની વાંચના, પૃચ્છના, પરાવર્તના, તથા અનુપ્રેક્ષા કરવાથી પુન્યનો આશ્રવ થાય છે. જિનેશ્વરની સેવા, ધર્માત્મા પુરૂષની વૈયાવચ્ચ, જતનાથી જીવની દયા, ઇત્યાદિ કાયયોગથી પુન્યનો આશ્રવ થાય છે. એમ મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિને તીવ્રમંદ કષાયના યોગથી નાના પ્રકારના કર્મનો તીવ્રમંદ બંધ થાય છે. તેના ઉપર મુક્તસુક્તાવળીમાં કહ્યું છે કેઃ—

જે કુંડરિકે વ્રત છાંડિ દીધું,
ભાઈતણું તે વળિ રાજ્ય લીધું;
તે દુઃખ પામે નરકે ઘણેરા,
તે હેતુ એ આશ્રવ દોષ કેરા.

વિશેષાર્થઃ—દૃષ્ટાંતરૂપે.

મહાવિદેહક્ષેત્રમાં વિશાળ પુંડરિગિણી નગરીના રાજ્યસિંહાસનપર પુંડરિક અને કુંડરિક નામે બે ભાઈ હતા. એક વેળા મહા તત્વજ્ઞાની મુનિમહારાજ વિહાર કરતા ત્યાં સમોસર્યા. મુનિના વૈરાગ્ય વચનામૃતથી કુંડરિક દિક્ષાનુરક્ત થયો, અને ઘેર આવ્યા પછી પુંડરિકને રાજ્ય સોંપી ચારિત્ર ગ્રહણ કર્યું. સરસ નિરસ આહાર કરતાં થોડા કાળમાં તે મહારોગથી પીડાયો, તેથી ચારિત્ર પરિણામે

ભંગ થયો. પુંડરિગિણી નગરીની અશોકવાડીમાં આવીને તેણે સંત-ઉપગરણ વૃક્ષે વળગાડી મૂકયાં. પછી નિરંતર તે ચિંતવન કરવા લાગ્યો કે પુંડરિક મને રાજ્ય આપશે કે નહિ આપે. વનપાળે કુંડરિકને ઓળખ્યો, તેથી તેણે જઇને પુંડરિકને સર્વ હકીકત જણાવી કે, આકુળવ્યાકુળ થતો તમારો ભાઇ અશોકબાગમાં રહ્યો છે. પુંડરિકે આવી કુંડરિકનાં મનોભાવ જોયાં, તેને ચારિત્રથી ડોળાયમાન થતો જોઇ કેટલોક ઉપદેશ આપી સમજાવ્યો, પણ તેનું મન સ્થિર થયું નહિ; તેથી તેને ઘેર તેડી લાવી રાજ્ય સોંપી દીધું. પણ કુંડરિકની આજ્ઞાને સામંત કે મંત્રી કોઇ માનવા લાગ્યા નહિ. ઉલટા તેને ધિક્કારતા હતા. કુંડરિકે ઘેર આવ્યા પછી ક્ષુધાતુરની પેઠે અતિ આહાર કર્યો, તેથી રાત્રે તેને બહુ પીડા થઇને વમન થયું, પણ અભાવથી કોઈ પાસે આવ્યું નહિ, તેથી તેને પ્રચંડ ક્રોધ વ્યાપ્યો. તેણે નિશ્ચય કર્યો કે આ દરદથી જો મને શાંતિ થાય તો પછી પ્રભાતે એ સઘળાને હું જોઇ લઇશ. એવા મહાદુર્ધ્યાનથી મરીને સાતમી નરકે તેત્રીસ સાગરોપમને આયુષ્યે અનંત દુઃખમાં જઇને ઉપજ્યો.

હે જીવ ! ઉક્ત દૃષ્ટાંત ઉપરથી સાર એ છે જે–રાજ્ય, લક્ષ્મી, કંચન, કામિની આદિ સચેત અચેત દ્રવ્ય, પરિગ્રહ તથા કષાયાદિ ભાવ પરિગ્રહ આશ્રવનું મૂળ છે. માટે તેનો ત્યાગ કરવો. જ્યારે તે બંનેનો સર્વથા મન, વચન અને કાયાથી ત્યાગ થશે ત્યારેજ આત્માના અવિનાશી સુખની પ્રાપ્તિ થશે. માટે હે ભવ્યો ! પાપ આવવાનાં ૫૭ આશ્રવદ્વાર બંધ કરો.

૮. સંવરભાવના.

ઇંદ્રવજ્રા.

જે સર્વથા આશ્રવને નિરોધે,
તે સંવરી સંવરભાવ સાધે;
તે ભાવ વંદો ગુરૂ વજ્રસ્વામી,
જેને ત્રિયા કંચન કોડી વામી.

(શ્રી કેશરવિમળ.)

આશ્રવથી ઉલટો શબ્દ સંવર છે.

આશ્રવનો નિરોધ કરવાથી સંવર થાય છે. એટલે પાપને આવવાનાં ગડનાળાં સમાન જે ૫૭ આશ્રવદ્વાર તેને સર્વથા રોકવાં એટલે નવાં આવતાં કર્મના સમૂહને અટકાવવાં તે સંવર.

જેમ આશ્રવ ભાવનામાં કહેવામાં આવ્યું કે સમુદ્રમાં રહેલી નાવને છિદ્ર હોય તો પાણી અંદર ભરાઈ બુડી જાય, પણ તેને બંધ કરી દીધું હોય તો પાણી આવતું નથી, અને તે નાવ પણ બુડતી નથી. તેમ પાપ આવવાનાં પ્રનાળને રોકવાથી નવાં કર્મ આવતાં બંધ થાય છે.

સમ્યગ્ દર્શનથી મિથ્યાત્વ આશ્રવ બંધ થાય છે. પાંચ ઇંદ્રિયો તથા છઠું મન એને રોકવાથી ઇંદ્રિયો તથા મનદ્વારે આશ્રવ થતો બંધ થાય છે.

છકાય જીવની ઘાત કરવાવાળા આરંભના ત્યાગથી તથા દ્વાદશ અવિરતિરૂપ કર્મ આવવાનાં દ્વાર રોકવાથી સંવર થાય છે.

સોળ કષાય, નવ નોકષાયને જીતી દશ લક્ષણયુક્ત યતિ ધર્મને ધારણ કરવાથી સંવર થાય છે. મન, વચન, કાયાના યોગથી કર્મનું આવવું થાય છે, પણ તેને ધ્યાન, સ્વાધ્યાય અને તપાદિવડે રોકવાથી સંવર થાય છે. વળી પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિ પાળવાથી, દશ પ્રકારે યતિધર્મ ધારણ કરવાથી, બાર ભાવના ભાવવાથી, સત્તર પ્રકારે સંયમ પાળવાથી, બાવીશ પરિસહ સહન કરવાથી, નવાં કર્મ આવતાં બંધ થાય છે એટલે સંવર થાય છે. પાંચ પ્રકારના પ્રમાદને તજી યત્નાથી વર્તવું તે સુમતિ છે. જેમાં અહિંસા એટલે દયા મુખ્ય છે. મન, વચન, કાયાના યોગને રોકવું તે ગુપ્તિ છે. સ્વતત્વ એટલે આત્મતત્વનું ચિંતવન કરવું તે ભાવના છે. પૂર્વ કર્મના ઉદયથી ક્ષુધા, તૃષાદિ પરિસહને કાયરતા રહિત સમભાવથી સહેવાં તે પરિસહનો જય છે. રાગાદિ દોષરહિત પોતાના આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે. એવી રીતે જે વિષયકષાયથી વિમુખ થઇ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રવર્તે છે. તેને સુમતિ ગુપ્તિ આદિ ઉપર જણાવેલ ધર્મોવડે નવીન કર્મનો આશ્રવ નહિ થતાં સંવર થાય છે. તેના ઉપર દૃષ્ટાંત.

આશ્રવભાવનામાં કુંડરિક અને પુંડરિક જે બે ભાઈઓનું ચરિત્ર લખ્યું હતું. તેમાં કુંડરિકે પ્રથમ ચારિત્ર ધારણ કર્યું હતું, પણ પાછળથી તેનું મન ડોલાયમાન થવાથી ચારિત્ર તજી રાજ્ય લીધું તેથી મરી સાતમી નરકે ગયો, પણ તેના ભાઇ પુંડરિકે કુંડરિકને રાજ્ય આપી, તેનાં ચારિત્રનાં ઉપગરણ લઇ

નિશ્ચય કર્યો કે કોઇ મહર્ષિ ગુરૂ કને જઈ મારે દીક્ષા અંગીકાર કરવી. ત્યાર પછી અશનપાનાદિ કરવું. આવો અભિગ્રહ ધારી ઘેરથી અડવાણે પગે ચાલી નીકળ્યો. રસ્તે ચાલતાં પગમાં કાંટા વાગ્યા તેથી લોહીની ધારાઓ ચાલી. તોપણ ઉત્તમ ધ્યાને સમતાભાવે રહ્યા. એથી એ મહાનુભાવ પુંડરિક કાળ કરીને સમર્થ સર્વાર્થસિદ્ધ વિમાને તેત્રીસ સાગરોપમને આયુષ્યે દેવરૂપે ઉપન્યો. અહો ભવ્યો !! આશ્રવથી કુંડરિકની શી દુર્દશા ?! અને સંવરથી પુંડરિકની શી શુભદશા ?!

કેવળ કંચન-કામિનીના દ્રવ્યભાવ પરિત્યાગી વજ્રસ્વામીએ સ્રીને આશ્રવનું દ્વાર જાણી તેનો સત્કાર નહિ કરતાં સંવરભાવમાં રહ્યા. તે ઉપર વજ્રસ્વામીનું દ્રષ્ટાંત.

શ્રી વજ્રસ્વામી કેવળ કંચન કામિનીના દ્રવ્યભાવ પરિત્યાગી હતા. એક ધનાવા નામે શ્રીમંતની રૂક્મિણી નામની મનોહારિણી પુત્રી વજ્રસ્વામીના ઉત્તમ ઉપદેશને શ્રવણ કરી મોહિત થઇ. ઘેર આવી માતપિતાને કહ્યું કે જો હું આ દેહે પતિ કરૂં તો માત્ર વજ્રસ્વામીનેજ કરૂં. અન્યની સાથે પરણવાની મારે પ્રતિજ્ઞા છે. રૂક્મિણીને તેનાં માતાપિતાએ ઘણુંએ કહ્યું. ઘેલી ! વિચાર તો ખરી કે મુનિરાજ તે વળી પરણશે ? એણે તો આશ્રવદ્વારની સત્ય પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે, તોપણ રૂક્મિણીએ કહ્યું ન માન્યું. નિરૂપાયે ધનાવા શેઠે કેટલુંક દ્રવ્ય અને પોતાની સ્વરૂપવાન પુત્રી રૂક્મિણીને સાથે લીધી, અને જ્યાં વજ્રસ્વામી બિરાજતા હતા ત્યાં આવીને કહ્યું કે,

આ મારી સુકોમળ અને અતિ સ્વરૂપવાન પુત્રી રૂકિમણીની સાથે પાણીગ્રહણ કરી આ લક્ષ્મી છે તેનો તમે યથારૂચિ ઉપભોગ કરો, અને વૈભવવિલાસમાં વાપરો. એમ કહીને તે પોતાને ઘેર ગયો. યોવનાવસ્થાને પ્રાપ્ત થયેલી અને રૂપના અંબારરૂપ રૂકિમણીએ વજ્રસ્વામીને અનેક પ્રકારે ભોગ સંબંધી આમંત્રણ કર્યું, ભોગનાં સુખ અને પ્રકાર વર્ણવી બતાવ્યાં, મનમોહક હાવભાવ તથા અનેક પ્રકારના ચળાવવાના ઉપાયો કર્યા; પરંતુ તે કેવળ વૃથા ગયા. મહા સુંદરી રૂકિમણી પોતાના મોહકટાક્ષમાં નિષ્ફળ થઇ. ઉગ્રચરિત્ર વિજયમાન વજ્રસ્વામી મેરૂની પેઠે અચળ અને અડોલ રહ્યા. રૂકિમણીના મન વચન અને કાયાના સર્વ ઉપદેશ અને હાવભાવથી તે લેશમાત્ર પીગળ્યા નહિ. આવી અતિ વિશાલ અને અડગ દૃઢતાથી રૂકિમણી બોધ પામી, અને નિશ્ચય કર્યો કે, આ સમર્થ જીતેંદ્રિય મહાત્મા કોઈ ક પોતાના ચારિત્રથી ચલિત થનાર નથી. લોહ પત્થર પીગળા ાા સુલ્લભ છે, પણ આ મહા પવિત્ર સાધુ વજ્રસ્વામીને પેગળાવવા સંબંધીની આશા નિરર્થક છતાં અધોગતિના કારણરૂપ છે. એમ સુવિચારી તે રૂકિમણીએ પિતાએ આપેલી લક્ષ્મીને શુભક્ષેત્રે વાપરીને ચારિત્ર ગ્રહણ કર્યું. મન, વચન અને કાયાને અનેક પ્રકારે દમન કરી આત્માર્થ સાધ્યો.

હે આત્મન્! તત્વજ્ઞાનીઓ એને સંવરભાવના કહે છે, માટે તું પણ આશ્રવનો ત્યાગ કરી સંવરભાવના ભાવ, કે જેથી નવાં કર્મ આવતાં બંધ થાય.

દોહા.

શુભ માનસ માનસ નરી, ધ્યાન અમૃત રસરેલી;
નવદળ શ્રી નવકાર પય, કરી કમળા સમકેલી. ૧
પાતક પંક પખાળીને, કરી સંવરની પાળ;
પરમ હંસ પદવી ભજો, છોડી સકળ જંજાળ. ૨

૯. નિર્જરાભાવના.

માલિની વૃત.

દુય દશ તપ ભેદે, કર્મ એ નિર્જરાએ;
ઉત્પત્તિ સ્થિતિ નાસે, લોક ભાવા ભરાએ,
દુર્લભ જગ બોલી, દુર્લભી ધર્મ બુદ્ધિ;
ભવહરણિ વિભાવો, ભાવના એહ શુદ્ધિ.

ઉપજાતિ વૃત.

બે નિર્જરા કામ સકામ તેહી,
અકામ જે તે મરૂદેવી જેહી;
તે જ્ઞાનથી કર્મ નિર્જરીજે;
દઢપ્રહારી પરિતો તરી જે.

(શ્રી કેશરવિમળ.)

વિશેષાર્થ—સંસાર હેતુભૂત કર્મસંતતિનો ક્ષય કરવો તે નિર્જરા. બાર પ્રકારના તપવડે કરી કર્મઓઘને બાળીને ભસ્મીભૂત કરવાં તેનું નામ નિર્જરાભાવના કહેવાય છે.

તપના બાર પ્રકાર છે. છ બાહ્ય અને છ અભ્યંતર તપ છે. અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, અને સંલીનતા. એ છ બાહ્યતપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન (સ્વાધ્યાય) ધ્યાન, અને કાયોત્સર્ગ. એ છ અભ્યંતર તપ છે.

૧. અનશન—તેના બે પ્રકાર છે. ૧ થોડા કાળ સુધીનું. ૨ યાવત્ જીવિત સુધીનું.

થો ા કાળ સુધીનું અનશન તેના ઘણા ભેદ છે. નોકારસી, પોરસી, એકાસણું, આંબેલ, ઉપવાસ, અને એક ઉપવાસથી માંડી છમાસી તપ સુધી વિવિધ પ્રકારના ભેદ છે, તેથી ઇંદ્રિયો મદોન્મત્ત (બળવાન) થતી નથી. નિદ્રા ઓછી થાય છે. નિદ્રા ઓછી થવાથી જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાય સુખેથી કરી શકાય છે, માટે છતી શક્તિ નહિ ગોપવતાં એકાસણું, ઉપવાસાદિ તપ કરવો. બીજું યાવત્ જીવિત સુધીનું અનશન. તેના બે પ્રકાર છે. ૧ પાદોપગમન. ૨ ભાત પચ્ચખ્ખાણ.

૨. ઉણોદરી—એનો અર્થ એવો થાય છે કે, પેટ ભરી ઠાંસી ઠાંસીને ખાવું નહિ, પણ બે ચાર કવલ (કોળીઆ) ઉણા રહેવું. પુરૂષને ૩૨ કવલનો અને સ્ત્રીને ૨૮ કવલનો આહાર કહેવાય છે; તેમાંથી એકાદ બે કોળીઆ ઉણા રહેવું તે દ્રવ્ય ઉણોદરી. અને ક્રોધ, માન, માયા, લોભાદિ અલ્પ કરવા તે ભાવ ઉણોદરી કહેવાય છે.

૩. વૃતિસંક્ષેપ—પોતાતા મનની વૃતિને સંક્ષેપવી એટલે ટુંકી કરવી. વૃતિઓ અટકાવી શાંત પાડવી. સાધુને ગોચરીના અભિગ્રહરૂપ વૃતિસંક્ષેપ જાણવો. તેના ચાર ભેદ છે. ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી. દ્રવ્યથી નિર્લેપ વસ્તુ લેવા આદિનો અભિગ્રહ. ક્ષેત્રથી અમુક મહોલ્લા યા શેરીમાંથી આહાર મળે તો લેવો, એવો અભિગ્રહ કરવો તે. કાળથી અમુક કાળે ગોચરીએ જવું તે. ભાવથી–રૂદન કરતો, ગાયન કરતો, પુરૂષ યા સ્ત્રી આહાર આપે તો લેવો. એવા એવા અનેક તરેહના અભિગ્રહ કરવા તે જેમ મહાવીર સ્વામીએ તથા ઢંઢણ ઋષિએ અભિગ્રહ કર્યા હતા. શ્રાવક આશ્રયી વૃતિસંક્ષેપ ચૌદ પ્રકારનો છે. જેને ચૌદ નિયમ ધારવા એમ કહે છે. તે ચૌદ નિયમની ગાથાઃ—

सच्चित दव्व विगई, वाणह तंबोल वथ्थ कुसुमेसु
वायण सयण विलेवण, बंभदिसि न्हाण भत्तेसु

૪. રસત્યાગ—વિકાર ઉત્પન્ન કરનારા ષટ્રસાદિ **ભોજનનો** પરિત્યાગ કરવો, એટલે વિગયનો ત્યાગ કરવો.

૫. કાયકલેશ અનેક પ્રકારે છે.

વીરાસન, ઉત્કટીઆસન, પદ્માસન આદિ અનેક આસનો છે. શરીરની સુશ્રુષારહિત લોચાદિકષ્ટ સહન કરવું તે કાયકલેશ કહેવાય છે.

૬. પ્રતિસંલીનતા—તેના ચાર ભેદ છે. ઇંદ્રિયો, કષાય અને યોગને સંકોચી કાચબાની માફક ગુપ્ત ઇંદ્રિયને ગોપવી રહેવું અથવા એકાંત વસ્તીએ રહેવું.

જે કષ્ટને મિથ્યાત્વીઓ પણ તપ માને છે, જેને લોકો પણ દેખી શકે છે, જેથી કષ્ટ ઘણું અને લાભ અલ્પ થાય છે, તથા બાહ્ય શરીરને તપાવે છે, તેથી એ ૬ છ પ્રકારનાં બાહ્ય તપ છે.

અભ્યંતરતપ—૧ પ્રાયશ્ચિત તપ એટલે કરેલા અપરાધની (પાપની) શુદ્ધિ કરવા કપટરહિતપણે લાગેલા દોષને ગુરૂ આગળ પ્રકાશ કરી, ગુરૂમુખે પ્રાયશ્ચિત લેવું. તેના દશ ભેદ છે.

૨. વિનય—જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિનો વિનય કરવો તે. તેના સાત ભેદ છે. વિનય એ ધર્મનું મૂળ છે. જો વિનય ન હોય તો ધર્મજ નથી. જેમકે **"मूलं नास्ति कुतः शाखा।"**

૩. વૈયાવચ્ચ—આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાનિ, નવીન શિષ્ય, કુળ, ગચ્છ, સંઘ અને સાધર્મીક (સ્વધર્મી) એ પ્રકારે દશની અશન, પાન, વસ્ત્ર, પાત્ર તથા ઔષધ પ્રમુખે કરી વૈયાવચ્ચ કરવી.

૪. સ્વાધ્યાય—વાંચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારે જાણવો.

૫. ધ્યાન—તેના ૪ ચાર ભેદ છે. આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલધ્યાન.

આર્ત્તધ્યાન ચાર પ્રકારે છે. ૧ ઈષ્ટનો વિયોગ એટલે પોતાનાં વહાલાં સ્ત્રી પુત્ર મિત્રાદનો વિયોગ થાય, તથા શાતાવેદનીયનો ઉદય હોય તે મટીને અશાતાનો ઉદય થાય. એટલે શાતાવેદનીયનો વિયોગ થવાથી ચિંતા, શોક, અને વિલાપાદિ કરવા તે ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાન.

૨. અનિષ્ટ સંયોગ—પોતાને નહિ ગમતાં એવાં સ્ત્રી, પુત્ર, પુત્રી, બંધુ આદિનો મેળાપ થવાથી, તથા રોગાદિ ઉત્પન્ન થવાથી એમનો વિયોગ ચિંતવવો તે અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાન.

૩. રોગચિંતા આર્ત્તધ્યાન—શરીરને વિષે કોઇ રોગની ઉત્પત્તિ થવાથી તેની ચિંતા કરવી તે રોગચિંતા આર્ત્તધ્યાન.

૪. અગ્રશોચ આર્ત્તધ્યાન—આવતા કાળની જે શોચના કરવી તે. જેમકે અમુક વખતે આ કામ કરીશ; તથા દાન, શીયળ, તપાદિના ફળની ઇચ્છા કરવી, અથવા આ ભવમાં આવાં તપાદિનાં કામ કર્યાં છે, તેથી આવતા ભવને વિષે અમુક વસ્તુની પ્રાપ્તિ થજો. એમ જે નિયાણું કરવું તે ચોથો અગ્રશોચાર્ત્તધ્યાન.

આર્ત્તધ્યાનમાં ચાર લક્ષણ છે. ૧ મોટા સ્વરે રૂદન કરવું. ૨ દીનપણું કરવું. ૩ આંખમાંથી આંસુ પાડવાં. ૪ કિલષ્ટભાષણ વારંવાર કરવું.

૨. રૌદ્રધ્યાન—તેના ચાર પ્રકાર છે.

૧. હિંસાનુબંધી. ૨ મૃષાનુબંધી. ૩ સ્તેયાનુબંધી. ૪ સંરક્ષણાનુબંધી.

૧. હિંસાનુબંધી–એટલે દ્વેષે કરી પ્રાણીઓને મારવાની અથવા વધ બંધનાદિ કરવાની જે ચિંતવના કરવી તે.

૨. મૃષાનુબંધી–પારકી ચાડી ખાવી, અસત્ય વચન બોલવાં, તથા કોઇને ઠગવાના અધ્યવસાય કરવા.

૩. સ્તેયાનુબંધી–ક્રોધ તથા લોભાદિને વશ થઇ બીજાનું દ્રવ્ય હરણ કરવાની જે ચિંતવના કરવી તે.

૪. સંરક્ષણાનુબંધી–વિષય કષાયના સાધનભૂત જે ધનાદિ તેના રક્ષણને અર્થે સર્વ સંબંધીઓનું માઠું ચિંતવવું તે. જેમકે, જો સર્વ જીવતા હશે તો મારૂં ધન લઇ જશે, માટે જો તેઓ મરી જાય તો સારૂં.

તેનાં ચાર લક્ષણ છે. ક્રૂરતા, કઠોરતા, ઠગવાપણું, અને નિર્દયપણું. જેમકે કાળીઆ કસાઈની માફક મરણાંત સુધી પણ હિંસાદિમાં પ્રવૃત્તિ હોય.

૩. ધર્મધ્યાન—તેના ચાર પ્રકાર છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વૈરાગ્યભાવનાએ કરી વીતરાગના વચન ઉપર જે સદ્દહણા એટલે શ્રદ્ધાન રાખવું તે. પહેલું આજ્ઞાવિચય ધર્મધ્યાન.

રાગ, દ્વેષ, વિષય કષાયાદિ જે આશ્રવ છે, તે આ લોકને વિષે અપાયભૂત એટલે અનર્થરૂપ છે. એવી રીતે ચિંતવના કરવી તે બીજું અપાયવિચય ધર્મધ્યાન.

સુખ, દુઃખ, હર્ષ, શોક, સંયોગ, વિયોગાદિનો વિપાક પ્રાપ્ત થવાથી તેના વિષે હર્ષ શોક નહિ કરતાં તેને માત્ર પૂર્વકૃત કર્મનું ફળ જાણવું તે ત્રીજું વિપાકવિચય ધર્મધ્યાન.

જીનેશ્વર ભગવાને કહેલા ષટદ્રવ્યના લક્ષણ તથા સંસ્થાનાદિની જે ચિંતવના કરવી તે. ચોથું સંસ્થાન વિચય ધર્મધ્યાન. તેનાં ૪ ચાર લક્ષણ છે. ૧ આજ્ઞા રૂચિ. ૨ નિસર્ગરૂચિ. ૩ સુત્રરૂચિ. ૪ અવગાઢરૂચિ.

૪ શુકલધ્યાનના ચાર ભેદ છે. ૧ પૃથકૃત્વ વિર્તક સપ્રવિચાર.

૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર. ૩ સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ. ૪ વ્યુછિન્નક્રિયા અપ્રતિપાતિ. તેનાં ચાર લક્ષણ છે. ૧ ક્ષમા, ૨ નિર્લોભતા, ૩ સરળતા, ૪ માર્દવતા.

જેમ ફળનો પાક બે પ્રકારે છે. ૧ સ્વાભાવિક, ૨ પ્રયોગથી. તેમ કર્મ પણ બે પ્રકારે નાશ પામે છે. ૧ સકામનિર્જરા અને ૨ અકામનિર્જરા. અમારાં પૂર્વ કર્મ ક્ષય થાઓ. આવા આશયથી સમકેતી જીવોને તપસ્યાદિ કરતાં જે નિર્જરા થાય છે તે સકામનિર્જરા છે, અને એકેંદ્રિયાદિ જીવોને તાપ, ટાઢ, વરસાદ, છેદનભેદનાદિ સહન કરતાં જે નિર્જરા થાય છે તે અકામનિર્જરા છે. જેમ મરૂદેવી માતાનો જીવ અકામ નિર્જરાથી એકેંદ્રિયમાંથી આવી મરૂદેવી માતાપણે ઉત્પન્ન થયો હતો.

સકામનિર્જરાપર એક વિપ્રપુત્રનું દ્રષ્ટાંત.

કોઈ બ્રાહ્મણે પોતાના પુત્રને સાત વ્યસનનો સેવનારો જાણીને પોતાને ઘેરથી કાઢી મૂકયો, તે ઘેરથી નીકળી જંગલમાં જઇ કોઈ લૂંટારાની ટોળીમાં ભળ્યો. તે ટોળીના ઉપરીએ તેને પોતાના કામમાં હુશિયાર અને પરાક્રમી જાણી પુત્ર કરીને સ્થાપ્યો. એ વિપ્રપુત્ર દુષ્ટ દમન કરવામાં દ્રઢપ્રહારી જણાયો. તે ઉપરથી એનું ઉપનામ દ્રઢપ્રહારી કરીને સ્થાપ્યું. તે દ્રઢપ્રહારી તસ્કરમાં અગ્રેસર થયો. નગર, ગામ વગેરે ભાંગવામાં બળવત્તર છાતીવાળો ઠર્યો. તેણે ઘણા પ્રાણીઓના પ્રાણ લીધા. એક વેળા પોતાના સંગતિ સમુદાયને લઇને તેણે એક મોટું નગર લૂંટયું. દ્રઢપ્રહારી એક વિપ્રને ઘેર બેઠો હતો, તે દહાડે તે

વિપ્રને ત્યાં ઘણા પ્રેમભાવથી ક્ષીર ભોજન કર્યું હતું. તે ક્ષીર ભોજનનાં ભાજનને તે વિપ્રનાં મનોર્થિ બાળકડાં ખાવાની લાલચે વિંટાઇ વળ્યાં હતાં. દૃઢપ્રહારી તે ભાજનને અડકવા મંડયો, એટલે બ્રાહ્મણીએ કહ્યું કે " અરે મૂર્ખના સરદાર ! અભડાવ કાં ? અમારે પછી કામ નહિ આવે. એટલું પણ તું સમજતો નથી. દૃઢપ્રહારીને આ વચનથી પ્રચંડક્રોધ વ્યાપ્યો અને તેણે તે દીન સ્ત્રીને કાળધર્મ પમાડી. નહાતો નહાતો તેનો પતિ તેની સહાયતાએ ધાયો, તેને પણ મારી નાંખ્યો. એટલામાં ઘરમાંથી એક ગાય દોડતી આવી, અને તેણે તેને શીંગડે કરી દૃઢપ્રહારીને મારવા માંડયો, તે મહાદુષ્ટે તરવારના ઝટકાથી તેને પણ મારી નાંખી. એ ગાય ગર્ભવતી હતી તેથી તેના પેટમાંથી એક વાછરડું નીકળી પડયું, તેને તરફડતું દેખી દૃઢપ્રહારીના મનમાં બહુ બહુ પશ્ચાતાપ થયો. તે પોતાના અંતઃકરણમાં ચિંતવવા લાગ્યો કે મને ધિક્કાર છે. કે મેં મહા અઘોર હિંસાઓ કરી ! મારો એ મહા પાપથી કયારે છુટકો થશે ? ખરે ! આત્મસાર્થક સાધવામાં જ શ્રેય છે ! ! એવી ઉત્તમ ભાવનાએ તેણે સ્વહસ્તે પંચમુષ્ટી કેશલુંચન કર્યું. તેજ નગરની ઉગમણી ભાગોળે આવી ઉગ્રકાયોત્સર્ગે રહ્યા. આખા નગરજનોને પૂર્વે એનાથી સંતાપ થયો હતો, તેથી લોકોએ તેને બહુ બહુ પ્રકારે સંતાપવા માંડયો. જતા આવતા લોકોએ ધુળનાં ઢેફાં, પત્થરા, ઇંટાળા, અને લાકડી તરવારાદિની મુઠોથી માર મારીને અતિ સંતાપ્યો. ત્યાં આગળ લોક સમુદાયે દોઢ માસ સુધી તેને પરાભવ કર્યો; પછી

થાકી તેને મૂકી દીધો એટલે દૃઢપ્રહારી ત્યાંથી કાયોત્સર્ગ પાળી આથમણી ભાગોળે જઈ એવાજ ઉગ્રકાયોત્સર્ગથી અડગ રહ્યા. તે દિશાના લોકોએ પણ તેવીજ રીતે ધૂળનાં ઢેફાં અને પત્થરાદિથી મારી મારીને એમજ પરાભવ્યો. દોઢ માસ થયા પછી તેને છંછેડવા મૂકી દીધા એટલે દૃઢપ્રહારી કાયોત્સર્ગ પાળી ત્યાંથી ઓત્તરાદિ ભાગોળે જઈ તેવાજ ઉગ્ર કાયોત્સર્ગે રહ્યા. તે દિશાના લોકોએ પણ અતિ ઘણો પરાભવ કર્યો. પછી દોઢ મહિને થાકી મૂકી દીધાથી તે ચોથી દખણાદિ ભાગોળે દોઢ માસ સુધી કાયોત્સર્ગે રહ્યા. ત્યાં અનેક પ્રકારના પરિસહને સહન કરીને તે ક્ષમાધર રહ્યા. છઠ્ઠે માસે અનેક કર્મ સમુદાયને બાળી વિશોધી વિશોધીને તે કર્મરહિત થયા. સર્વ પ્રકારના મમત્વનો તેણે ત્યાગ કર્યો. અનોપમ દીવ્ય કેવલ્યજ્ઞાન પામીને તે મુક્તિના અનંતસુખને પામ્યા.

ગૃહસ્થો! ઉક્ત દ્રષ્ટાંતથી આપ સર્વની ખાતરી થઇ હશે કે "અન્ય દર્શનમાં પણ સ્રીહત્યા, બ્રહ્મહત્યા, ગૌહત્યા અને બાળહત્યા એ ચાર હત્યાઓનું મોટું પાપ કહેલું છે તેવી ચાર મોટી અને બીજી અનેક જીવોની હત્યા કરનારા દૃઢપ્રહારીએ જે નગરના લોકોને દુઃખ દીધું હતું તેજ નગરનાં લોકોનાં વચનોનો, અને તાડના, તર્જનાદિ મારનો પ્રહાર અતિ ઘણી શમતાથી સહન કરી સકામનિર્જરાથી અનંતભવનાં તથા આ ભવમાં કરેલાં અનેક પ્રકારનાં પાપોને પશ્ચાત્તાપાદિ **અભ્યંતરતપે** કરી બાળી ભસ્મીભૂત કરી કૈવલ્યજ્ઞાન પામી મુક્તિના ભાજન થયા.

તેમજ સુકોશળ, ગજસુકુમાર, અને મેતારજ મુનિ આદિ અનેક મુનિવરો શમતાભાવથી ભાવના ભાવતાં કૈવલ્યજ્ઞાન પામી મુક્તિ પામ્યા છે. એવી આ નિર્જરાભાવના ભાવો.

દોહા.

દૃઢપ્રહારી દૃઢધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાર;
મેતારજ મદન ભ્રમો, સુકોશલ સુકુમાળ. ૧
એમ અનેક મુનિવર તર્યા, ઉપસમ સંવરભાવ;
કઠિણ કર્મ સવિનિર્જર્યા, તેણે નિર્જર પ્રસ્તાવ. ૨

૧૦. લોકસ્વરૂપભાવના.

માલિનીવૃત્ત.

જિમ પુરૂષ વિલોચે, એ અધોલોક તેવે,
તિરિય પણ વિરાજે, થાળશો વૃત્ત જેવો;
ઉરધ મુરજ જેવો, લોકનાળે પ્રકાશો,
તિમજ ભવનભાનૂ, કેવળી જ્ઞાન ભાવો.

(શ્રી કેશરવિમળ.)

વિશેષાર્થ—જેમ પુરૂષ કેડ ઉપર બે હાથ દઇ પગ પહોળા કરી ઉભો રહે, તેમ લોકનાળ કિંવા લોકસ્વરૂપ જાણવું. એટલે તેની કેડથી નીચેના ભાગમાં અધોલોક, મધ્યમાં ત્રિચ્છાલોક, અને ઉપરના ભાગમાં ઉર્ધ્વલોક છે. તેનો આકાર એવો છે, કે અધોલોક ઉંધા વાળેલા માદળ સરખો છે, મધ્યભાગ એટલે ત્રિચ્છાલોક થાળ અથવા ઝાલારને આકારે છે, અને ઉર્ધ્વલોક મૃદંગ સરખો છે.

ષટ્દ્રવ્યાત્મક તે લોકસ્વરૂપ છે, અને તેની બહાર અનંત આકાશ છે, તેને અલોક કહે છે. લોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને જીવાદિ ષટ્દ્રવ્યો સર્વત્ર વ્યાપી રહેલ છે. અલોકમાં તે પદાર્થો નથી. માત્ર અનંત પ્રદેશમય છે. તે કેવળજ્ઞાનીઓ જાણી શકે છે.

સમસ્ત લોક ઘનોદધિ, ઘનવા અને તનવાએ કરી વીંટાએલ છે. તે ઉત્તર દક્ષિણ ચૌદરજ્જુ ઉંચો છે, અધોલોક નીચેથી સાત રજ્જુથી અનુક્રમે ઘટતા ઘટતા મધ્યમાં એક રજ્જુ પહોળો છે. એટલે સૌથી નીચે સાતમી પૃથ્વી સાત રજ્જુ પહોળી; છઠ્ઠી છ રજ્જુ પહોળી; એમ ઘટતાં ઘટતાં ત્રિચ્છોલોક એક રજ્જુ પહોળો છે. ત્યાંથી વળી ઉપર ચડતાં ક્રમે ક્રમે અકેક રજ્જુ વધતાં વધતાં સાડાત્રણ રજ્જુ ઉંચા ગયા પછી બ્રહ્મસ્વર્ગની અંતમાં પાંચ રજ્જુ પહોળો છે. ત્યાર પછી ઘટતાં ઘટતાં લોકની અંતમાં એક રજ્જુ પહોળો છે. એવી રીતે પૂર્વ પશ્ચિમ લંબાઈ પહોળાઈ છે. સમસ્ત લોકાકાશ ૩૪૩ ઘન રજ્જુ પ્રમાણ છે. એ લોકની મધ્યમાં એક રજ્જુ લાંબી, પહોળી અને ચૌદ રજ્જુ ઉંચી ત્રસનાલી છે. તેમાં ત્રસજીવો છે. ત્રસનાલીની બહાર ઉપપાદ, મારણાંતિક, અને કેવળી સમુદ્ઘાત વિના ત્રસ જીવોનું ગમન હોતું નથી. સ્થાવર જીવો સમસ્ત લોકમાં છે.

અધોલોક, ત્રિચ્છાલોક અને ઉર્ધ્વલોક એવા લોકના ત્રણ પ્રકાર છે. અધોલોક ૭ રજ્જુ અને ઉર્ધ્વલોક ૭ રજ્જુ છે. ત્રિ-

ચ્છાલોક અધોલોકની અંદર એટલે મથાળે છે. તેમજ મુક્તિ-સ્થાન અથવા સિદ્ધશિલા તે પણ ઉર્ધ્વલોકની અંદર એટલે અંતમાં છે. અધોલોકમાં ૭ નારકી, ભુવનપતિ, વ્યંતર અને વાણવ્યંતરાદિ દેવો છે. ત્રિચ્છાલોકમાં, કર્મભૂમી, અકર્મભૂમી, અંતરદ્વીપ, પર્વતો, નદીઓ, દ્રહો, અને સમુદ્રાદિ છે. તથા સૂર્ય, ચંદ્ર, ગૃહ, નક્ષત્રાદિના અસંખ્યાત વિમાનો છે. જંબુદ્વીપ, ઘાતકીખંડ અને પુષ્કરાર્દ્ધ દ્વીપ એ પ્રમાણે અઢી દ્વીપમાં મનુષ્યો છે. ઉર્ધ્વલોકમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તરવિમાન, તથા સિદ્ધશિલા છે.

જેવી રીતે તલમાં તેલ રહેલ છે, તેવી રીતે લોકમાં સર્વત્ર ધર્મ, અધર્મ દ્રવ્યો અસંખ્યાત પ્રદેશમાં વ્યાપી રહેલ છે, તે અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં અનંતાનંત જીવદ્રવ્ય છે. જીવરાશીથી અનંતગુણા પુદ્ગલ દ્રવ્યો છે. વળી લોકના અસંખ્યાત પ્રદેશમાં કાળદ્રવ્યના અણુ જુદા જુદા સ્વરૂપે કરી રહેલ છે. એવી રીતે છએ દ્રવ્યથી લોકાકાશ ભરેલ છે. તેમાં જીવ મિથ્યાત્વ અને અજ્ઞાનના વશથી પરદ્રવ્યને પોતાનું સ્વરૂપ માની અનંતકાળથી ભ્રમણ કરી રહેલ છે.

વૈરાગ્યશતકમાં કહ્યું છે કેઃ—

तंकिंपि नथि ठाणं, लोए वालग्ग कोडिमित्तंपि;
जथन जीवा बहुसो, सुह दुख परंपरं पत्तो.

ભાવાર્થઃ—હે આત્મન્! તું વિચાર કર કે આ ચૌદ રાજ-

લોકમાં વાળના અગ્રભાગ જેટલું એવું કોઈ પણ સ્થળ નથી કે જ્યાં આ જીવ સૂક્ષ્મ બાદર સ્થાવરપણે તથા ત્રસપણે જન્મ મરણ નથી કરી આવ્યો. મતલબ કે સર્વ પ્રદેશે એની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ થયેલ છે. એવું વિચારી, વિષય સુખથી વિરામ પામી તું તારા આત્મસ્વરૂપના અવિનાશી સુખમાં મગ્ન થા.

૧૧. બોધદુર્લ્લભભાવના.

અનાદિ કાળથી જીવ નિગોદમાં વસે છે. એક નિગોદ શરીરમાં સિદ્ધથી અનંત ગુણા જીવ છે. તે બધાની પોતપોતાના કાર્મણ દેહ સંયુક્ત અવગાહના એક દેહમાં છે. એવી રીતે સૂક્ષ્મ બાદર નિગોદ જીવના દેહથી તથા પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરથી લોક ઉપર નીચે બધી તરફ આંતરારહિત ભરેલ છે. જેવી રીતે વેળુના મહાસાગરમાં હીરાની કણી પામવી મહા દુર્લ્લભ છે, તેવી રીતે પાંચ સ્થાવરમાંથી ત્રસપણું પામવું મહા દુર્લ્લભ છે. કદાચિત્ ત્રસપણાને પામે છે તો વિકલત્રયમાંથી (બેરેંદ્રિય, તેરેંદ્રિય અને ચોરેંદ્રિયપણામાંથી) પંચેંદ્રિયપણું પામવું મહા દુર્લ્લભ છે. કદાપિ પંચેંદ્રિયપણું પામી પશુ, સિંહ, વાઘ, સર્પાદિ પર્યાયમાં જઇ ઉપજે તો પંચેંદ્રિયપણું પામ્યો તે ન પામ્યા બરોબર થયું. વળી જેમ ચૌટામાં રત્નનો રાશી પામવો મહા દુર્લ્લભ છે. તેમ ચુલગ પાસાદિ દશ દ્રષ્ટાંતની પેઠે મનુષ્યભવ પામવો મહા દુર્લ્લભ છે.

પૂર્વભવમાં પુણ્યનો ઘણો સંચય પ્રાપ્ત કર્યો હોય છે ત્યારે મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. કદાપિ મનુષ્યભવ પ્રાપ્ત થયો, પણ આર્ય-દેશમાં જન્મ પામવો મહા દુર્લભ છે. જો અતિ શુભકરણીનો સંબંધ હોય તોજ આર્યદેશમાં જન્મ પામે. ભરતક્ષેત્રના બત્રીસહજાર દેશમાં સાડીપચવીશ આર્યદેશ છે, અને સર્વ અનાર્ય દેશ છે.

આર્યદેશ કોને કહેવો? જ્યાં શુદ્ધદેવ, શુદ્ધગુરૂ, અને શ્રી વીતરાગનો પ્રરૂપેલો ધર્મ તેના પ્રવર્તક જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, આચાર્ય, ઉપાધ્યાય, અને સ્થવિર એ સાત હોય તે આર્યદેશ કહેવાય. પૂર્વભવમાં કરેલાં ધર્મ કર્તવ્યના યોગથી આર્યદેશમાં જન્મ થાય; પણ ઉત્તમકુળ જાતિ પામવાં મહા દુર્લભ છે. કદાપિ પૂર્વ જન્મના પુણ્યોદયથી પૂર્વોક્ત ઉત્તમ કુળ પામ્યો, તોપણ તેમાં રૂપ આરોગ્ય એટલે રોગરહિતપણું અને આયુષ્ય એટલાં વાનાંનો સંપૂર્ણ યોગ પામવો તે ખરેખરો દુર્લભ છે. આજના કાળમાં ઉત્તમકુળ પામીને, પણ ઘણા પ્રાણી રોગિષ્ટ, વળી ઘણા પ્રાણી રૂપરહિત તથા ઘણા પ્રાણી હીનાયુ એટલે અલ્પાયુષ્યવાળા દેખાય છે. તેમનાથી ધર્મનાં કાર્ય થઇ શકતાં નથી. તો તે જીવ ઉત્તમકુળ પામ્યો તોપણ શું થયું ? કાંઈજ નહિ. એ પૂર્વોક્ત મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમ-કુળ, રૂપવંતપણું, રોગરહિતપણું અને સંપૂર્ણ આયુષ્ય એ સર્વ વાનાં પામે, પણ સદ્‌ગુરૂનો સંયોગ પામવો મહા દુર્લભ છે. એટલે જે પંચમીગતિના સાધક પોતે સંસારના પાશથી મૂકાણા

અને બીજાને મૂકાવવા સમર્થ એવા કેવળ આત્મજ્ઞાની મુનિ મળવા અતિ અતિ દુર્લ્લભ છે. મુનિ ત્રણ પ્રકારના છે. એક પત્થરસમાન, બીજા કાષ્ટસમાન,ત્રીજા પિંપળાના પાનસમાન અથવા કાગળસમાન. તેમાં પત્થરસમાન ગુરૂ હોય તે પોતે બુડે ને આશ્રય લેનારને પણ બુડાડે. કાષ્ટસમાન હોય તે પોતે તરે ને બીજાને તારે. વહાણની પેઠે. પિંપળાના પાન અથવા કાગળ સમાન હોય તે પોતે તરે પણ આશ્રય લેનારને બુડાડે. માટે બીજા પ્રકારના કાષ્ટસમાન એવા ઉત્તમ સદ્‌ગુરૂ, અકિંચની, નિર્લોભી, દયાવાન, શાંત, ક્ષમાવંત, સત્ય, વૈરાગ્યવાન, બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહના દ્રવ્યથી અને ભાવથી ત્યાગી અને વિતરાગદશાને ભજનારા સુગુરૂ મળવા મહા મુશ્કેલ છે. કદાપી મોટા પુણ્યના સંયોગથી તેવા સદ્‌ગુરૂ મળે પણ આળસ, મોહ, અવિનય, મોટાઈ, અભિમાન, ક્રોધ, પ્રમાદ, કૃપણ, ભય, શોક, અજ્ઞાન, વિકથા, કૌતુક, અને વિષયાદિ તેર કાઠીયા નડે તેથી તેમના દર્શનનો કે તેમની દેશનારૂપી અમૃતવાણી સાંભળવાનો જોગ મળવો મહા દુર્લ્લભ છે. કદાપિ પૂર્વકૃત પુણ્યોદયે તેર કાઠીયાનો અંતરાય નિવારી ગુરૂ દર્શન પામીને દેશના સાંભળે, પણ તેમનાં હીતકારક વચન હૃદયમાં ધારે નહિ; કેમકે પૂર્વે કુગુરૂની સંગતિ કરી છે. તેણે પોતાનાં મિથ્યા ઉપદેશવચન તેને દૃઢપણે રૂચાવ્યાં છે. તો તે કદાગ્રહપણે અસ્થિમજ્જામય કરી રાખ્યાં છે. એટલે હાડ માંસની પેઠે સર્વત્ર વ્યાપી રહેલાં છે. એવો ખોટો ધર્મ દેખાડીને વળી એવું કહ્યું છે કે “ હું કહું

છું એથી ઉપરાંત બીજો કોઇ ધર્મનો સાર છેજ નહિ. તે માટે રખેને તું એ ધર્મથી ચલાયમાન થઈ જા! તુજને બીજો કોઇ પાખંડી મળશે, તે પોતાનો ધર્મોપદેશ કરશે, તેને તું સત્ય જાણીશ નહિ." એમ વારંવાર વચનયુક્તિએ તેને કુગુરૂએ પ્રથમ સમજાવેલ છે, અને તે મુગ્ધ જીવે પણ તેનું વચન પોતાના મનમાં તેવું નિર્ધાર કરી રાખ્યું છે તેને સદ્ગુરૂ મળ્યા, તેણે સંસાર તરવારૂપ ધર્મ કહ્યો, પરંતુ પૂર્વે કુધર્મ અંગીકાર કરેલો છે, તેને યોગે તે ખરા ધર્મને આદરી શકતો નથી. ઉલટો તે મૂર્ખનો ગુરૂ ઉપર અમિત્રતા એટલે શત્રુપણાનો ખોટો ભાવ થાય. એવા પ્રાણી જે હોય, તે ધર્મ પામી શકે નહિ. તેના ઉપર એક દૃષ્ટાંત.

કોઇ એક ગુરૂ ચેલો ભમતાં ભમતાં એક મોટા નગરમાં આવ્યા. ગુરૂ નગર બહાર બેઠો, અને ચેલાને નગરમાં ભિક્ષા લેવા મોકલ્યો. તે ચેલો કોઈ શાહુકારની હવેલીમાં ગયો, ત્યાં સર્વના હાથમાં સોનાનાં કડાં પહેરેલાં દીઠાં. તેથી તેને પણ કડાં પહેરવાની હોંશ થઈ. પછી ભિક્ષા લઈ ગુરૂ પાસે આવ્યો. ગુરૂ સાથે આહાર પાણી લીધા પછી ગુરૂને કહેવા લાગ્યો કે "તમે મને સોનાનાં કડાં પહેરાવો." તો હું તમારી સેવા કરૂં. તેને ગુરૂએ કહ્યું કે બેટા! "યોગમાર્ગમાં એટલે યોગ સાધનાર સાધુ એક દમડી પણ પાસે રાખે નહિ, તો સોનાનાં કડાં કેવી રીતે પહેરે?" તો તારે મારે નહિ બને. એમ કહી યોગી ચેલાને ત્યાંજ મૂકી ચાલતો થયો. પાછળથી ચેલાએ ભિક્ષા માગી અતિ

કષ્ટ સહન કરી પૈસા એકઠા કરી સોનાનાં કડાં પહેરવાનો નિશ્ચય કર્યો. નિત્ય પ્રભાતમાં વહેલો ઉઠી ગામમાં જઇ આટો, કણ આદિ માગી વેચી વેચીને પૈસા એકઠા કર્યા. એમ કરતાં ત્રણ ચાર વર્ષમાં ચારસેં પાંચસેં રૂપિયા એકઠા થયા. તે નગરમાં એક સોની રહે છે. તેની સાથે મિત્રાચારી કરી. એક બીજા ઘણા સ્નેહે મળે તથા વાતચીત કરે. પણ સોની કપટી છે, તેની જોગીને ખબર નથી. એક દિવસે જોગીએ સોનીને કહ્યું કે "હે મેરા મિત્ર! મૈંને ચારસેં પાંચસેં રૂપિયા એકીઠે કિયે હૈ. ઉસકા અચ્છા સુના લેકે મેરેકો કડાં બના દે" એવું સાંભળી સોનીએ કહ્યું કે "તું મારો મિત્ર છે; અને મારી આબરૂ ગામમાં સારી નથી, તેથી ગામના સોની, સરાફ અને નાણાવટી સર્વે મારી સાથે ઇર્ષા રાખે છે, માટે તું બીજા કોઇ સોની પાસે ઘડાવી લે." એ સર્વ સોનીના બોલ જોગીએ સત્ય માન્યા અને ફરી સોનીને કહ્યું કે "તું મેરા મિત્ર હૈ, તો તેરેકું છોડકે દુસરેકી પાસ મેં નહિ બનવાઉંગા." તોપણ સોનીએ વિશ્વાસ બેસાડવા સારૂ એક બે વાર નાકારો કર્યો. પરંતુ જોગીએ પરાણે કડાં ઘડવા સોંપ્યાં. સોનીએ પણ ખરા સોનાનાં કડાં ઘડી તૈયાર કરી જોગીને આપ્યાં ને કહ્યું કે "મારૂં નામ લઇશ નહિ, અને આખા ગામમાં દેખાડી આવ, કે આ મારી ચિઠ્ઠી પ્રમાણે કિંમત થાય છે કે નહિ? જો ચિઠ્ઠી પ્રમાણે કિંમત થાય તો મને સાચો માનજે." જોગીએ પણ નાણાવટી, સરાફ અને સોની આદિ ઘણાને દેખાડી કિંમત

કરાવી તો બરાબર સોનીએ કરી આપેલી ચિઠ્ઠી પ્રમાણે કિંમત થઇ. તેથી જોગીને સોની ઉપર પૂર્ણ વિશ્વાસ આવ્યો. તે વારે કડાં પાછાં લઈ આવીને સોનીને ઓપવા સારૂ આપ્યાં. સોનીએ કહ્યું કે "પ્રભાતના લઈ જજો." પછી સોનીએ તે કડાં જેવાંજ બીજાં પીતળનાં કડાં ઘડી તોલમાં સરખાં કરીને તેની ઉપર રંગ ચડાવી ઓપી પ્રભાતે જોગીના હાથમાં આપ્યાં. અને કહ્યું કે "વળી હું પણ તને એક પારખું દેખાડું, જે આ કડાં છે તે ગઈ કાલે જ્યાં જ્યાં દેખાડયાં હતાં, ત્યાંજ મારૂં નામ લઇને દેખાડજે. તો તે બધા પીતળનાં કહેશે." કારણ કે એ સર્વ મારા દ્વેષી છે. ચેલાએ પણ તેમજ કર્યું અને ફરી બધાને તે સોનીનું નામ લઈ કડાં દેખાડયાં. તે વારે સર્વ કહેવા લાગ્યા કે "આ પીતળનાં છે." એને જોગીએ કહ્યું કે, "તુમ સબ-લોક યહ સોની કે દુશ્મન હો. કલતો તુમ સચે કહેતેથે." તે વારે તે પરીક્ષકોએ કહ્યું કે, "કાલનાં કડાં બીજાં હતાં, અને આ વળી બીજાં છે." માટે તું ઠગાય છે. તોપણ યોગીએ તેમની વાત સર્વથા નહિજ માની. એ દૃષ્ટાંતે વ્યુદગ્રાહિક (હઠાગ્રહી) ચિત્તવાળો પણ સર્વથા સદ્ગુરૂનું વચન નજ માને.

કદાપિ ધારો કે પૂર્વકૃત પુણ્યોદયે કરી સદ્ગુરૂનાં વચન માને, પણ તત્વની બુદ્ધિ આવવી ઘણી દોહલી છે. કારણ કે શૃંગારાદિ રસ જેમાં પ્રાધાન્ય છે એવી કથા આદિ રસે કરી સંયુક્ત જે ગ્રંથ તેના રસે કરી તે શ્રોતા ધર્મ સાંભળે, તેથી સાંભળતો થકો પણ આત્મગુણને ખોઈ નાંખે; માટે તત્વની

બુદ્ધિ ધારવી. કદાપિ પૂર્વકૃત શુભકર્મના ઉદયથી દેશના સાંભળીને ધર્મનું તત્વ ધાર્યું, પણ હે સજ્જનો ! તે શ્રોતાને તત્વની વાત ઉપર શ્રદ્ધા (સદ્દહણા) આવવી ઘણીજ દોહેલી છે. શા માટે જે કોઇ શ્રોતા તો પોતાના મનથી ઉત્પન્ન થઇ જે કલ્પનાજાળ તેથી પોતાની મતિ આગળ કરે. એટલે કહે કે “ ગુરૂ ભલે આમ કહે છે, પણ વાત તો મેં ધારી છે તે પ્રમાણેજ હશે.” તથા કેટલાએક શ્રોતા તો ડામાડોલ થઇ પ્રમાદ મગ્ન થકા ફર્યા કરે એટલે પ્રથમ જેની પાસે જે ધર્મ સાંભળ્યો હોય તે ભલો હશે કે આ કહે છે તે ભલો હશે એમ ચિંતવતા ફરે. પણ સદ્દહણા રાખ્યા વિના સર્વ છાર ઉપર લીંપણા સમાન છે. માટે તત્વની શ્રદ્ધા વિના તત્વ કેમ પામીએ ? આ શુભ છે, તે આદરવા યોગ્ય છે. આ અશુભ છે તે ત્યાગવા યોગ્ય છે. એવી વાતો તો જે વારે સદ્ગુરૂ આદિના મુખથી સાંભળીને ધારે તે વારે તે તત્વ પામે, પરંતુ કહો કે પોતાના વિચારથી તત્વ તે કેમ પામીએ ? જે આળસુ થઇ ઘરમાં બેસી રહે, સદ્ગુરૂની પાસે ધર્મ સાંભળવા ન જાય તે તત્વ કેમ પામે ? તત્વ તો જે આળસ ત્યાગીને ચિત્તમાં ધર્મ સાંભળવાની રૂચિ વધારીને ગુરૂમુખે જિનોક્ત વચન સાંભળે, અને જે જે શંકા ઉપજે તે પૂછી સંદેહ ટાળી દૃઢતા કરે તે તત્વ પામે. પણ આળસુ ગુરૂ શિષ્યની તથા બઠર છાત્રની પેઠે આળસ કરે તથા આપ મતિએ વિચાર કરે તો તે ગુરૂ શિષ્ય તથા બઠર છાત્ર જેમ મરણ પામ્યા તેમ આળસુ તથા મતિ કલ્પનાએ ચાલનારા જીવો નરક નિગોદનાં દુઃખ પામે.

ઉક્ત દૃષ્ટાંતથી એ બોધ મળે છે કે મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, સદ્‌ગુરૂનો સમાગમ, સત્‌શાસ્ત્રનું શ્રવણાદિ સર્વ સામગ્રી પામીએ, પણ સમ્યગ્‌દર્શન પામવું મહા મુશ્કેલ છે. કદાપિ સમ્યગ્‌દર્શન હોય, તો સમ્યક્‌ ચારિત્ર પામવું (સમભાવે વર્ત્તવું) મહા દુર્લ્લભ છે. કદાપિ સમ્યક્‌ ચારિત્ર પ્રાપ્ત થાય, પણ તે આયુષ્ય પર્યંત નિર્વાહ કરી સમાધિ મરણ પર્યંત નિભાવવું મહા દુર્લ્લભ છે. એવી રીતે સમ્યગ્‌ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયને પામી જે જીવ તીવ્ર કષાયાદિના ઉદયથી જેમ સમુદ્રમાં ચિંતામણીરત્ન પડી જાય, તે પાછું પામવું મહા દુર્લ્લભ છે. તેમ જે રત્નત્રયને ગુમાવી દે તે તેને પાછું પામવું મહા દુર્લ્લભ છે. રત્નત્રયનું પામવું મનુષ્ય ગતિમાંજ છે. કારણ કે મનુષ્યગતિમાંજ તપ, વ્રત, નિયમ અને સંયમાદિ ગ્રહણ કરી નિર્વાણપણું પામી શકાય છે. એવી રીતે અતિ અતિ દુર્લ્લભ મનુષ્યજન્મ પામીને જે જીવ વિષય કષાયને સેવે છે. તે જીવ દીવ્યરત્નને-ભસ્મને અર્થે અગ્નિમાં બાળી દે છે.

दंशण भट्ठो भट्ठो, दंसण भट्ठस नत्थि निवाणं;
सिज्झंति चरण रहिया, दंसण रहिय्या न सिज्झंति.

ભાવાર્થ-જે પુરૂષ સમકિતથી ભ્રષ્ઠ થયો, તેજ ભ્રષ્ઠ કહેવાય છે. કારણ કે સમકિતથી ભ્રષ્ઠ થયેલાને મોક્ષ પ્રાપ્ત થતું નથી. કદાપિ દ્રવ્ય ચારિત્રથી રહિત એવા પુરૂષો મોક્ષ પામે છે, પરંતુ સમકિત રહિત પુરૂષો મોક્ષ પામી શકતા નથી. માટે હે ભવ્યો! દુર્લ્લભ એવા સમ્યક્‌ત્વદર્શનની ઉપાસના કરો! ઉપાસના કરો!!

૧૨. ધર્મદુર્લ્લભભાવના.

આ સંસારમાં ધર્મને જાણવાની સામગ્રી પામવી અતિ દુર્લ્લભ છે. તેમાં વળી ધર્મનું શરણ કરવું મહા દુર્લ્લભ છે. ધર્માત્માની સંગતિ મહા દુર્લ્લભ છે. કોઇ વિરલા પુરૂષને મોહની મંદતા ને કર્મની ઉપશમતાથી ધર્મમાં શ્રદ્ધા હોય છે. જેવી રીતે આ જીવ વિષય, કષાય, સ્ત્રી, પુત્ર, ધનાદિમાં પ્રીતિ કરે છે તેવી રીતે ધર્મમાં પ્રીતિ કરે તો સંસારના દુઃખનો અભાવ (નાશ) થાય.

જે સંસારી જીવ પોતાના સુખને નિરંતર વાંચ્છે છે, પણ સુખનું કારણ જે ધર્મ તેનો આદર કરતો નથી, તો તે કેવી રીતે સુખ પામશે ? જેમ બીજ વિના ધાન્યની પ્રાપ્તિ કેવી રીતે હોય ? આ સંસારમાં તિર્થંકરપણું, ઇંદ્રપણું, ચક્રવર્તિપણું તથા બળભદ્રાદિ ઉત્તમપણું પામવું તે સમસ્ત ધર્મના પ્રભાવથીજ થાય છે. વળી ઉત્તમ જાત, કુળ, રૂપ, બળ, ઐશ્વર્ય, સંપદા, સૌભાગ્યાદિ પામવા તે પણ ધર્મનાજ પ્રભાવથી છે. ધર્મથી જય થાય છે, ધર્મથી રાજ્ય મેળવાય છે, ધર્મ સંસારરૂપ અટવીનો માર્ગ બતાવનાર છે. પિતાની માફક રક્ષણ કરે છે, માતાની માફક પોષણ કરે છે, મિત્રની માફક પ્રીતિ કરે છે, તથા બંધુની માફક સ્નેહ રાખે છે.

જેમ સૂર્ય વિના દિવસ, ચંદ્ર વિના રાત્રિ, જીવ વિના શરીર, દીવા વિના ઘર, વિદ્યા વિના મનુષ્ય, ચક્ષુ વિના મોઢું,

છાયા વિના વૃક્ષ, દયા વિના ધર્મ ને પ્રાણી બિના જગત્ શોભતાં નથી; તેમ ધર્મ વિના જીવ શોભતો નથી. વળી સુગંધ વિના ફૂલ, આચાર વગરની કુલીનતા, વિદ્યા વિના તપસ્વીપણું, નાયક વિના સૈન્ય, દાન વિના ધન, સ્રી વગર ઘર ને પ્રતિમા વિના પ્રાસાદ જેમ શોભતાં નથી તેમ માણુસ ધર્મ વિના શોભતો નથી.

ધર્મ રોગીને વૈદ્ય સમાન, નિર્ધનને ધન સમાન, અનાથનો નાથ, ગુણરહિતને ગુણના સમુદ્ર સમાન છે.

કેવળજ્ઞાને કરી જેણે સર્વે જગત્‌ના ભાવ જાણ્યા દેખ્યા છે એવા અરિહંત તેજ ધર્મ સ્વરૂપ યથાર્થપણે પ્રકાશ કરે છે. વિતરાગો સર્વત્ર નિરાગી હોવાથી અસત્ય બોલતા નથી, માટે તેમનો ધર્મ સત્ય છે.

વૈરાગ્યશતકમાં કહ્યું છે કે,—

दुलहो पुण जिणधम्मो, तुम पमायायरो सुहेसीय;
दुसहं च नरय दुखं, कहहोहिसितं न याणामो. १

ભાવાર્થ—શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે, હે જીવ! તું આળસથી સાધુ પાસે જઇને ધર્મ સાંભળી શકતો નથી, તથા મોહથકી ઘરની જંજાળને વિષે મૂઢ થઇને રહ્યો છે. અર્થાત્ સાધુ પાસે જઈ નિત્ય શું સાંભળવું છે? ઘણીવાર સાંભળેલું છે. એમ ધારીને ધર્મ સાંભળવાની અવજ્ઞા કરે છે. વળી જાત્યાદિના અભિમાનથી, ક્રોધથી, પ્રમાદથી, મદ્યાદિ કુવ્યસન સેવવાથી કૃપણપણાથી, ભયથી, અજ્ઞાનથી, કુતુહળથી ઇત્યાદિ અનેક કારણોથી પ્રાપ્ત થયેલું મનુષ્યપણું એળે ગુમાવે છે. પણ ભવસમુ-

દ્રને તારનાર ને સકળ સુખને આપનાર એવા જિનધર્મને કરતો નથી, ઉલટી સંસારિક સુખની વાંચ્છા કરે છે. પણ હે જીવ ! તું સામાન્ય દુઃખ સહન કરી શકતો નથી, તો નર્કનાં દુઃસહ દુઃખ તારાથી કેમ સહન થશે ? ને પરલોકમાં તારી શી ગતિ થશે ?

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुछ विहवाणं;
गुण विहववजियाणं, जियाण तह धम्मरयणंपि.

ભાવાર્થ—તુચ્છ વૈભવવાળા જીવોને એટલે પશુપાળ જેવા સ્વલ્પ પુણ્યવાળા પ્રાણીઓને જેમ ચિંતામણી રત્ન સુખે પામવા યોગ્ય ન હોય; અર્થાત્ પુણ્યહીન જીવો જેમ ચિંતામણીરત્ન પામી શકે નહીં, તેમ સમ્યકત્વાદિ ગુણરૂપ વૈભવરહિત એવા પ્રાણીઓ શુદ્ધ ધર્મરૂપ રત્ન પામી શકે નહીં.

सिद्धीताणनराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं;
सुहसच्चधमरयणे, सुपरिरखे जे न जाणंति.

ભાવાર્થ—જગતને વિષે જે પુરૂષનું શીલ્પ ચાતુર્ય, કળાકૌશલ્ય, ઔદાર્ય તથા શૌર્યાદિકને વિષે કુશળપણું ઘણુંજ વખણાય છે, એટલે રત્નાદિની પરીક્ષા કરવામાં ઘણા ડાહ્યા કહેવાય છે. તે પુરૂષો સુખકારી અને સત્ય એવા ધર્મરૂપ રત્નની પરીક્ષા જો ન કરી શકયા તો તેમના સઘળા ડહાપણને અતિશે ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ !! ધિક્કાર થાઓ !!! તે સંબંધી શાસ્ત્રમાં કહ્યું છે કે—બોતેર કળામાં કુશળ એવા પં-

ડિતપુરૂષો હોય તેમણે જો સર્વ કાળમાં શ્રેષ્ઠ એવા ધર્મની જે કળા તે નથી જાણી તો તે નિશ્ચય અપંડિતજ જાણવા. માટે સર્વ પરિક્ષા કરતાં ધર્મરૂપ રત્નની પરીક્ષા કરવી તેજ શ્રેષ્ઠ પરીક્ષા છે.

जिणधम्मोऽयं जीवाणं, अप्पुवो कप्पपायवो;
सग्गा पवग्ग सुवाणं, फलाणं दायगो इमो.

ભાવાર્થ—આ જિનધર્મરૂપ કલ્પવૃક્ષ અપૂર્વ છે કારણ કે પ્રસિદ્ધ કલ્પવૃક્ષ તો ફક્ત આ લોકને વિષે રહેલા પુદ્ગલીક સુખનેજ આપનાર છે. પરંતુ આ ધર્મરૂપ કલ્પવૃક્ષ તો સ્વર્ગ તથા મોક્ષને આપનાર છે. માટે અપૂર્વ કલ્પવૃક્ષ કહ્યા છે. એવું જાણીને તેનોજ આશ્રય કરવો.

धम्मो बंधु सुमितोय, धम्मोय परमोगुरु;
मुख मग्ग पयट्टाणं, धम्मो परम संदणो.

ભાવાર્થ—જેમ આપદ્કાળને વિષે ભાઇ સહાયતા કરે છે, તેમ સંસારરૂપ આપદ્કાળમાં આ જિનધર્મ સહાય કરે છે; માટે તે ભાઇ સમાન છે. તથા સારો મિત્ર જેમ હિતકારી અર્થને મેળવી આપી સુખ કરે છે, તેમ આ ધર્મરૂપ મિત્ર પણ મનોવાંચ્છિત સુખ મેળવી આપી સુખી કરે છે; તેથી તે સુમિત્ર સમાન છે. વળી જેમ ગુરૂ અસત્ માર્ગથી પાછો વાળે છે, તેમ આ જિનધર્મ પણ નરક તિર્યંચાદિ દુર્ગતિમાં જતા જીવને પાછો વાળે છે. માટે તે ઉત્કૃષ્ટ ગુરૂસમાન છે. તથા જેમ રથે કરીમાર્ગમાં

સુખે જવાય છે, તેમ ધર્મરૂપ રથથી મોક્ષ માર્ગમાં પણ સુખે જઇ શકાય છે; માટે ધર્મ તે પરમ રથ સમાન છે. એવું જાણીને પરમ કલ્યાણકારી એવા જિનધર્મને વિષે ઉદ્યમ કરો ! ઉદ્યમ કરો !!

બીજી ચાર ભાવના.

આ બાર ભાવના ઉપરાંત ધર્મધ્યાનની બીજી ચાર ભાવનાઓ છે. એટલે ષોડસ (સોળ) ભાવનાઓ પણ ગણાય છે. તે ચાર ભાવનાઓનાં નામ.

૧ પ્રમોદભાવના, ૨ મૈત્રીભાવના, ૩ કારૂણ્ય ભાવના, ૪ માધ્યસ્થભાવના.

૧ પ્રમોદભાવના—પ્રમોદ એટલે આનંદ.

કોઇ પણ મનુષ્યને આપણા કરતાં લક્ષ્મીમાં, ગુણમાં, બુદ્ધિમાં, વિદ્યામાં, કળામાં અને જ્ઞાનમાં વધારે નીપુણ દેખીને આપણે આપણા મનમાં પ્રમોદ લાવવો; પણ તેની અદેખાઈ કરવી નહીં. કેટલાક શ્રીમંતની અદેખાઇ કરે છે, અને કોઇ પ્રકારે તેની શ્રીમંતાઇ નાશ પામે તેવા ઉપાયો યોજે છે. કેટલાક વેપારીઓ બીજા વેપારીની અદેખાઈ કરે છે; અને ગ્રાહકને કહે છે કે તેનો માલ જુનો, સડેલો તથા નકલી છે. વળી ઓછું આપે છે. એમ અસત્ય ભાષણ કરી ગ્રાહકનો તેના પ્રત્યે કોઇ પણ પ્રકારે અભાવ કરાવે છે. કેટલાક દરબારી નોકરો એક બીજાની અતિશય અદેખાઈ કરે છે, તે એટલે સુધી કે

તે બિચારાને તે રાજ્યમાંથી પોતાની નોકરી છોડી બીજે જવું પડે છે. આવી રીતે અદેખાઇ કરવી એ નીચ અને હલકા માણસનું લક્ષણ છે. તેમ નહીં કરતાં તેઓએ જે પદ પ્રાપ્ત કર્યું હોય, તે પદ પ્રાપ્ત કરવાની ઉચ્ચ અભિલાષા રાખી, તેમને પગલે પગલે અનુસરવું એજ કલ્યાણકારી છે, પણ તેઓ પ્રત્યે કાંઇ દ્વેષ કે ઈર્ષા કરવાથી તે પદ પમાતું નથી, પણ ઉલટું આપણું મન બળ્યાં કરે છે; તેથી જીવ કર્મમલથી મલીન થઇ નવાં કર્મ બાંધે છે, માટે સુજ્ઞ પુરૂષોએ અન્ય પુરૂષોની ચઢતી, ઉત્તમ વર્ત્તન, વિશેષજ્ઞાન, અને લક્ષ્મી આદિ જોઇ આનંદ પામવો અને તેના ગુણાનુંરાગી થવું. આથી આપણામાં ઉચ્ચવૃત્તિઓ ઉત્પન્ન થશે, અને આપણે તે પદ પામવાને શક્તિમાન થઇશું.

૨ મૈત્રીભાવના.

સર્વ જીવને મિત્ર સમાન જાણવા, એટલે સર્વની સાથે મિત્રતાનો ભાવ ચિંતવવો. સર્વનું હીત થાય તેમ કરવું, પણ કોઇનું બુરૂં કરવું નહીં. કેટલાંક મનુષ્યો પોતાનાં અલ્પ હીતની ખાતર બીજાને ભારે નુકસાન કરે છે, પણ તેમ કરતાં પોતાને આગળ કેવાં પરિણામ ભોગવવાં પડશે, તેનો જરા પણ વિચાર કરતાં નથી. માટે જેમ બને તેમ સ્વાર્થનો ત્યાગ કરી ખરી મૈત્રી થાય તેને વાસ્તે પ્રયત્ન કરવો જોઇએ.

મિત્રના સુખે સુખી અને મિત્રના દુઃખે દુઃખી. આવી ભાવના હૃદયમાં રાખવાથી સર્વ જીવ પ્રત્યે સમભાવ ઉત્પન્ન થશે. વંદિતાસુત્રમાં કહેલું છે કે.—

"मिति मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ"

ભાવાર્થ—મારે સર્વ પ્રાણી સાથે મિત્રાઇ છે, કોઇ જોડે વેર નથી. આ વાક્ય આપણે નિત્ય પઠન પાઠન કરીએ છીએ, પણ તેનો તત્વાર્થ લક્ષમાં રાખતા નથી. કોઇએ જાણે અજાણે આપણને કાંઇપિણ નુકસાન અથવા અપમાનાદિ કર્યું હોય, તો આપણે તેને માફી નહીં આપતાં આપણા પગ પહોંચે ત્યાંસુધી એનું ભવિષ્ય બગાડવાને પ્રયત્ન કરીએ છીએ. એજ આપણું પોપટીયું જ્ઞાન છે, એમ બતાવી આપે છે પણ આપણને તે ગાથાનું યથાર્થ જ્ઞાન થયું નથી, એમ આપણે જાણતા નથી. માટે તેનું યથાર્થ રહસ્ય સમજી જેમ બને તેમ સર્વ જીવ પ્રત્યે વેરભાવ ઓછો રાખવો, અને મૈત્રીભાવના અંતઃકરણમાં વધે તેમ વર્તવું.

૩ કારૂણ્યભાવના.

કરૂણા એટલે દયા. આપણાથી જ્ઞાનમાં બુદ્ધિમાં, વિદ્યાકળામાં, સદ્ગુણોમાં અને શક્તિમાં જે ઉતરતા હોય તેમની નિંદા કરવી નહીં. પણ તેમના અજ્ઞાનને લીધે તેઓ શુદ્ધ માર્ગે ચાલી શકતા નથી. આવો વિચાર કરી તેમના પ્રત્યે દયાની લાગણીથી જોવું.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. કોઇમાં થોડો દોષ હોય, કોઇમાં વિશેષ હોય, પણ જ્યાં સુધી તેમને નિરાવરણજ્ઞાન (કૈવલ્યજ્ઞાન) પ્રાપ્ત થયું નથી ત્યાંસુધી તેમનામાં દોષ તો હોયજ. એમ વિચારી બીજાના દોષ જોઇ તેમના તરફ દયાની લાગણી બતાવી અને તેટલા પ્રયાસે સત્યજ્ઞાન આપી તેમને પો-

તાના દોષનો ત્યાગ કરતાં શીખવવું જોઇએ; પણ તેમની નિંદા કરવી નહીં. કારણકે નિંદા કરવાથી તેઓને તથા આપણને કાંઈ-પણ લાભ થતો નથી, પણ તેઓ ઉલટા આપણા તરફ વિરૂદ્ધ દ્રષ્ટીએ જોશે; અને આપણા કહેવા ઉપર ધ્યાન આપશે નહીં. પણ જો ખરી દયાની લાગણીથી તેમના હીતને અર્થે પ્રેમભાવ-થી આપણે તેને સત્યજ્ઞાન આપીશું, તો તેઓ તે પ્રમાણે ખુ-શીથી ચાલશે.

વળી કારૂણ્યભાવના જે મનુષ્યના મનમાં નિરંતર વાસ કરી રહેલી છે, તેનું હૃદય બીજાનું અજ્ઞાન અને દુઃખ દેખી દયા-થી પીગળશે; એટલુંજ નહીં, પણ તે અજ્ઞાન તથા દુઃખ ઓછું કરવાને બનશે તેટલો પ્રયાસ કરશે. આપણી શક્તિ ન હોય તો, આપણે તેનું દુઃખ કદાપિ ઓછું કરી શકીએ નહીં, પણ મધુર અને શાંતવચનથી દિલાસો આપી બને તેટલું દૂર કર-વાના કર્તવ્યથી ચૂકવું નહીં. મનુષ્ય તરફ દયા બતાવવી એટ-લુંજ નહીં; પણ અનાથ નિરપરાધી અને ગરીબ મુંગાં પ્રાણી પ્રત્યે પણ દયાની લાગણી રાખવી.

દયા એ જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. તે વિષે ઉત્તરાધ્યયન-માં અમૂલ્ય ઉપદેશ આપેલો છે. જો મનુષ્યજાત તે પ્રમાણે વર્તે તો જગત્ ખરેખર સ્વર્ગતુલ્ય થઇ શકે છે. વળી તે મ-હાન્ ભગવંતે જણાવ્યું છે કે, " મને કોઇ લાકડીથી, ધનુષ્ય-થી, મુઠીથી, માટીનાં ઢેફાંથી, અથવા ઠીકરાંથી, મારે, ઇજા કરે, અથવા પ્રાણરહિત કરે, તો જેમ મને દુઃખ થાય છે, તેમ

સર્વ જીવતા પ્રાણી પ્રત્યે નિર્દય રીતે વર્તવામાં આવે તો તેમને પણ દુઃખ થાય છે.”

આ કારણથી ભુત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળમાં આપ્ત પુરૂષોનો એજ બોધ છે કે, કોઈ પણ જીવતા પ્રાણીને દુઃખ દેવું નહિ; કોઇનો વધ કરવો નહિ. તેમના પ્રત્યે ક્રુરતા વાપરવી નહિ; ને તેમનો ખોટો ઉપયોગ કરવો નહિ. સર્વ પદાર્થના રહસ્યને જાણનાર સર્વજ્ઞ પુરૂષોએ એવો શાશ્વત અને સનાતન સત્ય ધર્મ બતાવ્યો છે કે–“ હલકા પ્રાણીવર્ગમાં મનુષ્ય જેટલી બુદ્ધિ ખીલેલી નથી; તોપણ સુખ અને દુઃખની લાગણી મનુષ્યના જેટલીજ છે.” માટે કારૂણ્યભાવનાને હૃદયમાં રાખી સર્વત્ર સર્વ પ્રાણી તરફ દયાની લાગણીથી વર્ત્તવું.

૪ માધ્યસ્થભાવના.

એને ઉપેક્ષા પણ કહે છે. ઉપેક્ષા કરવી એટલે એનાં કર્મ એ જાણે અથવા આંખ આડા કાન કરવા, એમ જે કહેવામાં આવે છે, તે કહેવત ઉપેક્ષાને લાગુ પડે છે.

જે મનુષ્યો આપણાથી જુદા મતના હોય, જુદી રીતે વર્ત્તતા હોય, તેમના તરફ માધ્યસ્થભાવના રાખવી; અર્થાત્ તેમના પ્રત્યે રાગ અથવા દ્વેષ ધરવો નહિ. જેવું આપણને આપણા ધર્મ પ્રત્યે માન છે એવું બીજાને પણ હોયજ બીજાના ધર્મની કે તે ધર્મના અનુયાયીઓની નિંદા કરવી નહિ; પણ સહનશીલતા રાખવી.

સહનશીલતા એ ઉત્તમ ગુણ છે પણ તે ગુણ ધર્માંધપણાને લીધે ઘણાજ થોડા લોકોના જોવામાં આવે છે. જમાનો હમેશાં

વધારે વિચારવંત થતો જાય છે, માટે માણસો પોત પોતાની બુદ્ધિદ્વારા વિવિધ પ્રકારના વિચાર કરી શકે છે. હાલના સમયમાં હજારમાંથી એવો એક પણ નહિ મળી શકે કે, જેના દરેકે દરેક વિચાર અક્ષરસઃ બીજાઓની સાથે મળતા આવે, તો સર્વ બાબતના વિચારની ઐકયતા માલુમ પડવી, એ તો મહા મુશ્કેલ છે.

આ ઉપરથી જણાય છે કે, આપણાથી જુદા વિચારના મનુષ્યો પ્રત્યે દ્વેષ અને ધિક્કારની નજરથી જોવું એ ખરેખર અયોગ્ય ગણાય. માટે વિરૂદ્ધ વિચારવાળા મનુષ્યો તરફ મધ્યસ્થ દૃષ્ટિ અને સહનશીલતાથી જોવું તે ઉત્તમ પુરૂષનું કર્તવ્ય છે. જે મનુષ્યો ઉક્ત ભાવનાઓ હૃદયમાં રાખી વર્ત્તશે, તેઓ સર્વ જગત્‌ને આપ સમાન ગણી શાંતિ અને સંપનો ફેલાવો કરશે. વળી સર્વ ભણી સમાનભાવથી જોશે, તેથી ઉપાધિરહિત અને અવ્યાબાધ મોક્ષસુખને પામશે.

અધ્યાત્મભાવના.

અહો પ્રભુ ! એવી દશા અહોનિશ કયારે જાગૃત થશે ? કે તારા ગુણનો અસ્ખિલિત પ્રેમ ઉત્પન્ન થાય ? તારા પ્રત્યે અત્યંત ભક્તિ પેદા થાય ? કે જેના પસાયથી આ દુનિયા ઉપરનો રાગ ઓછો થાય, તારાં વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધા કયારે થશે ? કે તારી આજ્ઞા હું ફુલની માળાની પેઠે મસ્તકપર ધરૂં તારી કરૂણા, તારી ક્ષમા, તારી શાંતિ, તારૂં જ્ઞાન, તારૂં ધ્યાન;

તારૂં યથાર્થ વાદીપણું, તારી અપૂર્વ પરોપકાર બુદ્ધિ, અને તારી અત્યંત સહનશીલતા જોઇ મારા રોમરાયમાં તું કયારે વસીશ? પર પુદ્ગલપર ઉદાસીનવૃત્તિ કયારે ઉત્પન્ન થશે? કે જેથી હું મારા સ્વરૂપમાંજ રમું.

હું, તું, તે, ભૂલી જઇ; હું, તે, તું અને તું, તે, હું. આવી અખંડ ઐકયતા કયારે ઉત્પન્ન થશે? અને તેના અપૂર્વ સુખનો અનુભવ કયારે પ્રાપ્ત થશે? તારી ક્ષમા જોઇ તારા જેવી ક્ષમા કરવા હું કયારે ભાગ્યશાળી થઈશ? તારી દયા જોઇ મારામાં એવી દયાના અંકુરો કયારે પ્રગટ થશે? તારી પરોપકાર બુદ્ધિ જોઈ આ સેવકના (મારા) હૃદયમાં સર્વ જીવને સારી નરસી કરવાની ઇચ્છા કયારે જાગૃત થશે?

તુંજ ધ્યેય, તુંજ સેવ્ય, તુંજ આરાધ્ય, તુંજ પુજ્ય, તુંજ દેવ, તુંજ ગુરૂ, તુંજ ધર્મ, તુંજ તરણ તારણ, તુંજ પિતા, તુંજ માતા, તુંજ બંધુ, તુંજ કુટુંબ, તુંજ જ્ઞાતિ, તુંજ વિશ્વ તુંજ સૃષ્ટિ અને તુંજ મારૂં સર્વસ્વ એમ કયારે થશે? તું અને હુનો ભેદ તુટી અભેદ ચિંતવન કયારે થશે? તુંહિ, તુંહિ, તુંહિ, અને તુંજ એમ અખંડ ચિંતવન રોમરોમ કયારે આવિર્ભાવ પામશે? ત્વમેવાહં, ત્વમેવાહં, ત્વમેવાહં, આવી અભેદતા પ્રાપ્ત કરવા હું કયારે ભાગ્યશાળી થઇશ? તારા વિના આ દુનિયા ઝેરરૂપ, પત્થરરૂપ, દુઃખરૂપ, બંધનરૂપ, કારાગૃહરૂપ, તથા ત્યાગવાયોગ્ય જાણી તેના ઉપર વિતરાગીપણું તથા ઉદાસીનપણું કયારે થશે? તારામાંજ અખંડ પ્રેમ, તારામાંજ અખંડ ભક્તિ,

તારામાંજ અખંડ પુજ્યબુદ્ધિ, તારામાંજ પિતાબુદ્ધિ, તારામાંજ વિશ્વબુદ્ધિ ક્યારે થશે ? તારા વિના અન્ય સ્થળ અસાર અને વૈરાગ્યમય ક્યારે લાગશે ? તારી પેઠે સર્વ જીવપર મિત્રતા, તારી પેઠે દુઃખીયાપર દ્રવ્યથી અને ભાવથી દયા, તારી પેઠે પ્રમોદતા, તારી પેઠે મધ્યસ્થતા, તારી પેઠે નિઃસ્વાર્થબુદ્ધિ, તારી પેઠે પરોપકાર બુદ્ધિ, તારી પેઠે અત્યંત કરૂણા અને તારી પેઠે અત્યંત વિતરાગીપણું મારા હૃદયમાં ક્યારે જાગૃત થશે ?

ધનની, સ્ત્રીની, યશની અને વિષયસુખની ઇચ્છા ક્યારે નિવર્ત થશે ? એક તારા વિનાજ આ બધાં સુખ ઝેર જેવાં ક્યારે લાગશે ? પરની નિંદાનો અને પરના ગુણ ઢાંકી દોષ પ્રગટ કરવાનો ત્યાગ કરવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ ? તથા પોતાની ભૂલ તરફ દ્રષ્ટિ કરતાં ક્યારે શીખીશ ? હું સર્વ કરતાં અધિક અધમાધમ છું એવો નિશ્ચય ક્યારે થશે અને ક્યારે અહમ્‌ભાવથી રહિત થઇશ ?

આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા પોતાના કર્મનો કર્ત્તા છે, આત્મા પોતાના કર્મનો ભોક્તા છે, આત્માનો મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે. આ છ મહાવાક્યો મારા હૃદયમાં નિરંતર ક્યારે જાગૃત થશે? અને હું તે પ્રમાણે વર્તી સર્વ જીવોને ક્યારે વર્તાવીશ ?

મારૂં સ્વરૂપ અહિંસામય છે, મારૂં સ્વરૂપ સત્યતામય છે, મારૂં સ્વરૂપ પ્રમાણિકતામય છે, મારૂં સ્વરૂપ બ્રહ્મચર્યમય છે, અને મારૂં સ્વરૂપ પરિગ્રહ રહિત છે. એમ ચિંતવી સ્વસ્વરૂપ-

મય ક્યારે થઈશ ? હિંસા ન કરવી એ મારી ફરજ છે, સત્ય બોલવું એ મારી ફરજ છે, બ્રહ્મચર્ય ધારણ કરવું એ મારી ફરજ છે, અને પરિગ્રહ રહિત થવું એજ મારી ફરજ છે; એજ મારો સ્વભાવ છે, એથી વિપરીત ચાલવું એ મારો વિભાવ છે એમ મને ક્યારે જણાશે ? આશ્રવ એજ સંસાર છે, આશ્રવ એજ બંધન છે, આશ્રવ એજ દુઃખ છે, અને આશ્રવ એજ ત્યાગવા યોગ્ય છે. એવી ખબર ક્યારે પડશે? અને સંવર એજ સુખ છે એમ ક્યારે જાણવામાં આવસે ?

હું મારા સ્વરૂપમાં છું કે નહિ? સદ્ઉપયોગમાં છું કે નહિ ? ધર્મધ્યાનમાં છું કે નહિ ? સ્વભાવમાં છું કે નહિ ? એમ ક્યારે અનુભવ થશે ? મારામાં વિ-તરાગતા, માર્દવતા અને કરૂણા છે કે નહિ એમ ક્ષણે ક્ષણે જોવા હું ક્યારે ભાગ્યશાળી થઈશ ?

આત્મા એજ દેવ, આત્મા એજ ગુરૂ, આત્મા એજ ધર્મ આત્મા એજ સુખ, આત્મા એજ મોક્ષ, આત્મા એજ અખંડ આનંદ, અને આત્મા એજ પરમાત્મા છે, એમ યથાર્થ ક્યારે જાણવામાં આવશે ?

સંતનું શરણ; સંતની સેવા; સંતની મન, વચન, કાયાથી ભક્તિ; સંતપર પ્રીતિ; સંતપર શ્રદ્ધા; સંતપર ગુરૂબુદ્ધિ, અને અહોનિશ સંતના સંગનીજ ઇચ્છા ક્યારે જાગૃત થશે ? સદ્-ગુરૂ એજ તરણ તારણ, સદ્ગુરૂ એજ દેવ; સદ્ગુરૂ એજ સુ-ખનું સાધન; સદ્ગુરૂ એજ મોક્ષ માર્ગના દાતા; સદ્ગુરૂ એજ

પરમ મિત્ર, સદ્ગુરૂ એજ પરમગુરૂ; અને સદ્ગુરૂ એજ પ્રત્યક્ષ અરિહંત સમાન છે. એમ કયારે જાણવામાં આવશે?

મારા પોતાના દોષ જોવાની, અને અન્યના ગુણ ગૃહણ કરવાની બુદ્ધિ કયારે ઉત્પન્ન થશે? મારા આત્મદ્રવ્યની અને પરમાત્માના આત્મદ્રવ્યની ઐકયતા, જીનપદ અને નિજ પદની ઐકયતા, અને પરમાત્માના ગુણ જોઈ મારામાં તે ગુણોની ઉત્પતિ કયારે થશે? સર્વ જીવ સરખા છે, સર્વ જીવ નિશ્ચયથી સ્વભાવે શુદ્ધ જ્ઞાન સ્વરૂપ, શુદ્ધ દર્શન સ્વરૂપ, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ, અનંત ઉપયોગમય, અને અનંત શક્તિવંત છે પણ કર્મરૂપ શત્રુના સંગથી મલિન દેખાય છે, એમ જાણી કર્મનો નાશ, કર્મનો ત્યાગ, ને કર્મ ઉપર અભાવ એમ કયારે ઉત્પન્ન થશે? ને સર્વ જીવ ઉપર સમભાવ કયારે આવશે?

હે પ્રભુ! આ ભાવનાઓ આ મનોરથો ને આ વિચારો કયારે પૂર્ણ થશે, ને મનુષ્યભવનું સાર્થકપણું કયારે થશે? નવતત્વમાંથી બે જાણી, ચાર છાંડી, અને ત્રણને ગૃહણ કરવા કયારે યત્ન કરીશ? હું હમણાં સંવરમાં છું કે આશ્રવમાં છું? હું હમણાં નિર્જરા કરૂં છું કે નહિ? હું હમણાં આશ્રવનો ત્યાગ કરૂં છે કે નહિ? હું હમણાં અનિત્ય અશરણાદિ ભાવનાનું ચિંતવન કરૂં છું કે નહિ? એમ વારંવાર મને કયારે ભાન થશે? હું કોણ છું હું કયાંથી થયો? મારૂં સત્યસ્વરૂપ શું છે? હું કયાંથી આવ્યો ને કયાં જઇશ? મારૂં શું થશે? આ શરીર શું છે? આ દુનિયા શું છે? આ કુટુંબ

કોણ છે? ને મારો આ સર્વ સાથે સંબંધ કેમ થયો? એ સંબંધ સત્ય છે કે અસત્ય? એ ત્યજું કે રાખું? આવા વિચારો વિવેકપૂર્વક અને શાંત ભાવે ક્યારે કરીશ? આધ્યત્મિક જ્ઞાનના તાત્વિક સિદ્ધાંતનો અનુભવ ક્યારે કરીશ? ને કર્મનો સત્વર નાશ ક્યારે કરીશ?

હે ભગવાન! હું નવતત્વ ભણ્યો પણ નવતત્વમય ન થયો; ક્ષેત્રસમાસ ભણ્યો પણ અંતરશત્રુનો સમાસ કરતાં ન શીખ્યો. ચોવિશદંડક વાંચ્યા, વિચાર્યા અને અવલોક્યા પણ અંદરના દંડ મેં ન તજ્યા; જીવના પાંચસેત્રેસઠ ભેદ વાંચ્યા. વિચાર્યા પણ અભેદમય ન થયો; કર્મગ્રંથ વાંચ્યા, પણ કર્મની પ્રકૃતિનો અહોનીશ વિચાર કરી પોતાનામાંથી તે પ્રકૃતિઓનો ત્યાગ કરવા સમર્થ ન થયો. ઘણાં સિદ્ધાંતો અને શાસ્ત્રો વાંચ્યાં પણ તે બધાં ભારરૂપ થયાં. સત્સંગ કર્યો પણ સત્ય જ્ઞાન ન થયું. સદ્ગુરૂ મળ્યા પણ સ્વચ્છંદે ચાલી કદાગ્રહ ન તજ્યો. હે સર્વજ્ઞ! આપનાં ચરિત્ર વાંચ્યાં, સાંભળ્યાં પણ તે વાંચન–શ્રવણ માત્ર થયું; કારણ કે "ભણ્યો પણ ગણ્યો નહિ" તેની માફક "જાણ્યું પણ આદર્યું નહિ" તેથી શું થયું?

સર્વજ્ઞ હિંસા કરે નહિ; તો હું સર્વજ્ઞનો ઉપાસક થઇ કેમ કરૂં? સર્વજ્ઞ અસત્ય બોલે નહિ, તો હું કેમ અસત્ય બોલું? સર્વજ્ઞ અદત્ત લે નહિ તો હું સર્વજ્ઞનો પુત્ર થઈ અદત્ત કેમ લઉં? સર્વજ્ઞ બ્રહ્મચર્યનો ભંગ કરે નહિ તો હું કેમ કરૂં? સર્વજ્ઞ દ્રવ્યથી ને ભાવથી પરિગ્રહ રહિત હતા, તો હું

પરિગ્રહ કેમ રાખું? સર્વજ્ઞ ક્રોધાદિ કષાય કરે નહિ, તો હું કેમ કરૂં? સર્વજ્ઞ અઢાર પાપસ્થાનક સેવે નહિ તો હું તેમનો પુત્ર થઇ તેમના શત્રુરૂપ એવા અઢાર પાપસ્થાનકની સેવા કેમ કરૂં? અહાહા!! કેટલી બધી મારી ભૂલ છે? કે મારા પિતાના શત્રુઓને હું માન આપું છું, સંગ કરૂં છું, પણ હવે તેમ નહિ કરતાં મારે તેમનો ત્યાગ કરવો જોઇએ.

હે પ્રભુ! તું કમળ, હું ભ્રમર, તું ચંદ્ર હું ચકોર, તું સૂર્ય હું સૂર્યવિકાશી કમળ, તું સેવ્ય હું સેવક. તું ધ્યેય હું ધ્યાતા. તું પિતા હું પુત્ર. તું ગુરૂ હું શિષ્ય. તું દેવ હું ઉપાસક. એમ તારી અનન્ય ભક્તિ ક્યારે પ્રાપ્ત થશે? હે પરમાત્મા! આ સંસારમાં તારા વિના મારૂં કોઇ સગું નથી; તારા વિના અન્ય કોઈ મિત્ર નથી; તારા વિના અન્ય કોઈ રક્ષક નથી; તારા વિના અન્ય કોઈ સત્યમાર્ગદર્શક નથી; માટે હું તારૂંજ શરણ ગૃહણ કરીશ; ને હું તારીજ સેવા કરીશ.

હે પ્રભુ! તારાં વચનો સત્ય છે, પ્રિય છે ને હિતકર છે. વળી તે મને પ્રમાણભૂત છે. હું તેને ક્યારે ગૃહણ કરીશ? આ કેમ આમ નથી કરતો? એવો વિચાર મને આવશે ત્યારે હું વિચારીશ કે એ કર્માધીન છે. આ કેમ નથી ભણતો? આ કેમ આવાં કામ કરે છે? એવા વિચાર આવશે ત્યારે હું તે કર્માધીન છે એમ વિચારી તેની ઉપેક્ષા કરીશ; પણ નિંદા નહિ કરૂં. હું બહારનો ઢોંગ ધારણ કરી દાંભીકપણું ધરીશ નહિ. હું શુદ્ધ ભક્ત થઇશ, પણ ખોટો ઠગ થઈશ નહિ. હું શુદ્ધ કર્મ કરીશ

પણ બહારની દેખાદેખીથી સમજ્યા વિના માત્ર નામનાની ખાતર ને ગાડરીઆ પ્રવાહની માફક ધર્મકરણીને મલીન કરીશ નહિ, હે પ્રભુ ! તારા આશ્રમને કલંક લગાડીશ નહિ. તારી વાણીને નિંદાવીશ નહિ. તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ, તારી સેવાનો અનાદર કરીશ નહિ, ને અશુદ્ધ પ્રરૂપક બની નર્કનો રસ્તો લઇશ નહિ. સ્યાદ્વાદના રહસ્યનું સ્વરૂપ જાણવાને પ્રયત્ન કરીશ. તારી આશાતના તજવાનો બનતાં લગી ખપ કરીશ. ગચ્છ, પંથ, મત, કે વાડા આદિનો કદાગ્રહ મૂકી શુદ્ધ ધર્મ જાણવા ખપ કરીશ.

શુષ્ક જ્ઞાન, શુષ્ક વૈરાગ્ય, શુષ્ક ક્રિયા, અને શુષ્ક ભક્તિ ધારણ કરીશ નહિ; પણ સમ્યગ જ્ઞાન સહિત ક્રિયા, ભક્તિ અને વૈરાગ્ય ધારણ કરીશ. અધિકારી પરત્વે ક્રિયા કરીશ; અધિકારી જોઈ વર્તીશ, અને અધિકારી થવા પ્રયત્ન કરીશ.

હે પરમાત્મા ! મનુષ્યભાવની દુર્લભતા મને જણાઇ છે, તેની અમૂલ્યતા મને સમજાઈ છે, માટે હું તેને વૃથા ગુમાવીશ નહિ. વૃથા નિંદા, વિકથાદિ કરવામાં વખત ગાળીશ નહિ. આળસ પ્રમાદનો ત્યાગ કરી આત્મજ્ઞાન મેળવીશ. તારી આજ્ઞા મસ્તકે ચડાવી શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીશ. અન્ય દેવ, અન્ય ગુરૂ, અન્ય ધર્મના દોષ જોઈ તેની ઉપેક્ષા કરીશ. તમારા માર્ગનો અનુભવ મેળવી અન્યને આપનો માર્ગ પમાડીશ. છેવટે સર્વ જીવ સુખી થાઓ એવી અહોનિશ ઈચ્છા રાખીશ.

श्री परमगुरुभ्यो नमः ॥

धर्मनां दश अंग.

मंगळाचरण.

ज स्वरुप समज्या विना, पाम्यो दुःख अनंत;
समजाव्युं ते पद नमुं, श्री सद्‌गुरु भगवंत.

ભાવાર્થ—અનંતકાળથી અનેક પ્રયાસ કર્યા છતાં યથાર્થ દુઃખનું મુળ નહિ સમજાયાથી અનંત જન્મમરણ તેમજ આધિ, વ્યાધિ ને ઉપાધિ રૂપ અનંત કલેશ સહન કરવા પડયા. તે દુઃખ ઉત્પત્તિનું બીજભૂત નિજ અજ્ઞાન (પોતે પોતાને ભુલવું) તેનું સ્વરૂપ સમજાવી આત્મદાન આપી સંસારના અનંત કલેશથી મુક્ત કર્યો, એવા શ્રી ધર્મમૂર્તિ "સહજાત્મ સ્વરૂપ" સદ્ગુરૂ ભગવાનને નમસ્કાર કરી શ્રી સદા સુખદાસજીકૃત ક્ષમાદિક દશ ધર્મનું સ્વરૂપ, તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરૂં છું.

ધર્મનાં દશ અંગ—(૧) ઉત્તમ ક્ષમા (૨) ઉત્તમ માર્દવ (૩) ઉત્તમ આર્જવ (૪) ઉત્તમ સત્ય (૫) ઉત્તમ શૌચ (૬) ઉત્તમ સંયમ (૭) ઉત્તમ તપ (૮) ઉત્તમ ત્યાગ (૯) ઉત્તમ આકિંચન (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય એ દશ ધર્મનાં લક્ષણ છે. વસ્તુનો સ્વભાવ તેને ધર્મ કહે છે. લોકમાં જેટલા પદાર્થ છે

તે સર્વ પદાર્થ પોતાના ધર્મને છોડતા નથી. જો દ્રવ્ય પોતાના સ્વભાવને છોડી દે તો દ્રવ્યનો નાશ થઇ જાય, પરંતુ તેમ થતું નથી. સૃષ્ટિ પ્રકૃતિનો નિયમ એવો છે કે કોઇ પણ દ્રવ્યની કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. દાખલા તરીકે ઘટ પટાદિ પદાર્થની પર્યાયનો નાશ થાય પણ તેનાં રજકણોનો તો નાશ થતો નથી. ઘટપટાદિ પદાર્થનાં વિખરાયલાં રજકણો કોઈ પણ સ્થિતિમાં કાયમ રહે છે. રસાયણ શાસ્ત્ર (સાયન્સ) પણ આ નિયમ માન્ય રાખે છે, તેથી ઉપરનો નિયમ સિદ્ધ થાય છે કે કોઇ પણ પદાર્થની કેવળ ઉત્પત્તિ (કંઇ પણ ન હતું ને નવીન થવું) તથા કેવળ નાશ (નાશ થતાં કોઇ પણ સ્થિતિમાં તેનું કંઇ પણ ન રહેવું) થતો નથી.

ઉત્તમ ક્ષમા ધર્મ.

ક્રોધ વૈરીને જીતવો તે ઉત્તમ ક્ષમા ધર્મ છે. ક્રોધ વૈરી કેવો છે? આ જીવને સ્વભાવમાં રહેવાનું સ્થાન જે સંયમભાવ, સંતોષભાવ, નિરાકુલતા ભાવ, તેનો વિનાશ કરવામાં અગ્નિ સમાન છે. તે સમ્યક્ દર્શનાદિ રત્નના ભંડારનો નાશ કરે છે. યશનો નાશ કરે છે. અપયશરૂપ ડાઘને વધારે છે. ક્રોધ થતાં ધર્મ અધર્મનો વિચાર જતો રહે છે. ક્રોધીનાં મન, વચન, કાય પોતાને વશ રહેતાં નથી. તે લાંબા વખતની મેળવેલી પ્રીતિ ક્ષણમાત્રમાં બગાડી મહાન વેર ઉત્પન્ન કરે છે. ક્રોધરૂપ રાક્ષસને વશ થઈ ભીલ ચંડાળ એવાં નીચ મનુષ્યો બોલે તેવાં અયોગ્ય, અસત્ય અને લોકનિંદ્ય વચન બોલે છે. ક્રોધી માણસ

સમસ્ત ધર્મનો લોપ કરે છે. ક્રોધી પોતાના પિતા, માતા, સ્ત્રી પુત્ર, બાલક, સ્વામી, સેવક, મિત્રાદિને પ્રાણ રહિત કરે છે. તીવ્ર ક્રોધી પોતાના દુરાચરણુને લીધે શસ્ત્રથી પોતાનેજ હાથે આપઘાત કરી મરણ કરે છે, તથા પર્વત, મકાન વિગેરે ઉચ્ચ-સ્થાનેથી પડી પોતાનો પ્રાણઘાત કરે છે, કુવામાં પડી આત્મ-ઘાત કરે છે. ક્રોધી કોઇ પણ પ્રકારે વિશ્વાસ કરવા યોગ્ય નથી. ક્રોધ યમરાજ જેવો છે. ક્રોધી પ્રથમ તો પોતાના જ્ઞાનદર્શન ક્ષમાદિ આત્મિક ગુણોનો નાશ કરે છે. ત્યાર બાદ અન્યના બુરા તરફ પ્રેરાય છે. જો તેનો (સામા જીવનો) પાપનો ઉદય હોય તો તેનું બુરૂ કરી શકે છે. પરન્તુ પોતાનું બુરૂ તો કરેજ છે. ક્રોધના પ્રભાવથી મહા તપસ્વી અરણ્ય વાસી નગ્ન મુનિઓ પણ ધર્મથી ભ્રષ્ટ થઇ નર્ક ગતિને પામ્યા છે. ક્રોધ બંને જ-ન્મના હિતને બગાડનાર છે. મહાપાપનો બંધ કરાવી નર્કે પહોં-ચાડે છે બુદ્ધિ ભ્રષ્ટ કરે છે. હૃદય નિર્દય કરે છે. અન્યના કરેલા ઉપકારને ભૂલાવી કૃતઘ્ની કરે છે. તેથી ક્રોધ સમાન અન્ય કોઇ મહાપાપ નથી. આ લોકમાં ક્રોધાદિ કષાય સમાન આત્મઘાત કરનાર બીજું કોઈ નથી.

જે જગતમાં પુણ્યવાન છે, મહા ભાગ્યશાળી છે, જેના બંને લોક સુધરનાર છે, તેનેજ ક્ષમા ગુણ પ્રગટે છે. સહન-શીલતા રૂપ પૃથ્વીપર વાસ કરવો તેજ ક્ષમા છે. ભલે પ્રકારે હિત અહિતનું સ્વરૂપ સમજી જે અસમર્થના કરેલા ઉપદ્રવને પોતે સમર્થ હોવા છતાં કલેશભાવ રહિત તપાયમાન થયા વિના

સહન કરે છે, ને સામું વેર લેતો નથી, તેને ઉત્તમ ક્ષમાવાન્ કહેવાય છે. ક્ષમા સાથે ઉત્તમ વિશેષણ લગાડવાનું કારણ એ છે કે તે સમ્યક્જ્ઞાન સહિત હોવી જોઇએ, તે જણાવવા માટે ઉત્તમ શબ્દ વાપરેલો છે. ઉત્તમ ક્ષમા ત્રૈલોકમાં સાર છે. ઉત્તમ ક્ષમા દુર્ગતિના દુઃખો દૂર કરવાવાળી છે. નર્ક તથા તિર્યંચ એ બે અશુભ ગતિમાં ક્ષમાવાન ઉત્પન્ન થતો નથી. એક ક્ષમા ગુણ આવવાથી તેની સાથે બીજા અનેક ગુણ સમુહ ઉદ્ભવે છે, મુનીશ્વરોને તો ક્ષમા અતિ ઉત્કૃષ્ટ પ્રિય છે. ક્ષમાના લાભને જ્ઞાનીજન ચિંતામણી રત્ન સમાન માને છે. ઉત્તમ ક્ષમા મનની ઉજવળતા કરે છે. ક્ષમા ગુણ વિના મનની ઉજવળતા કદાપિ હોતી નથી. વાંચ્છિત સુખને આપનારજ ક્ષમા છે.

ક્રોધને જીતવાની ભાવના આ પ્રકારે છેઃ—અન્ય કોઇ પોતાને દુર્વચનાદિ વડે દુઃખી કરે. ગાળદે, ચોર કહે, અન્યાયી, પાપી, દુષ્ટ, નીચ, ચંડાળ, કૃતઘ્ની એવાં અનેક કઠોર વચન કહે ત્યારે જ્ઞાની એમ વિચારે કે મેં એનો અપરાધ કર્યો છે કે નહીં? જો મેં એનો અપરાધ કર્યો છે અથવા રાગ દ્વેષ મોહાધિન થઈ મેં એને દુઃખી કર્યો છે, દુભવ્યો છે, તો હું અપરાધી છું, જો હું અપરાધી છું તો મને ગાળ દેવી, ધિક્કારવો, નીચ, ચોર, કપટી વિગેરે નામથી બોલાવવો યોગ્ય છે. આ ઉપરાંત દંડ દેવો તે પણ યોગ્ય છે. મારે ગાળ સાંભળીને ગુસ્સો કરવો ઘટીત નથી. અપરાધીને નર્કે જઇને પણ ગુન્હાનું ફળ ભોગવવું પડે છે, મારા અપરાધથી દુઃખી થઇ તે દુર્વચન કહે

છે. આ પ્રકારે વિચારી દુર્વચન કહેનાર સામે ક્રોધ ન કરતાં ક્ષમા આણે છે. જો દુર્વચન કહેનાર મંદ કષાયી હોય તો પોતે તેની પાસે જઇ ક્ષમા યાચે છે. દોષની માફી સુભાષિત વચનથી આ પ્રમાણે માગે.

હે કૃપાળુ, મેં અજ્ઞાનથી પ્રમાદને વશ થઈ આપના ચિત્તને ખિન્ન કર્યું છે. હવે તે અપરાધની હું ક્ષમા યાચું છું, ને હવે પછી ભવિષ્યમાં ભૂલથી આવું કાર્ય નહીં કરૂં. મોટા પુરૂષોનો ધર્મ છે કે એક વખત ભૂલની માફી આપે છે.

જો સામો માણસ ન્યાય રહિત તીવ્ર કષાયી હોય તો તેની પાસે માફ માગવા જવું નહીં કેમકે દુર્જન માણસ પોતાની પાસે માફી માગતાં છતાં પણ માફી આપતો નથી. ને ઉલટો અધિક ક્રોધ કરે છે. અથવા અભિનિવેશમાં આવી, પોતાની અસત્ય માન્યતા સત્ય કહેવડાવવા કબુલ કરાવે છે. કોઈ માણસ ક્રોધ કરી દુર્વચન કહે ત્યારે જ્ઞાની આ પ્રકારે વિચારે કે મેં એનું ધન હર્યુ હોય, જમીન જગ્યા ખુચી લીધી હોય, અથવા બગાડી હોય, આ જીવિકા બગાડી હોય, ચુગલી કરી હોય તેમજ તેના દોષ બીજાને કહી હું અપરાધી થયો હોઉં તો મારે પસ્તાવો કરવો ઘટે છે. અને જો મેં અપરાધ નથી કર્યો તો મારે કંઈ ફીકર કરવા જેવું નથી, તે ગાળ દે છે તે નામ તથા કુળને કહે છે. તે નામ, કુળ, જાતિ મારૂં સ્વરૂપ નથી, હું તો તે સર્વનો જ્ઞાયક છું. જેને ઉદ્દેષીને એ દુર્વચન કહે છે. તે હું નથી. મને તે ગાળ લાગતી કે નુકસાન કરતી નથી. હું વચનમાં આવી

શકું તેમ નથી. તો પછી મારે ક્ષમા ગ્રહણ કરવી યોગ્ય છે. વળી દુર્વચન કહે છે તે શું છે? મુખ જીહ્વા દંત ઓષ્ઠ વડે શબ્દ રૂપે પરિણમાએલ પુદ્ગલ છે. તેને હું કર્ણ ઈંદ્રિય દ્વારા સાંભળી વિકારને પામું છું તે મારી મોટી અજ્ઞાનતા છે. વળી જ્ઞાની એમ વિચારે કે ઈર્ષાવાન દુષ્ટ પુરૂષ મને ગાળ દે છે. તેનો વિચાર કરીએ તો ગાળ શી વસ્તુ છે? ગાળ કંઇ વસ્તુ નથી. મને તે લાગતી નથી, તેમજ ગાળ દેખવામાં આવતી નથી. જે વસ્તુ નથી તેનો હું જ્ઞાની થઇ લેવા દેવા રૂપ સંકલ્પ કેમ કરૂં. વળી ચોર અન્યાયી કપટી અધર્મી ઈત્યાદિ કહે ત્યાં એમ વિચારવું કે હે આત્મા તું અનેકવાર ચોર થયો, અનેક જન્મમાં વ્યભિચારી, અભક્ષ્ય ભક્ષી, ભીલ, ચાંડાલ, ચમાર ગોલો, પાડો, કુકડો, શુકર, ગધેડો ઇત્યાદિ તિર્યંચપણે તથા અધર્મી, પાપી, કૃતઘ્ની થઇ અનેક જન્મ અનંતવાર કરતો આવ્યો છું અને ભવિષ્યમાં પણ સંસાર ભ્રમણ કરતાં અનેક વાર થઇશ, તો પછી કુકર, શુકર, ચોર ચંડાલ એવાં વચન સાંભળી કલેશ કરવો એ મોટો અનર્થ છે. એ દુર્વચન કહે છે, તેમાં એનો અપરાધ નથી, મેં પૂર્વે તેવાં પાપ કરેલાં તેથી મારો અપરાધ છે. મારા પૂર્વ જન્મે કરેલા કર્મોદયની નિર્જરા થવામાં તે દુર્વચન સાહાયક થાય છે. દુર્વચન કહેનાર પોતાના પુણ્યનો નાશ કરે છે, પરંતુ મારાં તો કરેલાં પાપ દૂર કરે છે. માટે મારો તે ઉપકારી છે, એવા ઉપકારી ઉપર રોષ કરૂં તો મારા જેવો કોઇ અધમ નહીં. વળી વિશેષ આ પ્રમાણે વિચારે કે તેણે

તો મને દુર્વચન કહ્યું, પણ માર્યો નથી. કદાપિ રોષ આણી ક્રોધી મારવા લાગે તો એમ વિચારે કે ક્રોધી માણસ પોતાના પુત્ર, પુત્રી સ્ત્રી આદિને મારે છે, પણ મને તો મારતાં છતાં જીવતો રહેવા દીધો એટલું તો તેણે ઠીક કર્યું છે. દુષ્ટ માણસ પોતાના મરણનો ભય નહીં રાખતાં બીજાને મારે છે. જો પ્રાણ રહિત કરે તો એવું વિચારે કે એકવાર મરવાનું તો હતું. મારા પુર્ગલ મય દ્રવ્ય પ્રાણનો ક્ષય થયો પણ ક્ષમાદિક ધર્મ જે ભાવ પ્રાણ તેનો તો ક્રોધાદિથી ક્ષય કર્યો નથી. સારાં કાર્યોમાં હમેશાં વિઘ્ન આવે છે.

જો હું સમભાવ નહીં રાખતાં ઉપદ્રવ આવે ત્યારે ક્ષમા છોડી વિકારને પામું તો મને તેમ કરતાં દેખી બીજા અલ્પ જ્ઞાનીઓ અથવા કાયર ત્યાગી તપસ્વીઓ ધર્મમાં શિથિલ થઇ જાય. મારો જન્મ પરોપકારાર્થે છે, જો હું વિતરાગ ધર્મ ધારણ કરવા છતાં ક્રોધી વિકારી અને દુર્વચની થાઉં તો મને દેખીને બીજા પણ તે પ્રમાણે વર્તે તેથી ધર્મની મર્યાદા ભંગ કરી પાપની પરિપાટી ચલાવનાર હું નેતા થાઉં, માટે ક્ષમા ગુણ પ્રાણ જતાં, ધન તથા માનનો નાશ થતાં પણ છોડી દેવો ઘટતો નથી. હુંતો ગતભવમાં કરેલાં કર્મનું ફળ ભોગવું છું તેમાં બીજા તો નિમિત્ત માત્ર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળભાવનું યોગ્ય નિમિત્ત પામીને ઉદયમાં આવેલું કર્મફળ આપ્યા વિના નાશ પામતું નથી અજ્ઞાની દુર્વચનાદિથી મને ઉપદ્રવ કરે ત્યારે જો હું પણ સામો એવોજ દુર્વચનથી ઉત્તર આપું તો હું તત્વજ્ઞાની અને

એ અજ્ઞાની બંને સરખા થયા. મારૂં તત્વજ્ઞાનીપણું નકામું છે. યથાયોગ્ય ઉદયમાં આવેલું પાપકર્મ તેને કયો વિવેકી આત્મા કલેશથી ભોગવશે? પૂર્વે બાંધેલું ઉદય આવ્યું કર્મ કલેશથી ભોગવતાં નવીન કર્મનો બંધ થાય છે, વળી ઉદય આવ્યું કર્મ રોકવા અસમર્થપણું જાણી તે સમભાવથી સહન કરવું યોગ્ય છે. કલેશ કરશો તો દુઃખ અનુભવશો. ને નવીન અધિક અશાતા વેદનીય કર્મનો બંધ કરશો. માટે પાપકર્મ ઉદય આવે નિઃશંક થઇ સમભાવથી સહન કરો.

જ્ઞાની આ પ્રકારે વિચારે કે દુષ્ટ માણસ રોષરૂપ અગ્નિને પ્રજવલિત કરી મારી સમભાવરૂપ સંપદાને નાશ કરવા ચાહે છે, જો હું આ પ્રસંગે અસાવધાન થઇ ક્ષમા છોડી દઇશ તો ખરેખર સામ્યભાવરૂપ ધર્મ તેમજ અપયશનો નાશ કરનારો થઈશ, તેથી દુષ્ટની સોબતના પ્રસંગમાં સાવધાન રહેવું ઉચિત છે. જ્ઞાની મનુષ્યતો અસહ્ય દુઃખ વેઠતાં છતાં પણ પૂર્વનું બાંધેલું કર્મ નાશ પામતું જોઈ આનંદ પામે છે. કંટક સમાન વચનથી વિંધાઈ હું ક્ષમાને છોડી દઉં તો હું અને ક્રોધી બંને સરખા ગણાયા. જો દુશ્મન અનેક પ્રકારનાં દુર્વચન, માર, પીડા એવા ઉપસર્ગ કરી દુઃખ ન આપત તો, હું પૂર્વે સંચય કરેલાં અશુભ કર્મથી કેવી રીતે છૂટત? ઉલટો વૈરીએ તો મારો ઉપકાર કર્યો છે. મેં વિવેકી થઈ જીનાગમના પ્રસાદથી સામ્યભાવનો અભ્યાસ કર્યો, તેની પરીક્ષા કરવાને આ વૈરી રૂપે કર્મ ઉદય આવ્યું છે. જો હું સામ્યભાવ રૂપ મર્યાદામાં નહીં રહેતાં વૈરી પ્રત્યે રોષ

કરૂં તો જ્ઞાન નેત્રનો ધારક જે હું તે સમભાવ રહિત થઇ ક્રોધ રૂપ અગ્નિમાં ભસ્મ થઇશ. વીતરાગના માર્ગમાં ચાલનાર તથા સંસાર નાશ કરવાને ઇચ્છક એવો જે હું તે ક્રોધી થાઉં તો સંસારના માર્ગમાં પ્રવર્તનાર જે મિથ્યા દ્રષ્ટિ જીવ તેના જેવો થયો. દુષ્ટ માણસને ન્યાય ધર્મરૂપ માર્ગ તેમજ ક્ષમાધર્મ સમજાવ્યા છતાં તેનો ગ્રાહક ન થાય તો જ્ઞાનીજન તેનાપર રોષ કરે નહીં, જેમ વિષને દૂર કરનાર વૈદ્ય કોઇનું વિષ દૂર કરવા તે માટે ઔષધાદિ અનેક ઉપચાર કરી વિષ દૂર કરવા ઇચ્છે છતાં તેનું ઝેર દૂર ન થાય તો વૈદ્ય પોતે ઝેર ખાતો નથી. દરદીનું ઝેર ન ઉતરે તો તેના બદલામાં વૈદ્યે ઝેર ખાઇ મરવું ઘટતું નથી, તેમ પ્રિય વચનોથી ઉપદેશ આપતાં છતાં ન ગ્રહણ કરે તો તેથી તેનાપર કોપ કરવો ઉપદેશ આપનારને ઘટતો નથી. જ્ઞાની જન દુષ્ટ મનુષ્યની દુષ્ટતાની પ્રથમ પરીક્ષા કરે કે તે દુષ્ટતા છોડે તેમ છે કે કેમ? જો ઉપદેશ દેતાં તે અધિક દુષ્ટતા કરે તેવું વિપરિત પરિણામ આવતું માલુમ પડે તો ઉપદેશ દે નહીં, જો તે જીજ્ઞાસુ સમજવાને યોગ્ય પાત્રતા વાળો માલુમ પડે તો પ્રિય વચનો કહી ઉપદેશ આપે. છતાં દુષ્ટતા ન છોડે તો પોતે તેના પર રોષ કરે નહીં.

સમજુ માણસ આ પ્રમાણે વિચારે કે જો ક્રોધી માણસે દુર્વચન કહી મને કંપાયમાન ન કર્યો હોત તો હું ઉપશમ ભાવ આણી ધર્મને શરણે કેવી રીતે જાત? પીડા કરનારે ભયભીત કરી ધર્મનું શરણ મને કરાવ્યું તથા પ્રમાદથી મુક્ત કરાવી

ઉપકાર કર્યો છે, જગતમાં કેટલાક એવા ઉપકારી છે કે પરહિતાર્થે આત્મભોગ આપવાને તત્પર થાય છે. ધન પણ છોડે છે. તો મારે દુર્વચન, બંધનાદિ ઉપસર્ગ સહન કરવામાં શું જવાનું છે? મને દુર્વચન કહેતાં કહેનારને સુખ થતું હોય તો મને શું ગેરલાભ છે? દુર્જન માણસ ક્રોધ કરી દુર્વચન કહે ત્યારે ધર્મી પુરૂષ એમ વિચારે કે મને દુઃખ દેનાર દુર્જન માણસ પોતાના પુણ્યનો નાશ કરે છે. સામે ક્રોધ નહીં કરતાં આત્મહિત સિદ્ધ થાય છે. જો દુઃખ ઉપજાવનાર પ્રત્યે સામો ક્રોધ કરીશ તો મારૂં આત્મહિત નષ્ટ કરી દુર્ગતિ પામીશ. તે માટે પ્રાણનો નાશ થવા છતાં દુષ્ટ પુરૂષ પ્રત્યે સામો ક્રોધ કરવો યોગ્ય નથી. એજ સત્પુરૂષોની હિતશિક્ષા છે. આત્મહિત માટે ક્ષમા ગ્રહણ કરો.

સજ્જન અને આત્મહિત સ્ત્રી પુરૂષ દુષ્ટ પુરૂષની કરેલી દુર્વચનાદિક પીડા મને થઇ છે તે પુણ્યોદયથી મારી પરીક્ષા માટે આવી છે. હું ઘણા વખતથી વીતરાગનો માર્ગ પામ્યો છું તો હવે ક્રોધાદિક નિમિત્ત પામી સામ્યભાવ રહે છે કે કેમ તેની પરીક્ષા કરૂં. સામ્યભાવ સ્તુતિપાત્ર છે. તેજ કલ્યાણનું કારણ છે. શાસ્ત્રાભ્યાસનું પ્રયોજન સામ્યભાવ છે. છતાં તેનો અભ્યાસ કર્યા છતાં આત્મહિતસ્વી પુરૂષ સામ્યભાવ ન આણે તો તેનું ભણેલું વ્યર્થ છે.

દુઃખના સંયોગો ન આવ્યા હોય ત્યાં સુધી તો હરકોઇ ક્ષમા, સત્ય તથા શૌચ ગુણોવાળા જણાય છે, પણ જેમ ચંદન કુહાડે કાપતાં છતાં સામો અપકાર નહીં કરતાં કુહાડાના મુખને સુગંધ

આપે છે તેમ, જે માણસો ઉપસર્ગ અનેપરીષહ આવ્યા છતાં પણ વૃત્તિને વિકારી થવા દેતા નથી તે માણસોજ ચંદનની પેઠે સત્પુરૂષ છે.

અજ્ઞાની માણસ પોતાનાં પૂર્વ ભવમાં કરેલાં પાપ કર્મો પ્રત્યે રોષ ન કરતાં તે કર્મ ઉદય આવે ત્યારે તેમાં થતા નિમિત્તો ઉપર રોષ કરે છે. જે કર્મ મળ નાશ થતાં આ સંસારનો નાશ થાય તેમ છે, તે કર્મ ઉદય આવ્યું તો સહજ વાંછિત ફળની પ્રાપ્તિ થઈ. આ સંસાર અનંત કલેશથી ભરેલો છે તેમાં વસતા પ્રાણીઓ અનેક પ્રકારનાં અસહ્ય દુઃખો ભોગવી રહ્યા છે. તેમાં કેટલાક જીવો સમ્યક્જ્ઞાન વિવેક રહીત છે, કેટલાક જિનસિદ્ધાં-તપર દ્વેષ કરનાર કેટલાક મહા નિર્દય, કેટલાક પરલોકના હિ-તાર્થે કંઇ પણ વિચાર કે લાગણી વગરના, કેટલાક ક્રોધ રૂપ અગ્નિથી બળતા, કેટલાક દુષ્ટ વિષયની લાલસાથી અંધ, કેટલાક હઠગ્રાહી, કેટલાક મહા અભિમાની, કેટલાક કૃતઘ્ની એવા દુષ્ટ પુરૂષોથી ભરેલો છે. જો તેમ ન હોતતો ઉજવળ બુદ્ધિવાળા સત્પુરૂષો વ્રત, તપશ્ચર્યા કરી મોક્ષને માટે ઉદ્યમ શા માટે કરત? આ સૃષ્ટિમાં ક્રોધી, દુર્વચન બોલનાર, હઠગ્રાહિ, કૃતઘ્ની, અન્યાય-માર્ગીઓની મોટી સંખ્યા દેખી જ્ઞાની પુરૂષો મોહ ત્યાગી વિરાગી થયા. હું મહાપુણ્ય યોગે પરમાત્મ સ્વરૂપનો જ્ઞાતા થયો, તથા સર્વજ્ઞપ્રણિત પદાર્થનું નિર્ણયરૂપ જ્ઞાન થયું, તથા સંસાર પરિભ્ર-મણથી ભયભીત થઇ વીતરાગ માર્ગમાં પ્રવેશ કર્યો, હવે જો ક્રોધી થાઉં તો મારૂં જ્ઞાન ચારિત્ર નિષ્ફળ થઇ જાય ને

હું ધર્મને અપયશ કરાવનાર થઇ દુર્ગતિને પાત્ર થાઉં. ભગવાન પદ્મનંદી મુનિએ કહ્યું છે કે, મુર્ખ માણસે બાધા, પીડા, કે, અપમાન, હાસ્ય, દુર્વચન કહેવા ઇત્યાદિ તિરસ્કાર કર્યા છતાં પણ ઉત્તમ પુરૂષોનું મન વિકારી થતું નથી. તેવો શાંત ભાવ આણવો તેને ક્ષમા કહે છે. તે ક્ષમા મોક્ષ માર્ગમાં પ્રવર્તતા પુરૂષોને પરમ સહાયક છે. વળી વિવેકી આ પ્રમાણે વિચારે કે જો હું રાગ દ્વેષરહિત સામ્ય દ્રષ્ટિવાન ઉજ્વળ બુદ્ધિવાળો હોઉં તો પછી અન્યલોક મને ભલે ખોટો કહે, મારે, તેની કંઈ પરવા નથી, વીતરાગ દશા પામી આત્મ શુદ્ધિ પ્રાપ્ત કરવી યોગ્ય છે. જો મારા પરિણામ દોષવાન છે છતાં કોઇ હિતસ્વી મને ભલો કહે તેથી હું ભલો નહીં થઈ જાઉં. જો મારા પરિણામ દોષ-રહિત છે છતાં કોઈ વેરબુદ્ધિથી ખોટો કહે તેથી હું ખોટો નહીં થઇ જાઉં. ફળ તો જેવાં કાર્ય કરીશ તેવાંજ પામીશ. જેમ કોઈ કાચને રત્ન કહે અથવા તો રત્નને કાચ કહે તો પણ કિંમત તો રત્નનીજ આવશે, રત્ન કહેવાથી કાચની કિંમત અધિક કોણ આપશે ? દુર્જન તો બીજામાં દોષ ન હોય તો પણ દોષ સ્થાપન કરવામાંજ પોતાને સુખ માને છે. તેથી દુર્જન માણસ મારા અવિદ્યમાન દોષ લોકમાં ઘેરઘેર જનસમુહ આગળ પ્રગટ કરી સુખી થાઓ. તેમજ ધનના અર્થી મારૂં સર્વસ્વ લઇ સુખી થાઓ. પ્રાણના અર્થી દુશ્મન મારા પ્રાણ હરીને સુખી થાઓ. સ્થાનના અર્થી સ્થાન લઈને સુખી થાઓ. હું તે સર્વ પ્રત્યે મધ્યસ્થ છું, રાગદ્વેષ રહિત છું, જગતવાસી સર્વ પ્રાણીઓ મારા નિમિત્તે સુખી રહો.

મારા નિમિત્તથી કોઇ પણ પ્રાણી કોઇ પણ પ્રકારે દુઃખી ન રહો. આ હું મોટો અવાજ કરી જણાવું છું, કેમકે મારૂં જીવન તો આયુષ્ય કર્મને આધીન છે, તથા ધન, સ્થાનનું જવું આવવું પાપ પુણ્યને આધીન છે. મારે કોઇ પણ અન્ય જીવ સાથે વેર વિરોધ નથી, સર્વ પ્રત્યે ક્ષમા છે. હે આત્મા જો તું મિથ્યા દ્રષ્ટિ તથા દુષ્ટ હિતાહિતના વિચાર રહિત, વિવેકરહિત અજ્ઞાની મનુષ્યથી કહેવાયલાં દુર્વચનાદિક ઉપદ્રવથી અસ્થિર થઇ પીડા માની કલેશીત થાય છે તો તેં ત્રૈલોકયના ચૂડામણિ ભગવાન વીતરાગ દેવને શું જાણ્યા? તેમજ વીતરાગ ધર્મની ઉપાસના તેં શી કરી? તું મુર્ખના સ્વભાવને નથી જાણતો? કેમકે મિથ્યા દ્રષ્ટિ અજ્ઞાની, મૂર્ખ આત્મા જ્ઞાન રહિત હોય છે, તેનું વર્તન પૂર્વ કૃત કર્માધીન વિપરીત હોય છે, માટે તે ક્ષમા કરવા યોગ્ય છે. ક્ષમા આ લોકે તેમજ પરલોકે પરમ શરણ છે, તે માતાની પેઠે રક્ષા કરવા વાળી છે. બહુ શું કહીએ! વીતરાગ ધર્મનું મુળ ક્ષમા છે. ક્ષમાને આધારે સર્વ ગુણ પ્રગટ થાય છે, ક્ષમા પાપ કર્મને નાશ કરનાર છે. હજારો ઉપદ્રવ દૂર કરવા વાળી છે. તે માટે ધન જીવિત જતું હોય તો ભલે જાય, પણ ક્ષમા છોડવી યોગ્ય નથી. કોઈ દુષ્ટ વચન કદી પણ કહો નહિ. માણુસ પ્રાણ રહિત કરે તોપણ તેને કટુક વચન કદી પણ કહો નહિ. કહેનાર પ્રત્યે અંતરંગ વેર છોડી તેની સામે આ પ્રમાણે સંભાષણ કરો કે, આપતો મારા રક્ષક છો, મારૂં મરણ આવી પહોંચ્યું તો તેમાં મારૂં દુર્ભાગ્ય! આપ શું કરો! આપ સરખા મહાન્ પુરૂષના હસ્તથી મારૂં મરણ થાય

તો મારૂં ધનભાગ્ય ! મારા જેવા અપરાધીને આપ દંડ ન આપો તો દેખાદેખી માર્ગ મલીન થઇ જાય; વળી તે અપરાધનું ફળ મારે નર્ક તિર્યંચ ગતિમાં ભવિષ્યમાં ભોગવવું પડત, પણ આપે દંડ દઇ અહિંયાંજ ઋણ મુક્ત કર્યો. આપ પણ મને અપરાધીને દંડ આપી શાંત શાઓ. હું પણ રોગાદિક કષ્ટ ભોગવીને દુઃખમાં ધર્મ શરણ કરી પાપ કર્મ પૂર્ણ કરી સજ્જનની કૃપા પૂર્વક મરણ કરીશ. આ પ્રમાણે મારનાર પ્રત્યે પણ વેરત્યાગી સમતાવાન થવું. તે ઉત્તમ ક્ષમા છે. આ પ્રકારે ક્ષમા ધર્મનું સ્વરૂપ કહ્યું. હવે માર્દવ ધર્મનું સ્વરૂપ કહે છે.

ઉત્તમ માર્દવ ધર્મ.

માર્દવ ધર્મનું સ્વરૂપ આ પ્રકારે છે. માનકષાયથી આત્મામાં કઠોરતા આવે છે તે માર્દવ નામનો આત્માનો સહજ ગુણ છે. માન તથા આત્માના ગુણ દોષનું સ્વરૂપ વિચારી અભિમાન છોડવું તે માર્દવ ધર્મ છે માન સંસાર પરિભ્રમણ કરાવવાવાળો છે. માર્દવ ગુણ દયા ધર્મનું કારણ છે. દયા ધર્મનું મુળ છે તેને અભિમાન નાશ કરે છે અભિમાની કઠોર પરિણામવાળો ને નિર્દય હોય છે. ત્યારે વિનય ગુણ સમસ્ત પ્રાણીનું હિત કરનાર છે. જેનામાં વિનયગુણ છે તેનુંજ વ્રત પાલવું, સંયમ ધારણ કરવું, જ્ઞાનાભ્યાસ કરવો સર્વ સફળ છે વિનય અભિમાનનો નાશ કરનાર છે. પાંચે ઇંદ્રિયો તથા મનને વશ કરવા વાળો છે વિનયગુણપ્રસાદે ચિત્તરૂપ ભૂમિમાં કરૂણારૂપી વેલ ઉગી વર્ધમાન થાય

છે. વિનયગુણ પ્રતાપે વીતરાગ ભગવાન તથા શાસ્ત્રપર ભક્તિ પ્રગટે છે. અભિમાનીને વીતરાગ ભગવાનના ગુણપર અનુરાગ થતો નથી. માર્દવ ગુણ (વિનય) થી કુબુદ્ધિનો નાશ થાય છે. અભિમાનીને મિથ્યામતિ ઉપજે છે. માર્દવ ગુણથી અદ્ભૂત વિનય પ્રગટે છે. માર્દવ ગુણથી ઘણા લાંબા વખતનું વેર નાશ પામે છે. વેરી વેર છોડી દે છે. માન ઘટવાથી પરિણામની ઉજવળતા થાય છે, ઉજવળ પરિણામથી કોમળતા આવી બન્ને લોકમાં હિત થાય છે. નમ્ર સ્વભાવીનો આ લોકમાં સુયશ ફેલાય છે. તેમજ પરલોકમાં દેવલોકની પ્રાપ્તિ થાય છે. કોમળ પરિણામ વડે અંતરંગ તથા બાહ્ય તપ દીપિ નીકળે છે, અભિમાનીનું તપ નિંદવા યોગ્ય છે. નમ્ર સ્વભાવી પર હરકોઇનું મન રંજાયમાન થાય છે. જે માર્દવગુણી છે તેજ જીનેંદ્રના માર્ગમાં છે. વિનય ગુણથી સ્વપર સ્વરૂપનો અનુભવ પ્રગટે છે. કઠોર (ઉદ્ધત) પરિણામીને સ્વપર અનુભવરૂપ સમ્યક્જ્ઞાન હોતું નથી. માર્દવ ગુણથી સમસ્ત દોષનો નાશ થાય છે. માર્દવ પરિણામ વડેજ સંસાર સમુદ્ર પાર પમાય છે, માટે માર્દવ કહેતાં વિનય ગુણને સમ્યક્ દર્શનનું અંગ જાણી તેની સ્તુતિ કરો. સંસારી જીવોને અનંતકાળથી મિથ્યા દર્શનનો ઉદય લાગી રહ્યો છે તેથી પર્યાય બુદ્ધિવાન થઇ શરીરને, કુળને, વિદ્યાને, બળને, પ્રભુતાને, રૂપને, તપને, ધનને, નિજ રૂપ (એ મારૂં છે) માની ગર્વિષ્ટ થઇ રહ્યો છે. તે અજ્ઞાન છે. જાતિ કુલાદિ સર્વ કર્મ પ્રભાવે ઉત્પન્ન

થાય છે, તેથી તે પુદ્ગલનો વિકાર છે, તેમજ તે નાશવાન છે. હું અવિનાશી છું, જ્ઞાન મય છું, અમૂર્તિક છું. મેં અનંતકાલમાં અનંતવાર જાતિ, કુળ બળ ધનાદિ પામી છોડયાં છે તો હવે કઇ વસ્તુમાં પોતાપણું માનું? ધન, યૌવન ઈંદ્રિયજન્યજ્ઞાન એ સર્વ નાશવાન છે. ક્ષણુભંગુર છે. તેનો ગર્વ કરવો તે સંસાર પરિભ્રમણનું કારણ છે. આ સંસારમાં સ્વર્ગ લોકના મહા ઋદ્ધિવાન દેવતાઓ પણ મરણ કરી એકેંદ્રિયમાં જઇ ઉપજે છે. તથા કુકડા, શુકર, ચંડાલાદિક પર્યાયને પામે છે, તેમજ ચક્રવર્તિ જેવા જે નવનિધિ, ચૌદ રત્નના ધારક તે પણ મરણ કરી એક સમયમાં સાતગી નર્કના નારકી થાય છે. બળભદ્ર નારાયણની પ્રભુતા નષ્ટ થઈ ગઇ તો પછી બીજાની શી દશા? જેની હજારો દેવતા સેવા કરતા તેનું પુણ્ય ક્ષય થયે તેમની પાસે એક પણ માણુસ પાણી પાનાર ન રહ્યું, તો અન્ય પુણ્ય રહિત જીવે શા માટે મદોન્મત્ત થવું જોઇએ? જે ઉત્તમજ્ઞાનમાં પ્રધાન પુરૂષો છે, તથા ઉત્તમતપશ્ચરણ કરવામાં ઉદ્યમી તથા ઉત્તમ દાતાર છે, જે પોતાના આત્માને અતિ નીચો માને છે, તેને માર્દવ ધર્મ પ્રગટ થાય છે મદરહિત વિનય ગુણ સર્વ ધર્મનું મૂળ છે. સમસ્ત જ્ઞાનાદિક ગુણ વિનય ગુણને લીધે પ્રગટ થાય છે. માટે જ્ઞાન ઇચ્છતા હોતો વિનયવાન બનો. અભિમાની બની જ્ઞાન મેળવવા ઇચ્છવું તે આકાશના ફૂલની પેઠે મિથ્યા છે. જો ઉજવળ યશ તથા વૈર નાશ કરવા ચાહો તો મદ ત્યાગી નમ્ર (કોમળ) બનો

માનનો નાશ થયા વિના વિનય ગુણ (નમ્રતા), મિષ્ટ મધુરી વાણી, પુજ્ય પુરૂષોનો વિનય, સત્કાર, દાન, સન્માન વિગેરે એક પણ ગુણ આવતો નથી. અભિમાનીને વિના અપરાધ કરે વૈરીઓ વધે છે, અભિમાનીની સર્વ કોઈ નિંદા કરે છે, અભિમાનીનું સર્વ કોઇ બુરૂ ઈચ્છે છે, અભિમાનીને સેવક પણ છોડી દે છે, અભિમાનીને ગુરૂજન વિદ્યા આપવામાં ઉત્સાહ રહિત થઇ જાય છે, અભિમાની સેવકને સ્વામી પણ છોડી દે છે. સેવક મિત્ર, ભાઇ, પાડોશી આદિ સર્વ કોઈ હિતસ્વી જન અભિમાનીનું ભલું ચ્હાતા નથી. પિતા, ગુરૂ, ઉપાધ્યાય તે સર્વ વડીલ જનો પુત્ર, શિષ્ય તથા સેવકને વિનયવાન દેખીને આનંદ પામે છે. ઉદ્ધત અભિમાની પુત્ર તથા શિષ્ય વડીલને સંતાપ કરનાર થાય છે. પુત્ર, શિષ્ય અને સેવકનો ધર્મ છે કે, જે કંઇ નવીન કાર્ય કરવું હોય તે પિતા, ગુરૂ, સ્વામીને જણાવવું, તેમની આજ્ઞા માગવી, કદાપિ આજ્ઞા માગવા માટે પૂરો વખત ન મળે તો અવસર દેખી ઝટ જણાવે એ વિનય માર્ગ છે. (ભક્તિ માર્ગ છે.)

જેના મસ્તકપર ગુરૂ બિરાજમાન છે, તે ભાગ્યશાળી છે. અભિમાન રહિત વિનયવંત પુરૂષ છે તે, પોતાનાં સમસ્ત કાર્ય યા વિચારો ગુરૂને જણાવી દે છે. આ કળિકાળમાં મદરહિત કોમળ પરિણામી થઈ આ જગતમાં વિચરે છે; તેને ધન્ય છે. જે ઉત્તમ પુરૂષ છે તે બાળક, વૃદ્ધ, નિર્ધન, રોગી, મૂર્ખ, કુળહીન એ સર્વ પ્રત્યે પ્રિય વચન, આદરસત્કાર, આસન આપવું તેમાં ચુકતો નથી, તેમનો પ્રિય વચનથી સત્કાર કરે છે. ઉત્તમ

પુરૂષ ઉદ્ધત પહેરવેશ પહેરે નહીં, લેણુદેણુ વિવાહાદિક વ્યવહારકાર્યમાં ઉદ્ધતાઈથી કોઇનું અપમાન કરે નહીં, ઉદ્ધતાઈથી ચાલ પણ અભિમાની રાખે નહીં, તેમજ બોલવામાં, ચાલવામાં, ઉઠવા બેસવામાં ઉદ્ધતાઇથી વર્તે નહીં. જગતમાં નમ્રતા પુજ્ય છે. ધન, રૂપ, જ્ઞાન, વિદ્યા, કળા, ચતુરાઇ, બળ, ઉત્તમ કુળ, પ્રભુતા એ સર્વે તેનુંજ પામવું સફળ છે કે જે તે પામીને પણ નમ્ર સ્વભાવી થઇ વર્તે છે. ઉત્તમ પુરૂષ પોતાના મનથી પોતાને સર્વથી લઘુ માને છે, કેમકે તે ધનાદિ સર્વ વસ્તુ પરદ્રવ્ય છે. પુણ્યથી પ્રાપ્ત થાય છે, તેથી પરવસ્તુનો ગર્વ વિનયવાન કેમ કરે? નજ કરે. હે ભવ્ય આત્માઓ માર્દવ (વિનય) ગુણને ધર્મનું અંગ જાણી ગ્રહણ કરો, તેની સ્તુતિ કરો, ધ્યાન કરો. આ પ્રકારે માર્દવ ધર્મનું સ્વરૂપ કહ્યું. હવે આર્જવ ધર્મનું સ્વરૂપ કહે છેઃ—

ઉત્તમ આર્જવ ધર્મ.

આર્જવ એટલે કપટરહિત સરલપણું. આર્જવ એ ધર્મનું અંગ છે. આર્જવનું બીજું નામ સરલતા છે. મન વચન કાયની કુટિલતાને છોડી દેવી તે આર્જવ ધર્મ છે. તે પાપનો નાશ કરી સુખને આપે છે, માટે કુટિલતા છોડી કર્મ બંધનથી મુક્ત કરવા સમર્થ એવો આર્જવ ધર્મ તેને ગ્રહણ કરો. કુટિલતા પાપબંધનું કારણ છે તથા લોકમાં પણ તેની નિંદા થાય છે. તે માટે આત્મહિત ચિંતક પુરૂષોએ સરલ થવું ઘટે છે. જેવું હૃદયમાં

(મનમાં) હોય તેવું મોઢેથી બોલવું, તથા બોલવું તેવુંજ ચાલવું જોઈએ, તેજ આર્જવ ધર્મ છે. કપટરૂપ સલ્ય દૂર કરી આર્જવ ગુણ વડે હૃદય પવિત્ર કરો માયાચારી (કપટી)નું વ્રત, તપ, સંયમાદિ સર્વ ક્રિયા નિષ્ફળ છે. સરલતા નિર્વાણ માર્ગમાં સહાયક છે. સરલ નિષ્કપટી વચન બોલવાં તેજ આર્જવ ધર્મ છે. સરલ ચિત્તવંતમાંજ સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર અખંડપણે વાસ કરે છે. સરલતા અતીંદ્રિય સુખનો ભંડાર છે. આર્જવ ધર્મ પ્રતાપે અતીંદ્રિય સુખ પ્રાપ્ત થાય છે. સંસારરૂપી સમુદ્રને તરવા જહાજ સમાન છે. જ્યારે કપટ જગતમાં પ્રગટ થાય, ત્યારે પ્રીતિનો ભંગ થાય છે, જેમ મીઠાથી દુધ ફાટી જાય છે તેમ માયાચારી અનેક પ્રકારે પોતાનું કપટ છાનું રાખવા પ્રયત્ન કરે છે છતાં છેવટે તે ઉઘાડું પડયા વિના રહેતું નથી. બીજાની ચાડી તેમજ દોષ પ્રગટ કરવાથી પોતાની હલકાઇ જણાઈ આવે છે. કપટ કરવાથી પોતાની શાખ બગડે છે, તેમજ માયાચારી ધર્મને પણ બગાડે છે. કપટીના સર્વ હિતસ્વીઓ દુશ્મન થાય છે. જે ત્યાગી, તપસ્વી, મુનિ તેનું પણ કપટ એક વાર જગતની જાણમાં આવે તો તેને સર્વ લોક અધર્મી માની તેની કોઇ પ્રતિતી કરતું નથી. મા પણ કપટીનો ભરોંસો કરતી નથી. કપટી માણસ મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, ધર્મદ્રોહી કૃતઘ્ની છે. જિનેંદ્રનો ધર્મ છળકપટરહિત છે. જેમ વક્રમ્યાનમાં સીધી તરવાર પેશી શકતી નથી તેમ કપટથી જેનું હૃદય વક્ર છે તેનામાં વીતરાગ માર્ગ પ્રવેશ થઈ શકતો નથી. કપટીનું બન્ને લોકમાં ભુંડું થાય છે. તે માટે યશ

ચ્હાતા હો તો માયાચારનો ત્યાગ કરો. માયાચારથી ધર્મપર ભક્તિ આવતી નથી માટે આર્જવ ધર્મનો સ્વીકાર કરો. કપટ રહિત સરલ ચિત્તવંતની વૈરી પણ પ્રસંશા કરે છે. સરલચિત્તથી અપરાધ થઈ જાય તો તેનો અપરાધ ગુન્હાને પાત્ર નથી. આર્જવ ધર્મવાન સ્વરૂપનો અનુભવ કરી શકે છે. તેથી આત્મહિત ઇચ્છનારે કપટ નહીં કરવાનો સંકલ્પ કરવો. જગતને છેતરવાનો દૂરથી ત્યાગ કરવો. સ્વયંસિદ્ધ, શુદ્ધ ચૈતન્ય, સ્વયંસુખી પોતાના આત્માને જે જાણે છે તે પુરૂષ કદી પણ ધન, સંપદા, કુટુંબાદિક માટે બીજાને ઠગતો નથી. કેમકે તે કુટુંબાદિ સર્વસ્વ આત્મદ્રવ્યથી ભિન્ન છે, તેમજ આત્મિક સુખ અન્ય કોઈ પણ પરદ્રવ્યથી પ્રાપ્ત થાય તેમ નથી. જો તેમ છે તો વિવેકી મનુષ્ય બીજાને ઠગવારૂપ પ્રયત્ન શા માટે કરે ? નજ કરે. હે ભવ્યો ! આ સંસાર પરિભ્રમણથી આત્માને મુક્ત કરવા ચ્હાતા હોતો કપટ છોડી આર્જવ ધર્મ ગ્રહણ કરો. આ પ્રકારે આર્જવ ધર્મનું સ્વરૂપ કહ્યું—હવે સત્ય ધર્મનું સ્વરૂપ કહે છેઃ—

ઉત્તમ સત્ય ધર્મ.

સત્ય વચન બોલવું તે ધર્મ છે. સત્ય વચન દયા ધર્મનું મૂળ છે. કેમકે દયાળુ પુરૂષ સત્ય બોલી શકે છે. સત્ય વચન બોલનારનામાં બીજા દોષો હોય તોપણ ઘટતા જાય છે. સત્ય આ લોક તથા પરલોક બન્ને ભવમાં કલ્યાણ કરે છે. સાચાપર સૌને વિશ્વાસ બેસે છે. સર્વ ધર્મમાં સત્ય પ્રધાન ધર્મ છે.

સંસાર સમુદ્રથી પાર પામવાને સત્ય જહાજ સમાન છે. સત્ય સર્વ સદાચરણોમાં ઉત્તમોત્તમ છે. સત્ય સર્વ સુખનું કારણ છે. સત્યથી મનુષ્ય ધર્મ શોભે છે. સત્યવાનનું સર્વ પુણ્યદાન ઉજ્વળ કીર્તિ આપે છે. અસત્યવાદીનું કોઇ પણ ધર્મ કાર્ય યશને પાત્ર થતું નથી. સર્વ ગુણોમાં સત્ય પ્રથમ પદ ધરાવે છે. સત્યવાનની દેવો પણ રક્ષા કરે છે. સત્ય બોલનારજ અણુવ્રતિ, મહાવ્રતિ ગણાય છે. સત્ય વિના વ્રત સંયમ સર્વ નિષ્ફળ છે. ગ્રહણ કરેલાં વ્રત સંયમ સત્ય વગર નાશ પામે છે. સત્યથી સર્વ આપદા ટળી જાય છે. તે માટે એવું વચન બોલો કે જેથી સ્વપરનું હિત થાય. જે પ્રમાણિક હોય તેજ વચન બોલો. કોઇને દુઃખ લાગે, અપ્રિય લાગે, પરપ્રાણીને પીડા ઉપજાવે એવું વચન કદી પણ ન બોલો. બીજાને પીડા ઉપજાવે એવું સત્ય વચન પણ ન બોલો, કેમકે બીજાને પીડા ઉપજાવે એવું સત્ય વચન પણ અસત્ય ગણાય છે. પરમાત્મા અસ્તિત્વ ઠરે એવાં વચન બોલો. પુણ્ય પાપ નથી, સ્વર્ગ નર્ક નથી એવાં નાસ્તિક વચન બોલવાં નહીં.

જીવ અનંતકાળથી નિગોદમાં રહ્યો, ત્યાં વચન રૂપ લબ્ધિ ન પામ્યો, તેમજ પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય વનસ્પતિકાયમાં અસંખ્ય કે અનંતકાળ રહ્યો, ત્યાં પણ જીંહ્વા નહી પામ્યો તેથી ત્યાં પણ બોલવાની શક્તિ નહતી. વિકલ ચતુષ્ક (બેઇંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિય, અસંજ્ઞી પંચેદ્રિય) માં જીંહ્વા પામ્યા છતાં પણ અક્ષર રૂપે ઉચ્ચાર કરવાની શ-

ક્તિ નહુતી. એક મનુષ્યપણામાં વચન બોલવા રૂપ શક્તિ પામ્યો છે. એવી પામવી દુર્લભ એવી વાણી પામીને બગાડવી એ ભારે અનર્થ છે. મનુષ્ય પ્રાણીનું અધિકપણું વચનથી જુદુ પડે છે, કેમકે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત એ સર્વ ઈંદ્રિયો ઢોરને પણ હોય છે. તેમજ ખાન પાન તથા કામ ભોગાદિક પુણ્યાનુસાર તિર્યંચને પણ હોય છે. તેમજ આભરણ વસ્ત્રાદિક વાનર, ઘોડા, ગધેડાં, ઊંટ, બળદ ઇત્યાદિ જાનવરોને પણ તેમના ધણીઓ શોખની ખાતર પહેરાવે છે. સાંભળવાની શક્તિ, ઉત્તર દેવાની શક્તિ, ભણવા ભણાવવાની શક્તિ એ સર્વનું કારણ જે વચન તે એક મનુષ્ય જન્મમાંજ હોય છે. જેણે મનુષ્ય જન્મ પામી વચન બગાડયું તેણે સમસ્ત જન્મ બગાડયો. મનુષ્ય જન્મમાં લેવું, દેવું, કહેવું, સાંભળવું, ધીરજ, પ્રતીતિ, ધર્મ, કર્મ, પ્રીતિ, વેર ઇત્યાદિ જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિ રૂપ કાર્ય છે તે સર્વ વચનને આધીન છે; કેમકે તે વચનથી બને છે. જેણે વચન બગાડયું તેણે સર્વ મનુષ્ય વ્યવહાર બગાડયો. માટે પ્રાણ જતાં પણ પોતાનું વચન બગાડો નહીં. અસત્યનો ત્યાગ કરો.

૧. **વિદ્યમાન વસ્તુનો નિષેધ** કરવો તે પ્રથમ અસત્ય છે. જેમ કર્મ ભૂમિના મનુષ્ય તિર્યંચનું અકાલ મૃત્યુ હોય નહીં. આ વચન અસત્ય છે, કેમકે દેવ નારકી, ભોગ ભૂમિના મનુષ્ય તિર્યંચ આયુષ્ય સ્થિતિ પૂર્ણ થયે મરે છે. વચમાં અપૂર્ણ આયુષ્ય છેદાતું નથી. જેટલી સ્થિતિ બાંધી હોય તે પૂર્ણ ભો-

ગવીને મરે છે. કર્મ ભૂમિના મનુષ્ય તિર્યંચનું આયુષ્ય વિષભક્ષણ, તાડન, મારણ, છેદન, બંધન, વેદના, રોગ, શરીરમાંથી રૂધિરનો નાશ થવો તેમજ દુષ્ટ મનુષ્ય તિર્યંચનો ભય ઉત્પન્ન થવાથી, વીજળી પડવાથી, શસ્ત્રથી, ગિરિપાત, અગ્નિપાત, જળપાત કરવાથી, કલેશથી, શ્વાસોશ્વાસ રૂંધાવાથી, ધુણી લાગવાથી, આહાર પાણી નહીં મળવાથી ઇત્યાદિ કારણોથી આયુષ્ય નાશ થાય છે. આયુષ્યની લાંબી સ્થિતિ હોય તોપણ ઉપર જણાવેલાં વિષભક્ષણ, રક્તક્ષય, શસ્ત્રાદિક કારણોથી આયુષ્ય પૂર્ણાહૂતિને પામે છે. કેટલાક કહે છે કે આયુષ્ય પૂર્ણ થયા વિના કોઇ મરે નહીં. તેને ઉત્તર આપવામાં આવે છે કે બાહ્યનિમિત્તથી આયુષ્ય ન છેદાતું હોત તો વિષભક્ષણથી કોણ પરાઙ્મુખ હોત તેમજ વિષ ખાવામાં કેમ સંભાળ રાખો છો? દુશ્મનનું શસ્ત્ર દેખી ભયથી કેમ ભાગો છો? સર્પ, સિંહ, વાઘ, હસ્તી, દુષ્ટ મનુષ્ય તથા તિર્યંચાદિક દેખી દૂરથી કેમ ભાગો છો? તથા નદી, સમુદ્ર, કુપ, વાવ તથા અગ્નિની જવાળામાં પડી જવાના ભયથી દૂર કેમ ખસો છો? તથા રોગનો ઇલાજ કોણ કરત? તે માટે અધિક શું કહેવું. જો આયુષ્ય ઘાત થાય તેવાં બાહ્ય કારણ મળી જાય તો આયુષ્યનો ઘાત થઈ જાય, આ નિશ્ચય વાત છે. વળી આયુષ્ય કર્મની પેઠે યોગ્ય નિમિત્ત પામીને અન્ય કર્મ પણ ઉદયમાં આવે છે. સર્વ જીવને પાપ પુણ્ય કર્મ સત્તામાં વિદ્યમાન છે. તે સત્તામાં રહેલ કર્મ બાહ્યકારણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પૂર્ણ સામગ્રી મળે

તે ઉદય આવી વિપાક રસ આપે છે. બાહ્ય નિમિત્ત ન મળે તો ઉદયમાં આવતું નથી, ત્યારે તો તે કર્મ રસ દીધા વિના નિર્જરે છે, તેને પ્રદેશોદય કહે છે.

૨. **અસદ્ભુત** અસંભવિતને પ્રગટ કરવું તે બીજું અસત્ય છે. જેમકે દેવને અકાળમૃત્યુ કહેવું. દેવો ગ્રાસ ભોજન કરે છે એવું કહેવું, તેમજ દેવો માંસ ભક્ષાદિ કરે છે એવું અસંભવ વચન બોલવું, તે બીજું અસદ્ભૂત અસત્ય છે.

૩. **વિપરિત વચન**—વસ્તુનું સત્ય સ્વરૂપ જેવું હોય તેથી ઉલટું કહેવું તે ત્રીજું અસત્ય જાણવું.

૪. **ગર્હીત વચન**—નિંદવા યોગ્ય વચન તે ગર્હીત વચન કહેવાય છે. સાવદ્ય, અપ્રિય, પૈશુન્ય, હાસ્ય, કર્કશ, અસમંજસ, પ્રલપિત ઇત્યાદિ તથા અન્ય પણ સૂત્ર વિરૂદ્ધ વચન તે ગર્હીત વચન છે. બીજાની વિદ્યમાન કે અવિદ્યમાન દોષ પુંઠ પાછળ કહેવા, તથા જે વચન વડે પરના ધનનો, આજીવિકાનો, પ્રાણનો નાશ થાય એવાં વચન બોલવાં. તેમજ જે વચનથી બીજાની જગતમાં નિંદા થાય, અપવાદ થાય એવાં વચન બોલવાં તે ગર્હીત અસત્ય વચન છે. નિંદ્ય ભાષાના સામાન્ય ભેદ નીચે પ્રમાણે છે.

હાસ્ય—બીજાને મશ્કરીમાં ગાળ ભાંડવી તેમજ સાંભળનારને અશુભ રાગ ઉત્પન્ન થાય, તેવાં વચન બોલવાં તે હાસ્ય નામે નિંદ્ય ભાષા છે.

કર્કશ—બીજાને એમ કહેવું કે તું ઢેડ છે, તું મૂર્ખ છે,

તું મૂઢ છે, ઇત્યાદિ બીજાને આક્રોસ વચન કહેવાં તે કર્કશ ભાષા છે.

અસમંજસ—દેશકાળને અનુચિત વચન બોલવાં, જેમકે કોઇના મરણ જેવા શોકના પ્રસંગમાં હાંસી મશ્કરી રૂપ હસવા જેવાં વચન બોલવાં, તે અસમંજસ વચન છે.

પ્રલાપ—પ્રયોજન રહિત મિથ્યા બકવાદ કરવો, જે કામ એક વચનથી થઇ શકે તેમ હોય, ત્યાં ઘણાં વચન બોલવાં તે મિથ્યા પ્રલાપ વચન છે.

સાવદ્ય વચન—જે વચનથી પ્રાણીનો ઘાત થાય, જે વચનથી દેશમાં ઉપદ્રવ થાય, દેશ લૂંટાય, દેશનો સ્વામી જે સરકાર તેની જોડે બીજાને વેર થાય, ગામમાં અગ્નિ લાગે, ઘર બળે, વન બળે, એક બીજાને માંહોમાંહે કલેશ વધે, એક રાજાને બીજા રાજા જોડે યુદ્ધ થાય, માંહોમાંહે વિસંવાદ થાય, સામસામી વેર બંધ થાય, છકાય જીવોનો આરંભ થાય, હિંસામાં પ્રવૃત્તિ થાય, એ સાવદ્ય અસત્ય વચન જાણવાં. તે દુર્ગતિનાં કારણ છે, માટે ત્યાગવાં યોગ્ય છે.

અપ્રિયવચન—અપ્રિયવચનના દશ ભેદ છે. (૧) કર્કશા, (૨) કટુશા, (૩) પુરૂષ, (૪) નિષ્ઠુરા, (૫) પરકોપની, (૬) મધ્યકૃશા, (૭) અભિમાની, (૮) અનયંકરી, (૯) છેદંકરી, (૧૦) ભૂતબંધકરી આ અસત્ય ભાષાના દશ ભેદ મહા પાપનું કારણ જાણીને સત્પુરૂષોએ તજ્યા છે.

કર્કશ ભાષા—તું મૂર્ખ છે, તું બેલ જેવો છે, તું ઢોર જેવો

છે, હે મૂર્ખ તું શું સમજે છે, એવી જે ભાષા તે કર્કશ ભાષા છે.

કટુક ભાષા—તું કુજાત છે, તું નીચ છે, તું અધર્મી છે, તું મહા પાપી છે, તું સ્પર્શ કરવા યોગ્ય નથી, તારૂં મોં કાળુ કર ઇત્યાદિ બીજાને કડવી લાગે એવી તિરસ્કારમય ભાષા બોલવી તે કટુક ભાષા છે. તેનો ત્યાગ કરો.

પુરૂષ ભાષા—તું આચાર ભ્રષ્ટ છે તેથી ભ્રષ્ટાચારી છે એવાં બીજાનાં મર્મ ઉઘાડાં કરે તેવાં વચન બોલવાં તે પુરૂષભાષા છે.

નિષ્ઠુર ભાષા—તને મારી નાખીશ, તારૂ નાક કાપીશ, તને માર મારશું, તારૂં મસ્તક છેદશું, તને ખાઇ જઇશું, વિગેરે નિર્દયતા ભરેલાં વચન બોલવાં તે નિષ્ઠુર ભાષા છે.

પરકોપની ભાષા—રે નિર્લજ વર્ણશંકર, તારૂં કુળ જાતનું ઠેકાણું નથી, તું લંપટ છું, તું હસવા યોગ્ય છું, મહા નિંદ્ય છું, તું અભક્ષ ભક્ષણ કરનાર છું, તારૂં નામ લેતાં લાજી મરાય છે, ઇત્યાદિ પરકોપની ભાષા છે.

મધ્યકૃષા ભાષા—મોટી બૂમ કરીને એવાં વચન બોલવાં કે બીજાને ત્રાસ ઉપજે, બીજાનાં હાડશક્તિ નરમ થઇ જાય, બળ નાશ થઇ જાય તે મધ્યકૃષા ભાષા છે.

અભિમાની ભાષા—પોતાને મોઢે પોતાના ગુણ ગાવા, બીજાના દોષ બોલવા, આઠ પ્રકારના મદપૂર્વક વચન બોલવાં જેવાં કે હું ધનવાન છું, હું બળવાન છું, અમે ઉંચા કુળના કહેવાઇએ, તે કન્યા અમને આપે પણ અમે તેમને ન આપીએ,

એ અમારા આગળ શા હિસાબમાં છે, એવી ભાષા બોલવી તે અભિમાની ભાષા છે.

અનયંકરી ભાષા—શીલખંડન થાય તેવી મોહકર ભાષા બોલવી તે અનયંકરી ભાષા છે.

છેદંકરી ભાષા—શીલવાન, ક્ષમાવાન, સત્યવાદી, એવા ઉત્તમ પુરૂષોને નિર્ગુણી કહી તેમને કલંકરૂપ ભાષા બોલવી. બીજાનાં કલંક ઉઘાડાં કરવાવાળી ભાષા તે છેદંકરી ભાષા છે.

ભૂતબંધકરી ભાષા—જે વચનવડે અશુભવેદના પ્રગટ થાય તથા પ્રાણનો નાશ થાય તેવી ભાષા તે ભૂતબંધકરી ભાષા છે.

એ દશ પ્રકારની નિંદ્ય ભાષા ત્યાગ કરવા યોગ્ય છે તેમજ સ્ત્રીના હાવભાવ, વિલાસ, વ્યભિચારી વાતો, કામને જગાડવાવાળાં વચન, બ્રહ્મચર્ય નાશ કરે એવી સ્ત્રીની મોહક વાતો તથા ભોજનમાં રાગ વધારવાવાળી કથાઓ, યુદ્ધ કથાઓ, ચોર કથાઓ, જેથી ચોરી કરવામાં તથા પ્રાણીને ફસાવી પકડવામાં ચતુરાઇ વધે એવી કથાઓ, મિથ્યા દ્રષ્ટિનાં વખાણ થાય એવી કથાઓ, ધનનો લોભ વધે એવી કથાઓ, વેરીનો તિરસ્કાર થાય એવી કથાઓ, હિંસામાં ધર્મ મનાય એવી કથાઓ તથા શાસ્ત્ર કહેવાં તથા સાંભળવાં યોગ્ય નથી. પાપનું કારણ એવી અપ્રિય ભાષા તજવી યોગ્ય છે. હે સુજ્ઞો ઉપર કહી ગયા તેવી નિંદ્ય ભાષા ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, મદથી, ભયથી, દ્વેષથી, કદી પણ બોલો નહીં. સ્વપરનું હિત થાય એવાં મિષ્ટ વચન બોલો.

જેમ આપણુને બીજાનાં મિષ્ટ વચન વહાલાં લાગે છે, તેમ મિષ્ટ વચન તમે બીજા પ્રત્યે બોલો. હિત, મિત, અને પ્રિયકર વચનો બીજાને સારાં લાગે છે. નિરાકુલ કરે છે, આતાપ હરે છે. બીજાને સુખ કરવાવાળાં, આતાપ દૂર કરવાવાળાં વચનો સમાન ચંદ્રકાન્તમણિ, જલ, ચંદન, મુકતાફલ કોઇ પણ પદાર્થ નથી. જ્યાં આપણા બોલવાથી કોઇ પ્રાણીની રક્ષા થતી હોય, કોઇનું ભલું થતું હોય તેવા પ્રસંગોમાં, પૂછ્યા વિના પણ બોલવું યોગ્ય છે. જો બોલવાથી આપણું વચન કોઇને ઉપયોગી થાય તેમ ન હોય તો મૌન રહેવું સારૂં છે.

સત્ય વચનથી સર્વ વિદ્યા સાધ્ય થાય છે. જો વિદ્યા આપનાર તેમજ વિદ્યા લેનાર સત્યવાદી હોય તોજ સર્વ વિદ્યા સિદ્ધ થાય છે. સત્યથીજ કર્મ ભસ્મીભૂત થાય છે. સત્ય પ્રભાવે અગ્નિ જળ થાય છે. સત્યના પ્રભાવે વિષ, સર્પ, સિંહ તેમજ દુષ્ટ દેવ મનુષ્ય પીડા ઉપજાવી શકતાં નથી, દેવતાઓ પણ સત્યવાદીને વશ થાય છે. સત્યથી પ્રીતિ, પ્રતીતિ દ્રઢ થાય છે. સત્યવાદી માતા સમાન વિશ્વાસને પાત્ર થાય છે. ગુરૂની પેઠે પૂજ્ય છે. મિત્રની પેઠે પ્રિય છે. સત્યવાદી ઉત્તમ યશવાન છે. તપ સંયમાદિક સર્વ ધર્મ ક્રિયા સત્યવાદીમાંજ શોભે છે. મિષ્ટ ભોજનમાં વિષ મળવાથી ભોજનનો નાશ છે તેમ, અસત્ય વચનથી સકળ ગુણનો તથા યશનો નાશ થાય છે. અસત્ય વચનથી અપ્રતીતિ, અપયશ, કલેશ, વૈર, ભય, શોક, વધબંધન, મરણ, જીંહ્વા છેદન, સર્વસ્વહરણ, બંધીગૃહમાં પ્રવેશ, દુર્ધ્યાન,

અકાળ મૃત્યુ, વ્રત, તપ, શીલ, સંયમ સર્વનો નાશ થાય છે. દુર્ગતિમાં પડવું, ભગવાનની આજ્ઞાનો ભંગ, પરમાત્મા પ્રત્યે પરાઙ્‌મુખતા, ઘોરપાપમાં પડવું ઇત્યાદિ હજારો દોષનો આશ્રવ થાય છે. હે સજ્જનો ! હે જ્ઞાનીજનો ! લોકમાં પ્રિય, હિત, મધુર વચન ઘણાં પડયાં છે, સુંદર શબ્દની ખોટ નથી તો પછી નિંદ્ય વચન શા માટે બોલો છો ? રે, તું, અલ્યા એવાં તોછડાં અપમાન ભરેલાં વચન પ્રાણ જતાં પણ બોલો નહીં. અધમપણું કે ઉત્તમપણું વચનપરથી જણાઇ આવે છે. તે માટે નીચ મનુષ્ય બોલે તેવાં નિંદ્ય વચન છોડી પ્રિય, હિત, મધુર, બીજાને અનુકુળ, ધર્મમય વચન બોલો. જે બીજાને દુઃખ લાગે એવાં વચન બોલે છે, તેમજ જુઠાં કલંક લગાડે છે, તેના પાપે કરી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, જીભ જતી રહે છે, તાળવું ખરી પડે છે, અંધ થાય છે, અપંગ થાય છે, દુર્ધ્યાનથી મરી નર્ક તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે. સત્યના પ્રભાવે આ લોકમાં ઉજ્વળ યશ, વચનસિદ્ધિ, દ્વાદશાંગી શ્રુતજ્ઞાન પામી આગળ ઉપર ઈંદ્રાદિક મહર્દ્ધિક દેવ થાય છે. તિર્થંકરાદિક ઉત્તમ પદ પામી નિર્વાણ પામે છે. સત્યનો આવો અચિંત્ય મહિમા જાણી તેને ગ્રહણ કરો.

આ કળિકાળમાં સત્ય બોલતાં થોડો વખત નામ માત્ર દુઃખ સહન કરવું પડે છે. પરંતુ પાછળથી તે દુઃખ કરતાં પણ અનંતગણું સુખ પ્રાપ્ત થાય છે. આ વાતપર પ્રત્યક્ષ સત્ય કરવા ઇચ્છતા હો તો તે પ્રમાણે વર્તી અનુભવ કરો.

દોહરો.

ઇચ્છે જેવું અવરનું, તવ પોતાનું થાય;
ના માનો તો કરી જુઓ, કરતાં તરત જણાય.

ઉત્તમ શૌચ ધર્મ.

શૌચ એટલે પવિત્રતા, ઉજ્વળતા. જે બાહ્યદ્રષ્ટિ જીવ છે તે દેહની ઉજ્વળતા માટે સ્નાનાદિક કરવું તેનેજ શૌચ કહે છે. દેહ કેવી છે? સપ્તધાતુમય મળ, મૂત્રથી ભરેલી છે. એવી દેહ જળથી શુદ્ધ કેમ થાય? જે જાતેજ અશુદ્ધ છે તે શુદ્ધ કેમ થાય? ન થાય. જેમ કોલસા સ્વભાવે કાળા છે તેને સાબુ વતી ધોઇએ તો પણ ઉજળા થાય નહિ તેમ, આ દેહ મળ, મૂત્ર, હાડ, માંસ, રૂધિર, કફ, શ્લેષ્માદિકથી ભરેલી છે. તે સ્વચ્છ પાણીથી ધોતાં પણ પવિત્ર થાય નહિ તેથી સ્નાન માત્ર કર્યાથી પવિત્ર થવાય છે એવી માન્યતા ભૂલભરેલી છે. હવે પવિત્ર કેમ થવાય તેનો ઉપાય કહે છે. શૌચ (પવિત્રતા) ધર્મ તો આત્માની ઉજ્વળતાથી થાય છે. આત્મા લોભ, હિંસા એ કરી મલીન થયો છે, તે લોભરૂપ મેલનો નાશ થયે આત્મા પવિત્ર થાય છે. જેનું મન કામ, ક્રોધ, લોભ મત્સરથી મલીન છે, તે સ્નાન કરવાથી પવિત્ર ન થાય. ધનની ગૃદ્ધિતા એટલે અતિ લોલુપતા તેનો ત્યાગ કરવાથી શૌચ ધર્મ આત્મામાં પ્રગટ થાય છે. પરિગ્રહની મમતા છોડી ઇંદ્રિય ભોગોનો ત્યાગ કરી તપશ્ચર્યાના માર્ગમાં પ્રવર્તન કરવું તે શૌચ ધર્મ છે. બ્રહ્મચર્ય

પાળવું તે પણ શૌચ ધર્મ છે. અષ્ટમદ દૂર કરી વિનયવાન થવું તે શૌચ ધર્મ છે. વીતરાગ સર્વજ્ઞ પ્રણીત પરમાગમનો અનુભવ થયે અંતરંગ કષાય નાશ થાય છે તેથી શૌચ ધર્મ પ્રાપ્ત થાય છે યથાર્થ પવિત્રતા કષાય દૂર થયેથી થાય છે.

પાપથી અંતઃકરણ મલીન થવા ન દેવું તે શૌચ ધર્મ છે. જે મનુષ્ય સમભાવ, સંતોષભાવ રૂપી જળવડે તિવ્રલોભરૂપ મેલ ધુવે છે, તથા ભોજનમાં અતિ લાલસા ત્યાગી સામ્યભાવ ધારે છે, તે ઉત્તમ શૌચ ધર્મવાન છે. તે માટે ભોજનમાં સ્વાદના લંપટ બનવું એ અતિ અધમ કામ છે. અભક્ષ્ય ભક્ષણ કરવામાં તથા નીચ કાર્ય કરવામાં આસક્ત રહે છે તે લજ્જારહિત બને છે. જીંહ્વા ઈંદ્રિય તથા ઉપસ્થ ઇંદ્રિયને વશીભૂત થઇ જીવ સ્વરૂપને ભુલી નરક તિર્યંચ ગતિને યોગ્ય મહાનિંદ્ય પરિણામી બને છે. સંસારમાં પરધનની વાંચ્છા, પરસ્ત્રીની વાંચ્છા, ભોજનમાં અતિ આસક્તપણું એ પરિણામને મલીન કરનાર છે, તેથી એ વાંચ્છાઓને દૂર કરી સ્વાત્માનું રક્ષણ કરો. જે પુરૂષ પરજીવ હિંસા કરનાર, પરધનના લોભી, પરસ્ત્રીના ઇચ્છક છે, તેની શુદ્ધિ કરોડો તીર્થ સ્નાન કરવાથી, સર્વ તીર્થનું વંદન કરવાથી, કરોડો રૂપીયા દાન કરવાથી, કરોડો વરસ તપ કરવાથી, સર્વ શાસ્ત્રનું પઠન કરવાથી, થાય નહીં. અભક્ષ્ય ભક્ષણ કરનારનું તથા અન્યાયથી ધન મેળવી તેનો ભોગ ભોગવવામાંજ ઉપયોગ કરનારનું અંતઃકરણ એવું મલીન બની જાય છે કે, તેને સદ્બોધની કંઇ પણ અસર થતી નથી. તેવા મલીન હૃદયના મનુષ્યો

કરોડ વખત ધર્મોપદેશ સાંભળે તોપણ તેને કંઇ અસર થતી નથી. આ પ્રગટપણે આપણે દેખી શકીએ તેમ છે. કેટલાક નાની ઉમરથી માંડી પચાસ સાઠ વરસની વય થતાં સુધી શાસ્ત્રોપદેશ સાંભળ્યા છતાં હૃદયની કઠણાશ છોડતા નથી, જુઠું કે અનીતિ ભરેલું વર્તન કરતાં આચકો પણ ખાતા નથી. આ અભક્ષ ભક્ષણ તથા અન્યાયનું ધન ભોગવ્યાનું ફળ છે. તે માટે શૌચગુણ ચ્હાતા હો તો અન્યાયથી ધન રળવું છોડો તથા ખાવા પીવામાં અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરો. પરસ્ત્રીની અભિલાષાનો ત્યાગ કરો. શૌચગુણથીજ આત્મા પવિત્ર થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ ત્યાગથી આત્મા પવિત્ર થાય છે. જે હિંસાદિક પાંચ પાપ કરનાર છે તે સદા પાપી છે. જે કરેલા ઉપકારને ભૂલી જાય છે, તે કૃતઘ્ની સદા પાપી છે. જે બીજાના ઉપકારને ભૂલી જાય છે, તે કૃતઘ્ની સદા અપવિત્ર છે. જે ગુરૂદ્રોહી, ધર્મદ્રોહી, સ્વામીદ્રોહી, મિત્રદ્રોહી, ઉપકારને ભુલનાર તે મહા પાપની સંતતિ અસંખ્યાત ભવમાં કરોડો કરોડો તીર્થજળ સ્નાન કરે, તથા દાન આપે તોપણ દૂર થઈ શકતી નથી. વિશ્વાસઘાતી સદા મલીન છે. માટે ભગવાન પ્રણીત શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણ કરી સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રથી આત્માને પવિત્ર કરો. ક્રોધ, અહંકાર, કપટ, લોભ કષાયનો નિગ્રહ કરી ઉત્તમ ક્ષમાદિ ગુણ ધારણ કરો, સર્વ વ્યવહાર કપટ રહિત કરો. બીજાનો વૈભવ ઐશ્વર્ય, ઉત્તમ યશ, ઉત્તમ વિદ્યા, પ્રભાવ દેખી અદેખાઇ છોડો. શૌચ ધર્મ ગ્રહણ કરો. બીજાનો પુણ્યોદય દેખી અદે-

ખાઇ કરો નહીં. આ મનુષ્યભવ, ઇંદ્રિયજન્યજ્ઞાન, આયુષ્ય સંપદા તે સર્વ અનિત્ય ક્ષણભંગુર છે એમ જાણી એકાગ્રહ ચિત્તથી પોતાના સ્વરૂપમાં દ્રષ્ટિ રાખી અશુભ વાસનાઓને દૂર કરી આત્માને પવિત્ર કરો. શૌચ મોક્ષનો માર્ગ છે, શૌચ મોક્ષનો દાતાર છે. આ પ્રકારે પંચમ ધર્મનું સ્વરૂપ કહ્યું.

ઉત્તમ સંયમ ધર્મ.

ઇંદ્રિયો, મન, કષાય ભાવને અંકુશમાં રાખવાં તે સંયમ ધમ છે. જીવ હિંસા ત્યાગી અહિંસામય રહેવું, હિત, મિત પ્રિય વચન બોલવાં, પરધનની વાંચ્છનાનો ત્યાગ, કુશીલનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ, એ પાંચ વ્રત દૃઢતાપૂર્વક ધારવાં તથા પંચસમિતિ પાળવી તે સંયમભાવ છે. પંચ સમિતિનું સ્વરૂપ આ પ્રકારે છે. ગમનાગમન કરવામાં દયાળુ અંતઃકરણથી વર્તન કરવું તે ઈર્યાસમિતિ છે. વચનની શુદ્ધતા તે ભાષા સમિતિ છે. નિર્દોષ શુદ્ધ ભોજન કરવું તે એષણા સમિતિ છે. શરીર ઉપકરણાદિક આંખ વડે દેખી શોધી કરીને લેવાં મુકવાં તે, આદાન નિક્ષેપણ સમિતિ છે. મળ, મૂત્ર, કફ વિગેરે ફેંકી દેવાના પદાર્થો નિર્જીવ જગ્યામાં ફેંકી દેવા, જેથી બીજા જીવોનો ઘાત થાય નહીં. બીજા જીવોને જતાં આવતાં દેખી ગ્લાની ઉપજે એવી જાહેર જગ્યામાં ઝાડો પેસાબ કરવાં નહીં, જેથી બીજાને પીડા થવાનો સંભવ છે, તેથી તેમ ન કરવું તે પ્રતિષ્ઠાપન સમિતિ છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયનો નિગ્રહ કરવો, પંચસમિતિ પાળવી,

મન, વચન, કાયની અશુભ પ્રવૃત્તિને રોકવી, વિષયમાં દોડતી પંચ ઈંદ્રિયોને વશ કરવી, કાબુમાં રાખવી તે સંયમ ભાવ છે.

ભાવાર્થ—પંચ વ્રત ધારવાં, પંચ સમિતિનું પાલન, કષાયનો નિગ્રહ, મન વચન કાયની અશુભ પ્રવૃત્તિ એ ત્રણ દંડનો ત્યાગ, ઇંદ્રિય જય તે સર્વને આગમમાં સંયમ કહેલ છે. સંયમમાં રહેવું દુર્લભ છે. પૂર્વ ભવમાં કરેલાં પાપ અતિ મંદ થાય ત્યારે મનુષ્ય જન્મ, ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાત, ઇંદ્રિય પૂર્ણતા, નિરોગી શરીર, કષાયની મંદતા, ઉત્તમ પુરૂષની સંગત, જીનેંદ્ર આગમનું સેવન, સદ્‌ગુરૂનો સંયોગ, સમ્યગ્‌દર્શનાદિ અનેક દુર્લભ સામગ્રીનું પામવું થાય છે. ત્યારબાદ સંસાર દેહભોગથી વિરક્ત દશા પામે છે, તથા અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી દેશસંયમ કહેતાં સમ્યક્‌દૃષ્ટિ વિરતિ ગૃહસ્થ હોય છે. તથા જેને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન બંને કષાયનો ક્ષયોપશમ થાય, તો તેને સકલ સંયમ (મુનિવ્રત) હોય છે. તે માટે સંયમ પામવું અતિ દુર્લભ છે. નરક, તિર્યંચ, દેવ એ ત્રણ ગતિમાં સંયમ (વિરતિપણું) પ્રાપ્ત થતું નથી. કોઇક તિર્યંચમાં દેશ વિરતિપણું પોતાની પર્યાયાનુસાર હોય છે, તથા મનુષ્યપર્યાય પામે તોપણ નીચ કુળ, અનાર્ય દેશ, ઇંદ્રિય વિકલ, અજ્ઞાની, રોગી, દરિદ્રી, અન્યાયમાર્ગી, વિષયાનુરાગી, તિવ્ર કષાયી, નિંધકર્મી, મિથ્યા દૃષ્ટિ એ સર્વને સંયમ હોતો નથી, તે માટે સંયમ પામવું મહા દુર્લ્લભ છે. એવું સંયમ પામીને કોઇ મૂર્ખ વિષયાસક્ત થઇ તેને છોડી દે છે. સંયમ બગાડે છે, તેને અનંતકાળ

નિગોદમાં પરિભ્રમણ તથા ત્રસ સ્થાવરમાં પરિભ્રમણ કરવું પડે છે. સારી ગતિ પામતો નથી, સંયમ પામીને બગાડવું એના જેવો એકે મહા અનર્થ નથી. જે વિષયના લોભી થઇ સંયમ બગાડે છે, તે એક કોડી માટે ચિંતામણી રત્ન વેચે છે, તથા બળતણ (ઇંધિણ) માટે કલ્પવૃક્ષને કાપે છે. વિષયનાં સુખ તે સુખ નથી, માત્ર સુખાભાસ છે. તે ક્ષણભંગુર છે. નર્કના ઘોર દુઃખનું કારણ છે. જેમ કિંપાક વૃક્ષનાં ફળ જીભ્હાને સ્પર્શ માત્રથી મીઠાં લાગે છે, ને પાછળથી વિષપણે પ્રણમી ઘોર દુઃખ તથા મહા સંતાપ સાથે મરણને શરણ કરે છે, તેમ ભોગ કિંચિત-કાલ અજ્ઞાની જીવને ભ્રાંતિથી સુખરૂપ ભાસે છે, ને પાછળથી અનંતભવ સુધી અનંતકાળ ઘોર દુઃખને આપે છે. માટે સંયમની પરમ રક્ષા કરો. વિષયોમાં પ્રવેશ થતાં ઇંદ્રિયોને રોકવાથી સંયમ થાય છે. કષાયને ખંડન કરવાથી સંયમ થાય છે. દુર્ધટ તપ કરવાથી સંયમ થાય છે. સ્વાદનો ત્યાગ કરવાથી સંયમ થાય છે. મન વિષે દુર્ધ્યાન થતું રોકવાથી સંયમ થાય છે. કાયકલેશ સહન કરવાથી સંયમ થાય છે. ઉપવાસાદિક અનશન તપ કરવાથી સંયમ થાય છે. પરિગ્રહ પ્રત્યેની તૃષ્ણાને રોકવાથી સંયમ થાય છે. ત્રસ તથા સ્થાવર જીવોની રક્ષા કરવાથી સંયમ થાય છે. મનના અવિવેકી તરંગોને રોકવાથી તથા પ્રમાદ અને વચન-પ્રવૃત્તિ રોકવાથી સંયમ થાય છે. શરીરના અંગોપાંગની બાહ્ય પ્રવૃત્તિ રોકવાથી સંયમ થાય છે. ગમનાગમન ક્રિયાને રોકવાથી સંયમ થાય છે. પરમાત્માનું ધ્યાન કરતાં સંયમ થાય છે.

સંયમથી સમ્યક્દર્શન પુષ્ટ થાય છે. સંયમ કલ્યાણનો માર્ગ છે. સંયમ વિના જીવ દુર્ગતિ પામે છે. સંયમ વિના દેહનું પામવું, બુદ્ધિનું પામવું, વિદ્યાભ્યાસ કરવો સર્વ વૃથા છે. સંયમ વિના દિક્ષા લેવી, વ્રત ધારવાં, મુંડ મુડાવવું, નગ્ન રહેવું, ભેખ લેવો એ સર્વ વૃથા છે. સંયમના બે પ્રકાર છે. ઇંદ્રિય સંયમ તથા પ્રાણ સંયમ. પાંચે ઇંદ્રિયોને વશ કરવી તે ઇંદ્રિય સંયમ છે, તથા છ કાય જીવની રક્ષા કરવી તે પ્રાણસંમય છે. આ બન્ને પ્રકારનું સંયમ ન કર્યું, ને છકાયની હિંસા ન ટાળી તેના બાહ્ય પરિષહ સહેવા, તપશ્ચર્યા કરવી, દિક્ષા લેવી તે વૃથા છે. સંસારમાં દુઃખી થતા જીવોને સંયમ વિના બીજું કોઇ અન્ય શરણ નથી. જ્ઞાની પુરૂષો તો રાત્રિ દિવસ એવી ભાવના ભાવે કે, સંયમ વિના મનુષ્ય જન્મની એક ઘડી પણ મત જાઓ. સંયમ વિના આયુષ્ય નિષ્ફળ છે, તે આ ભવમાં તથા પરભવમાં કલ્યાણકારી છે. સંયમ દુર્ગતિરૂપ સરોવરનું શોષણ કરવાને સૂર્ય સમાન છે. સંયમવડે સંસાર પરિભ્રમણનો નાશ થાય છે. સંસાર પરિભ્રમણનો સંયમ વિના નાશ નથી. કષાયવડે આત્માને મલીન થવા ન દે, તથા બાહ્યથી યત્નાચારપૂર્વક પ્રમાદરહિત થઇ પ્રવર્તે, તેને સંયમ ધર્મની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે સંયમ ધર્મનું સ્વરૂપ કહ્યું.

ઉત્તમ તપ ધર્મ.

ઇચ્છાને રોકવી તેનું નામ તપ છે. આરાધનામાં તપ પ્રધાન છે. જેમ સુવર્ણ અગ્નિમાં તપાવેથી મેલ છોડી શુદ્ધ થાય

છે, તેમ દ્વાદશ પ્રકારના તપના પ્રભાવે આત્મા કર્મમલ રહિત શુદ્ધ થાય છે. અજ્ઞાની મિથ્યા દ્રષ્ટિજીવ દેહને પંચાગ્નિ વડે તપાવે છે, તેમજ અનેક પ્રકારે કાય કલેશ કરે છે, તે તપ નથી, કેમકે કેવળ શરીરને દગ્ધ કરવાથી શું થાય? તે જ્ઞાન ન હોવાથી આત્માને બંધનથી છોડાવવાનો ઉપાય જાણતો નથી. હવે આત્માને કર્મ કલંક રહિત થવાનો ઉપાય કહે છે. ભેદ જ્ઞાનપૂર્વક સ્વઆત્મસ્વરૂપ તથા રાગ, દ્વેષ, મોહાદિક કર્મ ભાવ રૂપ મેલ આત્માથી ભિન્ન જાણે, તેથી પરિણામે પરસ્વરૂપ રાગ દ્વેષ મોહાદિભાવ ત્યાગી શુદ્ધ જ્ઞાન દર્શનમય આત્મા થાય, તે તપ છે. મનુષ્યભવ પામી સ્વપર સ્વરૂપને જાણી વિષયમાં પ્રવેશ કરતી પંચ ઇંદ્રિય તથા મનને રોકી, પાપનાં કારણોથી છૂંટવાને અર્થે, તથા મમત્વ ભાવ નષ્ટ કરવાને માટે વનમાં જઇ તપ કરે છે, તે તપ ધન્યવાદને પાત્ર છે. સંસારી જીવોને મમતા રૂપી મોટી ફાંસી છે, તે મમતારૂપી જાળમાં ફસાઇને ઘોર કર્મ કરી મહા પાપનો બંધ કરે છે. રોગાદિક તિવ્ર વેદનાથી તથા સ્ત્રી પુત્રાદિક કુટુંબના વિયોગથી તથા પરિગ્રહના વિયોગથી આર્ત ધ્યાનથી મરણ પામી દુર્ગતિના ઘોર દુઃખમાં જઈ પડે છે. તપરૂપ વનમાં વાસ પામવો દુર્લભ છે. કોઇ મહા ભાગ્યવાનજ પાપનો નાશ થવાથી તપ ધર્મનું શરણ પામે છે. સ્ત્રી, ધન, પરિગ્રહાદિકથી મમત્વ છોડી પરમ ધર્મના ધારક વીતરાગ નિર્ગ્રંથ સદ્‌ગુરૂ ભગવાનના ચરણનું શરણ કોઇકજ પામે છે. વળી સદ્‌ગુરૂને પામીને પણ જેને અશુભ કર્મનો ઉ-

દય અતિ મંદ થઇ સમ્યક્દર્શનરૂપ સૂર્યનો ઉદય થયો છે, જેને સંસાર ભોગથી વિરક્તતા ઉત્પન્ન થઇ છે, તે તપસંયમ પામી શકે છે. એવું દુર્લભ તપ પામીને કોઈ પાપી વિષયની લાલસાએ કરી બગાડે છે, તેને અનંતાનંત કાળ સુધી ફરી તપ પ્રાપ્ત થતું નથી. તે માટે મનુષ્યપણું પામીને તત્ત્વનું સ્વરૂપ જાણી મન સહિત પાંચે ઇંદ્રિયોને રોકી વૈરાગ્યમય બની સમસ્ત સંગ ત્યાગી વનમાં જઇ એકાકી ધ્યાનમાં લીન થઇ રહેવું તે તપ છે. પરિગ્રહ પરથી મમત્વ છોડી તૃષ્ણાનો ત્યાગ કરવો તે તપ છે. પ્રચંડ કામનો નાશ કરવો તે મોટું તપ છે. નગ્ન મુનિલીંગ ધારી શીત, ઉષ્ણ, પવન, વર્ષા, ડાંસ, મચ્છર, માંખ, મધુમક્ષિકા, સર્પ, વીંછી વિગેરેથી ઉત્પન્ન થતી ઘોર વેદના સહન કરવી તે તપ છે. નિર્જન વનમાં, પર્વતની નિર્જન ગુફામાં, ભયંકર પર્વતની દરાડમાં તથા સિંહ, વાઘ, રીંછ, વરૂ, ચિત્તા, હસ્તીએ કરી વ્યાપ્ત એવા ઘોર વનમાં નિવાસ કરવો તે તપ છે. તથા દુષ્ટ વેરી, મ્લેચ્છ, ચોર, શિકારી મનુષ્ય, તિર્યંચ તથા દુષ્ટ વ્યંતરાદિકના કરેલા ઘોર ઉપસર્ગથી કંપાયમાન ન થવું તે તપ છે. ધીર વીરપણું રાખી કાયરતા છોડી વૈર વિરોધ ત્યાગી સામ્યભાવથી પરમાત્મ સ્વરૂપમાં લીન થવું તે તપ છે. સર્વ જીવ પ્રત્યેથી રાગ દ્વેષ છોડી સમભાવી થવું તે તપ છે. યાચના રહિત દીનપણું ત્યાગી ભિક્ષા અવસરે શ્રાવકના ઘેરથી નવધા ભક્તિપૂર્વક ખારા, અલુણા, કડવા, ખાટા, લુખા, ચીકણા, રસ નીરસ ભોજનમાંથી આસક્તિનો ત્યાગ કરી,

સંકલેશ રહિત નિર્દોષ, શુદ્ધ આહાર દિન પ્રત્યે એક વાર ભક્ષણ કરવો તે તપ છે. પંચ સમિતિ તથા ત્રિગુપ્તિનું પાલન કરી આત્માનુભવ કરવો તે તપ છે. સ્વપર કથનીનો નિર્ણય કરવો તે તપ છે. ચાર અનુયોગનો અભ્યાસ કરી ધર્મ પ્રવૃત્તિમાં કાળ વ્યતીત કરવો તે તપ છે. અભિમાન છોડી વિનયવાન થવું તે તપ છે. કપટ છોડી સરલ ચિત્તવંત થવું, ક્રોધ છોડી ક્ષમાવાન થવું, લોભ છોડી સંતોષી થવું તે પણ તપ છે. જેના વડે કર્મ સમૂહનો નાશ થઇ આત્મા સ્વરૂપમય થાય તે સર્વ તપ જાણવું. શાસ્ત્રાર્થનો પ્રકાશ કરવો, વ્યાખ્યાન કરવું, પોતે અભ્યાસ કરવો, બીજાને અભ્યાસ કરાવવો તે પણ તપ છે. તપસ્વીની ઇંદ્ર પણ સ્તુતિ કરે છે. ભક્તિ સાથે તપનો સંયોગ થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તપનો અચિંત્ય પ્રભાવ છે. તપવાન પરિણામ થવા અતિ દુર્લભ છે. નરક, તિર્યંચ, દેવ એ ત્રણ ગતિમાં તપ કરવાની યોગ્યતા નથી. ફક્ત એક મનુષ્ય ગતિમાં છે. મનુષ્યમાં પણ ઉત્તમ કુળ, જાતિ, બલ, બુદ્ધિ, અને સંપૂર્ણ ઈંદ્રિયો પામીને જેને રાગાદિકની મંદતા થઈ છે તેમજ વિષયની આસક્તિ જેની નાશ થઇ છે, તે મનુષ્ય તપધમ અંગીકાર કરી શકે છે.

તપ બાર પ્રકારે છે. તેમાંથી જેની જેવી શક્તિ હોય તે પ્રમાણે ધારણ કરો. ભગવાન પ્રણીત તપ ચાહે તે કરી શકે તેમ છે. ચ્હાય તો બાળક કરો, ચ્હાય તો વૃદ્ધ કરો, ચ્હાય તો ધનાઢ્ય કરો, ચ્હાય નિર્ધન કરો, બળવાન કરો, નિર્બળ કરો,

શરણુવાન કે શરણુ રહિત હોય તે કરો, ગમે તે કરી શકે છે. ભગવાનનું કહેલું તપ કોઇ પણુ કરી શકે તેમ છે. જ્યાં સુધી પિત્ત, કફાદિકનો પ્રકોપ ન થયો હોય તથા રોગાદિકની વૃદ્ધિ ન થઇ હોય ત્યાં સુધી જે પ્રકારે શરીર રત્નત્રય સાધન કરવામાં બન્યું રહે તે પ્રમાણે પોતાનું સંહનન, બલ, વીર્ય દેખી શક્તિ પ્રમાણે તપ કરો; તથા દેશકાળ આહારની યોગ્યતા દેખી તપ કરો. જેમ પરિણામની ઉજ્વળતા વધતી જાય, તથા જે પ્રકારે તપમાં ઉત્સાહ વધતો જાય, તે પ્રકારે તપ કરો. વિષયની ઇચ્છાનો નિરોધ કરી, વિષયો પ્રત્યેથી રાગ ઘટાડવો તે તપ છે. તપવડે આત્માનું કલ્યાણુ થાય છે. તપ વડે કામ, નિદ્રા, પ્રમાદ નાશ કરી શકાય છે. તે માટે મદ છોડી બાર તપમાંથી જે તપ જેટલું કરવાનું સામર્થ્ય હોય તે પ્રમાણે તે તપ કરો.

ઉત્તમ ત્યાગ ધર્મ.

ધનસંપદાદિ પરિગ્રહની પ્રાપ્તિ થવી પુણ્યકર્મોદયને આધીન છે, તેથી તે પામવી પરાધિન છે. ધનસંપદા મળે તોપણુ તે હમેશને માટે રહેતી નથી, માટે વિનાશીક છે. ધન, દોલત અભિમાનને ઉત્પન્ન કરનાર, તૃષ્ણાને વધારનાર, રાગદ્વેષની તિવ્રતા કરનાર, આરંભ તથા હિંસામાં તિવ્ર કરનાર, પાંચે પાપનું મુળ જાણી ઉત્તમ પુરૂષો તેને ગ્રહણુ કરતા નથી, ને જો ગ્રહણુ કરી હોય તો હલાહલ વિષ સમાન જાણી તૃણુની પેઠે તેનો ત્યાગ કરે છે, તેનો

અચિંત્ય મહિમા છે. જીવનપર રાગી હોઈ અંતઃકરણથી તે સર્વથા ત્યાગી શકે તેમ ન હોય તો દેશ ત્યાગી થઈ સરાગ ધર્મમાં રૂચિ કરે છે, તથા પાપથી ભયભીત થઇ ધનને ઉત્તમ પાત્રના ઉપકારાર્થે ખર્ચે છે, તેમજ ધર્મ સેવન કરવાવાળા નિર્ધન હોય તેમના ઉપકારાર્થે, અન્ન વસ્ત્રાદિક આપવામાં ધનનો ઉપયોગ કરે છે, તેમજ ધર્મનાં આયતન જીન મંદિરાદિક જીન સિદ્ધાંત લખાવવામાં, ઉપગરણમાં, પુજાદિ પ્રભાવનામાં ધનને ખર્ચે છે; તેમજ દુઃખી, દરિદ્રી, રોગીના ઉપકાર માટે તન મન ધન કરૂણાવાન થઇ લગાવે છે. આ પ્રકારે ધન પામ્યાનો ઉપયોગ કરી જીવતર સફળ કરે છે. દાન ધર્મનું અંગ છે, તેથી શક્તિ પ્રમાણે ગુણવાન, ઉજવળ, પાત્ર પુરૂષોને દાન દેવું તે, પરલોક માટે ઉત્તમ સામગ્રી છે. કેમકે "કરે તેવું પામે" જો સુખસંપદાના અર્થી હો તો દાન કરવામાં તત્પર રહો. જે દાન કરતો નથી ને મરણપર્યંત કેવળ ધન એકઠું કરવામાં ઉદ્યમી છે તે, તિવ્ર આર્તધ્યાનથી મરણ કરી દુષ્ટ સર્પાદિક તિર્યંચગતિ પામી નર્કનિગોદને પામે છે. વિચાર કરો કે ધન પરભવમાં સાથે જતું નથી. ધન પ્રાપ્તિ દાનથી સફળ છે. દાનરહિત ધન ઘોર દુઃખની પરિપાટીનું કારણ છે. કૃપણ આ દેહમાં પણ ઘોર અજ્ઞાનરૂપ નિદ્રામાં રહે છે. કૃપણનું નામ પણ કોઇ દેતું નથી. કૃપણનું નામ દેવામાં લોક અપશુકન માને છે. દાતારમાં કોઇ પણ અવગુણ હોય તો તે ઢંકાઇ જાય છે. દાતારમાંથી દોષ ઘટતા જાય છે. દાતાર જગતમાં નિર્મળ કીર્તિ મેળવે છે. જગતમાં વિખ્યાત થાય છે. દાતાર ને વૈરી પણ

ચરણમાં આવી પડે છે. દાન દેવાથી વૈરી વેર છોડી હિતચિંતક મિત્ર બને છે, માટે જગતમાં દાન મોટું છે. થોડું પણ દાન સત્ય બુદ્ધિથી કરનાર ભોગભૂમિનાં સુખ પામી દેવગતિમાં ઉત્પન્ન થાય છે, તે માટે દાન એ જગતમાં ઉત્તમ કાર્ય છે. સ્નેહ સહિત વિનયયુક્ત વચનથી દાન આપવું ઉત્તમ છે. દાતાર એવું અભિમાન ન કરે કે મેં આ માણુસનો ઉપકાર કર્યો છે. દાતાર મનુષ્ય ઉલટો પાત્રને પોતાનો ઉપકાર કરનાર માને છે. કેમકે લોભરૂપ કૂપમાં પડેલા માણુસને પાત્ર વિના કોણ ઉપકાર કરત! પાત્ર વિના લોભીનો લોભ છૂટતો નથી. પાત્ર ન હોત તો જગતનો ઉદ્ધાર કોણ કરત? તે માટે ધર્માત્મા પુરૂષને પાત્ર પામવું, ને તેમને દાન દેવું એ જેવું એકે આનંદદાયક નથી. તે માટે પ્રભુતા, ધન તથા જ્ઞાન પામ્યા હો તો તેનો દાનમાં ઉપયોગ કરો. છકાય જીવોને અભયદાન આપો, અભક્ષ્યનો ત્યાગ કરો, આરંભ ઘટાડો, કોઈ ચીજ લેવા મુકવામાં જંતુઓ ચગદાઇ ન મરે તે માટે સંભાળ રાખો. ઘર કાર્યોમાં નિર્દય થઈ વર્તવું નહીં. કોઇ પણ પ્રાણીને મન વચન કાયથી દુઃખ આપો નહીં. દુઃખી પ્રાણીઓની કરૂણા કરો. આ પ્રકારે ગૃહસ્થે બીજા જીવોને અભયદાન આપવું. આ પ્રકારે વર્તશો તો સંસારમાં જન્મ મરણ, રોગ, શોક, દરિદ્રતા, સંતાપ પામશો નહીં. ધ્યાન રાખો કે સંસારને વધારનાર હિંસા છે, તેને પુષ્ટ કરનાર મિથ્યા ધર્મની પ્રરૂપણા કરનાર એવાં શાસ્ત્ર જેવાં કે યુદ્ધશાસ્ત્ર, શૃંગારશાસ્ત્ર, માયાચાર, મંત્ર, તંત્ર, મારણ, વશીકરણાદિક શાસ્ત્ર મહા પાપ પ્રરૂપક છે; તેને દૂરથી ત્યાગો. ભગ-

વાન વીતરાગ સર્વજ્ઞનાં કહેલાં દયા ધર્મ પ્રરૂપક સ્યાદ્વાદ્ અનેકાંત પ્રકાશ કરનાર, નય, પ્રમાણુથી તત્વાર્થ પ્રરૂપણા કરનાર શાસ્ત્રો આત્માનો ઉદ્ધાર કરનાર જાણી તેને ભણવા ભણાવવામાં દાન કરો. જ્ઞાનના ઇચ્છનારે જ્ઞાનદાન આપવા માટે પાઠશાળાઓ સ્થાપવી; કેમકે ધર્મનો સ્થંભ જ્ઞાન છે. જ્યાં જ્ઞાન છે, ત્યાં ધર્મ રહે છે, માટે જ્ઞાનદાન આપવામાં ઉદ્યમ કરો. જ્ઞાનદાનના પ્રભાવથી નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. રોગનો નાશ કરનાર પ્રાસુક ઔષધ દાન કરો. ઔષધદાન ભારે ઉપકાર કરનાર છે. રોગીને તૈયાર ઔષધ મળે તેથી તેને બહુ આનંદ થાય છે. નિર્ધન તેમજ જેને બીજું કોઇ સારવાર કરનાર નથી તેવા રોગીને, તૈયાર ઔષધ મળી આવતાં તે મોટો લાભ થયો માની આનંદ પામે છે. ઔષધ લઇ નીરોગી થવાથી વ્રત, સંયમ, તપ પાળી શકે છે, જ્ઞાનનો અભ્યાસ કરે છે. ઔષધદાન દેનારમાં વાત્સલ્ય, સ્થિતિકરણ, નિર્વિચિકિત્સા ઇત્યાદિ અનેક ગુણ પ્રગટ થાય છે. ઔષધ દાનના પ્રભાવે રોગરહિત એવું વૈક્રિયક શરીર વાન દેવપણું પામે છે. તેમજ આહાર દાન પણ સમસ્ત દાનમાં પ્રધાન છે. પ્રાણીઓની જીવનશક્તિ, બળ, બુદ્ધિ આહારથી પ્રવર્તે છે. મુની શ્રાવકનો સકળ ધર્મ આહારથી પ્રવર્તે છે. આહાર વિના મોક્ષમાર્ગ ભ્રષ્ટ થઇ જાય. મિથ્યાદ્રષ્ટિ પણ દાનના પ્રતાપે ભોગભૂમિમાં દશ પ્રકારના કલ્પવૃક્ષના ભોગ ભોગવે છે, તથા ત્યાંથી મરી દેવલોકનાં સુખ ભોગવે છે. માટે ધનને પામી ચાર પ્રકારના દાનમાં તેનો ઉપયોગ કરો. નિર્ધન હો તો પોતાના

ભોજનમાંથી જેટલું બને તેટલું દાન કરો. જો અર્ધું ભોજન મળતું હોય તો તેમાંથી એક ગ્રાસ, બે ગ્રાસ દુખીત, બુભુક્ષિત, દીન, દરિદ્રીના માટે દાન કરો.

મિષ્ટ વચન બોલવામાં મોટું પુણ્ય છે, તેથી બીજાનો આદર, સત્કાર, વિનય કરવો, સ્થાન દેવું, કુશળતા પુછવી, એ પણ મોટું પુણ્યનું કારણ છે. તેમજ દુષ્ટ વિકલ્પોનો ત્યાગ કરો, વિકથા કરવાનો ત્યાગ કરો, પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરો. કષાયનો ત્યાગ કરો. પરના દોષ (સત્ય કે અસત્ય) કદિ પણ ન કહો, તથા અન્યાયનું ધન લેવાનો દૂરથી ત્યાગ કરો. હે જ્ઞાનીજનો ? તમે પોતાનું હિત ચ્હાતા હો તો દુઃખી જનોને દાન કરો, તથા સમ્યક્દર્શન જ્ઞાનાદિ ગુણના ધારવાવાળા ગુણી જનનો મહાન્ વિનય સન્માન કરો. સર્વ જીવો પર કરૂણા કરો. મિથ્યા દર્શનનો ત્યાગ કરો. રાગદ્વેષ મોહના ધારક કુદેવ, આરંભ પરિગ્રહના ધારક કુગુરૂ તથા રાગદ્વેષ હિંસાનાં પોષક શાસ્ત્ર એ ત્રણેની વંદના, સ્તવના, પ્રશંસા ન કરો. ક્રોધ, માન, માયા, લોભનો નિગ્રહ કરવામાં બહુજ ઉદ્યમ કરો. ક્લેશનું કારણ એવાં અપ્રિય વચન, ગાળ, અપમાન લાગે તેવાં વચન, અભિમાની વચન કદાપિ કહો નહીં. કોઇ પણ પ્રાણીને દુઃખી કરનાર, યશનો નાશ કરનાર, ધર્મને નષ્ટ કરનાર કાર્યનો, મન વચન કાયથી ત્યાગ કરો. આ પ્રકારે ત્યાગ ધર્મનું સ્વરૂપ કહ્યું.

ઉત્તમ આકિંચન ધર્મ.

જ્ઞાન દર્શનમય સ્વરૂપ વિના કંઈ પણ મારૂં નથી, મારો કોઈ અન્ય પદાર્થ નથી એવો અનુભવ થવો તેને, આકિંચન ધર્મ કહે છે. હે આત્મન્! તારૂં સ્વરૂપ તે દેહથી ભિન્ન, જ્ઞાનમય, અનુપમ, નિરંજન (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત) સ્વરૂપ સુખમય, પૂર્ણ પરમ અતીંદ્રિય સુખમય છે, તેનો અનુભવ કર.

ભાવાર્થ—આ દેહ છે તે હું નથી. દેહ તો રસ, રૂધિર, હાડ માંસ, ત્વચામય અચેતન છે. હું દેહથી અત્યંત ભિન્ન છું. આ બ્રાહ્મણ, ક્ષત્રી આદિ કુલ, જાત એ દેહ છે, તે મારાં નથી. આ સ્ત્રી, પુરૂષ, નપુંસકાદિક લિંગ તે હું નથી. ગોરાપણું, શ્યામપણું, રાજાપણું, રંકપણું, સ્વામીપણું, સેવકપણું, પંડિતપણું, મૂર્ખપણું ઇત્યાદિ સમસ્ત રચના કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ દેહભાવ છે. હું તે સર્વને જાણવાવાળો જ્ઞાયક સ્વભાવવાળો છું. આ દેહના સંબંધો મારો સ્વભાવ નથી. મારૂં સ્વરૂપ તો અન્ય દ્રવ્યથી ભિન્ન છે. ઠંડી, ગરમી, નરમાશ, કઠોરતા, લુખાશ, ચીકાશ, હલકાશ, ભાર એ આઠ પ્રકારના સ્પર્શ તે મારૂં સ્વરૂપ નથી, પુદ્‌ગલનું છે. તથા ખાટો, મીઠો, કડવો, કષાયલો, તીખો, એ પાંચ રસ તથા સુગંધ, દુર્ગંધ, બેગંધ તથા કાળો, પીળો, લીલો, લાલ, શ્વેત એ પાંચ વર્ણ તે મારૂં સ્વરૂપ નથી, પરંતુ પુદ્‌ગલનું છે. મારૂં સ્વરૂપ તો સુખવડે પ-

રિપૂર્ણ છે. પરંતુ કર્મને આધીન થઇ દુઃખી થઇ રહ્યો છું. મારૂં સ્વરૂપ ઇંદ્રિય રહિત અતીંદ્રિય છે. ઈંદ્રિયો તો પુદ્‌ગલમય કર્મથી થયેલ છે. હું સમસ્ત ભય રહિત, અવિનાશી, અખંડ, આદિ અંત રહિત શુદ્ધ જ્ઞાન સ્વભાવમય છું, પરંતુ જેમ ખાણમાં અનાદિ કાળથી સુવર્ણ અને પાષાણ મળી રહ્યા છે તેમ ક્ષીર નીરની પેઠે કર્મ સાથે આત્મા અનાદિથી મળેલ છે. મિથ્યાત્વ નામ કર્મના ઉદયે કરી સ્વસ્વરૂપનું ભાન ભૂલી દેહાદિક પરદ્રવ્યમાં નીજ સ્વરૂપ માની બેઠો છે. તેથી અનંત કાળ પરિભ્રમણ કર્યું. હવે કોઇ આવરણાદિક કિંચિત્ દૂર થતાં શ્રી પરમકૃપાળુ સદ્‌ગુરૂપ્રસાદે તથા મહાપુરૂષોનાં લેખી વચન જે શાસ્ત્ર તે દ્વારાએ સ્વપર સ્વરૂપનું જ્ઞાન થયું. આભૂષણમાં જડેલા રત્નમાં સમીપના પદાર્થના રંગ જેવો ભાષ પડે છે, તેથી રત્ન નિર્મળ છતાં સમીપના પદાર્થોના રંગ જેવું દેખાય છે. તે રત્નનો તેવો દેખાવ આપવા છતાં તે પરપદાર્થનો ભાસ છે, એમ રત્નનો ખરો પરીક્ષક ઝવેરી જાણી લે છે. રત્નના ખરા રંગની, તોલની, મુલની, યથાર્થ પરીક્ષા કરી લે છે, તેમાં પડેલા બીજા પદાર્થના દેખાવો ભિન્નરૂપે સમજી લે છે. તેમ પરમાગમના નિરંતર અભ્યાસને લઈ તથા પ્રત્યક્ષ સદ્દગુરૂની વચનાતિશયવાળી વાણી સાંભળી આત્મ સ્વરૂપની ભ્રાંતિથી ઉત્પન્ન થયેલ રાગ દ્વેષ મોહ કામાદિક ભાવકર્મ તથા દ્રવ્યકર્મના ઉદયથી ઉપજેલ વિનાશીક શરીર, પરિવાર, ધન સંપદાદિ પરિગ્રહને પરસ્વરૂપ જાણી મમત્વ બુદ્ધિનો નાશ કરે કે હવે પછી અન્ય જન્મમાં ન

ઉપજે. તેમ આકિંચન ભાવના ભાવું. જીવને આકિંચન ભાવના અનાદિકાળથી ઉત્પન્ન થઈ નથી. સર્વ દેહ પર્યાયને નીજરૂપ માન્યા તથા રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, કામાદિક ભાવકર્મ કૃત વિકાર છે, તેને પોતા રૂપે અનુભવ કરી વિપરીત ભાવથી ઘોર કર્મ બંધ કર્યા. હવે હું આકિંચન ભાવનામાં વિઘ્નોને નાશ કરનાર પંચ પરમગુરૂના શરણુથી આકિંચન ભાવ નિર્વિઘ્નપણે ચાહું છું. ત્રૈલોકયમાં કોઇ પણ વસ્તુ હવે ઇચ્છતો નથી. આ કિંચનપણું સંસાર સમુદ્રથી તારવાને જહાજ સમાન છે. પરિગ્રહને મહા બંધનરૂપ જાણી છોડવો તે આકિંચન ધર્મ છે.

આકિંચન ધર્મ જેને પ્રગટ થયો છે, તેને પરિગ્રહ પ્રત્યે આસક્તિ રહેતી નથી, તથા આત્મધ્યાનમાં લીનતા થાય છે. દેહાદિક બાહ્યવેશમાં પોતાપણું માનતા નથી, તથા નિજ સ્વરૂપ જે રત્નત્રય તેમાં પ્રવૃત્તિ કરે છે. ઇંદ્રિયના વિષયોમાં દોડતું મન અટકી જાય છે, દેહ પ્રત્યેથી સ્નેહ છુટી જાય છે. સંસારનાં દેવાદિક સુખ, ઇંદ્ર, અહમેંદ્ર, ચક્રવર્તિનું સુખ તેને દુઃખ રૂપે દેખે છે. તો પછી તેમાં વાંચ્છા કેમ કરે? પરિગ્રહ, રત્ન, સુવર્ણ, રાજ્ય, ઐશ્વર્ય, સ્ત્રી, પુત્રાદિક, તેને જીર્ણ વસ્ત્રની પેઠે મમત્વ રહિત છોડે છે.

ભાવાર્થ—જીર્ણ વસ્ત્ર છોડતાં કંઇ વિચાર કે આચકો નહીં આણતાં સહેજે છોડી દે છે, તેમ પરિગ્રહાદિકને મમત્વરહિત થઇ છોડે છે. આકિંચન ભાવ તે પરમવીતરાગપણું છે. જેને સંસારનો અંત આવી ગયો તેને તે હોય છે. જેને આકિંચનપણું હોય તેનેજ

પરમાર્થ (શુદ્ધ આત્મા)નો વિચાર કરવારૂપ સામર્થ્ય પ્રગટ થાય છે. પંચપરમેષ્ટીમાં ભક્તિ ઉગી નીકળે છે, તથા દુષ્ટ વિકલ્પોનો નાશ થાય છે, તેમજ ઇષ્ટ અનિષ્ટ ભોજનમાં થતો રાગદ્વેષ નાશ થઇ જાય છે. માત્ર ઉદરરૂપ ખાડો ભરવો તે સિવાય ભોજનમાં ઇષ્ટ અનિષ્ટ, રસ-નીરસ વિચાર જતો રહે છે. સર્વ ધર્મમાં પ્રધાન ધર્મ આકિંચન છે. તે મોક્ષ પામવામાં સમીપવર્તિ છે. અનાદિકાળથી જે કોઈ પરમપદને પામ્યા છે તે આકિંચન ભાવનાથી પામ્યા છે. તિર્થંકરાદિ સિદ્ધ થયા તે આકિંચન ધર્મનો મહિમા છે. આકિંચન ધર્મ સર્વોત્કૃષ્ટપણે સાધુ પુરૂષોને હોય છે તથા એકોદેશગ્રાહી ગૃહસ્થને પણ હોય છે. જેઓ ગૃહસ્થ-પણામાં અતિ વિરક્ત, મંદરાગી, આગામી વાંચ્છા રહિત હોય છે, અન્યાયનું ધન કદાપિ મેળવવા ઈચ્છા કરતા નથી, અલ્પ પરિગ્રહમાં અતિ સંતોષી રહે છે, પરિગ્રહને દુઃખદાઇ અત્યંત અસ્થિર માને છે, તેવા વિવેકી ગૃહસ્થને આકિંચન ધર્મ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે આકિંચન ભાવનાનું સ્વરૂપ કહ્યું.

ઉત્તમ બ્રહ્મચર્ય.

સર્વ વિષયોથી અનુરાગ છોડી બ્રહ્મ કહેતાં જ્ઞાયકસ્વભાવી આત્મા તેમાં ચર્યા કહેતાં પ્રવર્તન કરવું તેને બ્રહ્મચર્ય કહે છે. આત્મભાવમાં પ્રવૃત્તિ કરવી તે નિશ્ચય બ્રહ્મચર્ય છે. તેની રક્ષા બાહ્ય બ્રહ્મચર્યથી થાય છે. તેનું સ્વરૂપ કહે છે.

હે જ્ઞાની જનો ! બ્રહ્મચર્યવૃત પાળવું મહા દુર્ઘટ છે. બીચારા

વિષયની ઇચ્છાના માર્યા અનેક જીવો આમતેમ ભ્રમણ કરી રહ્યા છે, તેવા મનુષ્યો બ્રહ્મચર્યવ્રત પાળવાને સમર્થ નથી. જે મનુષ્યોમાં દેવસમાન છે, તેવા ઉત્તમ પુરૂષો બ્રહ્મચર્ય પાળવા સમર્થ છે. બિચારા વિષયની લાલસાવાળા રંક મનુષ્યો બ્રહ્મચર્ય પાળવા સમર્થ નથી. બ્રહ્મચર્યવ્રત મહા દુર્ઘટ છે. જે બ્રહ્મચર્યવાન છે તેને ઇંદ્રિયો તથા કષાય જીતવા સુલભ છે. હે ભવ્યો! સ્ત્રીસુખમાં રાગી એવો મનરૂપ મદોન્મત્ત હસ્તી તેને વૈરાગ્યભાવવડે રોકીને વિષયોની આશાનો નાશ કરી પાળવું વિકટ, એવા બ્રહ્મચર્યવ્રતનું સેવન કરો. કામ ચિત્તરૂપી ભૂમિકામાં જન્મ પામે છે, તેની પીડા સહન નહીં થવાથી અનેક અયોગ્ય પાપોમાં પ્રવેશ કરે છે. કામ જ્ઞાનનો નાશ કરે છે, કામીનાં વિવેકરૂપી ચક્ષુ બંધ થવાથી સ્ત્રીના મહા દુર્ગંધી નિંદ્ય શરીરમાં રાગી થઇ સેવન કરે છે. કામથી અંધ બની મહા અનીતિમાં પ્રવેશ કરે છે. કામી આ પરની સ્ત્રી છે કે પોતાની છે એમ વિચાર કરતો નથી. પર-સ્ત્રીના સેવન રૂપ અનીતિથી હું માર્યો જઇશ, રાજ્ય શિક્ષાને પાત્ર થઇશ, યશનો નાશ થશે, ધર્મ ભ્રષ્ટ થઇશ, મારામાંથી સત્યનો નાશ થશે, મરી નરકમાં જઇશ ત્યાં ઘોર દુઃખ અ-સંખ્યાતકાલ ભોગવવાં પડશે, તથા તિર્યંચમાં જઈ અસંખ્યાત દુઃખો ભોગવવાં પડશે તેમજ હું અનાર્ય મનુષ્ય થઇશ, કુબ-ડાપણુ, દરિદ્રતા, ઈંદ્રિય વિકલતા, બહેરાપણું, ચંડાલ, ભીલ, ચમાર આદિ નીચ કુળમાં ઉત્પન્ન થઈશ, ત્રસ સ્થાવરપણે અ-નંતકાલ પરિભ્રમણ કરીશ. આવો સત્ય વિચાર કામીને આવતે

નથી. કામી લંપટ નામથી જગતમાં ઓળખાય છે. કામ અનિષ્ટ ગર્વને ઉત્પન્ન કરે છે. અતિ તિવ્ર આસક્તિ ઉપજાવી દુઃખી કરે છે. કામી ઘણા જીવો સાથે વેર બાંધે છે, અનેક જન્મમાં લડી લડી મરે છે, તેથી તેનું બીજું નામ "માર" એ નામથી ઓળખાય છે. સંવરનો નાશ કરે છે, માટે સંવરાર નામથી પણ ઓળખાય છે. બ્રહ્મ કહેતાં તપ જપ તેનો નાશ કરે છે માટે બ્રહ્મસું કહીએ, ઇત્યાદિ અનેક દોષિત નામ કામને આપી શકાય છે. એમ સમજી મન વચન કાયથી પ્રીતિપૂર્વક બ્રહ્મચર્ય પાળો. બ્રહ્મચર્યથી સંસારનો પાર પામશો. બ્રહ્મચર્ય વિના વ્રત તપ સર્વ ક્રિયા અસાર છે. બ્રહ્મચર્ય વિના સકળ કાયકલેશ નિષ્ફળ છે. બાહ્ય સ્પર્શ ઇંદ્રિયના સુખથી વિરક્ત થશો તો, અભ્યંતર પરમાત્મ સ્વરૂપ આત્મજ્ઞાન પ્રાપ્ત થશે. માટે આત્મવૃત્તિ કામમાં આસક્ત ન થાય તેમ પ્રયત્ન કરો. બ્રહ્મચર્યથી બન્ને જન્મ પવિત્ર થાય છે. જો શીલની રક્ષા ઇચ્છતા હો, તથા ઉજ્વળ યશ ઇચ્છતા હો, તથા ધર્મ પ્રતિષ્ટા ચાહાતા હો તો આ પ્રકારે શિક્ષા છે તે ચિત્તમાં ધારણ કરો. સ્ત્રી કથા સાંભળો નહીં, સ્ત્રીઓના રાગરંગ કુતૂહલ ચેષ્ટા દેખો નહીં. તે દેખવાથી પરિણામ બગડે છે. વ્યભિચારી પુરૂષની સોબત ન કરો. ભાંગ, જરદો, એવી માદક કેફી વસ્તુઓનો ત્યાગ કરો. ગીત, નૃત્ય, નાટકાદિ દેખવાનો ત્યાગ કરો.

રાત્રિ ભોજનનો ત્યાગ કરો. રાત્રિભોજન કામને ઉત્તેજીત કરનાર છે. વિકાર ઉત્પન્ન કરે તેવાં લોક વિરૂદ્ધ વસ્ત્ર આભરણ

ન પહેરો, એકાંતમાં કોઇ સ્ત્રીની સાથે વાતચિત સંસર્ગ ન કરો. સ્વાદ લુબ્ધતા છોડો. જીંહ્વાની લંપટતાની પાછળ હજારો દોષ આવે છે, તેથી મોટાઇ, યશ, ધર્મ નાશ પામે છે. જીંહ્વા ઇંદ્રિયના લંપટને સંતોષ નષ્ટ થઈ જાય છે, તે સમભાવને સ્વપ્નમાં પણ જાણતો નથી, લોક વ્યવહાર નષ્ટ થઇ જાય છે, બ્રહ્મચર્ય ભંગ થાય છે. તે માટે આત્મહિત ઇચ્છતા હો તો બ્રહ્મચર્યની ખાસ રક્ષા કરો. આ પ્રકારે ધર્મનાં દશ લક્ષણ સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે. ધર્મ આત્માનો ગુણ હોવાથી તે બાહ્ય દ્રષ્ટિએ દેખી શકાય તેમ નથી. સદ્દગુરૂ કૃપાથી જેને વિવેક રૂપી દિવ્ય ચક્ષુ પ્રગટ થયાં છે, તે પૂર્વે કહ્યાં તે દશ લક્ષણમય ક્ષમાદિક ધર્મ તેને ઓળખી શકે છે.

ઉપસંહાર.

ઉત્તમ ક્ષમા—ક્ષમાના ઘાતક ક્રોધાદિક ભાવમાં અનેક દુર્ગુણો છે, તથા ક્ષમા ભાવમાં અનેક સદ્દગુણો છે, એમ ગુણ દોષને વારંવાર વિચારો જેથી ક્ષમા ભાવમાં દ્રઢતા પ્રાપ્ત થાય છે. ક્ષમા પ્રાણીની રક્ષા કરે છે, ધનની રક્ષા કરે છે, યશની રક્ષા કરે છે, ધર્મની રક્ષા કરે છે. ક્ષમાથી વ્રત, શીલ, સંયમ, સત્ય, એ સર્વની રક્ષા થાય છે. કલેશ, વેરઝેરના દુઃખથી ક્ષમા રક્ષા કરે છે. સમસ્ત ઉપદ્રવથી ક્ષમા રક્ષા કરે છે. ધર્મ, અર્થ, કામ તથા મોક્ષનો મુળથી ક્રોધ નાશ કરે છે. ક્રોધથી પ્રચંડ રૌદ્રધ્યાન થાય છે. ક્રોધી ક્ષણ વારમાં આપઘાત કરી મરે છે. કુવા, વાવ,

તલાવ, નદી, સમુદ્રમાં ડુબી મરે છે. ક્રોધી શસ્ત્રઘાત, વિષભક્ષણ, ઝંપાપાતાદિ અનેક કુકર્મ કરી આત્મઘાત કરે છે. બીજાને મારતાં ક્રોધીને દયા આવતી નથી. ક્રોધી માણુસ પિતાનો, પુત્રનો, ભાઇનો, મિત્રનો, સ્વામીનો, સેવકનો, ગુરૂનો, ક્ષણ માત્રમાં પ્રાણઘાત કરે છે. ક્રોધી ઘોર દુઃખને પાત્ર છે. ક્રોધી મહા ભયંકર લાગે છે. ક્રોધ સર્વ ધર્મનો નાશ કરે છે. ક્રોધી અસત્ય ભાષી હોય છે. પોતાને તથા પરને દગ્ધ કરવા માટે કુવચન રૂપ અગ્નિ બહાર ફેંકે છે. ક્રોધી માણુસ બીજાં પ્રાણીઓને દુઃખી કરે છે. ધર્માત્મા, સંયમી, શીલવાન એવા મુનિ કે ગૃહવાસી મહા પુરૂષોને ચોરી કે અન્યાયનાં જુઠાં કલંક ચઢાવે છે. તેમને હરકોઈ પ્રકારે દુઃખી કરે છે.

ક્રોધીનું જ્ઞાન કુજ્ઞાન રૂપે કામ કરે છે, ક્રોધીનાં આચરણ બગડી જાય છે, શ્રદ્ધા ભ્રષ્ટ થઇ મિથ્યાત્વી બને છે. અન્યાય પ્રવૃત્તિ થાય છે, નીતિનો નાશ થાય છે, અતિ આગ્રહી થઇ વિપરિત માર્ગનો પ્રવર્તક થાય છે. ધર્મ અધર્મના વિચારરહિત થાય છે. ક્રોધી કરેલા ઉપકારને ભૂલી કૃતઘ્ની બને છે. એવા અનેક દોષ ક્રોધીમાં હોય છે. તે માટે વીતરાગ ધર્મના અર્થી હો તો ક્રોધ કદાપિ ન કરો. નિરંતર તેનો ત્યાગ કરો.

માર્દવ—કઠોરતા રહિત કોમળ પરિણામી **જીવપર ગુરૂનો** ભારે અનુગ્રહ વર્તે છે. કોમળ પરિણામનેજ સજજનો સાધુપણું માને છે. કઠોરતા રહિત કોમળ સ્વભાવી જ્ઞાનને પાત્ર છે. અભિમાન રહિત વિનયવંત જેવા ગુણ ગ્રહણ કરવા ચાહે તેવા

મેળવી શકે છે, તથા વિનયવંત જેવી કળાકૌશલ્ય શીખવા ધારે તે શીખી શકે છે. સવ ધર્મનું તથા સર્વ વિદ્યાનું મુળ વિનય છે, કેમકે વિનયવંતનેજ ધર્મ તથા વિદ્યા ફળદાયક થાય છે. વિનયવાન સર્વને વહાલો લાગે છે. વિનયવંતમાં કોઇ ગુણુની ખામી હોય તો તે બીજાની નજરે દેખાઇ આવતી નથી. વિનય એ મનુષ્યને ઉત્તમ આભૂષણુ છે. વિનયવાન કોમળ પરિણામીના હૃદયમાં દયાનોવાસ થાય છે. વિનયથી સ્વર્ગ લોકની અભ્યુદય સંપદા તથા નિર્વાણુની અવિનાશી સંપદા પ્રાપ્ત થાય છે. કઠોર પરિણામીને શિક્ષા અસર કરતી નથી તેથી સજ્જન મહાશયો કઠોર પરિણામને દૂરથી ત્યાગે છે. જેમ પત્થરમાં પાણી પ્રવેશ કરી શકતું નથી તેમ અવિનયી કઠોર પરિણામીના હૃદયમાં સદ્ગુરૂનો ઉપદેશ પ્રવશ કરી શકતો નથી. જે પાષાણુ તથા લાકડુ નરમ હોય છે તેને કાગળ જેટલું પણ કોરવું હોય તો તેમ થઇ શકે છે તેથી તેવા પાષાણુાદિકની પ્રતિમાઓ વિગેરે ઘાટ થઇ શકે છે. પણ જે કઠોર હોય તે શિલ્પિની મરજી માફક નહીં કોરાતાં ગમે તેમ તટી જાય છે. તેવા પાષાણુ કે લાકડાના ઘાટ બની શકતા નથી, તેમ કઠોર ઉદ્ધત સ્વભાવવાળાને યોગ્ય શિક્ષા લાગતી નથી. પોતાની મરજી પ્રમાણે સ્વચ્છંદે વર્તે છે તેથી તેનામાં ઉત્તમ પુરૂષને યોગ્ય ગુણો આવતા નથી. તથા ધંધા રોજગારમાં પણ કુશળતા મેળવી શકતો નથી. અભિમાની મનુષ્ય કોઇને વહાલો લાગતો નથી.

કાંઇ પણ નુકસાન કર્યા વગર પણ અભિમાનીને ઘણા

દુશ્મનો સ્વભાવે બને છે. અભિમાની પરલોકમાં પણ તિર્યંચ કે અનાર્ય મનુષ્ય થઇ ઘણાં દુઃખો લાંબા વખત સુધી ભોગવે છે, તથા તિરસ્કારને પાત્ર થઇ પડે છે. માટે હે સુજ્ઞ સજ્જનો! કઠોર અભિમાની સ્વભાવ છોડી હમેશાં મૃદુતા ગ્રહણ કરો.

આર્જવ—કપટ સર્વ અનર્થનું મુળ છે. પ્રીતિ અને પ્રતીતિનો નાશ કરનાર છે. કપટીમાં અસત્ય, છળ, નિર્દયતા, વિશ્વાસ ઘાતાદિ ઘણા દોષ હોય છે. કપટીમાંથી સદ્ગુણો ચાલ્યા જાય છે, ને તે દોષનો ભંડાર બને છે, માયાચારી મરી પરભવમાં તિર્યંચ નરકાદિ ગતિ પામે છે, તથા કપટ રહિત સરલ ચિંત્તવંતમાં અનેક ગુણ વાસ કરે છે. સરલ ચિત્તવંત સર્વની પ્રીતિ ને પ્રતીતિનું પાત્ર બને છે. પરલોકમાં પણ સર્વ દેવોને પૂજ્ય એવાં ઈંદ્રાદિક પદ પામે છે. તે માટે કપટ રહિત સરલ પરિણામી થવામાં આત્મહિત રહેલું છે.

સત્ય—સત્યવાદીમાં સમસ્ત ગુણ વાસ કરે છે. સત્યવાન આ લોકમાં જગતવંદ્ય થાય છે, તથા પરલોકમાં અનેક દેવ, મનુષ્યો જેની આજ્ઞા મસ્તકપર ચઢાવે છે તેવો થાય છે. અસત્યવાદી આ લોકમાં અપવાદ તથા નિંદાને પાત્ર થાય છે. અસત્યવાદી હરકોઈને અપ્રતીતિનું કારણ બને છે. અસત્યવાદીને તેના બાંધવ મિત્રાદિક પણ નિંદે છે. રાજ્ય જીભ છેદવી કે સવસ્વ હરણ કરવું એવી શિક્ષા કરે છે. પરલોકમાં પણ એકેંદ્રિય પર્યાયને પામે છે, તેથી સત્ય ધર્મ ગ્રહણ કરવો ઉત્તમ છે.

શૌચ—જેનું આચરણ શૌચ–પવિત્ર છે તે જગતમાં પૂજવા

યોગ્ય છે. શૌચનું બીજું નામ પવિત્રતા કે ઉજ્વળતા છે. જેની આહારવિહારાદિ પ્રવૃતિ હિંસા રહિત, હિંસા થવાના ભય-વાળી, યત્નાચાર રહિત છે, તે પવિત્ર છે. જેને પરધન હર-વાની તથા પરસ્ત્રીની સ્વપ્નમાં પણ ઇચ્છા થતી નથી તેજ મનુષ્ય સદાચરણવાળો છે. જગત પણ તેને પૂજ્ય માને છે, નિર્લોભીનો હરકોઈ વિશ્વાસ કરે છે. લોક તેને ઉત્તમ માને છે તેમજ પરલોકમાં પણ ઉચ્ચ ગતિને પામે છે. નિર્લોભીનો ઉ-ત્તમ યશ ગવાય છે. લોભી મનુષ્ય મહા મલીન પરિણામી ઘણા દોષનું સ્થાન છે. નિંદ્ય કર્મ કરતાં પણ લોભી આચકો ખાતો નથી. લોભીને યોગ્ય અયોગ્ય, ભક્ષ્ય અભક્ષ્ય, કૃત્યાકૃ-ત્યનો વિચાર હોતો નથી. ધર્મથી પરાઙ્‌મુખતા, નિર્દયતા, લોક-નિંદા ઇત્યાદિ દોષ લોભીમાં હોય છે. તે ધર્મ, અર્થ, કામનો નાશ કરે છે તથા કુમરણ કરી દુર્ગતિમાં જાય છે. લોભીના હૃદયમાં ગુણુને રહેવાનો અવકાશ મળતો નથી. લોભી આ લોકમાં તથા પરલોકમાં અત્યંત દુઃખ તથા કલેશ સહન કરે છે. માટે લોભ ત્યાગીને શૌચ ગુણ ધારણ કરવો શ્રેષ્ટ છે.

સંયમભાવ તે પણ આત્મહિત છે. સંયમી પુરૂષ આ લોકમાં સર્વને વંદન યોગ્ય હોય છે. કોઇ પણ પાપ તે કરતો નથી. આ લોકમાં તથા પરલોકમાં અચિંત્ય મહિમા પામે છે. સંયમી મનુષ્ય પ્રાણઘાત કરી તથા ઇંદ્રિય ભોગોમાં આસક્ત થઇ પાપ કર્મ કરતો નથી. માટે સંયમભાવ જીવને હિતકર છે.

તપ—કર્મની નિર્જરા કરવામાં તથા સંવર કરવામાં તપ

મુખ્ય કારણ છે. કર્મ મલથી આત્માને તપ મુક્ત કરે છે. તપના પ્રભાવથી અનેક ઋદ્ધિ પ્રગટ થાય છે. તપનો અચિંત્ય મહિમા છે. કામ તથા નિંદ્રાને મારનાર તપ છે. તપ વિના વાંચ્છાને કોણ અટકાવે? ઇન્દ્રિયના વિષયોને બાળી નાખવાને તપ સમર્થ છે. આશારૂપી પિશાચણી તપથી નિર્મૂળ થાય છે. કામનો પરાભવ તપથી થાય છે. તપના અભ્યાસી તપસ્વીઓ પરિષહ ઉપસર્ગ આવે રત્નત્રય ધર્મમાં ટકી રહે છે. તે માટે તપ ધર્મવંત થવું યોગ્ય છે. તપ વિના સંસારથી છુટવું બનતું નથી. ચક્રવર્તી રાજ્ય છોડી તપ કરે તો ત્રૈલોકયને વંદનયોગ્ય પુજ્ય બને છે, અને તપ છોડી રાજ્ય ગ્રહણ કરે તો અતિનિંદ્ય ધિક્કારને યોગ્ય છે. તે તૃણથી પણ હલકો ગણાય છે. તે માટે ત્રૈલોકયમાં તપ સમાન બીજું કોઇ નથી.

ત્યાગધર્મ—પરિગ્રહ સમાન કોઇ ભાર નથી, કેમકે કલેશ, વેર, દુર્ધ્યાન, વિયોગ, શોક, ભય, અપમાન, એ બધાં પરિગ્રહના ઇચ્છકને વેઠવાં પડે છે. તેથી જેટલે અંશે પરિગ્રહથી વિરકતભાવ થાય તેટલે અંશે તેથી થતો ખેદ ઘટે છે, જેમ બહુ ભારથી દુઃખી થતો મનુષ્ય ભાર નીચે ઉતારતાં સુખી થાય છે. તેમ પરિગ્રહની વાસના મૂકવાની સાથે સુખી થવાય છે. સમસ્ત પાપ તથા સમસ્ત દુઃખ પરિગ્રહથી ઉપજે છે, જેમ નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી, તથા ઈંધણથી અગ્નિ તૃપ્ત થતો નથી તેમ આશારૂપી ખાડો અતિ અગાધ ઉંડો છે, તે પરિગ્રહની પ્રાપ્તિથી પૂર્ણ થતો નથી. પરિગ્રહ મળતાં તે ખાડો ઉંડો જાય છે. એ તેની અદ્-

ભૂત વિચિત્રતા છે. આશારૂપી ખાડો નિધિઓથી પૂર્ણ ન થાય તો અન્ય સંપદાથી કેમ પૂરાય ? જેમ જેમ આશાનો ત્યાગ કરીએ તેમ તેમ તે પૂર્ણ થતો જાય છે. એવો આશા પૂર્ણ થવાનો અદ્‌ભૂત ઉપાય છે તે માટે દુઃખથી મુક્ત કરવા ત્યાગ ધર્મ સમર્થ છે.

આકિંચન—દેહ, સ્રી, પુત્ર, ધન, ધાન્ય, રાજ્ય, ઐશ્વર્યાદિ સર્વ આત્માથી ભિન્ન છે. તેમાં એક અણુ માત્ર મારૂં નથી. પુગલ જડ પદાર્થ છે, વિનાશીક છે, અચેતન છે, તે પરદ્રવ્યમાં અહંભાવ તિવ્ર દર્શન મોહના ઉદય વિના કોણ કરાવે? તે પરદ્રવ્યમાં મારો આત્મ સંકલ્પ કદાપિ મત હો. હું સિદ્ધ સ્વરૂપ છું. આકિંચન ધર્મના પ્રભાવથી કર્મ લેપરહિત થઇ શુદ્ધ આત્મભાવમાં સ્થિતિ કરે છે. આકિંચન ધર્મ પ્રગટ મોક્ષનું સુખનું કારણ છે. તેને ગ્રહણ કરો.

બ્રહ્મચર્ય—કુશીલ મહા પાપ છે. સંસાર પરિભ્રમણનું બીજ છે. બ્રહ્મચર્યવાનથી હિંસાદિક પાપ દૂર ભાગે છે. બ્રહ્મચર્યવંતમાં સર્વગુણ વાસ કરે છે. **જીતેંદ્રિયતા** તેજ કરી શકે છે. બ્રહ્મચર્યના પ્રતાપે કુળ જાતિ શોભે છે. પરલોકમાં પણ પરમ ઋદ્ધિવંત દેવપણું પામે છે. આ પ્રકારે દેવાધિદેવ ભગવાન્ તિર્થંકરના મુખાર્વિંદથી પ્રગટ થયેલ દશ લક્ષણીક ધર્મ આત્માનો સ્વભાવ છે. તે ધર્મ પરવસ્તુ નથી. ક્રોધાદિક કર્મજન્ય મેલ દૂર થવાથી તે સ્વયમેવ પ્રગટ થાય છે.

ક્રોધના અભાવથી ક્ષમાગુણ પ્રગટ થાય છે. લોભનો નાશ

થવાથી શૌચ તથા અસત્યના અભાવે સત્ય ધર્મ પ્રગટ થાય છે. કષાયના અભાવથી સંયમ ગુણ પ્રગટે છે, ઇચ્છાનો નાશ થવાથી તપગુણ પ્રગટ થાય છે. પરપદાર્થો પ્રત્યેથી મમત્વભાવ નાશ થવાથી આકિંચન ધર્મ પ્રગટે છે. વેદના અભાવે આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ થવારૂપ બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાય છે. આ દશ પ્રકારે આત્માનો સ્વભાવ છે, તે કોઇનો ખુંચાવ્યો લઇ શકાય તેમ નથી. ચોર ચોરી જાય તેમ નથી, રાજ્યપણ લુંટી શકે તેમ નથી સ્વદેશ કે પરદેશમાં છુટી જાય તેમ નથી. કોઈનો બગાડયો બગડે તેમ નથી. ધન આપી તે લઇ શકાય કે વેચી શકાય તેમ નથી. તે આકાશ, પાતાલ, કોઈપણ દિશા વિદિશામાં, પહાડમાં, ઝાડમાં, જંગલમાં કે તીર્થમાં, મંદિરમાં એવી કોઈપણ જગ્યાએથી ધર્મ મળી આવે તેમ નથી. કેમકે તે આત્માનો નિજ સ્વભાવ છે, તથા તેનો લાભ સમ્યક્દર્શન જ્ઞાનથી થાય છે. તે પામવો એટલો બધો સુગમ છે કે બાલક, વૃદ્ધ, યુવાન, ધનવાન, નિર્ધન, બળવાન, નિર્બળ, શરણાંગત, અશરણ, રોગી, નીરોગી, સર્વ મેળવી શકે એવો સ્વાધીન છે. તે ધર્મ ધારણ કરવામાં ખેદ, કલેશ, અપમાન, ભય, વિષાદ, કલહ, શોક, દુઃખ કંઇ પણ દુઃખ વેઠવું પડતું નથી. તે પામવો દુર્લભ નથી. તે મેળવતાં કંઇ બોજો ઉઠાવવો પડતો નથી. દૂર દેશાન્તરમાં તેને મેળવવા માટે જવું પડતું નથી. ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણતા આદિ વેદના કંઇ પણ વેઠવું પડે તેમ નથી. કોઇ સાથે વાદવિવાદ કે ઝગડો કરવો પડે તેમ નથી. તે પામવું અત્યંત સુ-

ગમ છે. સમસ્ત કલેશ, દુઃખ રહિત સ્વાધીન આત્માનો સત્ય સ્વભાવ છે. તેનું ફળ સંસાર પ્રરિભ્રમણથી છુટી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવિર્યના ધારક સિદ્ધાવસ્થા પામવી તે છે. આ પ્રકારે દશ લક્ષણિક ધર્મનું સંક્ષેપથી વર્ણન કર્યું.

प्रार्थना.

(अशुद्ध आत्मा शुद्धात्माने अरज करे छे.)

હે પરમેશ્વર (શુદ્ધાત્મા) ! મ્હારા હૃદયને દયાથી ભરપુર કર. હે સત્ય ! મ્હારા હૃદયમાં આવ. હે શીલના સ્વામી ! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપુર કર કે હું પરવસ્તુપર નજર ન કરૂં. જે જેને ભોગવવાને સર્જાયું છે તે હું ના ચાહું. તું નિષ્પાપ પૂર્ણ પવિત્ર છે, ત્હારી પવિત્રતા મ્હારામાં ભર. મને પાપ રહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાન્તિ, નિર્ભયતા મને આપ. ત્હારા પવિત્ર વચનથી મ્હારાં પાપ ધો. હે આનંદ ! મને આનંદથી ભરપુર કર. મને ત્હારી તરફ ખેંચ. હે દેવ ! મેં ત્હારી આજ્ઞા તોડી છે, તો મ્હારો શું હવાલ થશે ! હું પાપમાં બુડી રહ્યો છું. હું દર સમય ! પાપના કામમાં જ હરખ માની રહ્યો છું. ત્હારી કૃપાદાનનું તેડું મ્હારી તરફ આવ્યું કે તું મને પોતાની તરફ બોલાવે છે. તે ત્હારી પવિત્રતા મને દર વખત ચેતાવે છે કે આ પાપમાં તું ના પેશ. માટે હવે હું ત્હારી પવિત્રતાનું સન્માન કરૂં છું. મને પવિત્ર આત્માથી ભરપુર કર. ત્હારી સર્વે આજ્ઞા પાળવાની બુદ્ધિ, તથા શક્તિ

મને આપ. મોહશત્રુના કબજાથી મને છોડાવ. હું બાળક છું. માટે દર સમય મને બચાવ, પડવા ન દે. મને ત્હારામાં રાખ, તું મ્હારામાં રહે, જે ત્હારી કૃપા નજર થઈ તે પુરી કર. ત્હારા શિવાય કોઇ દાતા નથી. ત્હારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મુક, ત્હારી શાન્તિના સમુદ્રમાં મને ઝીલાવ, ત્હારો સર્વે મહિમા મને દેખાડ. તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે, તું સ્થિર છે, તું અચલ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ નિત્ય છે, તું અબાધિત છે, ત્હારા અનંત અક્ષય ગુણથી મને ભરપુર કર. દેહિક કામનાથી અને વિષયની ભીખથી મ્હારા દિલને વાર. કષાયની તપતીથી બચાવ, મ્હારાં સર્વે વિઘ્ન દુર કર, કે સ્થિરતા અને આનંદથી હું ત્હારી સિદ્ધિને અનુભવું. મ્હારી સર્વે શુભ ઇચ્છા ત્હારા વચન પસાયથી પુર, સાચા માર્ગ બતાવનાર ગુરૂપસાયથી પુર. મને જુઠા હઠવાદથી અને જુઠા ધર્મથી છોડાવ, કુગુરૂના ફંદથી બચાવ. ત્હારા પસાયથી મન, વચન, શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું, તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરૂં, અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ. ત્હારા પસાયથી હું સર્વેને સુખનો કારણ થાઉં, કોઇને દુઃખનો કારણ ન થાઉં. માટે મને સત્ય અને દયાથી ભરપુર કર. અને જે મને લાયક હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હમેશાં બચાવ. ઇતિ, પ્રાર્થના.

સમાપ્ત.